श्रीविश्ववंद्यविभूतिवैभव

प्रथम आविष्कार

श्रीमद् उपेन्द्राचार्यजी
श्रीमती जयन्तीदेवी

सं. १९९५ ई. स. १९३८

मूल्य : रू. २-०-०

प्रसिद्ध करनार
श्री उपेन्द्रभगवत्स्मारकप्रवृत्तिना प्रवर्तक श्रेयस्साधको
वडोदरा

મુદ્રણસ્થાન : વસંત મુદ્રણાલય
મુદ્રક : ચીમનલાલ ઈશ્વરલાલ મ્હેતા
ઘીકાંટા રોડ : : અમદાવાદ.



श्रीमान विश्वचंद्र

जन्म:	सांस्थान:
सं. १९२८ आश्विन कृष्ण १३ गुरुवार	सं. १९६८ मार्गशीर्ष कृष्ण ५ शनिवार
स्थल: बालुचा (बड़ौदा राज्य)	स्थल: बड़ौदा

NIEPY AHMEDABAD

विश्ववंद्यसमो बोद्धा विश्ववंद्यो हि केवलम्

|| ॐ श्री ||

ભૂમિકા

શ્રી શ્રેયસ્સાધકઅધિકારીવર્ગના સદ્‌ગુરુ પરમાત્મા **શ્રીમન્નૃસિંહાચાર્યજી** લઘુ વયથી જ અલૌકિક જીવન વ્યતીત કરતા હતા. યુવાવસ્થાના પ્રારંભમાં જ સુરતથી આવી તેમણે વડોદરાની ભૂમિને પુનિત કરી. સંકેતવશાત્ તેઓશ્રીએ વડોદરાની 'રેસીડેન્સી'માં નોકરી મેળવી અને 'કેમ્પ'માં નિજામપુરામાં આરંભમાં નિવાસ કર્યો. તે વખતે પણ એમનો જ્ઞાનવિભવ અત્યંત પ્રભાવશાલી દૃષ્ટિએ આવતો. તેમનું તનુ કોઈ દિવ્યદેહધારી મહાપુરુષની સ્પષ્ટ અને પ્રત્યક્ષ ખાતરી આપતું. તેમનું વર્ચસ્ અત્યંત પ્રતાપમય લાગતું. તેમની ગંભીર જ્ઞાનની વાતોમાં અમૃત ઝરતું અને તેણે ક્રમે ક્રમે અનેક પુરુષોને એમના પ્રતિ આકર્ષ્યા. પ્રારંભમાં ભજનકીર્તનમાં રસ લેનાર સામાન્ય વર્ગના છતાં અતિ ભક્તિભાવવાળા મનુષ્યો આવવા લાગ્યા. પરંતુ અલ્પ સમયમાં જ સુશિક્ષિત અને પ્રતિષ્ઠિત વર્ગનાં મનુષ્યો પણ આકર્ષાવા લાગ્યા. આ સમયમાં જ આ ગ્રંથના કેન્દ્રવર્તી મહાપુરુષ—**શ્રીમન્નૃસિંહાચાર્યજીના** પટ્ટ શિષ્યના અતિ અભિલષણીય પદને પ્રાપ્ત કરનાર—**શ્રીમાન્ છોટાલાલ જીવનલાલ**—આ વર્ગના શ્રીમાન્ **'માસ્તર સાહેબ'** અને **શ્રીમન્નૃસિંહાચાર્યજીએ** ઉપલક્ષિત શ્રીમાન્ **વિશ્વવંદ્ય**—એ **સદ્‌ગુરુ**શ્રીના ચરણમાં આકર્ષાયા, તેમણે તેમનું શરણ ગ્રહણ કર્યું.

મહાપુરુષોની નિરાવરણ દૃષ્ટિ મનુષ્યનાં ચિત્તના ઉદ્ભૂત અનુદ્ભૂત સંસ્કારોને પણ જોઈ શકે છે અને તેથી કોણ કેવા અધિકારને પ્રાપ્ત છે તે સહજ દૃષ્ટિપાતથી જ તેમને કળવામાં આવે છે. શ્રીમાન્ '**માસ્તર-સાહેબ**' ના પ્રથમ સમાગમથી જ **શ્રીમન્નૃ**સિંહાચાર્યજીનો તેમના પ્રતિ સવિશેષ ભાવ જાગ્રત્ થયો હતો અને તેમના ભાવી જીવનનો ઉત્કર્ષ તેમની સર્વજ્ઞ દૃષ્ટિમાં છુપો રહી શક્યો ન હતો. આ સંબંધ ક્રમે ક્રમે કેવા રૂપમાં પરિણમ્યો એ શ્રેયસ્સાધક વર્ગને તો સૂર્યજ્યોતિજેવું પ્રત્યક્ષ છે એટલું જ નહિ પરંતુ વર્ગબહારની સદ્‌વિચારશીલ જનતાને પણ તે સારી રીતે પ્રત્યક્ષ અનુભવમાં આવ્યું છે.

જ્યારથી **શ્રીમન્નૃ**સિંહાચાર્યજીના સંબંધમાં આવ્યા ત્યારથી 'માસ્તર' સંજ્ઞાથી તેઓશ્રી તેમને સંબોધતા અને તેથી વર્ગના અન્ય મનુષ્યો '**માસ્તર સાહેબ**' નામથી સંબોધવા લાગ્યા. આ નામ વર્ગના મનુષ્યોને એટલું પ્રિય થઈ પડયું અને હજી પણ એટલું પ્રિય છે કે એ શબ્દોના ઉચ્ચારસાથે અંતરમાં કોઇ અવર્ણ્ય મહાભાવ જાગ્રત્ થાય છે. અનેકને આ વસ્તુ સ્વાનુભવગમ્ય હતી અને છે.

વિશ્વવંદ્ય એ તેમનું સાંકેતિક નામ છે. શ્રેયસ્સાધક વર્ગના એ સદ્‌ગુરુશ્રીએ **ભા**મિનીભૂષણ નામથી પ્રસિદ્ધ જે અપૂર્વ ગ્રંથ લખેલા છે, તેમાં 'દિવ્યમૂર્તિ' નામના મહાપુરુષનું એક અતિ સુંદર ચરિત આલેખવામાં આવ્યું છે. એ ચરિતમાં એ મહાપુરુષના મુખ્ય મુખ્ય કેટલાએક શિષ્યોનાં વર્ણન છે. આ ચરિતમાંના કોઇ કોઇ શિષ્યમાં પોતાના જ શિષ્યોનું બાહ્યાંતર સ્વરૂપ આલેખાએલું છે. એક રીતે એ મહાપુરુષે શ્રી**માસ્તર સાહેબ**ના સ્વરૂપને તેમાં પરોક્ષ રીતે દર્શાવેલું છે. આમાં **વિશ્વવંદ્ય** એ બહુ તેજસ્વી, વિદ્યામાત્રના મર્મ ગ્રહણ કરવાની અપૂર્વ તીવ્ર મતિવાળો આલેખવામાં આવ્યો છે. એ ઉપરાંત એના દિવ્ય સ્વરૂપની છાયા પણ તેમાં પ્રત્યક્ષ કરવામાં આવી છે. આ વર્ણન **શ્રી માસ્તર સાહેબ**ના જીવનને બહુ બંધ બેસતું છે એટલું જ નહિ પરંતુ સદ્‌ગુરુશ્રીએ એ રીતે એમના વાસ્તવ સ્વરૂપના ઉપર પ્રકાશ પાડયો છે એમ શ્રેયસ્સાધકોનું મંતવ્ય છે. આ સાંકેતિક નામ તેમના પરમ ઉન્નત ભૂમિકાના જીવનને અનુરૂપ અને સાર્થક હોવાથી એ નામથી તેમના માટે તેમના ભૌતિક તનુના તિરોધાન

પછી વિશેષપણે વ્યવહાર કરાય છે. એ નામઉપરથી જ આ ગ્રંથનું નામ યોજવામાં આવ્યું છે.

શ્રી વિશ્વવંદ્ય એ પરમાત્મા **શ્રીમન્નૃસિંહાચાર્યજી**ની એક અપૂર્વ વિભૂતિ છે. એમનો જ્ઞાનવિભવ, એમનો જીવનવિભવ, એમનો સ્વરૂપવિભવ કેવા પ્રકારનો હતો, કેવા સુંદર હતો, કેવો ચમત્કારિક હતો, એ વસ્તુ એ મહાપુરુષના ચરિતદ્વારા, એમના સંબંધના વિવિધ પ્રસંગોદ્વારા, આલેખી એમના ગુણાનુરાગી, એમના પ્રતિ પૂજ્યભાવાપન્ન અને એમના પ્રતિ સાચા હૃદયભાવવાળી જનતાની વૃત્તિને સંતોષાનંદ અર્પવો, એ આ ગ્રંથનો હેતુ છે, એ વાચકના લક્ષમાં આવશે.

વસ્તુતઃ પ્રત્યેક જીવનમાં કોઇ અપૂર્વ મર્મસ્પર્શી પ્રસંગો બને છે, કોઇ સત્યજ્ઞાનની પ્રતીતિ કરાવનાર વસ્તુ દૃષ્ટિએ આવે છે, કોઇ રોમાંચકારક ઘટનાઓ ઘડાય છે અને જીવનઉદ્બોધન વસ્તુનાં ચિત્રો રચાય છે. પરંતુ સામાન્ય દૃષ્ટિ તે વસ્તુનો સહસા ઉકેલ કરવા અસમર્થ હોય છે. સામાન્ય જીવનમાં રહેલા મહત્ત્વના પ્રસંગોમાટે અત્યંત સૂક્ષ્મ નિરીક્ષણ શક્તિ જોઈએ છીએ. આવી નિરીક્ષક શક્તિવાળાઓ આવા મર્મ, આવી ઘટનાઓ વગેરે ઉપર પ્રકાશ પાડે છે, ત્યારે સામાન્ય કોટિનાં મનુષ્યોની દૃષ્ટિએ તેવી વસ્તુઓ આવે છે.

સામાન્ય જીવનમાં જ્યારે આવી અપૂર્વ ઘટનાઓ બનતી જોઈ શકાય છે, તો દૈવી ચરિતવાળા, સામાન્ય મનુષ્યકોટિની પાર જઈ દેવત્વ, ઈશત્વ અને પરમાત્મત્વના અનુભવોથી રંગાયેલા જીવનમાં કેટલી કેટલી સુંદર ઘટનાઓ હોઈ શકે એ કલ્પનામાં પણ આવવું કઠિન છે.

એક દૃષ્ટિએ આવા જીવનમાં સ્થૂલરૂપમાં પ્રત્યક્ષ થતી વસ્તુઓ પણ અપૂર્વ ભાવોથી ભરેલી હોય છે; કોઇ સુંદર મર્મ, કોઇ વિલક્ષણ રહસ્ય, તેમાંથી સ્ફુટ થાય છે, અને એવા જીવનની ઉન્નત કલાઓ ક્ષણભર તે જીવનમાં રસપૂર્વક જોનારને કોઇ ઉચ્ચ પ્રદેશના સુરમ્ય અનુભવોની લ્હાણ અર્પે છે! તે પોતાનામાં કોઈ અપૂર્વ ભાવો જાગ્રત્ થતા અનુભવે છે. અને એવા મહાનુભાવી જીવનવાળા પુરુષના પ્રતિ અનુરાગ, પ્રીતિ ઉત્પન્ન થાય છે. એવા ઉત્કૃષ્ટ જીવનની સુંદર ભાવના તેના જીવનમાં ખીલતી જાય છે.

શ્રીમાન્ માસ્તર સાહેબ- શ્રીમાન્ છોટાલાલ જીવનલાલનું જીવન સામાન્ય મનુષ્યકોટિનું આરંભમાં પ્રત્યક્ષ થાય છે. એમની જીવનકલા એમના વયની સાથે ખીલતી જાય છે. એમનામાં રહેલી ઉચ્ચ મનોકામનાની સિદ્ધિની તીવ્ર જિજ્ઞાસા ઉત્પન્ન થતાં **શ્રીમન્નૃસિંહાચાર્યજી**જેવી અદ્ભુત યોગૈશ્વર્યસંપન્ન વ્યક્તિનો સમાગમ થાય છે. **શ્રીમન્નૃસિંહાચાર્યજી**પ્રતિ તેમનામાં અસાધારણ ભક્તિભાવ ઉત્પન્ન થાય છે. પોતાનું સમગ્ર જીવન તેમના ચરણે ધરી તેમની જ આજીવન સેવા કરી કૃતકૃત્ય થાય છે. એમની કૃતકૃત્યતા, **શ્રીમન્નૃસિંહાચાર્યજી**ના સંબંધથી પ્રાપ્ત થયેલી અપૂર્વ સિદ્ધ અવસ્થા, અને તેના વિભવરૂપ તેમનું અદ્ભુત જ્ઞાન, ગુજરાતની સદ્વિચારશીલ જનતાના પ્રત્યક્ષ અનુભવરૂપ છે. શ્રીમહાકાલ માસિકના અપૂર્વ આકર્ષક અને જ્ઞાનોત્તેજક લેખોએ સુશિક્ષિત વર્ગનાં અંતઃકરણમાં તેમના માટે અતિ મહદ્ સંમાન અને પ્રેમની લાગણી ઉત્પન્ન કરી હતી, જે પ્રેમ અદ્યાપિ તેમના સ્મરણદ્વારા, તેમના ગુણાનુવાદદ્વારા, તેમના પ્રેમોદ્ગારદ્વારા તેમના સંબંધમાં આવનાર વ્યક્તિઓ પ્રસંગોપાત્ત વ્યક્ત કર્યા વિના રહી શકતી નથી.

આવી માહાત્મ્યવાળી વ્યક્તિના જીવનના સુંદર મર્મોઉપર પ્રકાશ નાંખનાર આ ગ્રંથનું લેખક 'યુગ્મ', **શ્રીમન્નૃસિંહાચાર્યજી**ના જ્યેષ્ઠ આત્મજ શ્રીમદ્ ઉપેન્દ્રાચાર્યજી અને તેમનાં સહધર્મચારિણી શ્રીમતી જયંતીદેવીજેવી પરમપૂજ્ય, અપૂર્વ જ્ઞાનવિભવવાળી અને દિવ્ય પ્રતિભાપન્ન વ્યક્તિઓ છે. શ્રીમદ્ ઉપેન્દ્ર ભગવાનની અપૂર્વ લેખિનીએ ગુજરાતભરને જે અતિ સુંદર નાટ્ય અને કાવ્યસાહિત્ય અર્પ્યું છે, તેમ જ જે અલ્પસ્વલ્પ અન્ય લેખોમાં જ્ઞાનપ્રકાશ પ્રસાર્યો છે, તે વસ્તુનો હવે તો ગુજરાતને પૂરો પરિચય થયેલો છે. તેમની પ્રતિભામય કૃતિઓમાં રહેલી અપૂર્વતા અનેક સાક્ષરરત્નોની દૃષ્ટિ ચકિતભાવથી નિહાળી રહી છે. તેમ જ શ્રીમતી જયંતિદેવીનાં ચમત્કૃતિપૂર્ણ કાવ્યોમાં, તેમની સ્વભાવસિદ્ધ કલા અને રસમયતાનું દર્શન ગુજરાતને થયું છે. આવી અજોડ સમર્થ વ્યક્તિઓએ આવા સુંદર દૈવી જીવનઉપર પ્રકાશ પાડવા જે પ્રયત્ન કર્યો છે, તેને માટે અમારા શ્રેયસ્સાધક બંધુઓ તો અવશ્ય ઋણી છે, પરંતુ શ્રેયસ્સાધક વર્ગની બહારના મનુષ્યો જે શ્રીમાન્ વિશ્વવંદ્ય,

શ્રીમાન્ માસ્તર સાહેબના જીવનમાં રસ લેનારા છે, જેમનો તેમના વિષે સાચો અનુરાગ છે, તેઓ પણ ઉપકારપ્રદર્શન કર્યાવિના રહેશે નહિ, કારણ શ્રીમાન્ માસ્તર સાહેબની પુણ્યસલિલા જીવનસરિતમાં અવગાહન કરવું એ એક ધન્ય ક્ષણ છે. અનેક મનુષ્યોએ એ વાંચ્છના કરી છે અને અદ્યાપિ કરે છે. પરંતુ આ ગ્રંથમાં પણ તેમનું વિસ્તૃત જીવન-આલેખન નથી.

આ ગ્રંથમાં શ્રીમાન્ માસ્તર સાહેબના જીવનની રેખાનું આલેખન પરમપૂજ્ય શ્રીમતી જયંતીદેવીએ કરેલું છે. એક કુશલ માતા જેમ અનેક ઝીણીમોટી વસ્તુઓનો ઘરમાં સંગ્રહ કરી રાખે છે જેથી કોઇ અણધાર્યા પ્રસંગે કોઇક વસ્તુ પણ ઉપયોગી થઇ પડે, તેમ તેમણે શ્રીમાન્ માસ્તર સાહેબના જીવનના નાનામોટા અનેક પ્રસંગોનો સંગ્રહ કરી રાખેલો આ ટુંકા ચરિત-દર્શનમાં પ્રત્યક્ષ થાય છે. શ્રીમાન્ માસ્તર સાહેબનો સાક્ષાત્ પરિચય ઓછો છતાં શ્રીમદ્ ઉપેન્દ્ર ભગવાનના અખંડ સહવાસમાં વારંવાર શ્રીમાન્ માસ્તર સાહેબના જીવનપ્રસંગો અને તેના મર્મોની ચર્ચાનો સુયોગ તેમને પ્રાપ્ત થાય એ સ્વાભાવિક છે. શ્રીમદ્ ઉપેન્દ્રાચાર્યજી તો પોતાની શૈશવાવસ્થાથી જ શ્રીમાન્ માસ્તર સાહેબના સહવાસમાં પ્રીતિવાળા હતા. શ્રીમન્નૃસિંહાચાર્યજીના શિષ્યવર્ગમાંના અનેક નાના-મોટાઓસાથે સંબંધમાં છતાં તેમની સાહજિક પ્રીતિ તેમના પ્રતિ સવિશેષ હતી એ નિર્વિવાદ છે. ઉપરાંત શ્રીમદ્ ઉપેન્દ ભગવાન્માં પણ બાળપણથી જ શ્રીમન્નૃસિંહાચાર્યજીની માફક અલૌકિક જ્ઞાનૈશ્વર્ય ઝળકતું હતું. અવશ્ય તેનો આવિષ્કાર વય અને સમયને અનુસરીને હોય એ સ્વાભાવિક છે. આવી તેમની અલૌકિક દૃષ્ટિમાં શ્રી માસ્તર સાહેબના અંતરમાં પ્રકટતો જતો જ્ઞાનનો સુંદર પ્રકાશ, ચૈતન્યનો મહાઆવિષ્કાર, પ્રત્યક્ષ જ હતો અને તેથી તેમના પ્રતિ પોતાના પરમાત્મસ્વરૂપ પિતૃશ્રીની તેમના માટે જે અસાધારણ પ્રીતિ હતી, તેવી જ પ્રીતિ તેમના પ્રતિ સ્વાભાવિક જ રહેતી. તદુપરાંત શ્રીમદ્ ઉપેન્દ્ર ભગવાનની મર્મજ્ઞતા તો એટલી અપૂર્વ હતી કે તેમની આવા પ્રકારના મર્મના ઉકેલની વાતો સાંભળનારને આશ્ચર્યમુગ્ધ કર્યાવિના રહેતી નહિ. એટલે શ્રીમદ્ ઉપેન્દ્ર ભગવાન્પાસેથી જે કંઇ પ્રસંગો વગેરે શ્રીમતી જયંતી દેવીના જાણ-

વામાં આવ્યા છે, અને જે કંઇ મર્મો તેમને સ્પષ્ટ થયેલા છે, તેનું સુંદર આલેખન આ ચરિતમાં જોઈ શકાશે.

આ ગ્રંથમાં શ્રીમદ્ ઉપેન્દ્રાચાર્યજીનો '**શ્રી માસ્તર સાહેબવિહોણા આપણે**' એ વિસ્તૃત લેખ છે. **શ્રીમાન્ માસ્તર સાહેબ**ના દેહવિલયપછી પ્રતિવર્ષ તેમના 'સ્મરણસંમેલન'ની યોજના તેઓશ્રીએ રાખી હતી, અને અદ્યાપિ તે યોજના ચાલુ રહેલી છે. આ દિવસ તેઓ અપૂર્વ ગૌરવ અને એ સિદ્ધાત્માના જીવનની ચિરસ્મરણીય પ્રવૃત્તિ વગેરેનાં સ્મરણો પ્રતિપળ જાગ્રત્ રહે એવા રૂપમાં ઉજવતા અને સાધકચિત્તમાં એ મહત્પુરુષનું ચેતનમય જીવંતચિત્ર ખડું કરી દૃષ્ટિસમક્ષ તેમની મૃદુ હસતી મૂર્તિ તરવરતી રાખતા! તેમના દૈવી ગુણોનું અનુકરણ કરી તેમના જેવા ઉચ્ચ પદારૂઢ થવાની મહદ્ ઇચ્છા જાગ્રત્ કરતા. આ નિમિત્તે તેઓશ્રી વર્ગના અનેક વિદ્વાનોના પ્રસંગાનુરૂપ લેખો વગેરે મંગાવતા. જાતે તે નિમિત્ત લેખો, કાવ્યો વગેરે લખતા, અને તેના દ્વારા એ સર્વ પ્રવૃત્તિ સેવતા. આ ગ્રંથમાં પ્રકટ કરવામાં આવેલો પૂર્વોક્ત લેખ એમની એક અપૂર્વ કલાભર્યો લેખ છે અને **શ્રીમાન્ માસ્તર સાહેબ**ના જીવનનાં તત્ત્વોમાં ઉંડું અવગાહનું કરાવનાર છે. તેની સુંદર કલાભરી લેખનશૈલી તે વાંચતાં વાચકની દૃષ્ટિએ આવ્યાવિના રહે તેમ નથી. **શ્રીમાન્ માસ્તર સાહેબ**ની કુમારાવસ્થાની વિશુદ્ધ પ્રવૃત્તિઓ, તેમના ચારિત્ર્યની પરમ વિશુદ્ધિ, તેમની અદ્‌ભુત ગુરુશુશ્રૂષા, અને તે વડે પ્રાપ્ત કરેલી સિદ્ધાવસ્થાપછી તેમનામાં દૃષ્ટિએ આવતી અપૂર્વ શક્તિઓ એ વગેરે વસ્તુઓનું અતિ સુરમ્ય મનોહર શૈલીથી પ્રતિપાદન થયેલું વાંચતાં વાચક હૃદય અપૂર્વ રસના અનુભવસાથે એ મહાત્માના વિશુદ્ધ જીવનના પ્રસંગોને અવલોકવા સમર્થ થાય છે.

આ ઉપરાંત આરંભનો 'દિવ્ય-દર્શનનો' ટુંકો પણ કલામય, રસમય લેખ વાચકની માનસ દૃષ્ટિસમક્ષ અતિ સુમનોહર ચિત્ર ઉભું કરે છે.

આ પ્રકારે તેઓશ્રીનાં અપૂર્વ કાવ્યોમાં એટલું સૂક્ષ્મ નિરીક્ષણ નજરે પડશે કે તમને આશ્ચર્ય થયાવિના રહેશે નહિ. તે ઉપરાંત શ્રીમાન્ **માસ્તર સાહેબ**ના પ્રતિ તેમનો કેટલો મહદ્ ભાવ હતો, તેમણે કરેલી વર્ગની સેવાથી તેમના હૃદયમાં પણ કેવી કેવી લાગણીઓ જન્મતી હતી, એ

બધી સૂક્ષ્મ બાબતો તમારી દૃષ્ટિએ આવશે. તેમનાં કાવ્યોમાં અપૂર્વ રસ-નિષ્પત્તિ અનુભવાય છે. આ ગ્રંથમાંનાં 'સદ્‌ગુરુથી પ્રાપ્ત ગુરુરૂપ માળીએ કરેલું કર્તવ્ય', 'વિશ્વવંદ્યચંદ્રોદય', 'વિશ્વવંદ્ય એ શું છે?' 'શ્રેયસ્સાધકોદ્યાનનું એક પુષ્પ', 'સાધુ હૃદયની દિવ્ય સંપત્તિ અમાપ હોય છે.', 'વિશ્વવંદ્યની દૃષ્ટિ', 'એ તપસ્વીનું સ્વરૂપ', 'વિશ્વવંદ્યના મોહનું સ્વરૂપ', 'ફકીર વિશ્વવંદ્ય' વગેરે કાવ્યોમાં તેનો અનુભવ થયા વિના રહેશે નહિ. કાવ્યોમાં વિશ્વવંદ્યનું સુંદર ભવ્ય ચિત્ર મારી દૃષ્ટિએ આવશે. ઉપરાંત તેમના હૃદયમાં શ્રી વિશ્વવંદ્યના માટે તેમની જે મદદ ભાવના અને અપૂર્વ પ્રેમ હતો તે સમજાશે. અને તે મહાત્માના અપૂર્વ માહાત્મ્યના ભાનથી હૃદયની નિર્મળતા, પવિત્રતા, ઉચ્ચતા થયેલી સહજ અનુભવશો.

શ્રીમતી **જયંતી દેવી**નો ઉપર જણાવ્યું તે પ્રમાણે **શ્રી વિશ્વવંદ્ય** ચરિત-દર્શનનો લેખ છે. તેની સરળ રસભરી શૈલિ **શ્રી માસ્તર સાહેબ**નો સચોટ ખ્યાલ આપે છે. તેમના જીવન-મંદિરના નાનામાં નાના ઓરડાઓ તેમ જ વિશાળ ખંડમાં આપણને તે દોરી જાય છે અને તેમાં રહેલી સુંદર, ભવ્ય વસ્તુઓ આપણી દૃષ્ટિસમક્ષ લાવે છે. તેમનાં કાવ્યો પણ અપૂર્વ રસથી ભરેલાં છે. તેમનાં કાવ્યોમાં પણ **શ્રીમન્ માસ્તર** સાહેબની પ્રવૃત્તિઓ, તેમની પરિચર્યા, તેમના દૈવી ગુણો આદિનું રમ્ય આલેખન છે અને વાચકને અને વિશેષ કરી **શ્રી**માન્ **વિશ્વવંદ્ય**ના જીવનમાં રસ લેનારને તો તેની પુનઃ પુનઃ આવૃત્તિ કરવાની રસભરી જિજ્ઞાસા ઉત્પન્ન થયા વિના રહે તેમ નથી.

પૂર્વે જણાવ્યું તેમ આ ગ્રંથમાં **શ્રી**માન્ **માસ્તર સાહેબ**નું વિસ્તૃત જીવન ચરિત નથી. તેમ જ તેમના સંબંધમાં અન્ય વિદ્વાન્ બંધુઓના લેખો વગેરે પ્રકટ કરવામાં આવ્યા નથી. આ માત્ર '**પ્રથમ** આવિષ્કાર' છે અને સમય જતાં વિશેષ આવિષ્કાર થશે એ શ્રદ્ધા ખોટી પડે તેમ નથી. કારણ તેનું સાહિત્ય તૈયાર છે, તેના સંચાલકો ઉત્સાહી છે, તેના ગ્રાહકો સાચી હૃદયેચ્છાવાળા છે અને **શ્રી**માન્ **માસ્તર સાહેબ** જેવી સમગ્ર ગુજરાતના જીવનમાં-તેના આધ્યાત્મિક તેમ જ વ્યાવહારિક જીવનમાં-સુંદર પ્રકાશ પાથરનારના જીવનમાં રસ ન લે તો બીજા કોના જીવનમાં રસ લે?

શ્રી માસ્તર સાહેબપ્રતિ ગુજરાતની જનતાનો અપૂર્વ સદ્ભાવ હતો તેનું કારણ એ હતું કે પુરુષપ્રયત્નવડે તેમણે યોગસિદ્ધિ પ્રાપ્ત કરી હતી. આત્મસાક્ષાત્કાર પામી 'શિખરે સ્થિતિ' કરી હતી. આ પ્રકારનું સામાન્ય જનકથન હતું એટલું જ નહિ પરંતુ શ્રેયસ્સાધક અધિકારી વર્ગના સંબંધમાં વડોદરા રાજ્યના ઇ. સ. ૧૯૨૧ ના સેન્સસ રીપોર્ટમાં પણ તેમની 'શિખરે સ્થિતિ' સંબંધી નીચે પ્રમાણે જે ઉલ્લેખ છે, તેથી ગમે તેવા અજ્ઞાત અથવા અંધકારમાં અથડાતા મનુષ્યને પણ તેમના વિષે સુંદર પ્રકાશ પડશે.

It can be stated without contradiction that Shreyassadhak Adhikarivarga contained adepts in all four forms of yoga and the late Reverend Chhotalal Jivanlal — who was commonly called Master Saheb, being an ideal teacher in The Baroda High School and was the premier disciple of the Guru, had the keys of all the four fold yoga in his hands and was the referee of all the juniors in the matters of occult practice.

શ્રેયસ્સાધક અધિકારીવર્ગના પુરુષોમાં કેટલાક યોગારૂઢ અથવા યોગસિદ્ધિ-સંપન્ન પુરુષો હતા એમ કહેવામાં કોઇ પણ વિરોધ નથી. તેમાં પૂજ્યભાવા-પન્ન સ્વરૂપસ્થ શ્રી છોટાલાલ જીવનલાલ, જેમને સાધારણ રીતે 'માસ્તર સાહેબ' સંજ્ઞાથી સંબોધવામાં આવતા, તે વડોદરા હાઇસ્કુલમાં એક આદર્શ શિક્ષક હતા અને ગુરુશ્રીના પટ્ટ શિષ્ય હતા. તેમને ચતુર્વિધ યોગની સઘળી ચાવીઓ હસ્તગત થયેલી હતી અને અધ્યાત્મસાધનોના અનુષ્ઠાનમાં તેમના સઘળા લઘુબંધુઓ તેમની સલાહ લેતા.

આ કાર્ય સાથેસાથે જ તેમના વિસ્તૃત જીવનનો સત્વર કોઇ વિદ્વાન્ બંધુદ્વારા લાભ મળે, વિશેષ વિશેષ રસમય આવિષ્કાર થાય એ અભિ-લાષા પણ અત્ર પ્રકટ કરી દેવી જોઇએ.

એક વિશેષ વાત. આ ગ્રંથમાં પરિશિષ્ટરૂપે કેટલાંક કાવ્યો આપેલાં છે. શ્રીમાન્ માસ્તર સાહેબના ભૌતિક તનુના વિલયપછી શ્રી વિશ્વવંદ્ય-સ્મરણસંમેલન યોજવામાં આવ્યું હતું. આ પ્રસંગે ભિન્ન ભિન્ન સ્થળનિવાસી શ્રેયસ્સાધક બંધુઓ, તથા વર્ગબહારના અનેક સંભાવિત

ગૃહસ્થો, વિદ્વાનો વગેરે આવેલા હતા. તે પ્રસંગનિમિત્ત રચેલાં આ કાવ્યો છે. આ કાવ્યોમાં કરુણ રસ એવો નીતરે છે કે વજ્ર હૃદયને પણ દ્રવીભૂત કર્યા વિના રહે નહિ.

આ ઉપરાંત **શ્રી**માન્ માસ્તર સાહેબના જીવનપ્રસંગની એક વાત ઉપર વાચક વર્ગનું ખાસ ધ્યાન ખેંચવાની અગત્ય રહે છે. **શ્રીમાન્ માસ્તર સાહેબને અમેરિકા**ના ડૉક્ટર **ડી** ફોરેસ્ટ **બ્રાયન્ટ** નામના પુરુષવરસાથે સંબંધ થયેલો હતો. મુખ્ય સંબંધ તેમની તત્ત્વચર્ચામાંથી ઉત્પન્ન થયો હતો. આ પુરુષ રસવિદ્યાના સૂક્ષ્મ અભ્યાસી હતા અને તેમાં ઘણા ઉંડે ઉતરેલા હતા એમ **શ્રીમાન્ માસ્તર સાહેબને** અનેક પ્રસંગે ચાલેલા પત્રવ્યવહારથી સમજાયું હતું. આ પછી તેમની પ્રવૃત્તિ કાંઇ વ્યાપારનિમિત્ત પણ થઇ હતી અને એ સંબંધ વિશેષ વૃદ્ધિને પામ્યો હતો. આ સંબંધમાં ઉપરઉપરથી જોનાર દૃષ્ટિને તેમના સંબંધમાં કેટલીક ભ્રાંતિઓ ઉત્પન્ન થઇ હતી, અને હજી પણ કદાચ કેટલાક એ ભ્રાંતિમાં અથડાતા હશે. આવા બંધુઓને આ ગ્રંથમાં **શ્રી** જયંતી **દેવી**ના 'ચરિત–દર્શનમાં' અવતરણરૂપે આપેલા **શ્રીમાન્ જેકીસનદાસ જેઠાભાઇ** કણીયાના પત્રનું અવતરણ અવલોકવા અને એના સૂક્ષ્મ ભાવને સમજવા વિનંતી કરવામાં આવે છે. ખાત્રી છે કે એના વાચનથી ગમે તેવી ભ્રાંતિ પણ ઝાકળબિંદુ માફક ક્ષણભરમાં ઉડી ગયા વિના રહેશે નહિ.

શ્રીકણીયાજી ગુજરાતના અપૂર્વ વિદ્વાન્, યોગસૂત્રના ઉપર અતિ લઘુ વયે પ્રૌઢ ભાષાંતર કરનાર, પરમાત્મા **શ્રીમાન્ નૃસિંહાચાર્યજી**ના અતિ નિકટ સહવાસને સેવી તેમની મહતી કૃપાને અનુભવનાર, વર્ગની સંમાનનીય વ્યક્તિ. તેમનો શ્રીમન્ **માસ્તર સાહેબ**માટે અપૂર્વ ભાવ હતો. તેમના અતિ ગુણાનુરાગી હતા, અને તેમના તત્ત્વદર્શી વિચારોમાટે બહુ ઉંચો મત ધરાવતા હતા, એ જાણનાર બંધુઓ એમનાં વચનોથી અવશ્ય સંતોષ અનુભવ્યા વિના રહેશે નહિ.

આ ગ્રંથની એક વિશિષ્ટતાઃ જૂનાનવા, વૃદ્ધ યુવાન્ સર્વ શ્રેયસ્સાધકો અને શ્રેયસ્સાધક વર્ગના પુરુષોપ્રતિ સંમાનની દૃષ્ટિથી જોનાર સ્ત્રીપુરુષોને અતિ આહ્લાદજનક થયા વિના રહેશે નહિ.

આ ગ્રંથમાં **શ્રીમન્નૃસિંહાચાર્યજી**ના પરમ પાવનકર હસ્તાક્ષરોનાં દર્શન થશે !

વળી-વળી એક છેવટ છેવટની વાત. આ ગ્રંથમાં **શ્રી**માન્ વિશ્વવંદ્ય-**શ્રી માસ્તર સાહેબ, સદ્‌ગુરુ પરમાત્મા શ્રી**માન્ નૃસિંહાચાર્યજી, **અને પરમ** પૂજ્ય **સદ્‌ગુરુ શ્રી**મદ્ ઉપેન્દ્ર **ભ**ગવાનનાં મનોમોહક દર્શન !

અંતમાં આવા સદ્‌ગ્રંથની અનેક આવૃત્તિઓ પ્રકટે, અનેક હૃદયમાં એવી દિવ્ય વ્યક્તિઓનાં ચરિત જન્મે, અને ભવિષ્યમાં આના અનેક આવિષ્કાર થાય એ હૃદયેચ્છાને વ્યક્ત કરી આ વિસ્તૃત થયેલી ભૂમિકાને હવે વિરામ આપી આપને ગ્રંથના અપૂર્વ લેખોમાં વૃત્તિ વાળવા સાગ્રહ વિનવી વિરમવામાં આવે છે.

સં. ૧૯૯૫ આશ્વિન કૃષ્ણ ૧૩ **ધનત્રયોદશી** તા. ૯-૧૧-૩૯ : **વડોદરા.**	**श्री सद्‌गुरु परमात्माना** **स्वरूप केन्द्रमां आकर्षाता** **श्रेयस्साधको**

= અનુક્રમણિકા =

અગત્યની સૂચના

૧ વિશ્વવંદ્ય-જીવનદર્શનમાં તેમના જન્મની સં. ૧૯૧૭ છપાઇ છે, તેમ જ છાયાચિત્ર નીચે સં. ૧૯૨૮ છપાઈ છે, તે બંનેમાં ભૂલ છે. તેમના ી સં. ૧૯૧૮ છે.

॥ ॐ श्री ॥

[લેખક : જેશીંગભાઈ ...]

प्रणाम

= शार्दूलविक्रीडितम् =

शुश्रूषागुणतो हि यस्य सततं रोमाञ्चितौ श्री प्रभू
कृत्वाऽस्मिन्निजशक्तिपातमतुलं प्रेमास्पदे निर्भरम् ।
दत्वा साधकवर्गनेतृपदवीं प्रीतावभूतां परं
तस्मै श्रीयुत विश्ववंद्यगुरवे वन्दामहेऽहोनिशम् ॥

જેમની શુશ્રૂષાના અત્યુત્કર્ષથી સતત રોમાંચિત થઈ રહેલા શ્રીનૃસિંહ પ્રભુ તથા શ્રીમદ્ ઉપેન્દ્ર પ્રભુ, આ પોતાના પરમ પ્રેમના પાત્રમાં પોતાનો અતુલ શક્તિપાત પૂર્ણપણે કરી તથા સાધકવર્ગના નેતાની પદવીમાં જેમને સ્થાપી અત્યંત પ્રમોદને પામી રહ્યા છે તે શ્રીમાન્ વિશ્વવંદ્યનાં ચરણમાં અમે અહોનિશ વન્દન કરીએ છીએ.

॥ ॐ શ્રી ॥

શ્રી વિશ્વવંદ્ય–ચરિતદર્શન

સર્વાન્તર્ગત ચૈતન્યતત્ત્વના પ્રત્યક્ષ પ્રતીકરૂપ, વિશ્વને ઉજાળનાર, મનોરમ, ભગવાન્ સૂર્યદેવનો પરિચય કરાવવો, આ ક્ષણે રજની કે દિવસ છે એ સમજાવવું એ ક્રિયા મિથ્યાસરખી છે, કારણ આ વસ્તુ સર્વની દૃષ્ટિના વિષયરૂપ છે. પ્રાણીમાત્રને એની ઉપલબ્ધિ સર્વદા સિદ્ધ છે. તેમ સમર્થ અવતારોનું, સત્પુરુષોનું તથા પરમ ભક્તોનું જીવન આલેખવું એ કૃતિ પણ એક દૃષ્ટિએ નિરર્થક પ્રયત્ન છે. કારણ કે એવા પ્રભાવશાલી આત્મા પોતાના સ્વસ્વરૂપના સામર્થ્યથી સર્વત્ર સુપ્રસિદ્ધ થઈ રહે છે; છતાં જીવન-ચરિત્ર આલેખવાનું કાર્ય પૂર્વકાલથી ચાલતું આવ્યું છે. વાલ્મીકિએ શ્રી રામાયણ, શ્રી વ્યાસ ભગવાને શ્રી ભાગવત્ રચ્યું. આધુનિક કાલમાં પણ સ્વામી રામતીર્થ, સ્વામી વિવેકાનંદ, સમર્થ રામદાસ, ભક્ત તુકારામ, શ્રી શંકરાચાર્ય, શ્રી વલ્લભાચાર્ય વગેરે અનેક સાધુ પુરુષોનાં, ભક્તોનાં, આચાર્યોનાં જીવન–ચરિત પ્રસિદ્ધિને પામ્યાં છે. તેનો હેતુ મુખ્યત્વે કરીને એ જ સ્પષ્ટ થાય છે કે એ દ્વારા લેખકની તથા વાચકની આંતર શુદ્ધિ સધાય છે. આ હેતુપૂર્વક એક ઉચ્ચાધિકારી સાધકનું—ભક્તનું આદર્શ જીવન-ચરિત સ્વલ્પમાં આલેખવાનું નિમિત્ત પ્રાપ્ત થવાથી આ પુણ્યકાર્ય કરવા અલ્પમતિ સાહસ કરે છે–વૃત્તિમાં વેગ ધરે છે.

અમાપ મહાસાગરમાં ડુબકી મારનાર પોતાની શક્તિપ્રમાણે મૌક્તિક બહાર આણે છે, તેમ આ સામર્થ્યમય જીવન–ઉદધિમાં નિમજ્જન કરીને જે કંઇ મૌક્તિકરૂપ વસ્તુઓ પ્રાપ્ત થઇ છે તે સર્વસમક્ષ પ્રત્યક્ષ કરવામાં આવે છે. એના દર્શનથી એ અનુમાન બાંધવાનું નથી કે આટલાં મૌક્તિક આ જીવનના ગર્ભાગારમાં હશે. તેમાં છુપાયલાં મૌક્તિક તો અગણિત છે, પરંતુ આ સ્મૃતિવૃત્તિની શક્તિઅનુસાર તેણે નિમજ્જન કરીને જે કંઇ અનુભવ્યું છે વા શ્રવણ કર્યું છે, તે જનતાસમક્ષ ધરવાનો સામાન્ય પ્રયત્ન સેવે છે.

થોડી પણ અમૂલ્ય વસ્તુનો સંગ્રહ સાધકજીવનને સમૃદ્ધ કરે છે એ તો સિદ્ધ છે; તેથી આ દિવ્ય જીવનના પ્રસંગો, વિચારો, તથા ક્રિયારૂપ મૌક્તિક જો વાચક પોતાના જીવનમાં ધારણ કરશે તો તે અવશ્ય પરમ કલ્યાણને અનુભવશે, આત્મસંપત્તિથી તેનું જીવન સમૃદ્ધ થઇ રહેશે.

શ્રેયસ્સાધકઅધિકારી વર્ગના વરિષ્ઠ સદ્‌ગુરુ **શ્રીમન્નૃસિંહાચાર્યજીના** પટ્ટ શિષ્ય, **શ્રી મહાકાલના** તંત્રી **શ્રીમાન્ વિશ્વવંદ્ય** (**શ્રીમાન્** **છોટાલાલ જીવનલાલ**) ના સાધક, શોધક તથા સિદ્ધ જીવનની સ્વલ્પ રૂપરેષા આલેખવામાં આવે છે.

શ્રેયસ્સાધકવર્ગના **સદ્‌ગુરુ પરમાત્મા શ્રીમન્નૃસિંહાચાર્યજીના** સ્વહસ્તશ્રીવડે અગ્રણીસાધકપદાંકિત, શ્રી **સદ્‌ગુરુ**ની વિશ્વવિદિત પુણ્યકીર્તિના પ્રધાન હેતુરૂપ, **સદ્‌ગુરુશ્રી**ના સ્વરૂપાવસ્થાનપછી આ વર્ગનું પ્રાપ્ત નેતૃત્વનું સ્વસામર્થ્યથી નિર્વહણ કરનાર **શ્રીમાન્ વિશ્વવંદ્ય**ના પુણ્ય તનુનો પ્રાદુર્ભાવ વડોદરા રાજ્યના બાજુવા ગ્રામમાં સંવત્ ૧૯૧૭ ના આશ્વિન કૃષ્ણ ૧૩ (ધનત્રયોદશી) ગુરુવારે દશાશ્રીમાળીજ્ઞાતિમાં થયો હતો. તેમના પિતાનું નામ ' જીવનલાલ ' તથા માતાનું નામ ' મહાકુંવર ' (મહાકોર) હતું. પ્રાપ્ત જૈન ધર્મના સંસ્કારથી આ કુટુંબ આચ્છાદિત હતું. થોડા માસ બાજુવામાં વીતાવીને તેમનાં માતા અમદાવાદમાં આવ્યાં અને ત્યાર પછી **શ્રીમાન્ વિશ્વવંદ્ય**ની સ્થિતિ અમદાવાદમાં થઇ.

પિતા બુદ્ધિમાન્ હતા. પિતાની બુદ્ધિના તથા ધર્મના સંસ્કારો જન્મથી જ **શ્રી વિશ્વવંદ્ય**ને પ્રાપ્ત થયા હતા. શિશુ વયથી જ સમર્થ ભાવી

જીવનના આછા ચમકારા તેમનામાં સર્વને પ્રતીત થતા હતા. સ્નેહીસંબંધીમાં આનંદ પ્રસારતો શિશુકાલ વ્યતીત થયા પછી કિશોરાવસ્થામાં તેમની તીવ્ર બુદ્ધિથી તથા સદ્‌ગુણોથી જનસમુદાય તેમના પ્રતિ સહસા આકર્ષાતો. વિદ્યાર્થીજીવનનો આરંભ થયો. આ કાલમાં એમનામાં વિશુદ્ધ ચારિત્ર્યનું, પરહિત કરવાના શુભ સામર્થ્યનું, ઉત્કૃષ્ટ વિચારોનું નિદર્શન પરિચિત મનુષ્યોને થતું હતું. ઉચ્ચગામી જીવનઅર્થે મંથન કરનાર આ વિદ્યાર્થીએ વિદ્યાધ્યયન કરવાની સાથે પોતાના વર્ગના વિદ્યાર્થી-મિત્રોની એક 'ગુર્જરોદ્ધારક સમાજ' ઇ. સ. ૧૮૭૮ તા. ૨૮ એપ્રિલના દિવસે સ્થાપી. તેમાં તેઓ ઉત્સાહપ્રેરક વ્યાખ્યાનો આપતા, કાવ્યો લખતા. સંસારસુધારણા, દેશોદ્ધાર, સ્ત્રીકેળવણી એ એમના ચિંતનીય વિષય હતા. પણ એ સર્વ જ્યારે મનુષ્ય પોતે ચારિત્ર્યવાન્ બને છે ત્યારે સિદ્ધ થાય છે, એ એમના પ્રત્યેક વ્યાખ્યાનોમાં સૂત્રરૂપ ભાવ હતો. તેથી વારંવાર આત્મજીવનસુધારણાનો સંદેશ આપતા. આ કાલમાં અમૂર્ત ઇશ્વરતત્ત્વને માત્ર સ્વીકારતા અને પ્રાર્થનાસમાજમાં જતા. દેશોન્નતિ, આત્મોન્નતિ સફલ થવામાં ઇશ્વરપ્રાર્થનાની અગત્ય છે એ સન્દેશ આ વિદ્યાર્થીકુમાર સમાજમાં આપતાં દર્શાવે છે કે—

"ભાઇઓ ! ગમે એટલો સદાચાર પાળો, પણ ઇશ્વરની પ્રાર્થના વિના ધૂળ છે. પ્રાર્થના વિના સદાચાર પળાતો જ નથી. આ દુનિયામાં આપણે એવા તો અલ્પ પ્રાણી છીએ, અને આપણી શક્તિ એટલી તો થોડી છે કે આ સંસારની માયા આપણા પોતાના બળથી તરવાને અશક્ત છીએ માટે તેમાં કોઇની સહાય જોઇએ જ અને તે સહાય ઇશ્વરની છે. અને તે સહાય પ્રાર્થના કર્યે મળે છે. પ્રાર્થના એક ચિત્તે તથા એક ધ્યાને કરવી. ચિત્ત બીજામાં જવા દેવું નહિ. પ્રાર્થના કરતી વખતે ઇશ્વરને આપણા હૃદયમાં બિરાજેલા ધારવા. અને આ રીતે જો ખરા દિલથી થોડો કાળ પ્રાર્થના કરશો અને દુરાચારથી દૂર રહેશો તો ઇશ્વર તમારા હૃદયમાં વિરાજમાન થઇ તમને એવા તો સુખસાગરમાં નાંખશે કે જેમાં આ તો સ્વપ્નતુલ્ય જ ભાસશે. માટે આ રીતે પ્રાર્થના કરવી."

જગત્ મિથ્યા છે, સ્વપ્નરૂપ છે એ વેદાન્તવિચારના બીજરૂપ સંસ્કાર અભ્યાસકાલમાં આ હૃદયમાં જાગ્રત્ થયા હતા. સચ્ચિંતનપરાયણ આ વિદ્યાર્થીની ઇચ્છાનો એક વિષય એ હતો કે સારા પુરુષોના સંગમાં

આવવું. તેથી તે કાલે અમદાવાદમાં રહેનાર તથા પ્રસંગોપાત્ત આવનાર વિદ્વાન્ તથા ધાર્મિક પુરુષોના સમાગમનો પણ તેમણે અભ્યાસ રાખ્યો હતો. સમાગમથી જાણવાનું જાણી લેતા અને પોતાના જીવનમાં તેનો ઉપયોગ કરતા.

"પુત્રનાં લક્ષણ પારણામાંથી જણાય" એ જનકથન સત્ય છે. વિદ્યાર્થીજીવન જેનું કલુષિત હોય છે તેનું સમગ્ર જીવન મોટે ભાગે કલુષિત રહે છે, એ યથાર્થ સમજનાર આ વિદ્યાર્થી–કુમાર તે કાલે પણ સર્વ સુગુણોપેત રહ્યા હતા.

વિદ્યાના મર્મને જાણવો, સહાધ્યાયીને સુધારવાનો યત્ન સેવવો, પ્રસિદ્ધ પુરુષોનો સમાગમ કરવો, ઉચ્ચ ચારિત્ર્ય ઘડવામાટે વેગપૂર્વક મંથન કરવું, એ વિદ્યાર્થી અવસ્થામાં એમના જીવનનાં લક્ષ્યબિંદુ હતાં. નિષ્કામ પ્રેમવૃત્તિનો પણ તે કાલથી જ આ અંતરૂમાં ઉદ્ભવ હતો એ પણ પ્રસંગોપાત્ત સ્પષ્ટ થાય છે.

એક પુરુષસાથે એમણે મિત્રતા બાંધી હતી. થોડાકાલ પછી તેમનું પરગામ જવાનું થયું. સાંસારિક વિષયમાં મુગ્ધ બનતાં બંધાયલી મિત્રતાપ્રતિ તેમનું અલક્ષ થતું ગયું. છતાં આ નિષ્કામી વિદ્યાર્થી તેમના પ્રતિ પત્ર પ્રેરતા. એકે પત્રનો ઉત્તર ન મળતો છતાં બાંધેલો સંબંધ નિભાવવાની ઇચ્છાથી લગભગ પચાસેક પત્રો લખ્યા. સામો મનુષ્ય પોતાનો સ્વધર્મ ભલે ચૂકે પણ આપણે આપણા ધર્મનું સ્ખલન ન થવા દેવું જોઈએ એ બલવાન્ નિશ્ચય તથા કર્તવ્યબુદ્ધિ વિદ્યાર્થીઅવસ્થામાં જ વિકસિત થયાં હતાં.

શ્રીમાન્ વિશ્વવંદ્ય આ પ્રમાણે વિદ્યાર્થીજીવનવિકાસની વિવિધ પ્રવૃત્તિ સેવતા હતા, તે સમયમાં તેમના લગ્નનો પ્રસંગ ઉપસ્થિત થયો. જીવનવિકાસને ચિંતવતી વૃત્તિમાં તેથી ક્ષોભ પ્રકટયો. પોતાના વિકાસક્રમમાં લગ્ન પ્રતિબંધક થશે એ વિચારથી ખિન્નતાને અનુભવતા, છતાં સર્વને પ્રસન્ન રાખવાના વિચારથી તથા કુટુંબીજનોના આગ્રહથી વીરમગામમાં સં. ૧૯૩૪ ના વૈશાખ શુક્લ પૂર્ણિમાએ તેમનો લગ્નવિધિ થયો. તેમનાં ધર્મપત્નીનું નામ 'જડાવ' હતું.

વિદ્યાર્થીજીવન વિવાહિતજીવન બન્યું. સ્ત્રીકેળવણી એ એમનો ચિંતનીય વિષય હોવાથી પોતાની અશિક્ષિત પત્નીમાં વિદ્યાના સંસ્કારોને જાગ્રત્ કરવા શિક્ષણ આપવાનો આરંભ કર્યો. સંસારના વિષયમાં અતિ મોહવશ ન થતાં એકાંતમાં મળતો પ્રાપ્ત સમય આ કર્તવ્યમાં ગાળતા.

'મેટ્રીક'માં ઉત્તીર્ણ થતાં આજીવિકાઅર્થે વિદ્યાર્થીજીવન સંકેલાયું અને વડોદરે આવવાનું થયું. અંગ્રેજી શાળામાં નોકરી મળી. કિશોર અવસ્થાથી જ પ્રકટેલો વાચનનો રસ તથા વિવિધ પુરુષોનો સમાગમ કરવાનો વેગ વિરમી ગયો નહોતો. તેથી નોકરીના વ્યવસાયમાં પણ વિવિધ ગ્રંથો અવલોકતા. પ્રસંગે 'થિઓસોફીકલ' સંસ્થામાં જતા, એ સંસ્થાનું સાહિત્ય વાંચતા અને તેથી મૂર્તિપૂજા, ગુરુ, વેદધર્મને ન સ્વીકારનાર **શ્રી માસ્તર સાહેબના** અંતરમાં ગુરુની આવશ્યકતા છે એ વિચારની સ્ફૂર્તિ થઈ. ઈશ્વરનાં દર્શન કરવાની તથા ઈશ્વરદર્શન કરાવે એવા સત્પુરુષને શોધવાની તીવ્રેચ્છા પ્રકટી. શોધકદૃષ્ટિએ એ શોધવાનો પ્રારંભ કર્યો.

શ્રીમન્નૃસિંહાચાર્યજી આ સમયે નિઝામપુરા, વડોદરા–કૅમ્પમાં નિવાસ કરતા હતા. તેઓશ્રીના બ્રહ્મવર્ચસથી, અલૌકિક પ્રતિભાથી, વેદાંત ચર્ચાથી, સુમધુર કંઠથી ગવાતાં કીર્તનથી તેઓશ્રીપ્રતિ જનસમુદાયનું આકર્ષણ થતું હતું. ક્રમે ક્રમે વડોદરામાં સદ્ગુરુશ્રીની યશસ્વી કીર્તિનો પરિમલ પ્રસરવા માંડ્યો. શ્રીઇષ્ટસંકેતનિર્વાહના હેતુરૂપ **શ્રીમાન્ વિશ્વવંદ્યના** શ્રવણમાં આ વાત આવી. પ્રખર બુદ્ધિમાન્ **શ્રી વિશ્વવંદ્ય** સામાન્ય પુરુષને ગુરુરૂપે સ્વીકારી લે એ તો અસંભવિત હતું. ઇષ્ટસંકેતથી એમણે આ પ્રકારનો નિશ્ચય કર્યો હતો કે અનાયાસે કોઇ દિવ્યસરખા પુરુષનું મને તરુરાજીમાં દર્શન થાય તો એ પુરુષ મારે માટે ગુરુરૂપે યોગ્ય છે એમ સ્વીકારૂં.

ઈશ્વરેચ્છાથી એક સમયે સાયંકાલે **શ્રીમાન્ વિશ્વવંદ્ય** નિત્યના નિયમપ્રમાણે બહાર ફરવા ગયા હતા. નિઝામપુરાની આસપાસનો પ્રદેશ તે કાલે નિર્જનજેવો હતો. તેથી **શ્રીમન્નૃસિંહાચાર્યજી** પણ વિહારઅર્થે તે તરફ પધાર્યા હતા. યથા સમયે સંકેતનિર્વાહક વિભૂતિઓ ગમે ત્યાંથી આકર્ષાઈ આવે છે તેમ સદ્ગુરુશ્રીના સંકલ્પથી **શ્રી વિશ્વવંદ્યનું** નિઝામપુરાના માર્ગે આકર્ષણ થયું, અને **શ્રી વિશ્વવંદ્યના** હૃદય ભાવથી સદ્ગુરુશ્રીનું આકર્ષણ થયું. માર્ગે ચાલતાં દૂરથી **શ્રી વિશ્વવંદ્યની** દૃષ્ટિ આ અલૌકિક

મહાપુરુષપ્રતિ પડી. દિવ્ય દ્યુતિથી તેજોમય. અતિ મનોહર, ગૃહસ્થ છતાં કાષાય ટોપી, શિરસાચ્છાદનનીચે ગુપ્ત ત્યાગ વૃત્તિની સૂચક પરિધાન કરેલી દિવ્યમૂર્તિ, તરુરાજીમાંથી પસાર થતી અવલોકી. દર્શન કરતાં જ **શ્રી** વિશ્વવંદ્યના અણુઅણુમાં સ્પંદન થયું. તે પ્રતિ દૃષ્ટિ ફેંકતા સ્તબ્ધસરખા થઈ ગયા. પોતાના સંકલ્પાનુસાર દર્શન આપનાર આ પુરુષ કોણ હશે એ જાણવાની ઉત્કંઠા થઈ. સાંકેતિક પુરુષો સર્વ ચેષ્ટા સ્વાભાવિક રીતે થતી હોય તેમ થવા દે છે. લૌકિક નિમિત્તો પણ ઉપજાવે છે. તે પ્રમાણે **શ્રી વિશ્વવંદ્ય**ના જીવનનું પરિવર્તન કરનાર ગુરુદર્શનના નિમિત્તરૂપ એમની પોળમાં રહેતા જેઠાલાલ વકીલ બન્યા. તેમની **સાથે શ્રીમાન્ વિશ્વવંદ્ય** કેમ્પમાં આવ્યા. વૃક્ષોની ઘટામાં જેમનાં દર્શન **થયાં** હતાં તે પુરુષ આ જ છે એ જોતાં પરમ આનંદને પામ્યા. **શ્રીમન્નૃસિંહાચાર્યજી** વેદાંતનો ઉપદેશ આપતા હતા, તે શ્રવણ કરતાં આ મુમુક્ષુ પુરુષે પૂછ્યું કે ' ત્રિકાલમાં જગત્ થયું નથી તો વક્તા અને શ્રોતા હોઈ શકે ? ' **સદ્ગુરુશ્રીએ** તેમની શંકાનું સમાધાન કર્યું, અને તેથી **શ્રી વિશ્વવંદ્યને** આનંદ થયો, અને તેઓશ્રીપ્રતિ તેમનું અધિક આકર્ષણ થયું. તેઓશ્રીના સમાગમઅર્થે ત્રણ દિવસ નિત્ય આવીને અનેક શંકાઓની ચર્ચા કરી. ઇષ્ટશ્રીની પ્રતિભામય વાણીથી તથા સચોટ ઉત્તરથી પોતાના મનનું યથાર્થ સમાધાન થતાં **શ્રીમન્નૃસિંહાચાર્યજીને** સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા અને પોતાનું જીવનપુષ્પ **શ્રી સદ્ગુરુ ભગવાન્**ના ચરણકમલમાં સમર્પ્યું.

જ્યારે **શ્રી વિશ્વવંદ્યને** શ્રી **સદ્ગુરુનાં** દર્શન થયાં ત્યારે તેઓશ્રીપ્રતિ સુશિક્ષિત શિષ્ય વર્ગ આવતો નહોતો. કેટલોક સમુદાય દર્શનઅર્થે અને કેટલોક સમુદાય કીર્તન શ્રવણ કરવા આવતો હતો.

શ્રી વિશ્વવંદ્યના આગમનપછી અલ્પકાલમાં **શ્રી મન્નૃસિંહાચાર્યજીએ** હાલ જે સ્થળે **નૃસિંહ**આશ્રમ છે તે સ્થલમાં નિવાસ કર્યો.

એક નાનકડા આશ્રમમાં શ્રી **સદ્ગુરુએ** નિવાસ કર્યો હતો. આ કાલે આશ્રમમાં તેઓશ્રીના ચરણમાં સમગ્ર જીવન સમર્પનાર **શ્રી ત્રિકમલાલભાઈ** **સાથે** રહેતા હતા. આ આશ્રમમાં તે કાલે કોઈ પ્રકારના સ્થૂલ વૈભવનું દર્શન થતું નહોતું. આ સંસ્થા શ્રેયસ્સાધક અધિકારવર્ગરૂપે સુવ્યવસ્થિત સ્વરૂપમાં નહોતી. **શ્રીમન્નૃસિંહાચાર્યજી**ના સર્વોત્કૃષ્ટ સામર્થ્ય પ્રભાવનું પ્રત્યક્ષીકરણ થવાના હેતુરૂપ **શ્રી** વિશ્વવંદ્યના શિષ્યત્વ પછી વિદ્વાન્ પુરુષોનું

ક્રમે ક્રમે આગમન થયું, અને શ્રેયસ્સાધક અધિકારિવર્ગરૂપે આ સંસ્થાની પ્રસિદ્ધિ થઈ. આ વર્ગના ભાવી ચાલક પાલક **શ્રી ઉપેન્દ્રાચાર્યજીનું** પ્રાકટ્ય થયું. નિર્ધનસમા આશ્રમમાં વૈભવનું દર્શન થવા લાગ્યું.

સદ્ગુરુશ્રીના શરણને પામ્યા પછી ક્રમે ક્રમે શ્રીમાન્ વિશ્વવંદ્યનો ગુરુ-સાથેનો સંબંધ વૃદ્ધિંગત થતો ગયો. યથાર્થ સાધકનું શું કર્તવ્ય છે એ વિચારીને શ્રીમાન્ વિશ્વવંદ્યે તે પ્રકારની ક્રિયાઓ સાધવાનો આરંભ કર્યો. આ સમય તેમની યુવાવસ્થાનો કાલ હતો. તે કાલમાં તેમણે ત્રણ કર્તવ્યો સ્વીકાર્યાં હતાં. (૧) શિક્ષકતરીકે વિદ્યાધ્યયન કરાવવું (૨) સદ્ગુરુની પરિચર્યા (૩) સાધનાભ્યાસ. આ ત્રણ સાધનો તેના વાસ્તવ અંગઉપાંગ-પૂર્વક સાધવા પ્રયત્ન કરતા.

શાળાના વિદ્યાર્થીઓ **શ્રી વિશ્વવંદ્ય**સાથે વાત કરતાં 'માસ્તર સાહેબ' ના સંબોધનથી કરતા, સમક્ષમાં ' સાહેબ ' શબ્દ ઉચ્ચારતા અને શ્રી સદ્ગુરુ ભગવાન્ ' માસ્તર ' કહીને બોલાવતા હતા. કેટલાક વિદ્યાર્થીઓ સાધક હોવાથી શ્રીનૃસિંહાશ્રમમાં પણ એ જ નામથી તેઓને સંબોધતા હતા. હવે પછી આલેખાતા વૃત્તાન્તમાં 'શ્રી માસ્તર સાહેબ' નામથી જ આલેખાશે.

ઇષ્ટશ્રીએ પોતાના સંકેતની સિદ્ધિમાં શ્રી **માસ્તર સાહેબ** જન્મથી સિદ્ધપદે હતા એમ નહિ પરન્તુ પ્રયત્નથી આ સાધક સિદ્ધપદને પામ્યા છે એ પ્રતીત કરાવ્યું છે.

શ્રી **માસ્તર સાહેબ**માં ક્રોધ, મોહ, આદિ વિકારોનો ઉદ્ભવ જ થતો નહોતો એમ નહોતું. પણ પ્રયત્નથી વિકારોપર તેમણે જય મેળવ્યો હતો. સદ્ગુરુશ્રીના સંબંધપૂર્વે અને સંબંધ થયાપછી અલ્પકાલસુધી તેમનામાં ઉગ્રતા હતી. વિદ્યાર્થી અભ્યાસ ન કરે તો તેને શિક્ષા કરતા હતા. વડોદરના પ્રસિદ્ધ ગાયક મૌલાબક્ષના પુત્રને એક સમયે શ્રી **માસ્તર સાહેબે** સોટી મારી. મૌલાબક્ષને શ્રીમન્નૃસિંહાચાર્યજીપ્રતિ અપૂર્વ ભક્તિ હતી. તેઓ ઘણીવાર તેઓશ્રીનાં દર્શનાર્થે આશ્રમમાં આવતા હતા, અને તેથી શ્રી **માસ્તર સાહેબ**ને સારી રીતે ઓળખતા હતા. તેમના પુત્રે ઘેર આવીને વાત કરી. મૌલાબક્ષને અત્યન્ત ક્રોધ ચઢ્યો. તત્કાલ ઘોડાપર બેસીને આશ્રમમાં આવ્યા, અને ગુરુસાથી પૂછ્યું કે છોટાલાલભાઈ ક્યાં છે? સદ્ગુરુશ્રીએ તેમને શાંત કર્યા અને શું થયું છે એ જાણીને મૌલા-

બક્ષને કહ્યું ‘ માસ્તર આવશે ત્યારે હું કહીશ. ’ ગુરુશ્રીના શબ્દની અસર મૌલાબક્ષના હૃદયઉપર થઈ અને શાંત થઈને ઘેર ગયા. શ્રી માસ્તર સાહેબ આશ્રમમાં આવ્યા ત્યારે હકીકત પૂછતાં એમણે બનેલો પ્રસંગ નિવેદન કર્યો. શ્રવણ કરીને ઇષ્ટશ્રી સુસ્મિત કરતાં વદ્યા **“ ભાઈ! જે કાર્ય ક્રોધથી થાય છે તે કાર્ય પ્રેમથી થઈ શકે છે, તો ક્રોધ શા માટે કરવો જોઈએ. ”** આ ઉપદેશ શ્રવણ કરતાં શ્રી માસ્તર સાહેબે અંતરમાં સંકલ્પ કર્યો કે ગમે તેવા વિપરીત પ્રસંગમાં પણ આજથી ક્રોધ કરવો નહિ. આ પ્રસંગ બન્યાપછી એમણે કોઈ કાલે પણ કોઈના પ્રતિ ક્રોધ ન કરવાની સાવધાનતા રાખી, ક્રોધપર વિજય મેળવ્યો.

આ પ્રસંગ પછી લગભગ ૨૪–૨૫ વર્ષના શિક્ષકજીવનમાં કોઈ પણ વિદ્યાર્થીએ તેમનામાં ક્રોધ ઉઠેલો જોયો નથી. પ્રત્યેક વિદ્યાર્થીસાથે એવા પ્રેમથી હળી જતા કે સર્વને તેમના પ્રતિ સદ્‌ભાવ પ્રકટતો. ઇતર શિક્ષકોના કાર્યમાં અને શ્રી માસ્તર સાહેબના કાર્યમાં એક મોટો ભેદ હતો તે એ કે તેઓ વિદ્યાર્થીઓને નિત્યના અભ્યાસસાથે જીવનોપયોગી પાઠો શિખવતા જ્યારે અન્ય શિક્ષકોને આ કર્તવ્યરૂપ છે એવો વિચાર પણ પ્રકટતો ન હતો. શાળોપયોગી લેસન આશરે અડધો કલાક ચાલતું, ને હૃદયપયોગી શિક્ષણમાં પ્રસંગે વધારે સમય જતો. પરિણામે વિદ્યાર્થીઓની ઉચ્છૃંખલ વૃત્તિ પલટાતી. તેમના વિશુદ્ધ ચારિત્ર્યનો શાળામાં એવો પ્રભાવ હતો કે વિદ્યાર્થીઓ એમના પ્રતિ પૂજ્યભાવથી અને શિક્ષકો તથા હેડમાસ્તર પણ સદ્‌ભાવપૂર્વક જોતા.

કૉલેજના વાઇસ પ્રિન્સીપાલ ‘ લિટલડેલ ’ ને ગુજરાતી શિખવવા શ્રી માસ્તર સાહેબ જતા હતા તેથી કૉલેજના કેટલાક પ્રોફેસરોને તેમનો પરિચય થયો હતો. તે સર્વ તેમના પ્રતિ સદ્‌ભાવ ધરતા અને યોગવિદ્યા-સંબંધી એમના વિચારો પ્રમાણભૂત ગણતા.

પૂર્વે સરદારોના બાળકોના અભ્યાસમાટે વડોદરામાં સ્વતંત્ર સરદાર–સ્કૂલ ચાલતી. તેમાં શ્રી માસ્તર સાહેબ શિક્ષક હતા. સરદારોના ઉન્મત્ત બાળકોને અંકુશમાં રાખવા એ કઠિન કામ હતું. શ્રી માસ્તર સાહેબના ચારિત્ર્ય-બલથી, પ્રેમથી, શિક્ષણસાથે સતસંસ્કારો જાગ્રત્ કરવાની કળાથી આ શાળાના ઉચ્છૃંખલ વિદ્યાર્થીઓ પણ તેમના પ્રતિ આકર્ષાતા,

તેમની વાત સ્વીકારતા. 'છોટાલાલ માસ્તર' કોઇ વિલક્ષણ વ્યક્તિ છે એમ શાળાના શિક્ષકો પણ માનતા હતા.

ક્રોધને સ્થાને જ્યાં સતત પ્રેમનો પ્રવાહ વહેતો હતો એવા શ્રી માસ્તર સાહેબના આત્મપ્રભાવને પ્રત્યક્ષ કરતો એક પ્રસંગ સરદારશાળામાં બન્યો. આ શાળાના હેડમાસ્તરે પોતાના વર્ગમાં અભ્યાસ કરતા સરદારના પુત્ર 'તાજુમીયાં'ને ઠપકો આપ્યો. તેથી સરદારીના અભિમાનવાળા તાજુમીયાંને અત્યંત ક્રોધ ચઢયો. કેડમાંથી કટાર બહાર ખેંચી. સર્વ ગભરાઇને કલાસમાંથી બહાર ચાલ્યા ગયા. હેડમાસ્તરની એક પગલું પણ આગળ વધવાની હિંમત ન ચાલી. અન્ય શિક્ષકો દોડીને શ્રી માસ્તર સાહેબના કલાસમાં આવ્યા, અને કહ્યું કે છોટાલાલભાઇ! તમે સત્વર ચાલો. તમારા વિના તાજુમીયાંને કોઇ પણ સમજાવી શકે એમ નથી. આ સાંભળી નિત્યની પ્રસન્નતાપૂર્વક શ્રી માસ્તર સાહેબ તે પ્રતિ ગયા. હેડમાસ્તર થથરતા ઉભા હતા. તાજુમીયાં કટાર ખેંચીને સામા ઉભા હતા. શ્રી માસ્તર સાહેબે ત્યાં પહોંચીને તાજુમીયાંના ખભાપર હાથ મૂકીને અત્યંત પ્રેમથી કહ્યું: ભાઇ તાજુમીયાં! આ શું કરો છો? તમારા જેવા સમજુને આ શોભે? મારી સાથે ચાલો. આ શબ્દો શ્રવણ કરતાં જ પૂર્ણ ઝનૂનમાં આવેલા તાજુમીયાંએ હાથમાંની કટાર નીચે નાંખી દીધી અને શ્રી માસ્તર સાહેબના ચરણનો સ્પર્શ કરીને બોલ્યા: 'આપ તો મેરે પીર હો. આપને ઇધિર આનેકી તકલીફ કાયકો ઉઠાઇ?' માસ્તર સાહેબે સ્નેહથી તેમનો હાથ પકડી કહ્યું "કાંઇ હરકત નહિ, મારી સાથે ચાલો. તમારો ક્રોધ શાંત થઇ જશે." આમ કહીને પોતાની સાથે લઇ જઇને બેસાડ્યા, ત્યારે તાજુમીયાંએ કહ્યું કે 'આપકો દેખતે હી મેરા ગુસ્સા ચલ ગયા, આપ જો કભી ન આયે હોતે તો આજ તો મેં માર ડાલતા' વગેરે શબ્દો કહ્યા. શ્રી માસ્તર સાહેબે કહ્યું 'તમે વિચારવાન્ છો. તમે શાંત થઇ ગયા તેથી તમે તમારી મહત્તા વધારી છે. તેમણે કહેલા કડક શબ્દોથી તેમને જ તમે પશ્ચાત્તાપ કરાવશો.' વગેરે વચનો કહીને તાજુમીયાંને પ્રસન્ન કરી શાંત પાડીને શાળામાંથી વિદાય કર્યા. આ નિમિત્તે હેડમાસ્તરે શ્રી માસ્તર સાહેબ ઉપર આભારપ્રદર્શક પત્ર લખ્યો હતો.

હાઇસ્કુલના હેડમાસ્તર મી. હુસબનીસ કોઇ કોઇ વાર એમને મળવા આવતા. વિદ્યાર્થીઓના વર્તનનું પત્રક કોઇવાર લખીને હેડમાસ્તરને મોકલવું

પડતું. શ્રી **માસ્તરસાહેબ**તરફથી જો કોઇ વિદ્યાર્થીસંબંધી ફરીયાદ લખાઇ હોય તો તેને **હેડ**માસ્તર અવશ્ય શિક્ષા કરતા. ઉર્દૂ શિક્ષક મી. **નન્નુમીયાં** પણ શ્રી **માસ્તર સાહેબ**પ્રતિ સદ્‌ભાવ રાખતા. વિજાતીય ધર્મવાળા મનુષ્યોપર પણ તેમના ચારિત્ર્યની છાપ પડી હતી. તે કાલના કેટલાક વિદ્યાર્થીઓ હાલ વિદ્યમાન્ છે અને ઉપકૃત ભાવથી એમનું પુણ્ય સ્મરણ કરે છે.

પ્રિય વાચક ! શિક્ષકજીવનના ચારિત્ર્ય–પ્રભાવની આ સ્થલે સ્વલ્પમાં સમાલોચના કરી. હવે દ્વિતીય વિભાગરૂપ સાધકના કર્તવ્યરૂપ સદ્‌ગુરુ-શુશ્રૂષાપ્રતિના કર્તવ્યપ્રતિ લક્ષ વાળીએ.

ગુરુઅનુગ્રહપાત્ર થવાને શુશ્રૂષા સાધકને આવશ્યક કર્તવ્યરૂપ છે એ વિચારીને તેમણે એ કર્તવ્ય સર્વોત્તમ રીતે સાધ્યું છે. સાધનાભ્યાસ તથા શાળામાં વ્યય થતાં બાકી રહેલો બધો સમય આ કર્તવ્યમાં જતો. આ સમયે તેમને દમનો મહાવ્યાધિ થયો હતો. દેહની વ્યાધિગ્રસ્ત અવસ્થામાં આગ્રહયુક્ત ગુરુશુશ્રૂષા સાધવાનો વેગ જોતાં સર્વ કોઇ સ્તબ્ધ થઇ જતા.

શ્રી માસ્તર સાહેબે શ્રેયસ્સાધક સંજ્ઞા ધારણ કરીને શું કર્યું છે ? જે જે ક્રિયા શ્રેયસને સધાવનારી છે તેને આચારાત્મક બનાવી છે. **શ્રીમન્નૃસિંહાચાર્યજી મહેશ્વર** સ્વરૂપ છે એ તેઓ નિર્ભ્રાન્તપણે સ્વીકારતા હતા. એ સંબંધી જેમના વિચારો તે કાલે શ્રીસદ્‌ગુરુ તથા વર્ગ પ્રમાણભૂત સ્વીકારતા હતા અને આજે પણ સ્વીકારે છે એવા ગુજરાતના સમર્થ વિદ્વાન્ શ્રી જેઠીસનદાસ કણીઆ જણાવે છે કે " બીજા સાધક બંધુઓને બાપજીશ્રી કોણ છે એ જાણતાં ઘણો વિલંબ થયો હતો અને પોતાશ્રીનું વાસ્તવ સ્વરૂપ અમુક સમયને અંતરે જ જાણવામાં આવ્યું હતું. ત્યારે નિજામપુરામાં બાપજીશ્રીનાં પ્રથમ દર્શન **શ્રીમાન્ માસ્તર સાહેબ**ને થયાં, તે જ સમયથી બાપજીશ્રીનું વાસ્તવ સ્વરૂપ એમને સ્પષ્ટ થયું હતું, અને સર્વ શક્તિમાન્ બાપજીશ્રી તો પૂર્વથી જ એમને જાણતા હતા. આ સમયથી જ બાપજીશ્રી મહેશ્વરરૂપ છે એ પ્રકાશ **શ્રી માસ્તર સાહેબ**ને થયો હતો."

આ પ્રકારનું જ્ઞાન એમને સિદ્ધ હતું. છતાં સાધક પ્રયત્ન કરે છે ત્યારે જ અનુગ્રહ પ્રાપ્ત થાય છે, એ નિશ્ચયથી ગુરુદાસત્વને સ્વીકારી અવકાશનો સર્વ સમય તેમણે ગુરુસેવામાં ગાળ્યો હતો.

પ્રાતઃકાલે પાંચ વાગે ઉઠીને થોડો સમય ઇષ્ટચિંતન, સંયમમાં ગાળીને લગભગ આઠ વાગતાને સુમારે આશ્રમમાં આવતા. આશ્રમના મુખ્ય સ્થાનનો કચરો વાળતા, શ્વાસમાં ધૂળ જાય, શ્વાસ રૂંધાય છતાં કષ્ટનો સહજ પણ સ્પર્શ થતો નથી એવા સ્મિતપૂર્વક કચરો વાળે. તે પછી ગુરુબંધુઓને પીવાઅર્થે પાણીની ગોળી ભરતા. આશ્રમનાં થોડાં વૃક્ષોને જલસિંચન કરતા. પૂર્વે વડોદરામાં જ્યારે નળ ન હતા ત્યારે કૂવા કે તળાવમાંથી પાણી ભરી લાવવું પડતું. આશ્રમથી થોડે દૂર આવેલી 'ગનુવાઘની તલાવડી'માંથી દેગડા ભરી શ્રી માસ્તર સાહેબ પાણી લાવતા અને વૃક્ષોને સિંચન કરતા. કોઇ કોઇ સમયે અન્ય સાધક બંધુઓ તેમની સાથે જતા. અનેક પ્રસંગે છાણમાટીનો ગારો કરીને આશ્રમના સ્થાનને સુંદર ઓકળી પાડીને લીંપી નાખતા. સામાન્ય ચાકરનું કાર્ય પણ આ પુરુષે કરી બતાવ્યું છે. દૈનિક સેવાકૃત્ય કરીને પછી ગુરુના સાક્ષાત્ ઉપયોગી કાર્યમાં પ્રવૃત્ત થતા. ગુરુના લખવાના સ્થાનને સ્વચ્છ કરતા, ગુરુઆજ્ઞાનુસાર ટપાલ લખતા, ગુરુપાસે પ્રથમ જે લેખ લખાવાની અગત્ય હોય તે લેખ લખવાનો વિજ્ઞપ્તિ પત્ર લખવાની પેટીઉપર મૂકતા અને લખાયલું સાહિત્ય લઇને નીચે ઉતરતા. એ અરસામાં કોઇ આવશ્યક કર્તવ્ય હોય તો કરતા. પરમપૂજ્ય શ્રી ઉપેન્દ્રભગવાનનું વય અભ્યાસને યોગ્ય થયું ત્યારે નિત્ય તેઓશ્રીને અભ્યાસ કરાવતા. આ પ્રવૃત્તિ પણ પૂર્ણ વિનયવિવેકપૂર્વક સાધતા. કાર્યથી પરવારીને ગૃહપ્રતિ જતા. ભોજન લઇ અલ્પકાલ વિશ્રાંતિમાં ગાળી શાળામાં જતા હતા. શાળામાંથી સાંજના આવી સ્નાનસંધ્યાદિ કરી ભોજન કરી લેતા. થોડી વિશ્રાંતિ લઇ પુનઃ આશ્રમમાં આવતા. આવીને ગુરુની ગાદીઆગળ બળતા દીપકનું કોડિયું સ્વચ્છ કરી દિવેલ ભરી નવી દિવેટ વણીને મૂકતા. પછી જો ગુરુએ લેખ લખ્યો હોય તો તેની નકલ કરતા. ન લખાયો હોય તો ઇષ્ટચિંતન કરતા અથવા ગુરુશ્રીઆગળ ચાલતી ચર્ચાને શ્રવણ કરતા હતા. આ પ્રકારનો સદ્‌ગુરુ–આશ્રમમાં તેમની શુશ્રૂષાનો દૈનિક ક્રમ હતો. દૈનિક શુશ્રૂષાઉપરાંત અન્ય શુશ્રૂષાના નિમિત્તો ગુરુ ઉપજાવતા તો તે પણ કરતા.

પ્રાપ્તકર્તવ્યમાં પ્રતિબંધકરૂપ લૌકિક વ્યવહાર એમણે છોડ્યો હતો.

પોતાની જ્ઞાતિસાથે, સ્નેહીસંબંધીસાથે ખાસ સંબંધ રાખતા નહોતા. તેમની ઇચ્છા થાય અને મળવા આવે તો પ્રસન્નતાથી વાત કરતા. શ્રેયસ્સાધક વિના ઇતર મનુષ્યોસાથે મિત્રતા બાંધી અંતરંગ સંબંધ સેવતા નહોતા. જોવાના શોખખાતર કોઈ પણ સ્થલે જતા નહિ. હરીફરીને પોતાના ગુરુ તથા પોતાનું કર્તવ્ય એનું જ ચિંતન કરતા હતા. એક કાવ્યમાં પોતે લખ્યું છે કે—

"મારા વિશ્વે એક સદ્‌ગુરુ આધાર છે, હૈયાના એ જ હાર છે;
ધન મારું, ધામ મારું સર્વસ્વ એ જ મારું, નરહરિ નાથ મારા શૃંગાર છે."

એ જીવનસૂત્રને પ્રત્યક્ષ કરી બતાવ્યું છે.

ગુરુશુશ્રૂષાસહ એક બીજું કર્તવ્ય કરતા તે એ કે અધિકારી જનને ગુરુશરણમાં લાવવા. પોતાને મળતા સમયમાં એ કાર્ય સાધતા હતા. તદર્થે તેમની સાથે અધ્યાત્મવિષયસંબંધી ચર્ચા કરતા અને ગુરુમાહાત્મ્યના વિચારો તેમના અંતરમાં સ્થાપતા. તેમના ચારિત્ર્યબલથી અને કર્તવ્યથી તેમના દ્વારા અગ્રણી સાધકો, વિદ્યાર્થીઓ, આશ્રમમાં આવતા થયા હતા.

સાધકથી ગુરુસેવા યથાર્થ ક્યારે થાય છે કે જ્યારે તેનામાં નિષ્કામ વૃત્તિ જાગે છે ત્યારે. નિષ્કામ યોગીમાં કદી પણ મોટાપણાનું અહં જાગ્રત્ થતું નથી. તેથી જ શ્રી કૃષ્ણભગવાને અર્જુનને નિષ્કામ કર્મ કરવાનો ઉપદેશ આપ્યો છે. સ્વામિ વિવેકાનંદે નિષ્કામ કર્મયોગનું માહાત્મ્ય વર્ણવ્યું છે. આવો નિષ્કામ કર્મયોગ શ્રી માસ્તરસાહેબની પ્રત્યેક પ્રવૃત્તિમાં ઓતપ્રોત થઈ રહ્યો હતો. શ્રીમન્નૃસિંહાચાર્યજીના સમયમાં જ તેમને વર્ગનું અગ્રણીપદ અર્પાયું હતું. શ્રીસદ્‌ગુરુને મળતાંપૂર્વે શ્રી માસ્તર સાહેબને મળવું પડતું. ઇષ્ટશ્રીની દીક્ષા લેવી હોય તો એ વાત પ્રથમ શ્રી માસ્તર સાહેબને જણાવવી પડતી. સાધકની ઇચ્છા શ્રી માસ્તર સાહેબ ઇષ્ટશ્રીને નિવેદન કરે પછી ગુરુમંત્ર મળતો. આ વાત અનેકને સુવિદિત છે. શ્રી સદ્‌ગુરુ ભગવાનથી એમને આવો અધિકાર પ્રાપ્ત થયો હતો છતાં એમની કોઇ પણ ચેષ્ટામાં અભિમાનને સ્થાન અપાયું ન હતું. ગુરુસમીપ સાધકસમુદાય બેઠો હોય ત્યારે સર્વની પાછળ ગમે તે સ્થલમાં બેસતા. કોઇ પણ સામાન્ય હલકું કાર્ય કરવાનું પ્રાપ્ત થાય તો

આ કર્તવ્ય ગૌણુ અધિકારનું છે એ ભાવ કદી પ્રકટાવતા નહોતા. કાર્ય કરવું અને ફલની લેશ પણ સ્પૃહા ન ધરવી એ નિષ્કામ યોગીનું લક્ષણુ છે, તે શ્રી **માસ્તર સાહેબ**માં ચરિતાર્થ થયું હતું એ દર્શાવતો પ્રસંગ વિચારીએ.

એક સમયે ઇષ્ટશ્રીએ એવા ભાવનું વિવેચન કર્યું કે યોગસાધનમાટે ભૂમિગત ભોંયરૂં વધારે અનુકૂલ ગણાય. આ વચનો શ્રવણ કરી બીજે જ દિવસે શાળા સવારની હોવાથી ખરા તાપમાં બપોરે શ્રી **માસ્તર સાહેબે** આશ્રમના એક ભાગમાં ભોંયરૂં ખોદવાનો આરંભ કર્યો. ખોદવાનું કામ એકલે હાથે પોતે કરતા. તેથી કેટલાક દિવસના અવધિએ ભોંયરૂં તૈયાર થયું. એક દિવસ સાધનાભ્યાસમાટે તેઓ તેમાં બેઠા. બીજે દિવસે ઇષ્ટશ્રીએ કહ્યું: " ભાઈ ! આપણે તે એવો કયો મોટો યોગ સાધવો છે કે ભોંયરાની જરૂર પડે. કદાચ અંદરની માટી ધસી પડે તો શી ખબર પડે ?" બીજે દિવસે શ્રી **માસ્તર સાહેબે** તેમાં બેસવાનું બંધ કર્યું. નથી ગુરુને પૂછ્યું કે શા માટે ભોંયરાની આવશ્યકતા જણાવી હતી કે નથી કોઇને જણાવ્યું કે આવું કઠિન કામ મેં કર્યું હતું. પ્રશંસારૂપ પ્રત્યક્ષ ફલના તેઓ કેવલ નિઃસ્પૃહી હતા.

કોઇ કોઇ સમયે શ્રી **માસ્તર સાહેબને** સદ્‌ગુરુશ્રી આજ્ઞા કરતા કે " **માસ્તર**! કાલે પ્રાતઃકાલે પાંચ વાગે આવીને મને ઉઠાડજો. આપણે ફરવા જઇશું. પોતાનો નિત્યનો સાધનક્રમ ન છોડવો અને ગુરુઆજ્ઞાનું પાલન કરવું જોઇએ એ વિચારથી તેઓ ચાર વાગે ઉઠીને નિત્યકર્મથી પરવારી બરાબર પાંચ વાગે આશ્રમમાં આવતા. ઇષ્ટશ્રી મેડાપર શયન કરતા હતા તે ઓરડાના દાદરપર ટકોરા મારતા. ઇષ્ટશ્રી ઉપરથી વદતા કે " આવું છું, બેસો." સમય થઈ જતો પછી ગુરુશ્રી નીચે પધારતા અને કહેતા કે " હવે તો અજવાળું થઇ ગયું છે, કાલે જઇશું." એમ પાંચ સાત દિવસ શ્રી **માસ્તર સાહેબને** બોલાવતા અને ઇષ્ટશ્રી ફરવા ન પધારતા. કર્તવ્યસ્પૃહાન્વિત આ ચેષ્ટાથી સહજ પણ કંટાળતા નહિ અને આજ્ઞા પાલન કરવાનો વેગ ધરતા.

પોતાના વિકાસમાં પ્રતિબંધક દોષોનું યથાર્થ સ્વરૂપ આ પુરુષવર સમજતા, અને તેના નિવારણઅર્થે ઇષ્ટશ્રીના ચિત્તમાં સ્પંદન થાય એવું

હૃદયસ્પર્શી પ્રાર્થનાનું કાવ્ય ગુરુની લખવાની પેટીઉપર મૂકતા. પોતાની પ્રાર્થનાની અસર ગુરુના હૃદયમાં થઈ છે કે નહિ તે જાણવાની સ્પૃહા સેવતા ન હતા.

શ્રી સદ્‌ગુરુની બહારગામ સ્થિતિ હોય ત્યારે નિત્ય પત્ર લખવો એ એમનો ક્રમ હતો. ગુરુની જે દિશામાં સ્થિતિ હોય તે દિશાપ્રતિ મુખ રાખીને બેસતા. ગુરુઅભિમુખતા તેમના અંતરમાં કેવા પ્રકારની હતી તેની કંઇક કલ્પના આઉપરથી વાચકને આવી શકે તેમ છે.

કોઇ પણ નવા પ્રયોગો જાણ્યા હોય તો તેને સિદ્ધ કરવાનો વેગ તેમનામાં અપૂર્વ હતો. એવા પ્રયોગો જોવા તથા જાણવાને ગુરુની આજ્ઞા લઈને કદી કદી અન્ય સ્થળે પણ જતા. થિઓસોફીકલ સોસાયટીનાં પ્રમુખ મૅડમ બ્લેવેટ્સ્કીના પ્રેતાવાહનના, મેસ્મેરિઝમના પ્રયોગો જોયા હતા.એક મંત્રશાસ્ત્રીનોપ્રયોગ પણ જોયો હતો. આ વિદ્યાનો અનુભવ કરવામાટે પોતે જાતે એ પ્રયોગો કરી જોતા. (Passes) જીવનદ્રવના વિનિમયથી એક રેલ્વે ટીકીટ-કલેક્ટરના પુત્રને દમનો વ્યાધિ મટાડ્યો હતો. તે કાલમાં આ પ્રયોગો સાધવાનો તેમને વેગ પ્રકટ્યો હતો. વેગ પ્રકટવામાં પણ એ જ હેતુ હતો કે આ પ્રયોગદ્વારા કોઇનામાં સત્સંસ્કારો જાગ્રત્ કરવા. આ પ્રયોગોસંબંધી વાત ચર્ચાતાં શ્રી સદ્‌ગુરુએ દર્શાવ્યું કે “ આવા પ્રયોગો આપણા સંચિત બળનો ક્ષય કરે છે ત્યારે યોગશક્તિ બળમાં વૃદ્ધિ કરે છે. આ વચનો શ્રવણ કર્યાં તે જ ક્ષણથી આ પ્રયોગ કરવાના છોડી દીધા.

પોતાની કોઇ પ્રવૃત્તિ દોષવાળી છે એ સમજાતાં તત્કાળ તેને છોડી દેવાનું બળ પણ તેમનામાં અદ્‌ભુત હતું.

એક સાધકબન્ધુપર તેમનો અધિક પ્રેમ બંધાયો હતો. પ્રેમ બાંધવામાં ઉપરોક્ત મેસ્મેરિઝમના પ્રયોગનો હેતુ જ કારણરૂપ હતો. હેતુ શુભ હોય છતાં કોઇના પ્રતિનો અતિ પ્રેમ પરિણામે દુઃખને ઉપજાવે છે, એવા ભાવનાં ઇષ્ટશ્રીનાં વચનો શ્રવણ કરતાં ક્રમે ક્રમે એ પ્રેમને ઘટાડી દીધો. પોતાની ક્રિયાથી કદી પ્રતિકૂલ અનુભવ થતો તો નિઃસંકોચપણે ઇષ્ટશ્રીને નિવેદન કરીને ક્ષમા યાચતા.

ઉપદિષ્ટ સાધનક્રમને સિદ્ધ કરતાં શ્રી માસ્તર સાહેબમાં એવું સામર્થ્ય પ્રકટ્યું હતું કે મેસ્મેરિઝમ આદિ પ્રયોગોની તેમનાપર અસર

થતી ન હતી. એક સમયે ગુજરાતના એક વિદ્વાન્ પુરુષે એમના ઉપર આ પ્રયોગ કરી જોયો હતો, તેની લવલેશ અસર શ્રી માસ્તર સાહેબને ન થઇ. આવાં આવાં અનેક કારણોને લઇને શ્રેયસ્સાધક અધિકારિ વર્ગમાં 'છોટાલાલ માસ્તર' કોઇ સમર્થ પુરુષ છે એ પ્રકારની તેમની ખ્યાતિ આ કાલથી જ પ્રસરી હતી.

સર્વ પ્રકારની પ્રગતિનો પ્રયત્ન સાધતાં સદ્ગુરુશ્રીનો સાચો અનુગ્રહ તેમના પ્રતિ ઢળતો ગયો, અને તેમને સર્વાંશે પરિપૂર્ણ કરવાને તેમની સામાન્યસરખી ક્રિયાપ્રતિ પણ ગુરુ લક્ષ આપતા.

શ્રી માસ્તર સાહેબને નિરર્થક વાતોના તડાકા સાંભળવાનું રુચતું નહિ. સ્વચ્છતાથી સારા અક્ષરોથી ગુરુપ્રણીત લેખોની નકલ કરવી, સુંદર રૂપમાં કાવ્ય લખવું વગેરે વિષયોપ્રતિ એમની પ્રીતિ હતી. જગતના કોઇપણ વ્યતિકરમાં અનુકૂલ પ્રતિકૂલભાવ વિક્ષેપજનક છે, એ જાણનાર શ્રી સદ્ગુરુ સામાન્ય બાબતોમાં રહેલો તેમનો અનુકૂલ પ્રતિકૂલ ભાવ ખસેડવાની ચેષ્ટા કરતા.

ગુરુના લેખની સ્વચ્છ અક્ષરથી નકલ કરી હોય તેમાં શાહીનો મોટો ડાઘો ઇષ્ટશ્રી પાડતા. શ્રી માસ્તર સાહેબ આવે ત્યારે ખાસ કરીને નિરર્થક વાતો કાઢતા, સાધારણ લખાયલા ભજનની અતિ પ્રશંસા કરતા, અને શ્રી માસ્તર સાહેબના અંતરમાં ઉઠતા ભાવનું નિરીક્ષણ કરતા. ઇષ્ટશ્રીની પ્રવૃત્તિનો મર્મ એમના લક્ષમાં આવી ગયો અને ત્યારથી નાની મોટી ક્રિયામાં સમસ્થિતિ ધારણ કરતા ગયા.

ઉચ્ચાધિકારપદસ્થિત આ સાધકપ્રતિ ઇષ્ટશ્રી એવો ભાવ દર્શાવતા કે જાણે એમના વિના કોઇપણ કાર્ય પોતે કરી શકે નહિ. એક સમયે સુરતમાં ઇષ્ટશ્રી વિરાજતા હતા. સુરતના સાધક બંધુઓએ આષાઢી પૂર્ણિમાનો મહોત્સવ સુરતમાં કરવાની પ્રાર્થના કરી. આ સમયે શ્રી માસ્તર સાહેબની પ્રકૃતિ અત્યંત શિથિલ હતી, તેથી સુરત જઇ શકાય તેમ ન હતું. આ સમાચાર જાણીને ઇષ્ટશ્રીએ જણાવ્યું કે "જો માસ્તર આવી શકે તો અત્ર ઉત્સવ થઇ શકે, નહિ તો વડોદરે જવાનું થશે." આ વાત શ્રવણ કરીને સામાન્ય ભક્તહૃદય પોતાના અધિકારપ્રતિ અહોભાવ ધારણ કરે, પરંતુ જેમનું અંતર વિકારમાત્ર સ્પર્શ ન કરે તે માટે

મંથન કરતું હતું એવા શ્રી માસ્તર સાહેબ ઇષ્ટને આ પ્રસંગે પત્રમાં પ્રાર્થના કરતા કે "પ્રભો! એ દિવસમાટે મને આરોગ્ય અર્પો; ઉત્સવ-માંથી આવ્યા પછી ભલે આ વ્યાધિ પ્રતીત થાય." ભક્તવત્સલ ઇષ્ટશ્રીએ સર્વની ઇચ્છા પૂર્ણ કરી. શ્રી માસ્તર સાહેબને એ દિવસપૂરતું આરોગ્ય મળ્યું, સુરત ગયા, અને ત્યાં ઉત્સવ થયો.

એક પ્રસંગે કોઇ હેતુપુર:સર સદ્‌ગુરુ ભગવાન્ એક સ્થાને સ્વરૂપા-નંદમાં લીન થઇને વિરાજ્યા. જમવું, બોલવું આદિ સર્વ વ્યવહાર છોડી દીધો. આ પ્રકારની સ્થિતિ થવામાં નિમિત્તરૂપ એક બંધુને અતિ પરિતાપ થયો. ભૂલની ક્ષમા યાચતા એમણે તથા સર્વ સાધકોએ પ્રાર્થના કરી, પરંતુ ઇષ્ટશ્રી આરૂઢ સ્થિતિથી ચલિત ન થયા, ત્યારે શ્રી માસ્તર સાહેબને વિજ્ઞપ્તિ કરી કે "આપ કંઇ કરો." શ્રી માસ્તર સાહેબે ગુરુની સંમુખ બેસીને શ્રી વાણીવિલાસમાંનું એક કીર્તન આર્દ્ર હૃદયથી ગાવા માંડ્યું. નોકરીનો સમય થતો ત્યારે ગૃહપ્રતિ જતા. પુનઃ સાયંકાલે એ જ કીર્તન રાત્રિપર્યંત ગાતા. એમ કરતાં ત્રણ દિવસ વહી ગયા, ત્યારે ઇષ્ટશ્રીના પ્રાણમાં સ્પંદન થયું. જાગ્રત્ થઇને સસ્મિત વદ્યા "માસ્તર, શા માટે આટલો બધો શ્રમ વેઠ્યો?" મેરુપર્વત કદાચ યોગબલથી ચલાયમાન થઈ શકે પરંતુ દિવ્યાવતારીના નિશ્ચયને સહજમાં કોઇ પલટાવી શકતું નથી. આવું દુર્ઘટ કાર્ય શ્રી માસ્તર સાહેબે કર્યું, અને એ ઉપરથી ઉપાસકના અધિકારનું અને ઉપાસ્યના અનુગ્રહનું યથાર્થ સ્વરૂપ સ્પષ્ટ થાય છે.

શ્રી માસ્તર સાહેબનો ઉત્તરોત્તર વધતો જતો અધિકાર, અનુપમ લેખનશક્તિ, કાવ્યશક્તિ વગેરે જોઈ ને શ્રી સદ્‌ગુરુ શું કરતા? પોતે કોઇ ગ્રન્થ લખ્યો હોય ને તેમાં કાવ્યપંક્તિ મૂકવાની હોય તો શ્રી માસ્તર સાહેબને આજ્ઞા કરતા કે "માસ્તર! તમને યોગ્ય લાગે તેવી કાવ્યપંક્તિ લખીને મૂકજો." ગુરુના સામર્થ્યઆગળ પોતાની શક્તિને તુચ્છવત્ લેખવતા શિષ્ય સંકુચિત હૃદયે પોતાની અશક્તિ નિવેદન કરતા, છતાં પુનઃ એ જ આજ્ઞા થતાં એ કાર્ય કરવા તત્પર થતા. ગુરુ-પ્રણીત ગ્રંથમાં કોઇ કોઇ સ્થલે એમની રચેલી કાવ્ય પંક્તિને સ્થાન મળ્યું છે.

અવકાશના સમયમાં ઇષ્ટસ્મરણ કરવું એ એમનું ધ્યેય હતું. શાળામાં જતા ત્યારે ગજવામાં 'સ્મરણી' રાખતા. વિદ્યાર્થીઓ પાઠ લખે એટલા સમયમાં આ શિક્ષક સ્મરણી ફેરવતા. આશ્રમમાં પ્રુફ સુધારવાનું કામ બાકી રહ્યું હોય તો તે સુધારતા.

નિયમિતતા એ તેમના જીવનકાર્યનું મુખ્ય અંગ હતું. સવારે તથા સાંજે ભોજન લઈને પા કલાકના વિશ્રાંતિના કાલમાં એમણે અનેક ગ્રંથોનું અવલોકન કર્યું હતું. એક ક્ષણ પણ નિરર્થક વ્યાપારમાં ન ગુમાવવાની સાવધાનતાથી ઇષ્ટનો અનુગ્રહ, જ્ઞાન, સામર્થ્ય જે કંઇ કહો તે પ્રાપ્ત કર્યાં હતાં.

શ્રી સદ્દગુરુ ભગવાન્ શ્રી ઉપેન્દ્રાચાર્યજી ઉપદેશ આપતાં દર્શાવતા કે " સાચો સેવક સેવ્ય બને છે." ખરેખર શ્રી માસ્તર સાહેબ સાચા સેવક બન્યા અને તેથી જ વર્ગમાં નેતારૂપે સેવ્યરૂપે મનાયા.

શ્રી માસ્તર સાહેબની ઇષ્ટશ્રીપ્રતિ જેવી અભિમુખતા હતી તેવું જ તેમનું સ્મરણ ઇષ્ટ કરતા હતા. કદાચ વિષમ પ્રકૃતિને લીધે શ્રી માસ્તર સાહેબનો પત્ર ન આવ્યો હોય તો ચિંતા દર્શાવતાં વદતા કે " આજે માસ્તરનો પત્ર નથી. પ્રકૃતિ કેમ હશે, વગેરે."

શ્રી માસ્તર સાહેબ ઇષ્ટશ્રીના વિરહથી વ્યાકુલ થઈને પત્ર લખતા ત્યારે શ્રી સદ્દગુરુ ભગવાન્ ભાવભર્યો આશ્વાસન પત્ર લખતા. તેમાંના એક પત્રના અક્ષર દેહનાં આ પુણ્ય ચરિતસાથે દર્શન થાય છે, એ શ્રેયસ્સાધકોનું પરમ સુભાગ્ય છે. આ દર્શનથી શ્રેયસ્સાધકવર્ગના સમુદાયનું અધિક કલ્યાણ સધાશે એ નિ:સંશય છે. *

સાંસારિક વિષયમાં આ સાધકનો વિરાગ કેટલી કક્ષાએ પહોંચ્યો છે તેની પરીક્ષાઅર્થે શ્રી સદ્દગુરુ કહેતા કે " માસ્તર ! તમે સંબંધી જનોસાથે કેમ સંબંધ રાખતા નથી ? થોડો સમય ગૃહમાં પણ રહેવું જોઈએ. જ્ઞાતિના મનુષ્યોનો સંબંધ પણ પ્રસંગે ઉપયોગી છે." આ શ્રવણ કરી શ્રી માસ્તર સાહેબે કહ્યું " બાપજી ! મારે શા માટે કોઇની સાથે સંબંધ રાખવો જોઈએ. જૈન ધર્માનુસાર ઘરમાંથી એમને 'આરજા' થઈ જવું હોય તો થઈ શકે છે. અંતિમ કાલે દેહની વ્યવસ્થા કરવાઅર્થે જ્ઞાતિજનની જરૂર પડે છે પણ એ કાર્ય તો આ સાધક બંધુઓ પણ

* (જુઓ પૃ૪ ૧૭-૧, ૧૭-૨)

ૐ. શ્રી

પરમસ્નેહી - [illegible]

[illegible]



श्री श्रेयस्साधक अधिकारिवर्गना सद्गुरु

श्रीमन्नृसिंहाचार्यजी

वय ३९

[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]

કરી લેશે. આપને પામ્યા પછી એવી કઇ મહત્ત્વની વસ્તુ વા સંબંધ છે કે તેની આવશ્યકતા રહે?" અહાહા! વિરાગી હૃદયના કેવા સુન્દર નિશ્ચયો. આ દૃઢ નિશ્ચયના વિચારો જાણીને મંદ હાસ્ય કરતા ગુરુ મૌન રહ્યા.

સર્વ રીતે શ્રી **માસ્તર સાહેબના** યોગ્ય અધિકારનું નિરક્ષણ કરીને શ્રી **સદ્ગુરુએ** એમના સંબંધી નીચે દર્શાવેલા પોતાના અભિપ્રાયના ઉદ્ગાર શ્રી જેકીસનદાસભાઈને શ્રવણ કરાવ્યા હતા. જેનું અવલોકન કરતાં શ્રી **માસ્તર સાહેબના** અધિકારનું વાસ્તવ સ્વરૂપ પ્રત્યેક વાચકને સહજ લક્ષમાં આવી શકે તેમ છે.

"પ્રજાપતિ જેમ હાંલ્લાં તૈયાર કરી પછી તે બરાબર પક્વ થયાં છે કે નહિ તે માટે તેને ટકોરા મારી જુએ છે અને એ રીતે જે બરાબર પાકેલાં પાત્ર હોય તેને પૃથક્ સ્થાપે છે, તેમ આપણા મંડલમાં જો કોઇ બરાબર તૈયાર થયા છે—સાધક મટી સિદ્ધ થયા છે, શિષ્ય મટી ગુરુપદને યોગ્ય થયા છે, મંડલના નેતૃત્વની યોગ્યતાવાળા થયા છે તો તે એક 'માસ્તર'જ છે."

પ્રિય શ્રેયસ્સાધક! જેમની ભવિષ્યત્ નેતૃત્વની યોગ્યતા ઇષ્ટશ્રીએ જ સ્વમુખે વર્ણવી છે એવા શ્રી **માસ્તર સાહેબ**પ્રતિ કોઇ પણ શંકાને વશ થઈએ તો તેમાં આપણી મતિની મંદતા તથા ઇષ્ટશ્રીપ્રતિની અશ્રદ્ધા સ્પષ્ટ થાય છે.

સાધકજીવનના કર્તવ્યની સુંદરતા, ગહનતા, સવિશેષતા, અવલોકી હવે એમના ગૃહસ્થજીવનપ્રતિ દૃષ્ટિ વાળીએ.

શ્રી **માસ્તર સાહેબનાં** ધર્મપત્ની શ્રી જડાવબા સાધારણ વાંચી લખી જાણતાં હતાં. ગૃહનો સમગ્ર વ્યવહાર ચલાવતાં તથા શ્રી **માસ્તર સાહેબને** પહેરવાનાં કપડાં પણ એ લઈ આવતાં. શ્રી **માસ્તર સાહેબનો** પોતાની વીતરાગી અવસ્થાવાળો ભાવ હોવાથી એમના પ્રતિ તથા ગૃહના કાર્યતરફ એક રીતે અલક્ષ છતાં એમના પ્રતિ જડાવબા અધિક પ્રીતિ ધરીને માનતાં કે 'આ તો મહાપુરુષ છે. હું એમને યોગ્ય નથી,' પતિનો સંબંધ પામીને તેમના તરફથી વિશેષ સાંસારિક સુખનો અનુભવ ન હતો. ઉલટું એમની મંદ પ્રકૃતિને લીધે વ્યાધિમાં જીવનભર સેવા કરવાની હતી. યુવાવસ્થાના આરંભમાં જ શ્રી **માસ્તર સાહેબને** દમનો વ્યાધિ

થયો હતો. એ નિમિત્ત 'ધોતી' ગણાતા. ચીકણી ધોતી શ્રી જડાવબા ધોતાં, સારવાર કરતાં. ગૃહમાં અતિથિસમા રહેતા પતિની પ્રવૃત્તિવિષે કદી એમણે અસંતોષ દર્શાવ્યો ન હતો. અને તેથી ગૃહસ્થજીવનમાં શ્રી માસ્તર સાહેબને કોઇપણ પ્રકારની પ્રતિકૂલતા નડતી નહોતી. જગતની દૃષ્ટિએ મનાતી સુશિક્ષિત પત્ની ન હોવા છતાં ગૃહસ્થ જીવન સુખી હતું.

પ્રિય વાચક ! હવે પૂર્વધારાનું અનુસંધાન કરતાં **શ્રીનૃસિંહાશ્રમપ્રતિ** પુનઃ આપણી દૃષ્ટિ સ્થાપીએ.

પ્રાચીન ઋષિઆશ્રમસમો આ આશ્રમ આશ્રમના આત્મારૂપ–પ્રાણરૂપ **શ્રીમન્નૃસિંહાચાર્યજી**થી, વિદ્વાન્ સાધકવર્ગથી, ભક્તોથી અપૂર્વ શોભતો હતો. સમર્થ સદ્‌ગુરુના સંબંધથી જગત્‌ના પદાર્થની હાનિને તુચ્છવત્ લેખવના શ્રેયસ્સાધકો પરમાનંદમાં મસ્ત હતા. એવામાં ઇષ્ટેચ્છાથી એક વિષમકાલ આવી પહોંચ્યો. તે કાલ **શ્રીમન્નૃસિંહાચાર્યજી**નાસ્વરૂપાવસ્થાનનો.

સંવત્ ૧૯૫૩ ના શ્રાવણ શુક્લપંચમીનો દુર્ભાગ્યદર્શક દિવસ આવ્યો. નિત્યના નિયમપ્રમાણે ગુરુનાં દર્શન કરીને શ્રી માસ્તર સાહેબ પોતાના ગૃહપ્રતિ ગયા. તે દિવસે રજા હોવાથી શાળામાં જવાનું નહોતું. ભોજન લઇને વિશ્રાંતિ લેતા હતા એવામાં અનાયાસ તેમનું અંતર્ વ્યગ્ર થયું. કોઇ પણ રીતે ચેન ન પડતાં બપોરે બાર વાગે આશ્રમમાં આવ્યા. આવતાં જ અણચિંતવ્યો અતિ વિપરીત પ્રસંગ જોયો. પોતાના પ્રાણાધાર સદ્‌ગુરુની પ્રકૃતિ અત્યંત અસ્વસ્થ જોઇ. તત્કાલ ડૉ. બટુકરામને બોલાવ્યા. શ્રી સદ્‌ગુરુની બલવત્તર ઇચ્છાઆગળ કોઇના ઉપચારો સફલ ન થયા. થોડી ક્ષણમાં જ **પરમપૂજ્ય શ્રી ઉપેન્દ્ર ભગવાન્, શ્રી માસ્તર સાહેબ**, તથા **શ્રી ત્રિકમલાલભાઈ**ના સાનિધ્યમાં ગુરુની દિવ્ય જ્યોતિ પોતાના સ્વસ્વરૂપમાં શમી ગઇ.

અણધાર્યો આ વ્યતિકર બનતાં સર્વ કોઇ અતિ પરિતાપને વશ થયા. સદ્‌ગુરુપ્રતિ જેમનું અખંડ અનુસંધાન હતું એવા શ્રી માસ્તર સાહેબના હૃદયમાં શું થયું હશે તેની કલ્પના પણ આવી શકે તેમ નથી. છતાં કંઇ પણ બન્યું નથી એવી ગાંભીર્યભરી મુખમુદ્રાથી ગુરુએ નહિવત્ પ્રતીત કરાવેલા દેહસમીપ બેઠા. બાલક **શ્રી ઉપેન્દ્ર ભગવાન્** તથા

શ્રી સર્વેશ્વર ભગવાન્ના આશ્વાસનરૂપ એ શ્રી **માસ્તર સાહેબ** હતા. તેઓશ્રીને **આ**શ્વાસન આપતા તેમ જ બહારગામથી સાધક સમુદાય આવતો તે સર્વને આશ્વાસન આપતા હતા.

અંતરની શૂન્ય સ્થિતિ અને બહારથી અપૂર્વ ધૈર્યથી આશ્વાસન આપવાનું દુર્ઘટ કાર્ય શ્રી **માસ્તર સાહેબે** કર્યું. સદ્‌ગુરુશ્રીના સ્થૂલ તનુની અંતિમ ક્રિયા કરીને સર્વ આશ્રમમાં આવ્યા કે તત્કાલ શ્રી **માસ્તર સાહેબે** પરમપૂજ્ય **શ્રી ઉપેન્દ્ર ભગવાન્‌ને આચાર્યપદે** સ્થાપવાનો સાધારણ વિધિ કર્યો. તે સમયે સદ્‌ગત શ્રી **નગીનદાસ મહેતાને** શંકા થઈ હતી કે **ભ**ગવાન્ બાલક છે, આચાર્યપદે સ્થાપીશું તો પછી વર્ગ વ્યવસ્થિત ચાલશે કે કેમ વગેરે." આર્ષદષ્ટિસંપન્ન શ્રી **માસ્તર સાહેબે** કહ્યું "એમાં શંકા કરવાની આવશ્યકતા નથી, સર્વ યથાયોગ્ય થશે." એ આર્ષદષ્ટિનો કેવો સર્વોત્કૃષ્ટ પરિણામ આવ્યો તે આ વર્ગને તથા ગુજરાતની જનતાને સુવિદિત છે તેથી તે સંબંધમાં અધિક ઉલ્લેખ ન કરતાં ચાલુ વિષયનું અનુસંધાન કરીશું.

પોતાના ધ્યેય, જ્ઞેય, તથા ઉપાસ્યપ્રતિનું જીવનવિભાગનું એક કર્તવ્ય પૂર્ણ થયું. હવે શ્રી સદ્‌ગુરુશ્રીના શ્રીવત્સપ્રતિ સદ્‌ગુરુસદશ **पिता वै पुत्रनामासि** એ વચનના સાંગોપાંગ રહસ્યને સમજાવતા જીવનકાર્યનો આરંભ થાય છે.

આ સમયે શ્રી સદ્‌ગુરુકુમાર શ્રી ઉપેન્દ્રભગવાન્‌નું વય બાર વર્ષનું હતું. તેથી આશ્રમના સમગ્ર કાર્યભારને વહન કરવાનું કાર્ય શ્રી **માસ્તર સાહેબ**ના શિરપર આવ્યું. ગુરુનો અનુગ્રહ પ્રાપ્ત કરવાને જે કર્તવ્યો તેમણે સ્વીકાર્યાં હતાં તેમાં અને આ કાલનાં કર્તવ્યમાં લેશ પણ ભેદ ન હતો. આશ્રમમાં કચરો વાળવો, પાણીની ગોળી ભરવી વગેરે કાર્ય પૂર્વવત્ કરતા હતા.

સર્વ સામર્થ્યાધિપતિ '**ભ**ગવાન્શ્રી' આ સમયે પોતાના સામર્થ્યને પ્રચ્છન્ન રાખીને પ્રત્યેક ચેષ્ટા શ્રી **માસ્તરસાહેબ**ની ઇચ્છાનુસાર કરતા. વિવેકી તથા ભક્તિમાન્ સાધકો આ ચેષ્ટાથી વ્યામોહને પામતા નહોતા. દેખવા પૂરતી આ ઉભયની પ્રવૃત્તિ છે એમ સ્વીકારતા. પરમપૂજ્ય **ભ**ગવાન્શ્રીની

આ એક લીલા છે એમ માનતા. બહારની ક્રિયાથી સામાન્ય અધિકારી માનતા કે શ્રી માસ્તર સાહેબના શિક્ષણથી ભગવાન્શ્રીમાં સામર્થ્ય પ્રકટ થયું. તેની ભ્રાંતિના નિવારણમાટે શ્રી ફણીયાજી પોતાના એક લેખમાં જણાવે છે કે,

"બાપજીશ્રીનાં દર્શન થતાં જ જેમ બાપજીશ્રીનું વાસ્તવ મહેશ્વરસ્વરૂપ પોતાને સુવિદિત થઇ રહ્યું હતું તે જ પ્રમાણે આપણા ભગવાન્શ્રીના દિવ્ય મનુષ્યતનુનું પ્રકટીકરણ થતાં જ પોતાશ્રીનું વાસ્તવ ઇશસ્વરૂપ પણ પરમ પૂજ્ય શ્રીમાન્ માસ્તર સાહેબને તેવું જ પ્રત્યક્ષવત્ થઈ રહ્યું હતું. અને તેથી ભગવાન્શ્રીના વિષે પણ તેવી જ ઇશબુદ્ધિ–સદ્ગુરુબુદ્ધિ તત્કાલથી જ સ્થપાઈ હતી અને એને અનુસરીને જ, પોતે બાપજીશ્રીથી અભિન્ન પદે વિરાજતાં થઇ રહ્યા છતાં ભગવાનશ્રીના પાદપદ્મશ્રીની શુશ્રૂષા પણ પોતે તે પ્રકારે જ કરી છે."

યોગ્ય નેતામાં કેવું અદ્ભુત સામર્થ્ય છે એ જગતની દૃષ્ટિમાં લાવવા અર્થે ભગવાન્શ્રીની ચેષ્ટા અને ભગવાન્શ્રીના નિમિત્તથી યુવક સાધક-વર્ગનું હિત સાધવા માસ્તર સાહેબ પ્રવૃત્તિ સેવતા. ઉભયના વાસ્તવ હેતુમાં ભ્રાંતિ ન રહે એ ઉદ્દેશથી આટલો આ સંબંધમાં ઉલ્લેખ કરીને આગળ ચાલીએ.

શ્રી સદ્ગુરુશ્રીનું સ્વરૂપાવસ્થાન થયું ત્યારે શ્રી માસ્તર સાહેબના દેહની મધ્યમાવસ્થા હતી. સામાન્યરીતે પૂર્વકરતાં શારીરિક બલ આ અવસ્થામાં ક્ષીણ થતું જાય. એવી અવસ્થામાં એટલે લગભગ પાંત્રીસ છત્રીસ વર્ષની વયે પૂર્વના કરતાં વર્ગના નેતૃત્વનાં સમગ્ર કાર્ય પોતાની કાર્યદક્ષતાથી, સામર્થ્યથી ચલાવ્યાં, એ વિચારતાં, અવલોકતાં વાચકને તેમના સામર્થ્યનું ભાન અવશ્ય થશે.

શ્રી સદ્ગુરુની વિદ્યમાનતામાં શ્રી મહાકાલ પત્રની સર્વ વ્યવસ્થા શ્રી માસ્તર સાહેબ કરતા, પરન્તુ પ્રતિમાસે લેખ લખતા ન હતા. કારણ કે એ કાલ એમના અધ્યયનનો, મનનનો હતો. આચાર્યશ્રીના દેહતિરોધાન-પશ્ચાત્ શ્રી મહાકાલનું તંત્રીપદ તેમને પ્રાપ્ત થયું અને શ્રી મહાકાલની લેખનપ્રવૃત્તિનો આરંભ થયો.

આશ્રમને સંભાળવો, શ્રી મહાકાલ પ્રસિદ્ધ કરવું, સજ્જનોને મળવું, ઇષ્ટવિરહી સાધકોના સમાધાનઅર્થે પત્રો લખવા, વગેરે કર્તવ્યો કરતા.

તેમના લેખામૃતનું આસ્વાદન કરનાર પુણ્યશાળી સાધકોની ઇચ્છાને અનુસરીને સં. ૧૯૫૪ માં તેમના પ્રથમ ગ્રંથરૂપે "શ્રી સુધાસ્રોતસ્વિની: પ્રથમ કલ્લોલ" પ્રસિદ્ધ કરીને ભગવાન્‌શ્રીના પાદપદ્મમાં અર્પણ કર્યો. આ ગ્રંથના પદોમાં વેદાંત, ભક્તિ, વિચારની પ્રૌઢતા વગેરે આપણી દૃષ્ટિએ તરી રહે છે.

શ્રી માસ્તર સાહેબને દમનો વ્યાધિ હોવાથી વ્યાધિગ્રસ્ત દેહ સત્સાધન સાધવામાં કેવો વિક્ષેપ કરે છે એનો પૂર્ણ અનુભવ તેમને હતો. અને તદર્થે આરોગ્યના નિયમો જાણવા તથા તેને પાલન કરવાનો એમનામાં આગ્રહ હતો. શરીરપ્રતિ આસક્તિ ન રાખવી, પણ સાધનમાં શરીર-બળની આવશ્યકતા છે, તેથી શરીરપ્રતિ ઉપેક્ષા ધરીને તેને વ્યાધિમય રાખવું એ વિચારના તેઓ ન હતા. અને તેથી શારીરિક શુદ્ધિના ઉપાયો યોજતા. વિદ્યાર્થી અવસ્થાથી જ નિરંતર પરાર્થમાં વ્યાપૃત આ પુરુષ જે કોઇ શુદ્ધ માર્ગ જાણતા તે બીજાને જણાવતા તે પ્રમાણે અદ્યાપિ જણાવતા રહેતા. શારીરિક શુદ્ધિનો જે ઉપાય પોતાને યોગ્ય જણાયો હોય તે બહાર પ્રસિદ્ધ કરતા. વ્યસનાદિ વસ્તુઓ આરોગ્યને નુકશાન કરે છે, કેવલ ઔષધથી જ આરોગ્યને ટકાવવાકરતાં કુદરતી ઉપાયોથી આરોગ્ય સુદૃઢ રાખવું જોઈએ એ વિદ્યાર્થીવર્ગને દર્શાવવાને "શ્રી વિદ્યાર્થીનો સાચોમિત્ર" તથા "બંધકોશ અને તે ટાળવાના ઉપાયો" એ ગ્રંથ પ્રસિદ્ધ કર્યા. એમની રસમય સચોટ લેખિનીથી આકર્ષાઈને "વિદ્યાર્થીનો સાચોમિત્ર" વાંચીને અનેક મનુષ્યોએ પોતાનાં વ્યસનો છોડી દીધાં અને આરોગ્યનો અનુભવ કર્યો.

શ્રી માસ્તર સાહેબ પોતાની વ્યાધિગ્રસ્ત અવસ્થામાં જ સાધનમાત્રનો પરાવધિ પામ્યા હતા. તેથી આરોગ્યના નિયમોનું પાલન કરીને એમને આ કાલમાં કંઇ પણ પ્રાપ્તવ્યરૂપ નહોતું. છતાં પરાર્થે આરોગ્યની ક્રિયામાં ભળીને સર્વમાં ઉત્સાહ જાગ્રત્ કરતા તે સંબંધી આગળ વિચારીશું.

સંવત્ ૧૯૫૫ ના આષાઢી પૂર્ણિમાના ઉત્સવથી "સદુપદેશ શ્રેણી" પ્રકટ કરવાનો આરંભ કર્યો અને તે દ્વારા વર્ગના વિદ્વાન્ સાક્ષર પુરુષોના વિદ્વત્તાભર્યા લેખોનો લાભ વર્ગને તથા ગુર્જરપ્રજાને અપાવ્યો. 'શ્રેણી'માં

પ્રકટ થતાં કીર્તનો નાટકના લોકપ્રિય લયમાં રચાયાં. આ સમયે નાટકના લય વર્ગમાં કેટલાકને અરુચિકર જણાયા. પરંતુ શ્રી માસ્તર સાહેબે સામાન્ય રીતે પ્રજાને કયા રાગો વિશેષ પ્રિય છે એ વિચારીને ચાલતી જૂની પ્રથામાં ફેરફાર કર્યો. નાટકના લયમાં પણ જો કીર્તનો ગાશે તો તે મનુષ્યની વૃત્તિ કોઇ કાલે ઇશ્વરાભિમુખ થશે, એ વિચારતાં જનરુચિઅનુસાર નવા નવા લયનાં કીર્તનો રચતા. પ્રત્યેક ઉત્સવપર વ્યાખ્યાનનો ક્રમ રાખ્યો. બરાબર પ્રાતઃકાલે સાતવાગે ઉત્સવના કાર્યક્રમનો આરંભ કરી રાત્રિના દશ વાગતાંપર્યંત સર્વને કાર્યક્રમમાં જોડતા હતા.

સ્ત્રીકેળવણી એ એમની પ્રીતિનો વિષય હતો. શ્રીસદ્‌ગુરુ ભગવાને શ્રીભામિનીભૂષણમાં સ્ત્રીપાત્રોની ઉત્તમતા વર્ણવી છે. મનોહર તથા વિજયા-ના સમાગમથી, કથાશ્રવણથી અજ્ઞાન સ્ત્રીઓના જીવનનું, વિચારનું પરિવર્તન થયું છે એ દર્શાવ્યું છે. તેવો સ્ત્રીસમુદાય આ વર્ગમાં થાય એ આશયથી વર્ગના શિક્ષિત સ્ત્રીવર્ગપાસે શ્રેણીમાં લેખ લખાવવાનો આરંભ કરાવ્યો. વનિતાવિશ્રામનાં સ્થાપક શ્રી બાઇજીગૌરી બ્હેને તથા શ્રી કૌશિકરામભાઇનાં વૃદ્ધ માસી ચંનદાગૌરીએ તથા ભગિની વિમળા બ્હેને પ્રથમ ત્રીજી શ્રેણીમાં લેખ તથા કીર્તનો લખ્યાં. ગુજરાતી બે ત્રણ ચોપડી ભણેલાં સ્ત્રીવર્ગે જે ઉત્તમ લેખો લખ્યા છે તે શ્રી માસ્તર સાહેબના સ્ત્રી કેળવણીના પ્રયત્નથી. આ લેખકનું જ્યારે આશ્રમમાં આવવાનું થયું ત્યારે તેની પાસે પણ શ્રી માસ્તર સાહેબે કીર્તન રચવાનો પ્રયત્ન કરાવ્યો હતો.

શ્રીનૃસિંહાત્મજા શ્રી ભારતી દેવીને કીર્તન લખવાનો પ્રયાસ પણ એમણે કરાવ્યો હતો. એ વિકાસના પરિણામરૂપ "શ્રી ભારતીપ્રતિભા" ની પ્રસિદ્ધિ થઇ છે.

ભગવાન્‌શ્રીના અનુગ્રહથી 'સહચરી–સંમેલન' વગેરે કાર્યોમાં સ્ત્રીપ્રગતિ નવપલ્લવતાને ધારણ કરતી દૃષ્ટિગોચર થઇ છે તેના બીજરૂપ આદિ-કારણ શ્રી માસ્તર સાહેબ હતા એમ કહીએ તો તેમાં લેશ પણ અતિ-શયોક્તિ નથી.

શ્રીનૃસિંહાશ્રમમાં જ્યારે વિશાળ વ્યાખ્યાનમંદિર રચાયું ત્યારે મર્યા-દાથી સ્ત્રીવર્ગ બેસીને વ્યાખ્યાન, કીર્તન વગેરે શ્રવણ કરતો, સ્ત્રીસંસદ્‌માં

સ્વતંત્ર લેખોનું વાચન થતું, કીર્તનો ગવાતાં એ શ્રી માસ્તર સાહેબના પ્રયત્નથી જ.

નિઃશ્રેયસની સિદ્ધિમાટે થોડો સમય એકાંતમાં રહીને સાધનક્રમ સાધવાની આવશ્યકતા છે એ વિચાર આ મહાપુરુષના અંતરમાં સ્ફુર્યો. વિશુદ્ધ હૃદયનો એક પણ વિચાર વા સંકલ્પ ચરિતાર્થ થયા વિના રહેતો નથી એ સિદ્ધ નિયમાનુસાર "શ્રી સાધન સમારંભ" ની યોજના ઘડાઈ. ઇષ્ટસેવાપરાયણ શ્રી ઈશ્વરભાઈએ એ સંકલ્પને ઝીલ્યો અને ઉદારહૃદયી શ્રી નાથજીભાઈએ સર્વ વ્યવસ્થા કરવાની સ્વીકારી અને સં. ૧૯૫૬ના ફાલ્ગુન શુક્લ પૂર્ણિમાથી આરંભાઈ સાત દિવસ વીરમગામમાં પ્રથમ સાધન સમારંભનો ઉત્સવ ઉજવાયો. સાધનસમારંભ એટલે શું? સમારંભ એટલે સાધકની વિશુદ્ધિ સાધવાનો, સાધેલાં સાધનોને કસોટીએ ચઢાવવાનો, પોતાના જીવનમાં પ્રશાંતિ, તિતિક્ષા, સાધુતા, નિરોધની અધિકતા, સંયમની સંતતતા, નિરુપાધિક આનન્દ, ઈશ્વરાભિમુખતા, નિવૃત્તિનો રસ, અંતર્મુખતાનાં સાધનોનાં અનુષ્ઠાન: એ આદિ ભોગવવાનો કાલ તથા સેવવાનો કાલ.

પ્રાતઃકાલથી મધ્યાહ્ન એક વાગ્યા સુધી સંયમ, વ્યાખ્યાન, કીર્તન, ચર્ચા વગેરેથી સત્સંસ્કારોને ધારણ કરી અધ્યાત્મસંપત્તિથી સમૃદ્ધ થઈને સર્વ પોતાના ગ્રહપ્રતિ વળ્યા. આજ ૪૦ વર્ષથી જે ઉત્સવદ્વારા આપણે અનેક પ્રકારનાં સાધનો સાધ્યાં છે, અપૂર્વ લાભ મેળવ્યો છે, તે આ ઉત્સવના આદ્ય સ્રષ્ટાના સંકલ્પથી.

આ પ્રકારની સાધન સાધવાની યોજના શ્રી માસ્તર સાહેબે જ ભારતવર્ષમાં પ્રથમ રચી હતી.

શ્રી માસ્તર સાહેબને શ્રેયસ્સાધકવર્ગના નેતૃત્વની યોગ્યતા પ્રાપ્ત થઈ છે એ પિતૃશ્રીનાં સિદ્ધ વચનોને જગત્માં ચરિતાર્થ કરી બતાવવાને ભગવાન્શ્રી એમની પ્રત્યેક ક્રિયામાં ભળીને યુવક સાધકવર્ગને સર્વ પ્રકારની પ્રગતિમાં વાળતા તે અવલોકીએ.

શ્રીમાસ્તર સાહેબે સરસ્વતી–સત્ર સ્થાપીને અનેક સદ્ગ્રંથોનું અવલોકન કરવાનો પ્રબંધ રચ્યો. ભગવાન્શ્રીસહ યુવકવર્ગ એકત્ર થતો અને શ્રી માસ્તર સાહેબ 'વિવેક–ચૂડામણિ' ગ્રંથનો અભ્યાસ કરાવતા. શ્રી કૌશિકરામભાઈપાસે ઉપનિષદાદિ ગ્રંથોમાંના શ્લોકોનું વિવરણ કરાવતા અને

વિદ્યાર્થીઓસાથે પોતે પણ શ્રવણ કરતા. ભગવાનશ્રીના નિમિત્તે એક કાશીના વિદ્વાન્ શાસ્ત્રીને બોલાવ્યા હતા. તેમની આગળ શ્રીમાસ્તર સાહેબ પણ સંસ્કૃતનો અભ્યાસ કરવા બેસતા. સર્વનો વિકાસ સાધવાઅર્થે પોતાના અમૂલ્ય સમયનો ભોગ આપતા.

પ્રાતઃકાળ માસિક પ્રસિદ્ધ કરાવ્યું. ભગવાનશ્રી તેમાં લેખ આપતા. યમદંડ માસિકદ્વારા યુવક લેખકોને લેખનશક્તિનો વિકાસ કરવાની અનુકૂલતા કરી આપી. સર્વના પ્રોત્સાહનઅર્થે એ માસિકોમાં પોતે પણ એકાદ લેખ લખતા. દર રવિવારે યુવક સાધકવર્ગપાસે વ્યાખ્યાન કરાવતા. એક નાનું વ્યાખ્યાન પોતે પણ કરતા.

દર રવિવાર તથા પ્રત્યેક રજાના દિવસે એક પ્રહર સંયમનો ક્રમ રાખ્યો હતો. જેમાં સર્વ પોતાને પ્રાપ્ત સાધનાનુષ્ઠાન કરતા.

માનસિક તથા આધ્યાત્મિક વિકાસના સુંદર ક્રમસાથે શારીરિક શુદ્ધિના ઉપાયો કરાવતા અને કરતા.

શારીરિક વિશુદ્ધિ વૃદ્ધિંગત થવાનાં સાધનોપર લક્ષ કરાવી તેને અનુકૂલ ક્રિયાઓ સાધતા અને સધાવતા. પ્રાતઃકાલે ' કામાટી-બાગ 'ના એકાંત રસ્તે ફરવા જતા શિયાળાની ઠંડીમાં ખુલ્લા પગે બાગની ઝાકળવાળી દરોમાં ચાલતા, દોડતા, દોડાવતા, સાથે સાથે જ્ઞાનચર્ચા કરતા. દંડ, બેઠક, ડમ્બેલ્સની તથા સ્વીડીશ અને બીજી નવી નવી કસરતો નવા વિજ્ઞાને પ્રસિદ્ધ કરેલી કરતા અને યુવકવર્ગપાસે કરાવતા. વ્યાયામને માટે અખાડો કરવાનો વિચાર થયો ત્યારે સર્વની સાથે શ્રી માસ્તર સાહેબ કોદાળો લઈને અખાડો ખોદતા. અખાડો તૈયાર થયે કદી કદી તેમાં ઉતરીને કુસ્તી કરતા.

જીવનને ઉપયોગી જે જે વસ્તુ જણાય તે તેને સાધવાને સદા નિઃસંકોચ રહેતા, કારણ લોકૈષણાનો એમનામાં અભાવ હતો.

આ સમયે એમને અનેક કાર્યોનો ભાર હતો. અને તેથી જે કાર્ય ઓછા સમયમાં થતું હોય તે તે સાધતા. શાળામાં જવાનો સમય બચે એ અર્થે ' સાઈકલ ' પર બેસવાનું શીખ્યા અને સાઇકલપર શાળામાં જતા. એ ક્રિયાની ચર્ચાપ્રતિ ઉપેક્ષા કરતા.

ઉત્તરાવસ્થા થાય એટલે ગીદ્દડ થઈને પડી રહેવું એ એમને લેશ પણ રુચિકર ન હતું. એક બાલકજેવો વેગ તેમનામાં હતો. પ્લેગના ઉપદ્રવથી **વીર**મગામ જવાનું થયું ત્યારે ત્યાંના "મુનસર" તળાવમાં તરવાનું શીખ્યા. દુર્બલ દેહમાં આ પ્રકારનો ઉત્સાહ તથા વેગ જોઈને નિરુત્સાહીમાં પણ વેગ પ્રકટતો.

યુવકોસાથે સૂર્યોપાસનમાં યૌગિક ક્રિયા કરવા બેસતા. કોઇ પોતાના અનુભવનું કથન કરે તો તેને યોગ્ય માર્ગ દર્શાવતા.

"**અધ્યાત્મ**બલપોષક ગ્રંથમાલા-પ્રથમ અક્ષ" **શ્રી માસ્તર સાહેબે** પ્રસિદ્ધ કરીને સ્વસ્વરૂપમાં સંયમ કરવાની અદ્દભુત કળા દર્શાવી. ભાવનાનો નૂતન સિદ્ધાંત પ્રસાર્યો. અનેક સજ્જનો તથા સાધકો **અધ્યાત્મ**બલપોષકમંડલમાં પ્રવેશ્યા અને પ્રાતઃકાલે સાતવાગે થતી ભાવનાની ક્રિયામાં ભાગ લેતા થયા અને હાલ પણ કરે છે. અનુકૂલ, પ્રતિકૂલ, સુખ કે દુઃખ, મનુષ્ય પોતાની ભાવનાથી જ પ્રકટ કરે છે એ વિચાર જનસમાજમાં **શ્રી માસ્તર સાહેબે** જાગ્રત્ કર્યો.

પ્રિય વાચક! પૂર્વોક્ત કર્તવ્યનું નિદર્શન કરાવી સ્મરણશક્તિ આ જીવનતલમાં પ્રવેશે છે તો તેને હજી પણ તેમનાં શેષ કર્તવ્યનું દર્શન થાય છે. પુનઃ બહાર આવી તેનું કથન કરે છે. તેનું અવલોકન કરો.

શ્રીમન્નૃસિંહાચાર્યજીના વાસ્તવ સ્વરૂપનો સમસર્વત્ર વ્યાપક સ્વરૂપે અનુભવ કરાવવા, તેઓશ્રીના સ્વરૂપાવસ્થાનનો દિવસ-**શ્રાવણ** શુક્લપંચમી ઉત્સવરૂપે પાલન કરવાનો **શ્રી માસ્તર સાહેબે** નિર્ણય કર્યો, અને આ ઉત્સવનું નામ શ્રીચિતિપ્રદીપપ્રકટીકરણોત્સવ રાખવામાં આવ્યું.

શ્રી **સદ્દગુરુ**ના સ્થૂલ તત્ત્વનું ચિંતન ભૂલાવી તેમના સ્વરૂપપ્રતિ અભિમુખ કરવાનાં સાધનો દર્શાવ્યાં. પ્રાતર્, મધ્યાહ્ન અને સાયંકાલે સર્વ સંયમમાં આરૂઢ થતા. ઉચ્ચાધિકારી અગ્રગણ્ય પુરુષો મંદઅધિકારીપ્રતિ સામર્થ્યવાળાં આંદોલનો પ્રેરતા. તદ્દઉપરાંત ચિતિતત્ત્વપ્રતિ અભિમુખતાજનક રચાયેલાં નૂતન કીર્તનો ગવાતાં. **શ્રી માસ્તર સાહેબ**ના તિરોધાનપછી પણ આ દિવસના અનેક ઉત્સવોમાં ભગવાન્‌શ્રીદ્વારા ઇષ્ટના સ્વરૂપનો, તથા અનુગ્રહનો શ્રેયસ્સાધકોએ અનુભવ કર્યો છે તે પણ **શ્રી માસ્તર સાહેબ**ની ઉત્સવયોજનાથી.

શ્રી **માસ્તર સાહેબની** કલ્યાણજનક પ્રવૃત્તિનું સ્વરૂપ એટલું તો વિપુલ હતું કે જેથી સર્વત્ર આ વર્ગની કીર્તિ પ્રસરી.

શ્રી **મહાકાલમાં** આરોગ્યશાસ્ત્રના, માનસશાસ્ત્રના દર્શાવેલા એમના વિચારોને આચારમાં ઉતારવાને ગુર્જરપ્રજા મંથન કરતી. શ્રી **મહાકાલના** દર્શનની તીવ્રેચ્છા પ્રકટતી. નિદ્રાકાલે શ્રી **મહાકાલ** ઓશીકાનીચે રાખવાની ભાવના પ્રકટતી. શાથી ? એમના આત્મબલના પ્રભાવથી.

શ્રી યોગિનીકુમારીની અદ્‌ભુત નવલકથા પ્રસિદ્ધ થયા પછી શ્રી**મહાકાલના** લગભગ ત્રણહજાર ઉપરાંત ગ્રાહક થયા હતા.

'**શ્વસનવિદ્યાકલા**,' '**ગ્રહો** તથા રાશિઓની થતી જીવનપર અસર' 'વિચારરત્નરાશિ,' 'શિખરે સ્થિતિ,' વગેરે રસમય, પ્રેરણાત્મક લેખોથી વાચકની શરીર, મન તથા આત્માની શુદ્ધિ સધાતી.

આરોગ્ય પ્રાપ્ત કરવાના જે જે પ્રયોગો શ્રી **મહાકાલમાં** જણાવ્યા છે તે સર્વ પ્રયોગો પોતે કરી જોતા. પલાળેલું કાચું અનાજ ખાવું, ઉપવાસ, ફલાહાર, વગેરે પ્રયોગો કરતા.

દેહબલ, પ્રાણબલ, મનોબલ, અને **આત્મબલ** વધારવાના સરલ ઉપાય આકર્ષક શૈલીમાં દર્શાવનાર સમર્થ લેખક તો શ્રી **માસ્તર સાહેબ** એક જ છે એમ સર્વ સ્થલે સર્વના ઉદ્‌ગાર નીકળતા.

આ સમયે શ્રી **માસ્તર સાહેબ**, જેમની ઇચ્છા પોતાના કલ્યાણઅર્થે, વ્યાધિઆદિની નિવૃત્તિઅર્થે આંદોલનમાટે થતી તેમના પ્રતિ આંદોલનો પ્રેરતા. આ પ્રકારે વિવિધ સાધનોથી, લેખોથી, આચારચરિત પ્રવૃત્તિથી સામાના અંતરમાં વિલક્ષણ અસર કરીને અનેકના મનને ઉચ્ચતમ ભૂમિકામાં આણ્યાં છે, અનેકનાં વ્યસનો છોડાવ્યાં છે તો કેટલાકના જડવાદના સંસ્કારોને નિર્મૂલ કરીને તેમને ઈશ્વરાભિમુખ કર્યા છે.

શ્રી **માસ્તર સાહેબનો** પાશ્ચાત્ય દેશોમાં પણ અનેક પ્રસિદ્ધ વિદ્વાનોસાથે સંબંધ હતો. તેમને ત્યાંથી કેટલીક શાખાઓતરફથી ઉચ્ચ પ્રકારની ને શાખાના મુખ્યતરીકેની પદવી પ્રાપ્ત થઈ હતી. The Philosophers of Living Fire of the Western World નામની સંસ્થામાં તેઓને Deputy Grand Rabbonieનું ઉત્કૃષ્ટ પદ આપ્યું હતું. તે જ પ્રમાણે Radio-activity ની નવી શોધ કરનાર પ્રસિદ્ધ વિદ્યાભિજ્ઞ Dr. Orville Leach (ડૉ. ઑરવાઈલ લીચ) તરફથી

હિંદુસ્થાનના પોતાની શાખાના તેઓને Master of the Living-stonian Philosophyનું પદ આપવામાં આવ્યું હતું. આ વિના પણ બીજી વિવિધ વિદેશી શાખાઓમાં તેમને ઉચ્ચ પદ પ્રાપ્ત થયાં હતાં.

શ્રી યોગિનીકુમારી પ્રસિદ્ધ થયાપૂર્વે અમેરીકાના 'ડૉક્ટર ડી બ્રાયન્ટ' સાહેબસાથે પત્રવ્યવહારથી શ્રી માસ્તર સાહેબનો સંબંધ બંધાયો હતો. પરહિત સાધવાના વેગથી બ્રાયન્ટ સાહેબતરફથી આવતા "રસવિદ્યા, તથા નવજનનાવિદ્યાનાં લેસનો" પોતે વાંચતા અને કેટલાક શ્રેય-સ્સાધકો પણ એનો સાથે સાથે અભ્યાસ કરતા હતા.

દ્રવ્યની અનુકૂલતા હોય તો સાધક પોતાનો સમય આધ્યાત્મિક કર્તવ્યમાં વિશેષ ગાળી શકે એ હેતુથી બ્રાયન્ટ સાહેબસાથે વ્યાપારની પ્રવૃત્તિ થઇ. શ્રી માસ્તર સાહેબનો શુદ્ધ હેતુ બાહ્યદૃષ્ટિથી સફલ ન થયો. વિવિધ મનુષ્યોતરફથી આક્ષેપો થયા. કેવલ વ્યાપારને લઇને જ એમની સાથે જેમણે સંબંધ બાંધ્યો હતો તે સર્વએ સંબંધને છોડી દીધો. કોઇ કોઇએ માન્યું કે બ્રાયન્ટ સાહેબવિષે એમણે સંપૂર્ણ શ્રદ્ધા બાંધી છે વગેરે. પરંતુ આ પ્રવૃત્તિ કયા નિમિત્તે થઇ છે, શ્રી માસ્તર સાહેબનું સ્વરૂપ કેવું હતું, તે વિષે શ્રી જેઠાલાલસભાઇ લખે છે કે "પાછળના ભાગમાં બ્રાયન્ટ સાહેબનો સંબંધ થવાનો યોગ આવ્યો હતો એ સર્વને વિદિત છે. અને એ સંબંધમાં કેટલાક સજ્જનોને એવી શંકા થઇ હતી કે એ સંબંધ થયા પછી શ્રીમાન્ માસ્તર સાહેબે એમને વિષે ઇષ્ટબુદ્ધિ સ્થાપી હતી. જે બંધુઓ શ્રીમાન્ માસ્તર સાહેબના વિશેષ સહવાસમાં આવ્યા છે અને તેથી પોતાની સાથે એ સંબંધનો વિશેષ પુરાવો મેળવી શક્યા છે, તેમને આ અભિપ્રાય કેવલ જ ભ્રાંત જણાયો છે, એટલું જ નહિ પણ તેમને તો વસ્તુસ્થિતિ સ્પષ્ટ થવાથી એવી ઊર્મીસરખી પણ ઉઠતી નથી અને ઉઠી પણ નહોતી. બ્રાયન્ટ સાહેબનો સંબંધ કરવામાં શ્રીમાન્ માસ્તર સાહેબનું એક જ નિમિત્ત હતું, અને તે એ કે રસવિદ્યા તથા નવજનન વિદ્યાનાં રહસ્યો જાણવાં. એ ઉભય વિદ્યાનાં રહસ્યો બ્રહ્મવિદ્યા કે યોગવિદ્યાકરતાં અધિયાતાં છે એમ માન્યું નહોતું. એ ઉભય વિદ્યાકરતાં તો એ રસવિદ્યાદિ અતિગૌણ વિદ્યા છે એ સારી રીતે જાણીને જ પછી પ્રવૃત્તિ સેવી હતી. અને તેનું કારણ એ હતું કે

એ રહસ્યજ્ઞાન **શ્રીમાન્ માસ્તર સાહેબને** કોઇ ઇષ્ટાર્થનું સાધક નહોતું. પોતે એ પ્રવૃત્તિપૂર્વે જ કૃતાર્થતાના શિખરે વિરાજતા હતા. પણ એ બંને વિદ્યા આપણી પ્રજાની જ વિદ્યા છે, આપણા ઋષિમુનિઓની એ વિદ્યા છે અને એમણે આપણાં શાસ્ત્રોમાં રહસ્યરૂપે એને ઓતપ્રોત કરી દીધી છે તથા મંત્રેલા મણિની માફક એને ગુપ્ત રાખી સ્થાપેલી છે. તેથી એ ગુપ્ત રાખેલી આપણી જ વિદ્યાનો પુનરુદ્ધાર થાય તો એક પક્ષથી આપણા મંડળે એક મોટું કાર્ય કર્યું ગણાય અને તે સાથે યોગવિદ્યા તથા બ્રહ્મવિદ્યાની સિદ્ધિમાં એ રહસ્યોની સિદ્ધિ ઉપકારક છે તેથી જે સાધક બંધુઓને એ પ્રાપ્ત થાય તો એમને કૃતકૃત્યતા થવામાં મોટી સહાય મળે તેમ છે. વળી એ ઉભય રહસ્યોની સિદ્ધિમાટે જે તીવ્ર મતિ કેળવવી પડે છે, જે વિરાગની અપેક્ષા રહે છે, જે નિયમોનું પાલન કરવું પડે છે તે સર્વ યોગવિદ્યા તથા બ્રહ્મવિદ્યાના અધિકાર લક્ષણરૂપ જ છે તેથી આ નિમિત્ત પણ વિવેક, વિચાર, મતિનું સૌક્ષ્મ, હૃદ્બલ, નિયમોનું પાલન અને વિરાગની સિદ્ધિ સાધક બંધુઓને થઇ રહે તો તે અવશ્ય ઇષ્ટ જ છે. તેથી કેવલ આપણા પ્રતિના અપ્રતિમ સ્નેહ અથવા અનુગ્રહને લીધે જ પોતે આ પરાર્થ પ્રવૃત્તિ ગણી સેવી હતી.”

“શ્રી **બ્રાયન્ટ** સાહેબપ્રતિની શ્રદ્ધા તો પ્રાસંગિક અને અમુક વિદ્યા પૂરતી જ હતી.”

આ સંબંધમાં અધિક સ્પષ્ટીકરણ એમણે કર્યું છે. આ પ્રવૃત્તિનો હેતુ સ્પષ્ટ થવા માટે શ્રીકણિયાજીના વિચારોનું આલેખન કર્યું. હવે પ્રસ્તુત વિષયનું ચિંતન કરીએ.

શ્રીમન્નૃસિંહાચાર્યજીનાં વચનથી જેમનાં ચિત્ત શ્રી **માસ્તર સાહેબ**વિષે નિર્ભ્રાન્ત હતાં એવા સાધક બંધુઓ દૃષ્ટમાં પ્રતિકૂલ પરિણામ જોવા છતાં શ્રી **માસ્તર સાહેબ**વિષે લેશ પણ શંકા ધરતા નહોતા.

શ્રી **યોગિનીકુમારી**માં આ રસવિદ્યાના ગુપ્ત રહસ્યને પ્રકટ કરીને શ્રેયસ્સાધક વર્ગપર તથા ઇતર સજ્જનોપર શ્રી **માસ્તર સાહેબે** મહદ્ ઉપકાર કર્યો છે. એમના દેહનિરોધાનને અઠ્ઠાવિશ વર્ષ વહી ગયાં છે છતાં હાલ પણ રસવિદ્યાના અભ્યાસકો વિદ્યાની સિદ્ધિ પ્રાપ્ત કરવા મંથન કરી રહ્યા છે.

નિયમિત શ્રી **મહાકાલ** પ્રસિદ્ધ કરવું, પ્રુફ તપાસવાં, ટપાલ લખવી, નિત્ય સંયમ, વ્યાયામ વગેરે કરવાં, કોઇ કાંઇ પૂછે તો તે સંબંધી ચર્ચા કરવાનો સમય રાખવો, **ભગવાન્‌શ્રી** જેમાં ભળવાની આજ્ઞા કરે તેમાં ભળવું, પ્રવાસમાં જવું, આવા નિત્યના તથા આગંતુક કર્તવ્યસાથે એમણે 'બ્રહ્મચર્ય,' 'રોગ ટાળવાના ઉપાયો,' 'બાલકોને કેવી રીતે કેળવવાં,' 'પ્લેગથી બચવાનો કોઇ ઉપાય નથી શું?' 'ઇશ્વરની ભક્તિ મનુષ્યોએ શા માટે કરવી?' 'શ્રેયસ્સાધક અધિકારીવર્ગ એ શું છે,' 'મૂર્તિપૂજાનું ખંડન કરનારા મૂર્તિપૂજાના રહસ્યથી કેટલા અજ્ઞાન છે?' 'દુગ્ધોપચાર અથવા દૂધના સેવનવડે સઘળા રોગો ટાળવાનો ઉપાય,' 'ધનવાન્ થવાની અમોઘ કળા,' એ ગ્રંથો લખ્યા હતા. શ્રી **મહાકાલ** તથા **પ્રાતઃકાલ**માં પ્રસિદ્ધ થયેલા લેખો એમના દેહવિલયપછી 'શ્રી યોગિનીકુમારી' તથા 'મંગલપ્રેરિત સંદેશા અથવા દૂરદર્શકતરનું અદ્‌ભુત પ્રકાશન' ગ્રંથરૂપે પ્રસિદ્ધ થયા છે. આ ઉપરાંત વર્ષમાં બે વાર પ્રકટ થતી શ્રેણીમાં લેખ આપતા. **પ્રાતઃકાલ**, **યમદંડ**, **ધર્મધ્વજ** વગેરે માસિકોમાં કંઇ કંઇ લખતા અને એમાં આવતી 'સંસારમાં સઘળું પ્રતિકૂળ,' 'જ્વાલામાંથી પ્રાદુર્ભાવ' વાર્તાથી વાચકનું એ માસિકોપ્રતિ પણ આકર્ષણ રહેતું. શ્રેયસ્સાધકઅધિકારિવર્ગની અંતરંગ શાખારૂપ શ્રી **સિદ્ધેશ્વર સમાજ** શ્રી **માસ્તર સાહેબ**ની સહાનુભૂતિથી સ્થપાયો હતો. **ભગવાન્‌શ્રી**ની આજ્ઞાનુસાર તન્નિમિત્ત જે કાર્ય કરવાનું આવતું તે પણ કરતા.

પ્રિય વાચક! શ્રી **માસ્તર સાહેબ**ના સુરમ્ય જીવનકર્તવ્યની આછી આછી રૂપરેષા આલેખી. હવે સ્મૃતિવૃત્તિ એમના સદ્‌ગુણો તથા અંતર સામર્થ્યના વિલક્ષણ પ્રસંગોપ્રતિ દૃષ્ટિ કરે છે.

સ્થૈર્ય, ધૈર્ય, નિર્ભયતા, ઉપરતિ વગેરે અદ્‌ભુત સ્વરૂપાનુભવીનાં લક્ષણો આ જીવનમાં ચરિતાર્થ થયાં હતાં, એવા પ્રસંગોનું અવલોકન પણ સાધકના અંતરમાં વેગ પ્રકટાવવામાં સહાય અર્પનાર છે, કારણ જે ગુણલક્ષણો જ્યાં આચારસિદ્ધ practical રૂપે પ્રકટ હોય ત્યાં સહસા માનવવૃત્તિ ઢળે છે. તેથી તેનું આલેખન આવશ્યક છે.

શ્રી **માસ્તર સાહેબ**ના દેહવિલયપૂર્વે થોડા વર્ષપર દૈવયોગે એમને ભગંદરનો વ્યાધિ થયો હતો, છેવટે શસ્ત્રક્રિયા (operation) કરવાની

આવશ્યકતા જણાઈ, પણ 'ક્લોરોફોર્મ' આપી શકાય એવી એમની શારીરિક સ્થિતિ નહોતી. શું કરવું એ વિચારમાં સર્વ ગુંચવાયા. શ્રી માસ્તર સાહેબે ડૉક્ટરને કહ્યું 'ક્લોરોફોર્મ' આપ્યા વિના ઑપરેશન કરો.' અન્ય ઉપાય ન હોવાથી અંતે તે પ્રમાણે ઑપરેશન કરવા માંડયું. દેહથી આત્મા પર છે, આત્માને કોઇ પણ વિકારનો સ્પર્શ થતો નથી, એ સૂત્રને આચારસિદ્ધ કરી બતાવતા શ્રી માસ્તર સાહેબ શરીરપર કંઇ પણ બનતું નથી એવી પરમ શાંતિમાં પડી રહ્યા. ડૉક્ટરો તથા સર્વ આ જોઈને સ્તબ્ધીભાવને પામ્યા. સ્થૈર્ય તથા ધૈર્યનું સુંદર દર્શન થયું.

શ્રી માસ્તર સાહેબે એક સમયે રાતના દસ અગીયાર વાગે એક સાધક બંધુને તેમની ઓરડીપાસે જઈને ધીરેથી બૂમ પાડી કહ્યું 'જાગો છો ?' એમનો સ્વર સાંભળી પેલા ભાઈ તત્કાળ બહાર નીકળ્યા,ત્યારે શ્રીમાસ્તર સાહેબે કહ્યું, વીંછી ઉતારવાની દવા તમારી પાસે રાખેલી છે ? પેલા બંધુએ કહ્યું: સાહેબ ! કોને વીંછી કરડયો છે ? એમણે ઉત્તર આપ્યો કે 'મને પગે વીંછી કરડયો છે ! પ્રશ્ન પૂછનાર આ સાંભળી સ્તબ્ધસરખા થઈ ગયા. પછી ચાલીને શ્રી માસ્તર સાહેબ નીચે ઉતરી પાટપર બેઠા. ઔષધોપચાર ચાલ્યો, અને એ પોતે સર્વ સાથે વિનોદ કરતા.

નિર્ભયતા પણ એમનામાં અદ્દ્ભુત હતી. શાળામાં એક સમયે વર્ગમાં પુષ્કળ મધમાંખીઓ ઉડી હતી તેથી કોઇથી પણ ત્યાં જવાતું નહોતું ત્યારે એ સ્થલમાંથી શ્રી માસ્તર સાહેબ નિર્ભય રીતે પસાર થઈ ગયા.

પોતાના ગૃહના પદાર્થોપ્રતિ ઉપરતિ, અને પારકાનું સર્વ રીતે સંરક્ષણ કરવાની તત્પરતા એ પણ એક કાલે જણાયાં હતાં.

સંવત્ ૧૯૫૯માં પ્લેગના ઉપદ્રવથી ભગવાન્શ્રીસહ શ્રીમાસ્તરસાહેબ તથા થોડા સાધક બંધુઓ કારેલી બાગના રસ્તે ઘાસના માંડવા બાંધીને રહ્યા હતા. એક દિવસ સાંજે ચાર વાગે અગ્નિનો પ્રકોપ થયો. એક પછી એક માંડવા સળગ્યા. સર્વ બંધુઓ પોતપોતાનો સામાન બહાર કાઢવા મચી પડયા. પ્રથમ જે માંડવામાંથી આગનો આરંભ થયો તેમના ઘરનું કોઇ પણ મનુષ્ય ત્યાં હાજર ન હતું તેથી શ્રી માસ્તર સાહેબ એ માંડવાનો સામાન કાઢવાને દોડયા. એમનો પોતાનો માંડવો પણ ત્યાં હતો પરંતુ પરહિતતત્પર વૃત્તિ તે પ્રતિ ન ગઇ. બળતા માંડવામાંથી જે નીકળી

શકયું તે કાઢીને પછી પોતાના લખેલા લેખ તથા પુસ્તકો લેવાને પોતાના માંડવાપ્રતિ વળ્યા. લીધું ન લીધું એટલામાં એ માંડવો સળગ્યો. તત્કાળ પોતે સૂઇ ગયા અને ગબડીને બહાર નીકળ્યા. બહાર નીકળતાં ખબર પડી કે શ્રી કૌશિકરામભાઇના બંધુ શ્રી અનંતરામની ચાર વર્ષની કન્યા અગ્નિમાં બળે છે એ જાણીને એ તરફ ગયા. કન્યાને બચાવવા જતાં એમના પગ દાઝી ગયા. ખરી અણીના સમયે પણ પોતાના પદાર્થપ્રતિ ઉપેક્ષા, ઉપરતિ તથા અન્યના હિતપ્રતિ દષ્ટિનો ઉત્તમ આદર્શ સર્વને દષ્ટિગોચર થયો.

એમને એવી પરિસ્થિતિ પ્રાપ્ત થઇ હતી કે અનેકને ઉપદેશ આપવાનું કર્તવ્ય કરવું પડતું. પોતાને જે યોગ્ય લાગે તે કહેવામાં નિર્ભય રહેતા. પ્રત્યેક પ્રસંગમાં નિર્ભયતાનું સ્વરૂપ પણ સુંદર હતું. અન્યને વાસ્તવ કર્તવ્યનું ભાન કરાવવા કદી કદી મૃદુ ઠપકો પણ આપતા. સત્ય વસ્તુ કહેવામાં લેશ પણ સંકોચ ન ધરતાં નિર્ભયપણે જણાવતા.

એક દિવસ બે ત્રણ સાધકભગિનીઓ એમનાં દર્શન કરવા ગયાં. મનની સુધારણાનો માર્ગ પૂછતાં શ્રી માસ્તર સાહેબે શાંતિપૂર્વક ઉત્તર આપ્યો કે 'તમે તમારાં બાળકોને સુધારી શકતાં નથી તો મનને તો શી રીતે સુધારી શકશો? એ કાર્ય તો કઠિન છે.' આ બ્હેનોના બાળકો ઘણાં તોફાની હતાં. તેને કેળવવાની આવશ્યકતા છે એ વિનાસંકોચે શ્રી માસ્તર સાહેબે સૂચવ્યું. ગૃહસ્થાશ્રમમાં જે કર્તવ્યરૂપ છે તે કરવું જોઇએ એ એમના સૂચનનું તાત્પર્ય હતું.

આશ્રમની સર્વ પ્રકારની વ્યવસ્થા એમના હાથમાં હતી છતાં એમાં કેવું પ્રમાણિકપણું હતું તે હવે જોઇએ. આશ્રમને માટે પોતાની નોકરી છોડી દીધી. જેમના લેખોથી શ્રી મહાકાલના ત્રણ હજાર ઉપરાંત ગ્રાહક થયા હતા, સ્વલ્પમાં કહીએ તો એમને લીધે જ આશ્રમની આવકમાં વધારો થયો હતો, છતાં એ પોતે મહાકાલનું લવાજમ ભરતા તેમ જ સાધન સમારંભનું અનુમતિ પત્ર લેતા. એમનાં ધર્મપત્ની સમારંભમાં જો પાછળથી આવતાં તો નિયમપ્રમાણે નિત્યના વધુ દ્રવ્યતરીકે બારઆના આપતા. જે નિયમ સાધકને હોય તે જ નિયમથી વર્તતા. મુંબઇમાં સમારંભ થયો ત્યારે એમનાં માતુશ્રીએ કહ્યું કે મારે મુંબઇ જોવું છે, માટે મને

લઈ જાઓ. શ્રી માસ્તર સાહેબે કહ્યું કે સાધન સાધનાર જ સમારંભમાં જઈ શકે છે. તમે વળી શ્રેયસ્સાધક નથી. કોઈ સમયે મુંબઈ લઈ જઈશ. આ સમયે તમને મારાથી તેડી જવાય નહિ.

સર્વના નેતા કર્તા હોવા છતાં સાધકના નિયમઅનુસાર પ્રત્યેક પ્રવૃત્તિમાં વર્તતા.

ગુરુ તથા ગુરુના કુટુંબપ્રતિ એમનો કેવો વિવેક તથા વિનય હતો તે દર્શાવવાને અર્થે આ વ્યક્તિગત એક પ્રસંગ બન્યો હતો તે નીચે જણાવ્યો છે.

મુંબઈમાં એક સમયે ભગવાન્શ્રી બહાર પધાર્યા હતા. સાથે સર્વ બંધુઓ પણ ગયા હતા. અમારા મુકામના સ્થલમાં માત્ર શ્રી માસ્તર સાહેબ, શ્રી ઈશ્વરભાઈ, શ્રી જડાવબા અને આ લેખક રહ્યાં હતાં.

ભગવાન્શ્રીએ શ્રી માસ્તર સાહેબને કહ્યું હતું કે મારો ટેલીફોન આવે તો આપ બધાંને લઈને પધારજો. થોડીવારમાં ટેલીફોન આવ્યો. અમે સર્વ જવાને બહાર નીકળ્યાં. બારણાઆગળ એક ગાડી ઉભી હતી. શ્રી માસ્તર સાહેબે એમાં અમને બેસવાનું કહેવડાવ્યું. શિથિલ પ્રકૃતિમાં પોતે ચાલે અને આ લેખક બેસે એ કેમ બને? તેથી શ્રી માસ્તર સાહેબને બેસવાનું કહાવ્યું ત્યારે શ્રી જડાવબાને કહ્યું કે ધર્મવિરુદ્ધ કેમ બને? ગાડીમાં કોઈ પણ ન બેઠું. ખાલી ગાડી ચાલી. એટલામાં બીજી ગાડી મળી ગઈ. સર્વ સાથે ગયાં.

આ પ્રસંગ ઉપરથી સામાન્ય જણાય એવો છે પણ વિચારશીલને શ્રી માસ્તર સાહેબની વિવેકભરી પ્રવૃત્તિથી એમની સદ્ગુરુપ્રતિની અદ્ભુત નિષ્ઠાનું તથા કર્તવ્યબુદ્ધિનું ભાન કરાવે છે.

હર્ષ કે શોકના પ્રસંગમાં સામાન્ય રીતે મનુષ્યમાં કોઈ પ્રકારનો આવેશ પ્રકટે છે. શ્રી માસ્તર સાહેબમાં એવો આવેશ પ્રકટતો નહોતો. વ્યાખ્યાન કરતાં કે વાત કરતાં કે ગમે તે પ્રસંગમાં પણ એમનો સ્વર એક જ પ્રકારનો નીકળતો. એમાં કદી પણ ફેરફાર થતો નહિ. બોલતાં, બેસતાં, ખાતાં, ફરતાં તેમનું ચિત્ત સદા સમસ્થિતિમાં રહેતું.

મનુષ્યની ચાલથી તેના હૃદયનું સ્વરૂપ જણાય છે. શ્રી માસ્તર સાહેબની ચાલ કેવી હતી તે સંબંધમાં એક નાગર અમલદારે કહ્યું હતું કે

"છોટાલાલભાઇની ચાલ મને જોવી ઘણી ગમે છે. એ શાળામાં જાય છે ને આવે છે ત્યારે હું મારા છજામાં આવીને બેસું છું. એમની ચાલવાની ક્રિયા જોઈને હું કહું છું કે આ પુરુષ ખરા ફિલૉસૉફર (તત્ત્વવેત્તા) છે." અમુક મર્યાદામાં દૃષ્ટિ રાખીને ઇષ્ટચિંતન કરતા શ્રી માસ્તર સાહેબ ચાલતા તેની છાપ જોનારના હૃદયમાં અંકિત થઈ જતી. મુંબઈમાં થયેલા સાધનસમારંભમાં એમનાં બાહ્યસ્વરૂપનાં અવલોકનમાત્રથી જ તેમના આંતર સ્વરૂપની કલ્પના કરીને એક સજ્જન પુરુષે કહ્યું હતું કે "આ તો શ્વેતવસ્ત્રધારી સાધુ છે."

ભગવાન્‌શ્રીની શુશ્રૂષાઅર્થે તથા સાધક બંધુઓની ઇચ્છાથી શ્રી માસ્તર સાહેબે નોકરી છોડી દીધી હતી. પોતાનો નિર્વાહ થઈ શકે એવી કોઈ પણ પ્રકારની અનુકૂલતા નહોતી છતાં નોકરી છોડીને આશ્રમના એક મકાનમાં રહેવા આવ્યા. કોઇ કોઇ સમયે ઘરમાં કંઇ પણ ન હોય છતાં પરમ આનંદથી જે મળે તેનાથી ચલાવી લેતા. સાધક બંધુતરફથી કોઇ પદાર્થ વા વસ્તુ આવે તો તેનો ઉપભોગ કરતા. સહજ સ્વભાવે જે બને તે બનવા દેતા. ગ્રહણ તથા ત્યાગ એ બે ભાવોથી નિરાળા રહેતા.

ગુરુવત્ સંમાન નિત્ય પ્રાપ્ત છતાં તેના અહંને એમની વૃત્તિ કદી પણ સ્પર્શ કરતી નહોતી. તેનું દિગ્દર્શન કરાવનાર પ્રસંગો બનતા. શ્રી માસ્તર સાહેબ કોઇ પણ દિવસ એકલા પ્રવાસ કરતા નહોતા. ભગવાન્ શ્રી સાથે તેઓશ્રીની આજ્ઞા થતાં પ્રવાસમાં પધારતા. એક સમયે એમના બંધુના કામમાં સાક્ષી આપવાને તેમને અમદાવાદ એકલા જવાનું થયું ત્યારે આણંદવાસી સાધકબંધુઓ સ્ટેશનપર આવ્યા અને ત્યાં ઉતરવાની એમને વિજ્ઞપ્તિ કરી. સામાન્યભૂમિકાસ્થિત આ સમયે શું કરે તે વિચારો. તે તો તત્કાલ સુખ તથા સન્માન અનુભવવાને જાય. પણ ઉચ્ચ ભૂમિકાસ્થિત આ પુરુષવરે કહ્યું કે "ભાઈ! રામના વિના રામના દૂત શોભે? જ્યાં ભગવાન્‌શ્રી વિરાજતા હોય ત્યાં જ હું શોભું. બંધુઓએ ઘણી પ્રાર્થના કરી પણ આણંદ ન ઉતર્યા. જગતના માનવી, વૈભવની, આનંદની, ભોગની ઉપેક્ષા તથા ગુરુનિમિત્તે માત્ર પ્રાપ્ત વ્યવહાર ખેડવાની ઇચ્છા, એ આ પ્રસંગથી શંકાશીલને સ્પષ્ટ થાય તેમ છે.

ભગવાન્‌શ્રીની ઇચ્છાથી અનેક સ્થલે પધારતા, સુંદર વસ્ત્રો ધારણ કરતા, વિનોદમાં ભળતા, મિષ્ટાન્ન જમતા, ગુરુની આજ્ઞા સદા હિતકર છે એ નિશ્ચયથી જગત્ ભલે ટીકા કરે, તેનાથી નિડર રહીને આજ્ઞાનું પાલન કરતા, કારણ કે ભગવાન્‌શ્રીની પ્રત્યેક ચેષ્ટાનો મર્મ પોતે સારી રીતે સમજતા હતા.

ઇષ્ટસંકેતથી જે કર્તવ્ય કરવાનું એમને પ્રાપ્ત થયું તે કર્યું. ભગવાન્‌શ્રીની યોગ્ય વય થતાં તેઓશ્રીની સર્વ સામર્થ્યયુક્ત લીલાનું દર્શન થતાં શ્રી માસ્તર સાહેબે પોતાનું શું કર્તવ્ય હતું તેનું સ્પષ્ટીકરણ એમણે પોતે જ સ્વમુખે કર્યું હતું.

એમના દેહવિલયપૂર્વે બે વર્ષ આગળ થએલા સમારંભમાં કોઇ કોઇ સાધકબંધુઓ શંકાનું નિરાકરણ કરવા તેમની પાસે જતા ત્યારે શ્રી માસ્તર સાહેબ જણાવતા કે " ભાઇ ! દૂતનું કાર્ય રામને ઓળખાવવા એ જ છે. એ કાર્ય મેં કર્યું છે. તમને રામ બતાવ્યા છે—ઓળખાવ્યા છે હવે ભગવાન્‌શ્રીસમીપ જઇને સર્વ નિવેદન કરો. પોતાનું સંકેતકાર્ય જે હતું તે દર્શાવ્યું અને હવે એ સંકેત પૂર્ણ થવાનો હતો એ પણ પરોક્ષ રીતે સૂચવી દીધું.

હવે આ પુણ્યચરિતનો અંતિમ ભાગ આલેખતાંપૂર્વે એમના આંતર સામર્થ્યના થોડા પ્રસંગોનું અવલોકન કરી લઇએ. જગત્ જેને ચમત્કાર માને છે એવા અનેક પ્રસંગો આ સંસ્થામાં બનતા, પણ એના પ્રતિ મોહવશ ન થવું તથા ચમત્કારથી જ મહાપુરુષના સામર્થ્યનું માપ કરવું એ યોગ્ય નથી એ આ વર્ગના ઉભય આચાર્યશ્રીનો તથા શ્રી માસ્તર સાહેબનો સિદ્ધાંત હતો, અને તેથી એવા ચમત્કારોની બહાર પ્રસિદ્ધિ થતી નહોતી.

સાધનની સિદ્ધિથી ચમત્કારો કરવાનું સામર્થ્ય પણ શ્રી માસ્તર સાહેબમાં પ્રકટ થયું હતું એ દર્શાવવાઅર્થે બે ત્રણ પ્રસંગોને અત્રે પ્રકટ કરવામાં આવે છે.

સાધકવર્ય શ્રી જમનાદાસભાઇને બી. એ. ની પરીક્ષા આપવાની હતી. એક બે વિષયમાં પાસ થવાની તેમને શંકા હતી. પરીક્ષાના આગલા દિવસે શ્રીમન્નૃસિંહાચાર્યજીને પ્રણામ કરીને એ બંધુ નીચે ઉતર્યા. શ્રી

માસ્તર સાહેબ આશ્રમમાં હતા. તેમની સાથે વાત થતાં એમણે કહ્યું કે 'પરીક્ષા આપો; પેપર ન લખાય તો કોરા કાગળો મૂકીને આવજો.' શ્રી જમનાદાસભાઈએ આજ્ઞાપ્રમાણે થોડું લખીને કોરા કાગળ મૂકી દીધા. પરિણામમાં પાસ થયા.

એક વિદ્યાર્થી સાધકબંધુ બી. એ. ની પરીક્ષા આપવા જતા હતા. જતી વખતે શ્રી માસ્તર સાહેબ તેમની ગાડીઆગળ ગયા અને બે ગુલાબનાં પુષ્પ એ બંધુને આપી ઉત્સાહ આપતાં કહ્યું 'જાઓ! પરીક્ષા આપી આવો. પરિણામના દિવસે નિષ્ફળતા અનુભવતા ખિન્ન હૃદયે શ્રી માસ્તર સાહેબ સમીપ આવ્યા, ત્યારે શ્રી માસ્તર સાહેબે કહ્યું 'સયાજીવિજય ઑફિસમાં તો ખબર કાઢો.' ત્યાં ગયા તો તેમનું નામ પાસ વર્ગમાં આવ્યું હતું.

શાળામાં એમના વર્ગમાં આણંદના કેટલાક વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હતા. નવા વિદ્યાર્થી હોવાથી શ્રી માસ્તર સાહેબને તેમનો સાધારણ પરિચય હતો. એક દિવસે એક વિદ્યાર્થીનો એમનાપર પત્ર આવ્યો. પત્રમાં કોઈનું નામ નહોતું. પત્ર જોતાં તરત જ શ્રી માસ્તર સાહેબ બોલ્યા 'પ્રભુલાલ! હું તો તમારી સમક્ષ જ છું. શા માટે આ કાગળ લખવો પડયો?" કાગળમાં પ્રભુલાલનું નામ નહોતું તેમ તેના અક્ષર પણ નહોતા છતાં આ પ્રમાણે કહ્યું તે જોઈને સર્વને આશ્ચર્ય થયું અને તેમના પ્રતિ સર્વનું અધિક અધિક આકર્ષણ થતું ગયું.

એક સમયે આનંદનો પ્રસંગ હતો. કેટલાક બંધુઓએ નૈવેદ્યની વસ્તુઓ આણી હતી. શ્રી માસ્તર સાહેબને તેની ખબર નહોતી. થોડો ઘણો પ્રસાદ વહેંચાયો એવામાં શ્રી માસ્તર સાહેબે એક બંધુપ્રતિ દૃષ્ટિ કરીને કહ્યું, 'પઉંઆ દૂધ લાવ્યા છો તો લાવો.' ગુપ્તક્રિયા જાણવાની એમની શક્તિ જોઈને એ બંધુને તથા સર્વને આનંદાશ્ચર્ય થયું.

કોઈ પણ રીતે પારકાનું ભલું કરવાની ઇચ્છા શ્રી માસ્તર સાહેબમાં સતત રહેતી. તેથી એક સાધક બંધુને પોતે ભસ્મ બનાવીને આપી હતી. 'ચમત્કારિક ભસ્મ' એ ભાઈ વેચતા. નફો પણ એ જ લેતા. આ ભસ્મથી અનેકને આરોગ્યાદિ પ્રાપ્ત થતાં.

આવા અનેક પ્રસંગો બનતા તે સર્વનું વિવેચન કરવાની અગત્ય નથી. પ્રયત્નથી તથા શ્રી સદ્‌ગુરુના અનુગ્રહથી કેવું અદ્‌ભુત સામર્થ્ય પ્રકટે છે એ દર્શાવવાપૂરતો જ આટલો ઉલ્લેખ કર્યો છે.

શ્રી માસ્તર સાહેબ સર્વદા જ્ઞાનની મસ્તીમાં આરૂઢ રહેતા. સંકોચ, ભય, વગેરે વિકારો તેમનામાં નહોતા.

એક સમયે સાબ્રમતીના કિનારાપર પોતે વ્યાયામ કરતા હતા. એક નાની પોતડી પહેરી હતી. કોઇ અપરિચિત પ્રતિષ્ઠિત સજ્જન પુરુષ તેમને મળવા આવ્યા. શ્રી માસ્તર સાહેબે કહ્યું, અહિં બોલાવો. સજ્જનના ગયા પછી કોઇએ કહ્યું કે, આવો વેષ જોઇને એ શું અનુમાન બાંધશે? શ્રી માસ્તર સાહેબે કહ્યું, "જે અભિપ્રાય બાંધવો હોય તે બાંધે, આપણે શી ચિંતા?"

જ્યારે કોઇ તેમને મળવા આવતા ત્યારે એ કેવા વિચારથી આવ્યા છે તે શ્રી માસ્તર સાહેબના લક્ષમાં આવી જતું. એક દિવસ એક સજ્જન એમને મળવા આવ્યા. પોતાના આરોગ્યમાટે આંદોલનો પ્રેરવા કહ્યું. શ્રી માસ્તર સાહેબે પ્રત્યુત્તર આપ્યો 'મારામાં શક્તિ હોય તો મારું શરીર આવું દુર્બલ રહે?' આમ કહીને આંદોલન પ્રેરવાનો નકાર કર્યો. વ્યર્થ કુતૂહલદૃષ્ટિથી કોઇ આવતા ત્યારે નિર્ભયપણે આવો જવાબ આપતા.

નિયમિત સમયવિના કોઇ અપરિચિત મળવા આવે અને પૂછે કે 'છોટાલાલભાઇ ક્યારે મળશે?' તો પોતે જ જવાબ આપતા કે 'સાંજરે ચાર વાગે મળશે.' પ્રત્યેક સમયની નિયમિતતા જાળવવામાટે સંકોચ-રહિતપણે રહેતા.

શ્રી માસ્તર સાહેબના જીવનનો પંદર વર્ષનો કાળ ભગવાન્‌શ્રીના શરણમાં ગયો હતો. એ ઉભયના સંબંધની અલૌકિકતાનું વર્ણન કરવાની આ લેખિનીમાં શક્તિ નથી. જેવો પરમપૂજ્ય શ્રીમન્નૃસિંહાચાર્યજીનો તથા શ્રી માસ્તર સાહેબનો અદ્‌ભુત સંબંધ હતો તેવો જ સંબંધ પરમપૂજ્ય ભગવાન્‌શ્રી તથા શ્રી માસ્તર સાહેબનો હતો. પૂર્વના નિયમાનુસાર નિત્ય એક પત્ર ભગવાન્‌શ્રીને શ્રી માસ્તર સાહેબ લખતા. શ્રી માસ્તર સાહેબનો ભગવાન્‌શ્રીપ્રતિ કેવો ભાવ હતો તેનું સંપૂર્ણ સ્વરૂપ તો માત્ર નિકટવર્તી જાણી શક્યા છે. પરંતુ સર્વને તે વિદિત

થવાઅર્થે ભગવાનશ્રીપ્રતિના શ્રી માસ્તર સાહેબના અગણિત પત્રોમાંથી બે ત્રણ પત્રોનું આલેખન કરીશું.

વીરમગામ, શનિ.

...શ્રી પરમાત્મન્ !

આપશ્રીનાં બે પરમપાવન પત્રો—એક છંદોવાળું, તથા બીજું ‘ભવિષ્ય જાણવાની વિદ્યા’ અનુસાર સર્વની આવક જાવકને સૂચવતું, એમ બંને પત્રો–આજે યોગ્ય સમયે પ્રાપ્ત થતાં અધિક આનંદ થયો છે. પેલું રંગીન કાર્ડ પણ આજે પ્રાપ્ત થયું છે. તેમાં લખેલા દોહરાના ઉત્તરમાં નિવેદન કરવાનું કે :—

રવિને પ્રકાશતા વસો, રવિમાં આપ સદાય,
ઇચ્છો રવિપ્રતિ આવવા, અકલિત એ લીલાય.
અનવધિ દેશે વિસ્તરી, પણ ધરતા લઘુકાય,
ત્યાં આ લીલા જોઈને, આશ્ચર્ય ન કશું થાય.
શરીરભીતર રહી શરીરને, રક્ષો છો નિત્ય નાથ,
ઓથ શરીરને આપની, સઘળે છે વિખ્યાત.
તોપણ જાણે શરીરની, આપે લીધી ઓથ,—
દર્શાવો છો, અજ્ઞને, બનીને લઘુ ખદ્યોત.
પણ ક્યાં ત્રિભુવનપતિ, વિષ્ણુસ્વરૂપ શ્રીકૃષ્ણ,
ને ક્યાં સાંદીપનિઋષિ, વિતૃષ્ણ ક્યાં સતૃષ્ણ.

છંદોવાળા પત્રનું ઉત્તર લખવા માટે તો બૃહસ્પતિની મતિ પણ કુંઠિત થાય તેમ છે, તેથી મનવડે પ્રણામ કરી વિરમવામાં આવે છે.

અત્ર સર્વના સા. દં. પ્ર.

લિ. છો. ના સપ્રેમ સા. દં. પ્રણામ.

વીરમગામ

...શ્રી પરમાત્મન્ !

આપશ્રીનું ગુલાબી કાગળઉપર લખેલું શનિવારનું પુણ્ય પત્ર આજે સોમવારે સવારની ટપાલમાં, તથા રવિવારનું લખેલું પુણ્ય કાર્ડ આજે બપોરની ટપાલમાં પ્રાપ્ત થતાં, પરમ સંતોષાનન્દ પ્રકટયો છે.

આપશ્રીના પુણ્ય લીલાતનુના આવિર્ભાવના માંગલિક પર્વ દિવસે આ પત્ર આપશ્રીના હસ્તકમલમાં પ્રાપ્ત થતાં, એ જડ વસ્તુ પણ સુભાગ્યવતી ગણાશે, તો જે ચૈતન્યમય નરવરો આપની ચરણધૂલિમાં આ પુણ્ય દિવસે રમણ કરી રહ્યા છે, તેમના સુભાગ્યની તો કયા શબ્દોવડે સ્તુતિ કરવી તે ગમ્ય થતું નથી.

આવા સુપર્વના દિવસોમાં આ વર્ષે જ આપશ્રીના ચરણની અનુપસ્થિતિ અનુભવવાનો કુયોગ આ વ્યક્તિને પ્રાપ્ત થયો છે, તેથી અસંતોષના અંકુરો હૃદયવાટિકાના વિવિધ પ્રદેશોમાંથી બહાર નીકળી આવે છે, અને વાટિકાપ્રતિ તેમને ન પોષવાનો પ્રયત્ન કરતો પ્રતીત થાય છે; અન્યથા તેઓવડે વાટિકાના સર્વ પ્રદેશ પૂરાઈ જઈ, આ સુપર્વનો દિવસ આ વ્યક્તિને કુપર્વરૂપ થઈ રહે, એ સ્પષ્ટ છે.

જે મહોદ્દેશની સિદ્ધિઅર્થે આપશ્રીનું આ ભૂમિઉપર અવતરણ થયું છે, તે ઉદ્દેશની સિદ્ધિનાં બીજકો આપે કૃપા કરી ગયા વર્ષમાં આપમાં શ્રદ્ધાન્વિત જનોમાં રોપ્યાં છે. જળસિંચનવડે ભાવિ વર્ષોમાં તે અંકુરિત થઈ, વૃદ્ધિને પામી ઉત્તમ ફળનાં દાતા થાઓ, એ જ આપપ્રતિ સવિનય યાચના છે.

હિતના સ્વરૂપને તથા હિતની સિદ્ધિના માર્ગને ન જાણનાર આ અવિવેકી જીવો આપશ્રીની અગમ્ય પ્રવૃત્તિના બાહ્ય સ્વરૂપથી વ્યામોહવશ થઈ આપના સંબંધમાં ગમે તેવાં અસદનુમાનો બાંધે છે, તથાપિ જેમને આપના નિર્મળ અન્તઃકરણના સ્વરૂપને ક્ષણવાર પણ જોવાનો આપશ્રીએ અવકાશ આપવા અનુગ્રહ કર્યો છે, તેઓ સર્વ તો સારી રીતે જાણે છે કે આપની પ્રત્યેક પ્રવૃત્તિ સમીપસ્થ જનોના સવિશેષ હિતાર્થે તથા પ્રાણીમાત્રના સામાન્ય હિતાર્થે જ હોય છે.

મધ્યાહ્નને ગગનમાં તપતા સૂર્યને પ્રકાશને પ્રવર્તાવવા કહેવું, બારે માસ ઉભય કાંઠે જળથી પૂર્ણ સરિતાને જળ આપવા યાચના કરવી, કામધેનુને ઈપ્સિત પદાર્થને અર્પવા અનુગ્રહ કરવાની પ્રાર્થના કરવી, અને સ્પર્શમણિને લોહનું સુવર્ણ કરવા વિજ્ઞપ્તિ કરવી, એ જેમ પ્રયોજનરહિત પ્રવૃત્તિ છે–કારણ કે તેઓ સર્વ સ્વભાવથી જ પોતપોતાની મર્યાદાનું આપ્યા જ કરે છે–તેમ આશ્રિત જનોનું નિરન્તર હિતનું દાન કરતા આપશ્રીને આજના

શુભદિને હિતનું દાન કરવા વિજ્ઞપ્તિ કરવી, એ પ્રયોજનરહિત જ પ્રવૃત્તિ છે, તથાપિ જીવોનું જીવત્વ એવી પ્રવૃત્તિઓમાં જ અવલંબન કરીને રહેલું હોવાથી, જીવભાવાપન્ન વૃત્તિ વિનવે છે કે :—

સોરઠા

દેજો હિતનું દાન, જીવને, ઉપેક્ષી દોષને,
અર્પી સાચું જ્ઞાન, ભરજો આ હ્રતકોષને.
રાખી ચરણે નિત્ય, વિમુખ ન કરશો કદી પ્રભો!
અન્તર કરી અભીત, ભય કંપાદિ ભૂલાવજો.

સર્વના સા૦ દં૦ પ્ર૦ લિ૦ છો૦ ના સપ્રેમ સા૦ દં૦ પ્ર૦

નવીન વર્ષ : તૃતીય પ્રહર
૧૯૬૮
વીરમગામ.

...શ્રી પરમાત્મન્!

તત્ર ઉછાળા મારતા આનંદમહોદધિમાં, અત્રસ્થ આનંદસરિતા, આ પત્રરૂપ પ્રણાલિકાદ્વારા, સોત્સાહ આ નવીન વર્ષે આવીને ભળે છે. આનન્દમહોદધિના આનન્દના પ્રમાણમાં તેથી વૃદ્ધિ થતી નથી, અને તો પણ સરિતા પુષ્ટ થાય છે. વીરમગામસુધી ચઢી આવેલી આનંદસાગરની ભરતી ઉતરીને પોતાની મર્યાદામાં સ્થિર થઈ હશે. એ ભરતીના રમણીય હોડા—એક એકથી વધારે ઉંચે ચઢતા તરંગો—પુનઃ અવલોકવા, પુનઃ તેમાં અવગાહન કરવા, પુનઃ તેથી એકમેક થવા વૃત્તિ અત્યંત આતુર હોય એમાં શું આશ્ચર્ય?

× × × માં યજ્ઞ કરનાર × × ના 'એક દિવસમાં આ શું થઈ ગયું,' 'અહિં કંઇ નહોતું, અને ઓચિંતું આ શું થઇ ગયું,' એવા ઉદ્દગારો આ વૃત્તિમાંથી પણ નીકળતા પ્રતીત થાય છે. શૂન્ય સ્થળમાં આપના મહિમાએ એ દિવસ શું પ્રવર્તાવી દીધું, અને પાછું ઓચિંતું આ સ્વપ્ન શી રીતે વિલાઈ ગયું, એ વિચારો વૃત્તિને ખંરૂપ કરી દે છે.

આપ સર્વાધિપતિ ઔદાર્યમૂર્તિપ્રતિ નવીન વર્ષમાં આપના ભક્તો વિવિધ યાચનાઓ કરે છે. આપના ગણાતા આ જનને તો આપે,

'નથી માગવાજેવું કંઇ જે નથી નાથ આપ્યું,
'કૃપા તવ કેમ કરી માપું.'—

એ સૂત્રાનુસાર આપવાયોગ્ય સર્વ આપ્યું છે. વર્તમાનમાં જેની જેની જરૂર જણાય છે તે સર્વ આપો છો, અને ભવિષ્યમાં આવશ્યકતાકરતાં પણ વધારે આપ્યા કરવાના આપના આંતર નિશ્ચયને આપની પ્રત્યેક કૃતિ-દ્વારા આપ સૂર્યપ્રકાશવત્ પ્રકટ કરો છો, તો પછી આ વૃત્તિને ઉપકાર-નિવેદન વિના બીજું કંઇ જ કર્તવ્ય રહેતું નથી. અને તેથી ક્ષણે ક્ષણે આપનાં ચરણમાં નમન કરતી આ વૃત્તિ વદે છે કે,

હે વિશ્વપતિ ! શું વર્ણવું, ઉપકાર આપ અનન્ત

* * * *

આજના મંગલ દિને * * * આપશ્રીના સ્મરણપૂર્વક ગ્રહણ કર્યા હતાં.

* * * *

આપ દાતાઓના દાતા છો; આપના દ્વારથી યાચક નિર્મુખ જતો નથી. આપના દાસનું યાચકપણું તો આપે રાખ્યું છે, અને તો પણ દીર્ઘ કાળથી સંબંધ કરી રહેલું એ યાચકપણું અતિથિરૂપે આ વૃત્તિમાં પ્રાપ્ત થઇ આપના પ્રતિ એક જ યાચના કરે છે, અને તે આપ સ્વીકારશો જ એવો દૃઢ પ્રત્યય છે. પ્રભો ! અમેરિકાની અને લંડનની બેંકો પણ દેવાળાં કાઢે છે; માત્ર આપની જ એક બેન્ક એવી છે કે જે કદી નિષ્ફળ જતી નથી, તથા તે વ્યાજ hundred-fold, thousand- અને million-fold આપે છે. આ વ્યક્તિનાં મમત્વનું તો કંઇ જ નથી, તો પણ અન્યની દૃષ્ટિથી જે કંઇ હોય તો આપ શ્રીપતિની bank માં જ તે જમા રહે એવો આ વૃત્તિનો સદાગ્રહ છે. આપ એ આગ્રહને સ્વીકારશો, એવું સુભાગ્ય વિરલને જ પ્રાપ્ત હોય છે, પણ એ વિરલમાં આ વ્યક્તિને આપ ગણો છો, એ જાણી આ યાચના કરી છે. આપશ્રીની bank ના નિયમો આ વ્યક્તિને યત્કિંચિત્ જ્ઞાત છે, અને તેથી સ્વેચ્છાથી એ બેન્કમાંથી પોતાના મિથ્યાભિમાનના પદાર્થને ઉપાડવા એ કદી પણ પ્રવૃત્તિ કરે એમ નથી; અને તેથી આપશ્રીને જમા માંડતાં કશો વિચાર કરવાનો રહેતો નથી. પોતાના મિથ્યાભિમાનને આ

નવીન વર્ષે આપની bank માં મૂકી દેવું, એના જેવું ઉત્તમ કાર્ય આ વ્યક્તિને આ ક્ષણે અન્ય કોઇ ભાસતું નથી.

......સર્વ સા૦ દં૦ પ્ર૦ સમર્પે છે.

સર્વ બંધુઓનું સ્મરણ વૃત્તિમાં વેગથી થાય છે. * * — **થી** તેમને થયેલી તૃપ્તિથી અહિં પણ તાપનિવૃત્તિ થઈ છે.

મહાકાલમાં મૂકવાના પેલા આપના સુરમ્ય શ્લોકો યથાવકાશે મોકલવા કૃપા થશે.

એ જ વિજ્ઞપ્તિ

લિ. છો૦ ના સપ્રેમ સા૦ દં૦ પ્રણામ.

વીરમગામ પધાર્યાપૂર્વે શ્રી **માસ્તર સાહેબ**ની પ્રકૃતિ ત્રણેક માસથી અતિ અસ્વસ્થ રહેતી હતી, છતાં પોતાના આત્મબલથી શ્રી **મહાકાલ**ના વાર્ષિક અંકો પૂર્ણ કર્યા. ક્રમે ક્રમે પ્રકૃતિએ વિષમ સ્વરૂપ ધારણ કર્યું. આ સમયે ખાસ પ્રસંગવશાત્ **ભગવાન્‌શ્રી**ની સુરતમાં સ્થિતિ હતી. **શ્રી માસ્તર સાહેબ**ના વ્યાધિએ ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું. પરંતુ અસહ્ય વ્યાધિમાં ખુરશીમાં સૂતાં સૂતાં શ્રી **માસ્તર સાહેબ** આત્મચિંતન કરતા અથવા અંતર્મુખ રહી અતિ પ્રશાંત રહેતા હતા. કર્મ, જ્ઞાન તથા ભક્તિનો જેના જીવનમાં સુન્દર સમન્વય થયો હતો એવા શ્રી **માસ્તર સાહેબ** ઇષ્ટભક્તિમાં લીન હતા. પછી **ભગવાન્‌શ્રી**ને પ્રાર્થના પત્ર લખ્યું કે આપ પધારો અને મને કોઇ એકાંત સ્થલમાં લઈ જવાની કૃપા કરો. તત્કાલ વત્સલ **ભગવાન્** **વડોદરે** પધાર્યા અને સર્વ સાધકબંધુઓના આગ્રહથી શ્રી **માસ્તર સાહેબ**નું **વીર**મગામ જવાનું થયું. સર્વની ઇચ્છાને વશ વર્તીને થોડો કાલ ત્યાં રહ્યા. કારણ કે **ભગવાન્‌શ્રી** વિના એકલા રહેવાનું રુચ્યું નહિ. પુનઃ **વડોદરે** પધાર્યા. ધીમે ધીમે પ્રકૃતિ પત્રમાં કરેલી યાચનાના માર્ગે ગતિ કરતી જણાઈ, છતાં પૂર્વના જેવી જ પ્રસન્નતા, શાંતિ, આનંદ તેમના મુખઉપર પ્રતીત થતાં હતાં, અને સર્વને વિનોદ કરાવતા હતા.

શરીરનું સ્વાસ્થ્ય હોય છે ત્યારે તો કેટલાક મનુષ્યો સાધારણ નિરોગ જણાતી શકે છે. પરંતુ મનોબળ, પ્રાણબળ, શરીરબળ કેવલ

ક્ષીણ થઈ રહે છે એવી અંતિમ સ્થિતિમાં ભલભલાનો નિરોધ છૂટી જાય છે અને વિફળ બની રહે છે.

શ્રી **માસ્તર સાહેબે** એક કીર્તનમાં દર્શાવ્યું છે કે "પ્રસન્નતાને કદી ના ત્યજીએ, પ્રસન્ન સઉ સ્થિતિમાં રહીએ" એવી પ્રસન્નતા એમણે અંતિમ કાલપર્યન્ત ધારણ કરી છે. પ્રસન્ન રહીને વિરમ્યા નથી પણ નિકટવર્તીને સુપ્રસન્ન રાખ્યા છે એ પ્રસંગને વિચારીએ.

દેહવિલયપૂર્વે ચાર પાંચ દિવસપહેલાં કોઇ કારણવશાત્ **ભગ**વાન્‌શ્રીને **મુંબઇ** પધારવાનું હતું. સામાન સ્ટેશને પહોંચ્યો હતો, અને ઇષ્ટશ્રી પ્રયાણ કરવાની તૈયારીમાં હતા. એટલામાં શ્રી **માસ્તર સાહેબે** જણાવ્યું કે **ભગવન્**! ત્રણચાર દિવસ પછી જો બની શકે તો પધારો. **ભગવાન્‌શ્રીએ** તત્કાળ પધારવાનું બંધ રાખ્યું. સર્વ શ્રી **માસ્તર સાહેબ**–પાસે આવીને બેઠા. પોતે તો અંતરથી **પ્રસન્ન** જ હતા, પરંતુ **ભગવાન્**શ્રીએ પધારવાનું બંધ રાખવાથી પોતાની પ્રકૃતિમાટે સર્વને અધિક ચિંતા થશે તેથી ચિંતાજનક વિચારોને પલટવા સર્વને પ્રસન્ન કરવા-અર્થે કેટલીક આનંદવાર્તા કર્યાપછી શ્રી **જડાવબાને** કહ્યું કે ઘરમાં જો કંઇ ખાવાનું હોય તે લાવો. આજે તો પ્રકૃતિ સારી છે. ખાવાની કોઇ પણ વસ્તુ ન હતી. માત્ર થોડી ધાણી તથા મગજના બે કકડા હતા તે આવ્યાં. શ્રી **માસ્તર સાહેબે** વિનોદ કરતાં સર્વને ધાણી ખવડાવી અને યત્કિંચિત્ પોતે પણ ગ્રહણ કર્યું.

પૂર્વે આવો આનંદ કદી પણ અનુભવ્યો નથી એવા આનંદનું ભાન સર્વને થયું. થોડી ક્ષણો પૂર્વના ખિન્ન હૃદયોમાં પ્રસન્નતાના ઓઘ ઉડયા. પરંતુ દુર્ભાગ્યે શ્રી **માસ્તર સાહેબ**સાથેના આવા વિલક્ષણ આનંદની આ અંતિમ રાત્રિઓ–અંતિમ ક્ષણો જ હતી.

આ સામાન્યસરખા બનેલા પ્રસંગમાં પણ શ્રી **માસ્તર સાહેબ**નું નિરોધબલ તથા અન્યને પ્રસન્ન રાખવાની ઇચ્છા–પ્રયત્ન કેટલી ઉંચી કક્ષાનાં હતાં તેનું ભાન અવશ્ય વાચકવર્ગને થશે જ.

શ્રી **માસ્તર સાહેબે** અનેક વ્યાધિના પ્રસંગોમાં અદ્‌ભુત મનોબળ દર્શાવ્યું હતું તેવું જ મનોબળ જીવનની છેલ્લી ક્ષણસુધી દર્શાવ્યું હતું.

તેમના દેહાવસાનપૂર્વે બે ત્રણ દિવસપહેલાં તેમના પગને ગરમ

પાણીમાં બોળવાના હતા. ત્વચા જરા પણ ગરમ પાણીને સહન કરી શકતી નહિ. જે વાસણમાં પગ મૂકવામાં આવ્યા હતા તે વાસણમાં વધારે ગરમ પાણી પડી ગયું, જે આરોગ્યવાળા મનુષ્યને પણ વિશેષ પડતું ગરમ લાગે. પાણી ગરમ પડતાં તત્કાલ તેમણે પગ બહાર કાઢી લીધો, અને પાણી ઘણું ગરમ છે એમ જણાવ્યું. પરંતુ તેની બીજી જ ક્ષણે એ જ સ્મિતવદનપૂર્વક બોલ્યા કે 'એ તો મિથ્યા દેહાસક્તિ, મનની નકામી વિકલતા! પૂર્વકરતાં પણ વધારે ગરમ થયેલા પાણીમાં પુનઃ પગ બોળતાં મૃદુ હાસ્યે એટલું જ બોલ્યા કે **साक्षी चेता केवलो निर्गुणश्च.**

આવા પ્રસંગોમાં પણ શ્રી **માસ્તર સાહેબ**ના ક્રિયાત્મક તત્ત્વવિચારને જોઈને સર્વ કોઇ દિઙ્મૂઢ બની જતા.

મહાપુરુષોની નિરભિમાનતા તથા અન્યમાં શુભ દૃષ્ટિ કેવી ઉત્તમ પ્રકારની હોય છે તેનું દર્શન પણ આ બે ત્રણ દિવસમાં શ્રી **માસ્તર સાહેબે** કરાવ્યું.

અનેક સાધક બંધુઓ તેમની શુશ્રૂષામાં અખંડ રહેતા હતા. તેમને કોઇપણ પ્રકારે દુઃખની લાગણી ન થાય તે માટે આ સમયે શ્રી **માસ્તર સાહેબ** પૂર્વકરતાં પણ અધિક વિનોદ કરતા અને કરાવતા.

સર્વ બંધુઓ એકત્ર થઇને બેઠા હતા. **ભગવાન્‌શ્રી** પણ ત્યાં વિરાજતા હતા. બેઠેલા સમૂહમાંથી બેત્રણ બંધુઓપ્રતિ દૃષ્ટિ કરીને શ્રી **માસ્તર સાહેબ** વદ્યા 'ભાઈ! તમે તો દેવ છો. વળી એકને કહ્યું: "You are an angel in disguise". એક બંધુને કહ્યું ભાઈ! મને પ્રાપ્ત કર્તવ્યને લીધે તમને કંઇ પણ કહેવાયું હોય તો મને ક્ષમા કરજો. **ભગવાન્‌શ્રી**પ્રતિ દૃષ્ટિ સ્થાપીને નમ્રભાવે વદ્યા 'આપ તો પ્રભુ છો.'

ક્યાં એમની સ્થિતિ ને ક્યાં આ બંધુઓની સ્થિતિ! છતાં તેમના પ્રતિના આ હૃદયોદ્‌ગાર એ જ એમની મહાનુભવતા, વિશિષ્ટતા જે કંઇ કહો તે.

આ વચનો સર્વ સજલ નેત્રે શ્રવણ કરી રહ્યા. શ્રી **માસ્તર સાહેબ**ની મહાનુભવતાના ચિંતનમાં લીન થતા અને આ અંતિમ વચનો સદાય છે એ ભાનથી ખિન્નતાને અનુભવતા.

શ્રી **માસ્તર સાહેબે** સમગ્ર જીવન સદ્‌ગુરુની શુશ્રૂષામાં જ ગાળ્યું હતું. ગુરુના ગૃહને પોતાનું અને પોતાના ગૃહને પારકું જાણ્યું હતું.

આશ્રમના એક મકાનમાં પોતે નિવાસ કરતા હતા. સ્થૂલ દૃષ્ટિએ એ એમનું ગૃહ મનાતું. એ ગૃહને પણ છોડી દેવાને ભગવાન્શ્રીના નિવાસ-સ્થાનમાં પોતાને લઈ જવાની ઇચ્છા દર્શાવી. દેહાવસાનના એક દિવસ-પૂર્વે એ સ્થાનમાં શ્રી માસ્તર સાહેબે સ્થિતિ કરી.

ક્રમે ક્રમે શરીરની સ્થિતિ અત્યંત દુર્બલ થતી ચાલી, પરંતુ પોતે તો પૂર્વવત્ આનંદ, પ્રસન્નતા વિગેરે પ્રસરાવતા.

દેહાવસાનના એક દિવસપૂર્વે તો તેમના નેત્રના અભિમાનીએ પોતાનું સ્થાન છોડવા માંડયું હતું. સામાના સ્વરથી એ કોણ છે તે ઓળખીને પ્રસન્નતાથી ઉત્તર આપતા. સર્વ કોઇ નિકટ બેઠા હતા.

શ્રી માસ્તર સાહેબને ભૂમિઉપર હાથ ફેરવતા જોઇને પરમપૂજ્ય ભગવાન્શ્રીએ કહ્યું 'સાહેબ, શું જોઇએ છે.' એના ઉત્તરમાં શ્રી માસ્તર સાહેબ વદ્યા કે, ભગવાન્! હવે શું જોઈએ? આપની કૃપાથી પ્રાપ્તવ્ય, જ્ઞાતવ્ય પ્રાપ્ત થયું છે. હવે તો આપનો હાથ આ શિરપર મૂકો, એમ વદીને ભગવાન્શ્રીનો હસ્ત ઝાલીને પોતાના શિરપર મૂકાવ્યો. આ જ એમની અંતિમક્રિયા, અંતિમ શબ્દો, અંતિમ ચેતનવાળી ચેષ્ટા. કલાક બે કલાક પશ્ચાત્ આ જાગ્રત્ અભિમાની સંવત ૧૯૬૮ના માર્ગશીર્ષ કૃષ્ણ ૫ ને રવિવારે મધ્યાહ્નને પોતાના મૂળ સ્વરૂપમાં લીન થઈ ગયો. પરમ પ્રીતિપાત્ર શ્રીમાન્ વિશ્વવંદ્યનું તિરોધાન થયું!

શ્રીમાન્ વિશ્વવંદ્યના જીવનચરિતમાંના સમગ્ર અંશો માનવ જીવનને ઉત્કૃષ્ટ બનાવી શકે તેવા છે. એ ચિન્તનદ્વારા તેમના ગુણાદિનું અવધારણ કરવું એ જ વાચકનું કર્તવ્ય છે.

પૂર્વે જણાવ્યું છે તે પ્રમાણે આ જીવનચરિત પૂર્ણ નથી. સ્મરણ શક્તિમાં જે જે ઉપસ્થિત થયું તે જ માત્ર આલેખાયું છે. આવા પુરુષોના થોડા પણ જીવનપ્રસંગોનું સ્મરણચિંતન વાચક તથા લેખકની શુદ્ધિ સાધે છે એ વિચારથી યત્કિંચિત્ પ્રયત્ન સેવાયો છે.

શ્રીમાન્ વિશ્વવંદ્યગુણાનુરાગી કોઇ વિદ્વાન્ બંધુ જ્યાં સુધી શ્રીમાન્ વિશ્વવંદ્યનું વિસ્તૃત જીવનચરિત નહિ આલેખે ત્યાં પર્યન્ત આ આલેખાયલા પ્રસંગોનું સ્મરણચિંતન કરી કૃતાર્થ થઈશું.

શ્રીમાન્ વિશ્વવંદ્યના વિસ્તૃત જીવનચરિતનાં દર્શન કરવાનો સુયોગ પરમાત્મા શીઘ્ર અર્પો એ જ શુભેચ્છાસહ આ પુણ્ય કર્તવ્ય સમાપ્ત થાય છે.



[illegible]

श्रीमद् उपेन्द्राचार्यजी

॥ ॐ ॥

॥ तत् सत् ॥

॥ श्रीसद्गुरवे परमात्मने नमः ॥

श्री विश्ववंद्यविभूतिवैभव.

दिव्य–दर्शन

પ્રકૃતિના પાટવીસમું, આત્માના અંકુરસમું, સુકૃતિના સાૈન્દર્યસમું, તપના કૌમારસમું, હંસના આરક્ત પીછાંસમું, ખીલવાની તૈયારીવાળા બટ મોગરાની કળીની સુવાસસમું, જગત્ કુંડમાં કો કમલસમું પથરાતું, પ્રાણ-પૂર્ણ પ્રભાત, ઉલ્લસિત પ્રભાત, શરત્ કાલના નવધાન્યસમું પ્રભાત, કોઇના દર્શને જતું હતું—કૃતાંજલિભર્યું જતું હતું. હાથમાં પુષ્પને સ્થાને આછાં -કુમળાં રવિ–રશ્મિ હતાં. જાણે કે યજ્ઞશાલામાં પ્રવેશ કરતો બ્રહ્મચારી—રવિરશ્મિનાં સમિધ્સહ. જાણે કોઇ દેવની આરતિ ઉતારવા જતો ભક્ત—

રવિરશ્મિની જ્યોતિઓવડે. જાણે શિવબાણુને ન્હવડાવવા રવિપ્રભાનાં આછાંપાતળાં નીર ભરી કાંધે કાવડ લઈ જતો તપસ્વી. જાણે કે રવિઆભાનો અભિષેક કરવા જતો બ્રહ્મદેવ. જાણે તૈજસનાં કિરણકુસુમે વધાવવા જતો કો હર્ષઘેલો દેવદૂત !

મધ્યરાત્રિની સરિતાની શાન્ત ગતિસમો, દેવમન્દિરમાં આછા આછા ફેલાતા ધૂપસમો, કો ગન્ધર્વના દૂર દૂરથી આવતા મીઠા નાદસમો, બાલકની પીઠઉપર માતાના શાન્ત, વત્સલભાવભર્યા મન્દ–મન્દપણે ફરતા હાથસમો, અમૃત સારતી શ્રોતૃહૃદયને પરમ પ્રશાંત બનાવતી મહાત્માના આત્માની ગંભીર વાણીસમો, બાલકના માથાઉપરના આછા આછા વાળના ઉડવાસમો, મન્દ ડોલતી ડાળીસમો, કોઇના ઘરમાં છુપા છુપા પ્રવેશતા ચોરના શાન્ત ધીમા પદસંચારસમો, અતિમૃદુતાથી, સૌમ્યભાવે, મૌનપણે, હળુહળુ પોતાની પ્રભા પ્રસારતા ચન્દ્રસમો વાયુ ત્યાં વહ્યો આવતો હતો. પ્રત્યેક લહરીવડે ત્યાં કોઇઉપર ઓવારી જતો હતો.

ક્યાં ?

ગુપ્તસરસ્વતીસમી સાત્ત્વિકતાની સરિતાના તીરે, શાન્તિનાયસીમાપ્રાન્તમાં સોહાતો, રંકતાવડે આર્ષ રંગ રંગતો, વૈભવવિહોણો છતાં ગૌરવભર્યો, સૌન્દર્યવિહોણો છતાં આનન્દભર્યો, કાંતિવિહોણો છતાં શાંતિભર્યો, ઓજસ્વિતાવિનાનો છતાં વર્ચસ્‌ભર્યો, ઉપાધિવિનાનો છતાં ઉત્તમતાભર્યો; રાજરાજવીને નહિ પણ રાજરાજવીનાય હૃદયરાજવીને આકર્ષતો, ધનસ્વામિને નહિ, પણ મનસ્વામિને મુગ્ધ કરતો, પ્રકાશરહિત છતાં ભારતવર્ષને ઉજાળતો, પૃથ્વીના પ્રાણુસમો એક આશ્રમ હતો. ત્યાં રૂપસૌન્દર્ય નહોતું, રસસૌન્દર્ય હતું; ત્યાં સુમનસુગન્ધ નહોતો, સંયમસુગન્ધ હતો; ત્યાં દીપદ્યુતિ નહોતી, અદસ્ય દિવ્ય દ્યુતિ હતી; ત્યાં પુષ્પપરિમલ નહોતો, પ્રભુતાપરિમલ હતો; ત્યાં મિષ્ટ પ્રસાદ નહોતો, ઇષ્ટપ્રસાદ હતો; ત્યાં વિશ્વવૈભવ ન હતો, વૈરાગ્યવૈભવ હતો.

એમાં કો હતો ?

ફલમાં બીજસમો આશ્રમમાં આશ્રમી હતો. અંતરના આત્માસમા આશ્રમમાં મહાત્મા હતો. દેહના પ્રાણુસમો, ચક્ષુની દર્શનશક્તિસમો, ગુલાબની ગુલાબીસમો, સિન્ધુની ગહનતાસમો, પતિવ્રતાની પવિત્રતાસમો,

ચાંદનીની ધવલતાસમો, સાધુજનની સત્કીર્તિસમો, યજ્ઞની વિભૂતિસમો, જીવનની સિદ્ધિસમો હતો એ આશ્રમી.

પદ્માસનબદ્ધ હતો, જાણે બુદ્ધનોએ આદર્શ! તે પૃથ્વીમધ્યનો મેરુ હતો. નભોમંડલનો ધ્રુવ હતો. યોગીનો એ કુંભક હતો. જ્ઞાનીનો એ નિશ્ચય હતો. નિશ્ચલ હતો–સત્પુરુષવચનસમો, પવિત્ર—સત્યસમો, નિર્લેપ–વ્યોમસમો, નિશ્ચેષ્ટ—આત્માસમો, નિગૂઢ—વેદરહસ્યસમો, આર્દ્ર—ચન્દ્રકાન્ત મણિસમો, કર્તા છતાં અકર્તાજેવો, દેખાતા છતાં ન દેખાવાજેવો, જણાતા છતાં ન જણાવાજેવો, લૌકિક છતાં અલૌકિક હતો!

બલના સંચારવિના સહજરૂપે ડાબો હાથ ડાબા ઢીંચણ્પર ટેકી રહ્યો હતો–પરિપક્વ થવા આવેલું ફલ ડાળીને સહજ સ્પર્શી રહે તેમ. પદ્માસનની સ્થિતિમાં બે ઢીંચણની મધ્યના અવકાશમાં, પ્રભુને ગુંથી લેવાની જાળસમી સ્મરણીઝાલેલો જમણો હાથ આવી રહ્યો છે. સુષુમ્ણાને ચાળવતા યોગીની ઇડાપિંગલા જેમ શાન્ત સ્થિર હોય તેમ માળા અને હાથ બંને સ્થિર! કાર્ય સિદ્ધ કરી આવેલા નિશ્ચિન્ત પથિકે ઢોલીયામાં સ્વસ્થ શાન્ત ઢાળો ઢાળ્યો હોય તેવાં નેત્ર બંધ હતાં–બીડાયલાં કમલસમાં. ગ્રીવા ન નીચી ન ઉંચી—સમધારણ ત્રાજવાની પેઠે સમસ્થિત.

અસ્ત પામતો સૂર્ય સહજભાવે ક્ષિતિજમાં ઢળી પડે, બાણઉપર માખણનો પિંડો મુકતાં સહજસ્વભાવે તે શિવપિંડીઉપર ઢળી રહે–પથરાઈ રહે, તેમ નેત્રનાં પોપચાં સહજ સ્વાભાવિક–નિમીલિત છે. મેરુદંડ સીધો છે—વસિષ્ઠના બ્રહ્મદંડસમો—અભિમાની પુરુષની અહંવૃત્તિસમો. બ્રહ્મવર્ચસૂભર્યું ભાલ–સર્વૈશ્વર્યસંપન્ન રાજરાજેશ્વરનું જાણે સિંહાસન, હિમાચલનું કૈલાસશિખર. ભ્રૂમધ્ય અવિચલ–સમુદ્રગર્ભસમું નિઃસ્પન્દ.

અને ઘનતાભર્યા અગર્જન મેઘસમું ગંભીર મુખ! દેહનું પ્રત્યંગ સ્વસ્થ, તંગરહિત–તરંગરહિત તળાવસમું–અદ્ધર પકડી રાખેલી સાંકળીસમું–સીધું છતાં સખ્ત નહિ. પ્રત્યંગનો પ્રત્યંશ લીનતામાં ઢળેલો–યોગનિદ્રામાં શમેલા જાણે વિષ્ણુભગવાન્. અને છતાંય સુસ્થિર–ચેતન છતાં સંપૂર્ણ નિશ્ચેષ્ટ.

મન્દ ગતિભર્યો પ્રાણ—જાણે આકાશવહેતો શનિ. કૂપમાં જલની ભીતર ઉંડે ઉતરતા ઘટસમું ચિત્ત અંતરાલ પ્રવેશી બને છે. તરનાર આખી જબરી નદી તરી પાર પહોંચીને ઉદ્દેશ સિદ્ધ થતાં રેતીમાં પડે

તેમ, પરાથી પાર વહી સ્વસ્થભાવે શમતી બુદ્ધિ, સર્વ કાંઈ ભૂલી કૃષ્ણ-પ્રતિ વહેતી ગોપીઓસમી નિતાન્ત શાન્ત થવા શમતી ઇન્દ્રિયો, પૂર્ણ તૃપ્ત સિંહના શયનસમું, અમૃતસંતૃપ્ત દેવોના અંતરસમું, કોઈ ગરવા ચેનભર્યું, 'અજર નિશો' કરેલું મન. રાણીઓને સુરેશસહ પોતાનામાં શમાવતા અંતઃપુરસમું—ઇન્દ્રિયોસહિત મનને નિજમાં વિલાવતું હૃદય—અહો! એનાં તે શાં કથન કથ્યાં જાય!

દેહમન્દિરનો દેવસ્વામી છતાં અતિથિસમો વર્તતો સહુથી અસ્પૃષ્ટ અભિમાની, ગગને વિમાન સંચરે, તેમ મૂર્દ્ધે વહી રહ્યો છે—વિજેતા ગઢ-ઉપર ચઢે તેમ, તુકારામ સદેહે સ્વર્ગે વહે તેમ. હવાઈ ઉંચે ચઢી આકાશમાં વ્યાપી જાય—ત્યાં જ લુપ્ત થઈ જાય તેમ, અહો! સ્વસ્વરૂપભર્યા મૂર્દ્ધાકાશમાં અભિમાની વ્યાપતો અને—

અને નથી જણાતું આગળનું! આ મન્દ કલ્પના અને મન્દ વાણીવડે આલેખાયલું **શ્રી વિશ્વવંદ્યનું** ધ્યાનસ્થ સ્વરૂપ! અહો ધન્ય એ દર્શન, ધન્ય એ દ્રષ્ટા!

નૃસિંહહૃદયનું આ તો એક અણુ! ત્યારે તે તો!... ...

॥ ॐ श्री ॥

શ્રી માસ્તર સાહેબ વિહોણા આપણે.

શ્રી વિશ્વબંધાનુરાગી પ્રિય બંધુઓ,

સાત વર્ષપૂર્વનો આ જ તે દિવસ કે જે દિવસે શ્રેયસ્સાધકવર્ગના અગ્રણી સાધક-વરિષ્ઠ નરરત્નનું તિરોધાન થયું; આ જ તે દિવસ કે જે દિવસે શ્રેયસ્સાધકવર્ગનો શિરોધાર્ય અલંકાર ભસ્મીભૂત થયો; આ જ તે દિવસ કે જે દિવસે શ્રેયસ્સાધકવર્ગનો ગૌણ છતાં પ્રધાન ચાલક પોતાના કારણમાં શમાયો; આ જ તે દિવસ કે જે દિવસે શ્રેયસ્સાધકવર્ગના એક અમૂલ્ય હૃદય-મણિને છીનવી લેવામાં આવ્યો; આ જ તે દિવસ કે જે દિવસે શ્રેયસ્સાધકવર્ગની ગગનવિહારી વિજય-પતાકા વૃષ્ટિજલથી ભીંજાઈ, શિથિલ બની; આ જ તે દિવસ કે જે દિવસે શ્રેયસ્સાધકવર્ગના ઇતિહાસનો ઉપનાયક દૃષ્ટિથી અગોચર થયો; આ જ તે દિવસ કે જે દિવસે સાધનસંગ્રામમાં સંપૂર્ણ યશશ્રીની વરમાલાને વરેલો શ્રેયસ્સાધકવર્ગનો વીર નેતા પોતાના સંકેત-કર્તવ્યની સિદ્ધિપૂર્વક વિશ્વના અધીશ્વરના અંકમાં વિહાર કરવાને ચાલ્યો ગયો; આ જ તે દિવસ કે જે દિવસે શ્રીકૃષ્ણરૂપ શ્રેયસ્સાધકવર્ગનું હૃદય-વૈદૂર્ય ઝુંટવી લેવાયું; આ જ તે દિવસ કે જે દિવસે શ્રેયસ્સાધકવર્ગની ચૈતન્ય-રેષા ખંડિત થઈ; આ જ તે દિવસ કે જે દિવસે શ્રેયસ્સાધકવર્ગના આનન્દ ઇન્દુઉપર અભ્ર છવાયું; આ જ તે દિવસ કે જે દિવસે શ્રેયસ્સાધકવર્ગરૂપ

સૂર્ય હૃદયવ્યથારૂપ રાહુથી ગ્રસાયો; આ જ તે દિવસ કે જે દિવસે શ્રેયસ્સાધકવર્ગરૂપ વજ્ર–દુર્ગ ભેદાયો; આ જ તે દિવસ કે જે દિવસે શ્રેયસ્સાધકવર્ગ ઉપર મર્મભેદક તીવ્ર પ્રહાર થયો; આ જ તે દિવસ કે જે દિવસે શ્રેયસ્સાધકવર્ગને પોતાના ઇષ્ટશ્રીનો વિરહ પોતાના સમગ્ર જીવનકાલમાં વધારેમાં વધારે સાલ્યો; આ જ તે દિવસ કે જે દિવસ શ્રેયસ્સાધકવર્ગના ઇતિવૃત્તના પૃષ્ઠમાં શ્યામવર્ણે આલેખાયો; સ્વલ્પમાં, આ જ તે દિવસ કે જે દિવસે શ્રેયસ્સાધકવર્ગ, અરેરે ! **શ્રીમાસ્તરસાહેબ**વિહોણો થયો!

બંધુઓ, આજનો તે દિવસ છે કે જે દિવસે એક સાચા શ્રેયસ્સાધકે પોતાના પરમાર્થમાર્ગના એક બલવાન્માં બલવાન્ સહાયક–સહગામીને ગુમાવ્યો; આજનો તે દિવસ છે કે જે દિવસે સાચા શ્રેયસ્સાધકના ધૈર્યરૂપ મેરુને પણ ચલાયમાન થવાસરખો પ્રસંગ આવ્યો; આજનો તે દિવસ છે કે જે દિવસ સાચા શ્રેયસ્સાધકના અન્તઃકરણને નિરાધારતાનું ભાન કરાવનાર થયો; આજનો તે દિવસ છે કે જે દિવસે સાચા શ્રેયસ્સાધકને પોતાનો ચૈતન્ય–દીપ જાણે નિર્વાણ પામતો હોય તેના જેવો અનુભવ થયો; આજનો તે દિવસ છે કે જે દિવસે એક સાચા શ્રેયસ્સાધકના હૃદયને આઘાતપૂર્વક એમ થયું કે **શ્રીમાસ્તરસાહેબ**ના સદૈવ વિયોગના કાલમાં આજનો દિવસ તે તેનું આરંભક અમંગલાચરણ.

બંધુઓ, સપ્ત વર્ષપૂર્વેના આજના દિવસે જ આપણને એમ લાગ્યું કે આપણે આપણામાંના કોઇ અમૂલ્ય તત્ત્વને ખોયું છે. આપણને આ જ દિવસે એમ ભાન થયું કે આપણા એક પરમપ્રિય સદાને માટે ચાલ્યા ગયા. આ જ દિવસથી આપણને એક એવા પ્રકારનો નિર્વેદ પ્રકટ્યો કે જેણે આપણા પ્રફુલ્લ રહેતા જીવનપુષ્પને તત્કાલ કરમાવી નાંખ્યું. આપણને સાત વર્ષપૂર્વના આ દિવસના મધ્યાહ્નોત્તર થોડી ક્ષણ પછી જ સમજાયું કે આપણા જીવન–રસની ધારા સુકાઇ ગઇ, ઉત્સાહની છાયા વિલાઇ ગઇ, આશાનું જ્યાં ત્યાં ભળાતું અજવાળું અળપાઇ ગયું, પ્રગતિનું રશ્મિ ઝાંખું પડી ગયું, આપણું ઉલ્લસિત ભાવનામન્દિર વિશીર્ણ થઇ ગયું, અને આપણો પ્રવૃદ્ધિકારક વેગ વિરમી ગયો. બંધુઓ, જીવનમાં તે જ દિવસે આપણને પ્રથમ સમજાયું–આપણા પોતાના માટે એમ લાગ્યું કે હરિ! હરિ! આજથી જગતમાં **શ્રીમાસ્તરસાહેબ**વિહોણા આપણે!

બંધુઓ ! આના પરિણામે શું થયું ? તે દિવસથી આપણને આગળ વધવાની ગતિમાં વેગને સ્થાને મંદતા ભાસવા લાગી, ગંતવ્ય–માર્ગ સરળને બદલે અસરળ જણાવા લાગ્યો, જીવન–ક્રમ સુગમને બદલે અસુગમ થતો ગયો, અંતઃકરણમાં વિશાલતાના સ્થાનને સંકોચે લઈ લીધું, પ્રસન્નતાના સ્થાનકે નિર્વેદની કૃષ્ણમૂર્તિ ખડી થઈ ગઈ, ઉત્સાહ નિરુત્સાહમાં પલટાઈ ગયો, ટુંકામાં આપણું જે કાંઇ હતું તે સર્વમાં મહદવસ્થાંતર થઈ ગયો. અને આપણે કે જે ‘ માસ્તરસાહેબવાળા ’ હતા તે ‘ માસ્તરસાહેબવિહોણા ’ થઈ રહ્યા.

શબ્દમાં માત્ર ‘વાળા’ અને ‘વિહોણા’ નો ભેદ થવા છતાં આપણી સ્થિતિમાં આસ્માનજમીનજેટલો ભેદ પડી ગયો. ‘ શ્રીમાસ્તરસાહેબવાળા આપણે ’ હતા ત્યારે આપણે કેવલ નિર્ભય, મસ્ત–કહો કે જરા ઉચ્છૃંખલતાની મર્યાદામાં આવી જઈ એ, તેટલે સુધીની મસ્તીવાળા પણ હતા. આપણો કર્તવ્ય–પંથ આપણે વેગથી, શ્રદ્ધાથી, એકલક્ષિત રહીને, રસપૂર્વક, ઉત્સાહિત અંતઃકરણથી કાપતા. આપણા અંતઃકરણમાં બલવાન્ આત્મ-ઉદ્ધરણની જિજ્ઞાસા રહેતી. આપણી વૃત્તિઓ ઉચ્ચકક્ષાવાળી ભૂમિકામાં વિહાર કરવા સર્વદા તત્પર રહેતી અને કેટલોક કાલ કરતી પણ ખરી. આપણી ઇન્દ્રિયો સન્માર્ગગામી થવા તથા રહેવાને આતુરતા દર્શાવતી તથા તદનુકૂલ પ્રયત્ન પણ સેવતી. આપણી વાણીઉપર સહસા નિરોધ રહેતો. આપણા અંતઃકરણના દુર્બલ તથા કાલુષ્યવાળા ભાવોને બહાર પ્રદર્શિત કરવામાં આપણને ભૂલ જણાતી, તથા તેમ કરવા જતાં આપણને અંતર્માં સ્વભાવથી જ સંકોચ અને ભયનું ભાન થતું તથા તે જ પ્રમાણે અન્યના મિથ્યા આક્ષેપોને સહન કરવાનું અથવા તેની ઉપેક્ષા કરવાનું આપણામાં અપ્રતિમ સામર્થ્ય પ્રતીત થતું. આપણને અવિહિત માર્ગે વહી જતા અટકાવવાને માટે આવશ્યક એવું કોઇ એક પ્રકારનું સૂક્ષ્મ બંધન, આપણને આપણી આસપાસ જણાતું. આપણે ગમે તેવી નિષિદ્ધ પ્રવૃત્તિ સેવીશું તો આપણને કોઇ પૂછનાર છે એવું આપણા મનમાં અખંડિત રહેતું. સ્વલ્પમાં આપણા અધિકારને યોગ્ય આચરણ કરવામાં આપણને સર્વદા જાગ્રતિ રહેતી અને આપણા અધિકારથી બહારનું કોઇ પણ અઘટિત આચરણ કરતાં આપણને આપણું મન ખૂંચતું–ડંખતું, તથા તેવું કાર્ય કરતાં આપણે તેનો ઉત્તર દેવો પડશે એમ આપણું હૃદય સારી રીતે

સમજતું. આપણું હૃદય કોઇ ઉપરિ સત્તાને અધીન છે એમ તે જાણતું અને અનુભવતું. આપણામાં તે કાલે જેમ સ્વાતંત્ર્ય અધિક હતું, તેમ ઉન્માર્ગગામી થવામાં પારતંત્ર્ય પણ અધિક હતું.

'**શ્રીમાસ્તરસાહેબવિહોણા આપણે**' થતાં આ પ્રકારની સર્વ સ્થિતિ –પરિસ્થિતિનું રૂપાંતર થઇ ગયું. આપણા વિકાસમાર્ગપ્રતિની આપણી પૂર્વની દીર્ઘદષ્ટિ સંકુચિત થતી ગઇ, આપણને અંતર્મુખતા સિદ્ધ કરાવનાર સાધનો સાધવામાં શિથિલતા પ્રકટ થતી ચાલી, અને બહિર્મુખતા કરનારાં કાર્યો પ્રધાનપણે સધાતાં ચાલ્યાં; આપણાં પરસ્પરનાં સ્નેહ–બંધનો ઢીલાં થતાં ગયાં અને ઉપેક્ષાવૃત્તિ અનુચિતપણે વિકાસ પામતી ગઇ; પરસ્પરનો નિઃસ્વાર્થ સંબંધ શિથિલ થયો, અને સ્વાર્થસંબંધ કંઇક અધિક રૂપમાં પ્રકટ થયો; પરસ્પરમાં અધ્યાત્મ–સંબંધની ન્યૂનતા થઇ અને લૌકિક સંબંધ અથવા વ્યવહાર–સંબંધને આપણી વૃત્તિએ મુખ્ય માનવા માંડયો. આપણી જ્ઞાન–પિપાસા અતૃપ્ત રહી, આપણા આંતરબલની વૃદ્ધિપ્રતિ આપણો અલક્ષ થવા માંડ્યો; આપણા મનઃસામર્થ્યની વિવૃદ્ધિ તથા સંયમમાં આપણો પ્રમાદ થવા માંડ્યો; આપણા ભવિષ્યનું જીવન–મન્દિર ચણનારી ઇંટો કાચી રહેવા લાગી; તેનો પાયો દોદળો થવા લાગ્યો, અને તેના ઘાટમાં સુન્દરતાને સ્થાને કુરૂપતાનું દર્શન થવા લાગ્યું. કિં બહુના, સૂક્ષ્મમાં એ જ કે આપણા સર્વ અંશથી આપણે ગગનવિહારી ન થતાં ભૂમિત-લસ્પર્શી થવા લાગ્યા. આપણામાંના ક્વચિત્ વિરલે પોતાના વિશેષ વિકાસને સાધ્યો. કેટલાક લગભગ જ્યાંના ત્યાં રહ્યા. જ્યારે મોટો ભાગ આગળ વધવાને બદલે પાછળ પડવા લાગ્યો. સહજ સહજમાં ટીકા કરવાની ટેવ પુષ્ટિને પામતી ગઇ, અને તેના પરિણામે આપણે આપણને જ દુભાવ્યા, આપણે આપણા ઉપર જ પ્રાણઘાતક શસ્ત્ર વાપર્યું.

આપણો આ પ્રકારનો સ્થિતિ–ભેદ થવામાં મુખ્ય હેતુ આપણને એ જ જણાય છે કે **શ્રીમાસ્તરસાહેબ**વિનાના આપણે થઇ રહ્યા. પરંતુ એ પ્રકારની સ્થિતિ, સ્થૂલ દષ્ટિથી તો હવે નિત્યની થઇ રહી છે, તો શું આપણે હવે આપણા જીવનમાં પ્રગતિના ચન્દ્રની શુભ્ર પ્રકાશિત રશ્મિની પ્રભાને નિહાળવાની અભિલાષાને સ્વપ્નરૂપ જ સમજવી ? આનો નિષેધાર્થમાં ઉત્તર દઇ પ્રગતિનાં સાધન દર્શાવવા માટે જ આ વ્યાખ્યાનનો ઉપક્રમ છે.

બંધુઓ, શ્રીમાન્ માસ્તર સાહેબની પાસે એવું તે કયું દિવ્ય તેજ હતું કે જેનો પ્રકાશ આપણા અનેકના જીવનના આટલા બધા સ્થૂલ સૂક્ષ્મ વિભાગોમાં તે પ્રબલપણે પાડી શકયા હતા? એમના એવા તે કયા ભાગમાં આવું વિલક્ષણ બલ હતું કે જેની વિદ્યુન્મય અસર હજારો મનુષ્યોના સમગ્ર જીવન-પ્રદેશઉપર થતી? એમના પૃષ્ઠ ભાગમાં રહી એવી તે કઇ શક્તિ તેમનું આટલું બધું પ્રતાપવાળું સામર્થ્ય સર્વઉપર પ્રસારી શકતી હતી? એમનામાં એવી તે કઇ મુદ્રા હતી કે જેની દૃઢ છાપ અનેકના અંતરના પ્રગાઢ પ્રદેશપર્યંત પડી રહેતી? એમની પાસે એવી તે કઇ પીંછી હતી કે જેનાથી તે અનેક અંતઃકરણપટઉપર રમ્ય અને જીવંત પ્રતિમાઓ પાડી શકતા? એવું તે એમની પાસે કયું શસ્ત્ર હતું કે જેના પ્રબલ પાતવડે અનેક દુષ્ટ સંસ્કારો ઉખડી જતા? એવો તે એમનામાં કયો રસ હતો કે જેના વડે તે અનેક પ્રકારની મલિનતાનું સુન્દર રીતે પ્રક્ષાલન કરી શકતા? એવું તે એમની મૂર્તિમાં શું ઝળહળતું હતું કે જેના આગળ કંઇ પણ અઘટિત કરતાં અંતઃકરણ કંપતું હતું? એવી તે એમનામાં કઇ વીર્યશ્રી હતી કે જેના પ્રખર પ્રતાપઆગળ મનનું માલિન્ય દબાતું? એવું તે એમના નેત્રમાં કયું ઓજસ્ હતું કે જેની મર્યાદામાં આવનાર કોઇને પણ સાત્ત્વિક ભયનું ભાન થતું? સ્વલ્પમાં એવું તે એમનામાં શું હતું કે જે તેમના સમાગમમાં આવનારના અધિકારની સ્વભાવથી વૃદ્ધિ કરતું, સર્વને આનંદમય, રસમય, પ્રકાશમય, તથા નવ-ચેતનમય બનાવતું, સર્વને અપૂર્વ આહ્લાદ અર્પતું, સર્વમાં વિશુદ્ધ પ્રેમ-તત્ત્વને છા'તું, સર્વને અધીનસરખા કરતું અને સર્વના અભ્યંતરમાં પોતાના ઐશ્વર્યને પ્રકટાવતું?

આ સર્વનું ઉત્તર એક જ છે કે એમના ચારિત્ર્યની પરમ વિશુદ્ધિ. એમના ચારિત્ર્યની વિશુદ્ધિએ એમના અધિકારની વિદ્યુદ્-વેગે વૃદ્ધિ કરી એમને ઇષ્ટશ્રીના અનુગ્રહપાત્ર બનાવ્યા અને શ્રેયસ્સાધકવર્ગનું અગ્રણીપદ અનાયાસ એમનામાં સમર્પાયું.

કેવલ શ્રેયસ્સાધકવર્ગ નહિ, પરન્તુ ગુજરાતનો મોટો સમુદાય અને તે પણ વિદ્યા, બુદ્ધિ, જ્ઞાન અને સંસ્કારિતાથી વિભ્રાજમાન્ થતો તટસ્થ વર્ગ પણ તેમના પ્રતિ એક સમર્થ વિદ્યાવાન્કરતાં જે કાંઇ વિશિષ્ટ દૃષ્ટિથી જોતો હતો

અને અદ્યાપિ જે એક પ્રકારનો પૂજ્યતા–ભર્યો ભાવ બાંધી રહ્યો છે તેનો હેતુ, નહિ કે તેમની વિદ્વત્તા, નહિ કે તેમનું લેખ લખવાનું સામર્થ્ય, નહિ કે તેમની અપૂર્વ વકતૃત્વશક્તિ અથવા શંકાનાં સમાધાન આપવાની પદ્ધતિ; અવશ્ય, એ સર્વ તેમાં નિમિત્ત કારણ હતાં, પરન્તુ એ સામર્થ્યો–બલ્કે એમનામાં હતાં તેના કરતાં વધારે પ્રમાણમાં બીજા અનેકમાં હોય છે તેવાનામાં પણ જે ઉત્તમ જન–ભાવના નથી હોતી તેવી તેમના વિષે જે ઉત્કૃષ્ટ સમાજ–ભાવના જોવામાં આવતી હતી તેનું કારણ એ સમગ્ર શક્તિઓના પૃષ્ઠભાગમાં રહેલી તેમના વિશુદ્ધ ચારિત્ર્યની જ્વલંત જ્યોતિ હતી.

વિશુદ્ધ ચારિત્ર્યથી તેમનું સમસ્ત જીવન એટલું બધું તો ઓજસ્વિ-તાભરેલું થઈ રહ્યું હતું કે જેનો પ્રકાશ–પરિવેશ, એમનો એકાદ અંશ પણ જ્યાં પ્રકટતો, તેની આસપાસ કેટલાએ પ્રદેશપર્યંત તે પ્રસરી જતો, અને તેની પોતાની શુભ્રતાથી છાઈ દેતો; અને તેટલી મર્યાદામાં એ પોતાનું સામ્રાજ્ય ભોગવતો.

વિશુદ્ધ ચારિત્ર્યથી તેમનું જીવન તથા તદંતર્ગત અંશો એટલા બધા તો ઓતપ્રોત થઈ ગયા હતા કે તેમના દ્વારા થતી નાની અથવા મોટી, સ્થૂલ અથવા સૂક્ષ્મ–કોઇ પણ પ્રકારની કૃતિમાં તેની છાયા અને તે પણ ચેતનમય છાયા આવ્યા વિના રહેતી નહિ. આનો પરિણામ એ આવતો કે તેમની પ્રત્યેક કૃતિમાં કંઇને કંઇ પ્રકારનો નવીન રસ, નવીન લાભ અને નવીન બોધ ઉદ્ભવતો. એ કૃતિના જે કોઇ સંગી થતા—હૃદયપૂર્વક સંગી થતા – તેમનામાં તે જાણે નૂતન પ્રાણનું પ્રસારણ કરતી – આત્માના રળિયામણાં કિરણોનું જાણે ત્યાં તેજ પાથરતી.

એમના જીવનનો એવો એક પણ ભાગ કે એવો એક પણ અંશ ન હતો કે જેમાં તેમનું વિશુદ્ધ ચારિત્ર્ય ઝળકી ઉઠતું ન હોય. એમનું એક પણ વચન, એમનો એક પણ બોધ, એમનું એક પણ કાવ્ય, એમનો એક પણ લેખ–એટલું જ નહિ પરંતુ એમનાં નેત્રનો કે શરીરના કોઇ પણ અવયવનો એક પણ હાવભાવ એવો થતો ન હતો કે જે એમના વિશુદ્ધ ચારિત્ર્યની સાક્ષી ન પૂરતો હોય. એમનું બાહ્ય કે ખાનગી એક પણ વર્તન એવું ન હતું કે જેમાં તેમના ઉન્નત ચારિત્ર્યની ઝળક ન ઝળકી ઉઠતી હોય.

બંધુઓ, એમના જીવનના પ્રત્યેક વિભાગને તપાસી વળો, અને જુઓ કે તે પ્રત્યેકમાં ચારિત્ર્યની ઉચ્ચતાવિના બીજું કશું નજરે પડે છે? એમના જીવન-મહાલયના ખંડે ખંડમાં ફરી વળો, ખૂણે ખૂણામાં જોઈ વળો, ઉપર નીચે બધે તપાસો, અને જુઓ કે તેમના વિશુદ્ધ ચારિત્ર્યની સુવ્યવસ્થિત રમણીયતા વિનાની કોઇ પણ જગા જણાય છે? એમના જીવન-ઉદ્યાનની ક્યારીએ ક્યારી તપાસો. અહો! વિશુદ્ધ ચારિત્ર્યના પરિમલથી તે કેવી મ્હેંક મ્હેંક થઇ રહી છે, અને તેમાં વિહાર કરનારને તે કેવા ચૈતન્ય-મદથી પ્રાણમય અને મસ્ત બનાવે છે! એમની જીવન-વાટિકામાં ઉગેલી કોઇ વનસ્પતિ મનુષ્યના માનસ વ્યાધિને નિવારવામાં અત્યંત સમર્થ જડીબુટ્ટીરૂપ હોય છે, તો કોઇ વલ્લી આનંદ, પ્રેમ, વાત્સલ્ય, આદિ કુસુમોથી નવકુસુમિત થઇ રહેલી હોય છે. કોઇ વૃક્ષનાં ફલ મનુષ્યની જ્ઞાનક્ષુધાને ભાગનારાં છે, તો કોઇ આત્મતૃપ્તિને આપનારાં છે, કોઇ વૃક્ષનાં ફલ સંતોષના રસથી ભરપૂર છે તો કોઇ ફલ શાંતિના ગર્ભથી પરિપૂર્ણ અને સઘન છે.

બંધુઓ, જુઓ એમની જીવન-વાટિકાના આ એક સુરમ્ય પુષ્પને! તેમાંથી ઉત્સાહનો સુગંધ એટલો બધો તો પ્રસરી રહ્યો છે કે જે મન્દ પડી ગયેલા મનુષ્યને પણ ઉન્મત્ત્ કરે છે, મૃતપ્રાય થયેલાને આશા-જીવન આપે છે. જુઓ, જુઓ, આ બીજું પુષ્પ! એમાંથી આનન્દનો સુવાસ કેવો વાતાવરણને આનન્દમય કરી રહ્યો છે! વળી જોયું ચિત્તવૃત્તિને સ્વ-ભાવથી જ આકર્ષનારૂં પેલું મોહક સ્નેહ-પુષ્પ! તેના અણુઅણુમાં કેટલી બધી મૃદુતા અને કેટલી બધી આકર્ષકતા છે! કહો અહિંથી ક્ષણભર પણ દૂર થવાની ઇચ્છા થાય એમ છે? પરન્તુ નિરુપાય; આપણે હજી ઘણો પંથ કાપવાનો છે. મધ્યે આ જોઇ કે સજીવન-જલથી ભરેલી ચાંદીના પથારવાળી શ્રદ્ધા-જલને ઝીલતી કમનીય તલાવડી? એમાંથી આખી વાટિકાને પોષકજલ મળ્યા કરે છે. એ તલાવડી શું પુણ્યપીયૂષ-મયી નથી જણાતી? આગળ વધો અને જુઓ પેલી શાંતિ-કુંજને. ત્યાં વિશ્વના કોઇ પણ કોલાહલનો સ્વર પ્રવેશી શકતો નથી, ચિંતાનું તીવ્ર વાદ્ય પણ ત્યાં પોતાના કર્કશ ધ્વનિને પહોંચાડી શકતું નથી, ભયના ગગનભેદી નગારાનો ગડગડાટ ત્યાં સુધી આવી શકતો નથી. અહો! આ

શાંતિ–કુંજમાં ઘડીભર વિશ્રાંતિ લેવાની અને તે દ્વારા તેનો ઉપભોગ કરવાની વૃત્તિ રોકી શકાય એવી છે ? પરંતુ ત્યાં અધિક કાલ નિવાસ કરવાનો આપણને અધિકાર આવતાં હજી વિલંબ છે !

બંધુઓ, જરા આગળ આવીને જુઓ આ નિગ્રહની નિગૂઢ કંદરાને. એ ગુફામાં પ્રવેશતાં વૃત્તિ સર્વ પ્રકારના બલના શિરોમણિરૂપ નિગ્રહને સ્વભાવથી જ પામે છે. પરંતુ તેની ભીતરની મર્યાદામાં સ્થિત થવાયોગ્ય આપણી વૃત્તિઓની યોગ્યતા હજી ન હોવાથી તેમાં માત્ર આ માનસ દર્શનથી જ સંતોષ પામો.

દ્રાક્ષના જેવી લુમખે લુમખાવાળી પેલી સદ્વિચારવેલી જોઈ કે ! તેનાં પ્રત્યેક ફળ અપૂર્વ સ્વાદથી ભરેલાં છે. એનું આસ્વાદન તો તમે ત્રણીએ વખત કર્યું છે, તો તેનાથી તો તમે કેવી રીતે અજાણ્યા હોઈ શકો ?

પેલું નાના સરખા ડુંગરજેવું દેખાય છે તે જોયું કે ? તે ધૈર્યનો સુમેરુ છે. એને ત્રિભુવનમાં કોઇ ડગાવી શકતું નથી. એને વિપત્તિ, કષ્ટ કે ખેદના પ્રસંગરૂપ તીવ્ર શસ્ત્રો પણ ભેદી શકયાં નથી. એના ઉપર લોક–ભીતિની વિદ્યુત્ પણ કશી અસર કરી શકી નથી. તે ધૈર્ય–સુમેરુ અભેદ્ય છે.

બંધુઓ, **શ્રી માસ્તરસાહેબ**ના જીવન–ક્ષેત્રના બાહ્ય પ્રદેશને રોકતી જીવન–વાટિકાનું માત્ર ઉપરઉપરનું આ અવલોકન અથવા સિંહાવલોકન છે. છતાં સૂક્ષ્મ નિરીક્ષકને તેની અદ્વિતીયતા તથા તેનું બહુમૂલ્ય લક્ષમાં આવ્યા વિનાં નહિ જ રહ્યાં હોય.

સાથે સાથે તેમના જીવન–મહાલયપ્રતિ પણ કિંચિત્ દૃષ્ટિ નાંખી આપણી માનસ નેત્રવૃત્તિને પુનિત કરીશું ? બંધુઓ, તેમના આ દિવ્ય સદનના અનેક વિભાગમાં તેમણે મને અનેક સમયે હસ્ત ધરીને ફેરવ્યો છે. અને તેને જોતાં જોતાં મેં તો અનેક પ્રસંગે ચકિતાવસ્થા અનુભવી છે. ઘણાંનાં પવિત્ર જીવન–મન્દિરો મેં નિહાળ્યાં છે, અને તે મને બહુ રસપ્રદ લાગ્યાં છે, તોપણ આ જીવન–મન્દિરતુલ્ય પૂર્ણતાવાળું કોઇ પણ ઇતર મન્દિર મને ભાસ્યું નથી. તમે પણ આ મહાલયના કેટલાક પ્રદેશોમાં

વિચરવા સુભાગ્યવાન્ થયા હશો. અને તમે પણ હું ધારું છું કે મારા આ અનુભવોદ્‌ગારનો જ પ્રતિઘોષ કરતા હશો.

એમના જીવનના વિદ્યાર્થીઅવસ્થાના કાલમાં તેમણે વિદ્યાના મર્મને જાણવાના અભ્યાસપૂર્વક વિદ્યાધ્યાય કર્યો. તેની સાથે જન્મથી જ જેમને પરહિત કરવાનું ગુપ્ત સામર્થ્ય સિદ્ધ હતું એવા તેમણે વિદ્યાધ્યયન કરવાની સાથે પોતાના વર્ગના વિદ્યાર્થી-મિત્રોની એક 'ગુર્જરોદ્ધારક સમાજ' રચી અને ભગભગ પંદરમા વર્ષના આ વિદ્યાર્થી–કુમારે તેમાં દેશને ઉદ્ધારનાં લઘુ છતાં પ્રબોધમય સચોટ વ્યાખ્યાનો આપવા માંડયાં. એ વ્યાખ્યાનો કેવાં હતાં, તેમની સુકુમાર વયની સુકોમલ વાણી કેવી હતી તે જાણવાની રસિક જીજ્ઞાસા તમને થશે જ, પરંતુ તે જિજ્ઞાસાને ફલિત કરવાનો અત્ર અવકાશ ન હોવાથી ભાવિમાં તેમના વિસ્તૃત જીવન–ચરિતના પ્રકાશન-પર્યન્ત એ જિજ્ઞાસાને તત્કાલ તો શમાવવી પડશે. તોપણ તમને કંઇક તૃપ્તિ આપવાના ઉદ્દેશથી, ગુર્જરી પ્રજાના ઉદ્ધરણ-માર્ગનું તેમાં જે સૂચન કરવામાં આવ્યું છે તેના પ્રધાન સૂત્રરૂપ એક ભાવને હું તમારા આગળ માત્ર એક વાક્યમાં કહું છું. તે ઉપરથી તેમનું ભવિષ્યનું જે મનોહર જીવન રચાયું તેના રહસ્યરૂપ કુંચીનું તમને કંઇક ભાન થશે. તેમનાં વ્યાખ્યાનોમાં સૂત્રરૂપ ભાવ એ છે કે જ્યાં સુધી આપણે પોતે ઉત્તમ ચારિત્ર્યવાળા થયા નથી ત્યાં સુધી દેશનો ઉદ્ધાર કદી પણ થવાનો નથી, અને તેથી દેશના સમુદ્ધરણને માટે પ્રજાએ સઉથી પ્રથમ પોતાના ચારિત્ર્યને અતિ સુદૃઢ તથા ઉત્કૃષ્ટ પ્રકારનું કરવું જોઈએ. નાની પંદર વર્ષની ઉછરતી વયના બાલકમાં દેશોદ્ધારના માર્ગની આવી સચોટ ભાવના, તેના પોતાના જીવનને એક લક્ષ્યરૂપ ચરિત ન બનાવે તો બીજું શું બનાવે? તે જ કાલમાં અમદાવાદમાં રહેનાર તથા પ્રસંગોપાત્ત આવનાર વિદ્વાન્ સમર્થ પુરુષોના સમાગમનો પણ તેમણે અભ્યાસ રાખ્યો હતો. ત્યાંની પ્રાર્થના–સમાજમાં પણ તે જતા, અને અન્ય પણ વિવિધ ધાર્મિક પુરુષોના પરિચયમાં તે આવતા. આ રીતે તેમની વિદ્યાર્થી અવસ્થા સર્વ-સુગુણોપેત રહી તેમના ચારિત્ર્યના પાયારૂપ બની.

કિશોર અવસ્થાના આરંભમાં જ તેમનો શાળાનો અભ્યાસ-ક્રમ વિરમ્યો. પરંતુ વિદ્યાર્થી અવસ્થામાંથી જ આરંભાયલો વિવિધ વિષયક

વાચનનો રસ આ અવસ્થામાં વિવૃદ્ધ થયો–વિકસિત થયો. ગુર્જર વિદ્વાનોના અનેક ગ્રંથો તેમણે પ્રથમ અવલોકયા હતા, તે હવે વિશેષપણે અવલોકવા માંડ્યા અને તેની સાથે થિઓસોફીનું સાહિત્ય જોવા માંડયું. એ જોવાથી ગુરુની આવશ્યકતાવિષે તેમની મતિ અધિકતર નિશ્ચયાત્મિકા થતી ગઈ. સ્વલ્પમાં જણાવું છું કે સંસ્કારોદયવશાત્ તેમના ૧૮મા વર્ષના સંધિમાં તેમને વડોદરામાં નોકરી મળી, અને અલ્પ કાલમાં જેમના ચરણનખાંશુમાં પોતાના મહામૂલ્ય જીવનને એક તુચ્છ પુષ્પ–પત્રરૂપે યાવદ્-ચન્દ્રદિવાકરૌ સમર્પ્યું તેવા તેમના જીવિતેશ્વર શ્રીમન્નૃસિંહાચાર્યજીના શરણને પામ્યા. બંધુઓ, નિશ્ચય જાણજો કે ધન્યભાગ્ય છે તેનાં કે જેમને અનેક દોષના કારણરૂપ યુવાવસ્થાના આરંભકાલમાં જ જીવન–નાવના સમર્થ અને ભવસમુદ્રતારક સુકાનીતરીકે શ્રીસદ્ગુરુ મળ્યા હોય.

આ યુવાવસ્થા કે જે મહામોહ અને મહામદના વિકાસરૂપ સમય છે, તેમાં શ્રી સદ્ગુરુબોધવડે માસ્તરસાહેબનું જીવન–નાવ યુવાવસ્થાના ભયંકર અને દુસ્તર સમુદ્રમાં એક પણ અવિહિત વિષયના ક્લિષ્ટ ખડકને ન સ્પર્શ્યું, મદાંધતાની તાણમાં ન તણાયું, મત્સરના ચક્રમાં ન ફસાયું, વિલાસોના ચિત્તાકર્ષક સુન્દર બંદરોઉપર આવીને ન લાંગરાયું. યુવાભિમાનના પવને ગમે ત્યાં ન ઘસડાયું, પરંતુ સરળપણે, સ્વાભાવિકપણે, અરોધ્યપણે તે ગુરુનિર્દિષ્ટ માર્ગમાં વહ્યું. આસપાસનાં વૈષયિક દશ્યોને જોતું છતું તેના પાશમાં બદ્ધ ન થતું તેમનું અંતઃકરણ તે દશ્યોપ્રતિ અનુકંપાયુક્ત દષ્ટિથી માત્ર સસ્મિત દષ્ટિથી જોતું રહ્યું, અને ક્રમશઃ નિર્ધારિત સ્થલે સુસ્થિતિને પામ્યું.

આ યુવાવસ્થામાં તેમને પ્રધાનપણે ત્રણ કર્તવ્યો અને પેટાવિભાગસાથે ગણીએ તો પાંચ કર્તવ્યો કરવાનાં હતાં. ‘ કરવાનાં હતાં ’ એના કરતાં વધારે યોગ્ય શબ્દમાં કહીએ તો ‘ કરવાનાં તેમણે ઇચ્છાપૂર્વક સ્વીકાર્યાં હતાં. ’ એ કર્તવ્યોમાંઃ ૧. શિક્ષકતરીકે સરકારી શાલામાં વિદ્યાર્થીઓને અધ્યયન કરાવવું ૨. સદ્ગુરુશ્રીની શુશ્રૂષા ૩. પોતાનો સાધનાભ્યાસ. આ સાધનાભ્યાસના બે પેટા વિભાગ પડે છેઃ એક સદ્ગ્રંથોનું વાચન અને ગૌણપણે લેખનવિધિ તથા બીજો ઉપાસના.

બંધુઓ, **શ્રીમાસ્તરસાહેબના** જીવન-મહાલયના આ બધા ઓરડાઓ છે. તે સર્વમાં તેમના વિશુદ્ધ ચારિત્ર્ય–ચન્દ્રની ચન્દ્રિકા કેવાં મધુરાં અજવાળાં પાડી રહી છે એ જોવાનો આપણા આ પ્રવાસનો મૂલ આશય છે એ તો તમારા લક્ષમાં હશે જ, તો હવે આપણા ચાલુ પ્રસંગનું અનુસંધાન કરીએ.

૧: શિક્ષકતરીકે તેમણે લગભગ ૨૪ – ૨૫ વર્ષ નોકરી કરી. તે સમયનું તેમનું કર્તવ્ય જોશો, અને કોઇ ઇતર શિક્ષકનું કર્તવ્ય જોશો તો તે ઉભયમાં તમને અત્યંત ભેદ ભાસશે. લગભગ બધા શિક્ષકો વિદ્યાર્થીસાથે માત્ર પાઠ–લેસન–ના શબ્દો આપ લે કરવાનો સંબંધ રાખે છે. પરંતુ તેમને જીવનોપયોગી પાઠો તેમના હૃદયને શિખવાડવાનો તે શિક્ષકોને સંકલ્પસરખો સ્ફુરતો નથી. અન્ય શિક્ષકોકરતાં **શ્રીમાસ્તરસાહેબ**માં આ એક મોટો ભેદ હતો. તેઓ વિદ્યાર્થીઓસાથે એટલા તો હળી જતા કે ધીમે ધીમે તેઓ વિદ્યાર્થીઓના હૃદયપર્યંત પહોંચતા, અને ત્યાં તેમને કઇ કઇ વસ્તુની જરૂર છે તે જોતા અને તેના પાઠનાં સૂત્રો, શાળાના ભણવાના વિષયની સાથે જ ગુંથીને આપતા, અને તેથી તેમના (કલાસ) વર્ગમાં કેટલીક વખત તો શાળોપયોગી શિક્ષણ પા કલાક ચાલતું તો પોણો કલાક હૃદયોપયોગી શિક્ષણ ચાલતું. પરંતુ તે પાઠના રસને ઝીલતાં વિદ્યાર્થી–હૃદયો બહુ જ પરિપુષ્ટ થતાં. એ લ્હાવને લેનાર અનેક વિદ્યાર્થીઓ આજે પણ સાશ્રુનયને એ કાલને પોતાના જીવનમાં 'સંભારણા'રૂપે માનતા ઉપકારભાવે એ સમયનાં યશોગાન કરે છે. વિદ્યાર્થીઓના હૃદયપ્રદેશપર્યંત પ્રવેશવું એ વિશુદ્ધ ચારિત્ર્યની મૂર્તિવિના અન્ય કોનાથી બને? તેમના વર્ગના જ વિદ્યાર્થીઓ નહિ, પરંતુ તે કાલના આખી હાઇ–સ્કુલ અને કૉલેજના વિદ્યાર્થીઓમાં તેમની એક વિશુદ્ધ ચારિત્ર્યવાનરૂપે જ છાપ પડી હતી. આ વાર્તાનું સમર્થન કરનાર તે કાલના અનેક વિદ્યાર્થીઓ અદ્યાપિ વિદ્યમાન છે. અનેક વિદ્યાર્થીઓ એમને પોતાના ખાનગી જીવનના ગુરુરૂપે માનતા, અને તેમને ઘેર આવી અનેક પ્રકારની હૃદયવ્યથાને શમાવી જતા. પોતાના માતાપિતા કે નિકટના મિત્રને પણ પોતાનું જે ગોપ્ય ન કહી શકતા, તે આ પુરુષવરઆગળ નિઃશંકપણે, વિશ્વસનીય બુદ્ધિથી કહેતા, અને સુખદુઃખની પ્રાપ્તિ તથા

નિવારણના ઉપાયથી સજ્ઞાત થતા. કોઇ પણ પ્રકારના દોષને તેમના આગળ કબૂલ કરતાં સહજ પણ વિલંબ ન કરતા. તેમના દ્વારા પોતાના અપરાધની શિક્ષા ખમવામાં એક પ્રકારનો તેઓ આહ્લાદ માનતા. આ સર્વ તેમના વિશુદ્ધ ચારિત્ર્યનો જ પરિણામ હતો. વિદ્યાર્થી–સમૂહઉપર તેમનો ચારિત્ર્યપ્રભાવ એટલો બધો પડતો કે તેમના વર્ગમાંથી અસત્ય અને ઉચ્છૃંખલતાને નિરંતર 'વર્ગ બહાર' Class–out રહેવું પડતું. તેમની સાથેના અન્ય શિક્ષકો અને હેડમાસ્તર તથા કૉલેજના પ્રોફેસરો પણ તેમના પ્રતિ બહુ સદ્ભાવપૂર્વક જોતા તથા કેટલાક તો તેમની સાથે અંતર્ગત સંબંધ બાંધી રાખતા; તેમને અનેક સમાધાનો પૂછતા તથા આધ્યાત્મિક ચિંતનસંબંધી તેમ યોગવિદ્યાસંબંધી તેમના વિચારને પ્રમાણભૂત ગણતા. આ સર્વ તેમના વિશુદ્ધ ચારિત્ર્યનો પ્રભાવ હતો.

બંધુઓ, સ્વલ્પમાં તેમના શિક્ષક–જીવનના ચારિત્ર્યપ્રભાવની આ સમાલોચના છે. હવે તેમના જીવનના દ્વિતીય વિભાગરૂપ સદ્ગુરુશુશ્રૂષાજીવન, તેનું સહજ ચિત્ર આપીએ.

૨ : ગૃહનાં આવશ્યક કાર્યવિનાનો તથા શાળામાં વ્યય થતાં બાકી રહેતો તેમનો બધો સમય સદ્ગુરુસેવામાં જતો. દૈવયોગે આ સમયમાં જ તેમને દમનો મહાવ્યાધિ થયો હતો, જેથી શરીર દુર્બલ અને વ્યાધિથી અત્યંત પીડિત રહેતું. એ સાથેના તેઓના સુવ્યવસ્થિત તથા આગ્રહયુક્ત દિન–ચર્યાના વ્યાપારો જોઇ સર્વ કોઇ અત્યંત સ્તબ્ધીભાવ પામતા. ગુરુશુશ્રૂષાના અંગનો તેમનો સામાન્ય ક્રમ આ પ્રકારનો હતો: પ્રાતઃકાલે આઠ વાગતાના સુમારે ગુરુ–આશ્રમમાં આવી, આશ્રમના મુખ્ય સ્થાનને સાવરણીથી વાળી નાંખતા. બંધુઓ ! આ સ્થાને પ્રકટતા મારા ઉદ્ગારને દર્શાવતાં હું રોકી શકતો નથી કે અહો ! જેમણે નિત્ય આ પ્રકારે ગુરુ–આશ્રમના કચરાને વાળ્યો, તેમના અંતરનો રાજસ્ તામસ્ સંસ્કારોનો કચરો સહજમાં કેમ ન અળપાય ! તેમની આ પ્રવૃત્તિને શ્રવણ કરી મારી સાથે તમે પણ તેમને માટે એ ઉદ્ગાર કાઢશો કે ધન્ય ! ધન્ય ! કચરો કાઢવો એ તો તેમનો નિત્યક્રમ હતો. દમના વ્યાધિથી સંકુચિત થયેલાં, પૂરેપૂરો શ્વાસ ન લઇ શકતાં અને સ્વભાવથી જ રુંધાયા કરતાં ફેફસામાં કચરો વાળતાં ધૂળવાળી હવા શ્વાસપ્રશ્વાસમાં જવી, તેથી તેમની છાતીનું

જડત્વ વધવું, થોડી થોડી ક્ષણે વચ્ચે વચ્ચે બેસી જઈ ઉધરસનો વેગ આવવાથી ખોંખોં કરવું-તે જ સાથે ઉધરસને રોકવાનો પ્રયત્ન કરવો, અન્ય દમીયલો મહોડેથી ફેંફેં કરતા શ્વાસ લે મૂક કરે છે તે પ્રકારે ન કરતાં નાસિકાથી જ કુદરતી રીતે શ્વાસ લેવા મૂકવાના કઠિન પ્રયાસનું એ કાલે પણ પાલન કરવું, ઉધરસના તથા સંકુચિત શ્વાસપ્રશ્વાસ–Hard-breathing–ના કષ્ટને લીધે મુખાકૃતિનું સૌમ્યરૂપમાં વિકૃત થવું, અને તે છતાં એ સર્વ કષ્ટનો અંતરને સ્પર્શનો લેશ પણ નથી, એ સૂચવતું તેમનાં નેત્રમાં સ્મિત ફરકવું, તથા તદુપરાંત હું પાસે ઉભો હોઉં અને એમની આ કષ્ટમયી સ્થિતિ જોઈ મમત્વના અંગે મારા બાલક–હૃદયમાં જે વિકલતા થાય તેને જોઈને મધ્યે મધ્યે સ્મેર વદને "કેમ, કેવી મઝા પડે છે" એ વચનનું મંદમંદપણે કહેવું: મધ્યે કહું છું કે આ ચિત્ર આજે તો માત્ર મારી માનસ દૃષ્ટિએ ખડું થવા છતાં બંધુઓ! આ ક્ષણે પણ મારાં નેત્ર અને હૃદય જલથી આર્દ્ર થાય છે, તો અન્ય જેમણે એ ચિત્ર તે કાલે જોયું હશે તેમને શું થતું હશે તેનો તમે કલ્પનાથી જ ખ્યાલ કરી લો–તો પણ તે કાર્યથી નિવૃત્ત ન થવું, અન્ય સાધક બંધુઓ તે કાર્ય કરવા તત્પર છતાં તે કાર્ય અન્યને ન સોંપતાં જાતે જ કરવું: આ તેમનો દૈનિક ક્રમ હતો. કચરો વાળવો એટલું જ નહિ, પરંતુ અનેક પ્રસંગે તેમણે એ આશ્રમ-સ્થાનને છાણમાટીના ગારાથી સુંદર ઓકળીઓ પાડી લીંપ્યું છે. અનેક સુધરેલા જમાનાના મનુષ્ય જેને એક ક્ષુદ્ર ચાકરડીનું કામ કહે તે કરવામાં પણ જેણે પોતાના જીવનની કૃત-કૃત્યતા માની છે, તેમને વિશુદ્ધ અનુકરણીય ચારિત્ર્યવાન્ નહિ કહો તો બીજું શું કહેશો?

બંધુઓ, વ્યાખ્યાનને ટુંકાવવાનો એક તરફથી મારો પ્રયાસ છતાં, અને આવશ્યક પ્રસંગોનું સ્વરૂપ વસ્તુતઃ અત્યંત સ્વલ્પમાં વર્ણવવા છતાં પણ કંઇક વિસ્તાર થઈ જાય છે, પરંતુ તમને તે જાણવાયોગ્ય તથા મનન કરવાયોગ્ય હોવાથી જણાવતાં સંકોચ થતો નથી. તો પણ બનતી ત્વરાથી હવે આગળના વિચારો પ્રકટ કરવા પ્રયત્ન થશે જ.

શ્રીમાન્ માસ્તરસાહેબની ગુરુશુશ્રૂષાનું આશ્રમ સ્વચ્છ કરવાનું પ્રથમ કાર્ય પૂર્ણ થતાં પછી તેઓ બીજું પણ તેવું એક દાસ–કાર્ય

કરતા; અને તે એ કે તે આશ્રમ-સ્થાનમાં રહેતી એક પાણીની ગોળી ભરવી. બંધુઓ, એમ ન સમજશો કે એ ગોળીનું જળ સદ્દગુરુશ્રીને પીવામાં ઉપયોગી થતું હશે. તે જળ માત્ર ગુરુબંધુઓના જ પીવામાં આવતું. મારાં નેત્રે આ પ્રસંગ પણ જોયો છે. અને અધુના તૈયાર ગાળેલી ગોળીમાંથી એક પવાલું પોતાના ગુરુબંધુને પાણી આપવામાં પણ સાધકને અંતરથી મહા કષ્ટ જણાતું હોય એવું પણ એ જ મારાં નેત્રો જુએ છે! આ ભેદ શું મહા વિષમ નથી? પરંતુ હોય, જ્યાં ચારિત્ર્યની વિશુદ્ધિ જાળવવાઉપર જ છીણી મૂકાઈ છે ત્યાં એમ જ હોય.

આ કાર્ય થઈ રહ્યા પછી આપણા વ્યાખ્યાનના નાયકનું ગુરુસેવાના અંગનું ત્રીજું કાર્ય, આપણા વર્ગના વિવિધ કાર્યનિમિત્તની ટપાલ લખવાનું હતું. તે થઈ રહ્યા પછી સદ્દગુરુશ્રીએ પ્રથમના દિવસે જે કાંઇ લખ્યું હોય તેની છાપખાનામાં છપાવવાને મોકલવાયોગ્ય સ્વચ્છ અક્ષરથી નકલ કરવાનું હતું. આ કાર્ય ચાલતું હોય એટલા સમયમાં સદ્દગુરુશ્રી માળ ઉપરથી નીચે આવતાં તેમની તાત્કાલિક ઉપયોગી પરિચર્યા કરવામાં તેમને રોકાવું પડતું. તે કાર્યમાંથી નિવૃત્ત થતાં તત્કાળ તે માળઉપર જતા કે જ્યાં આ પ્રકારે સ્વતંત્રપણે જવાનો કેવલ તેમનો એકલાનો જ હક હતો. ત્યાં જઈને સદ્દગુરુના લખવાના સ્થાનને તેઓ સ્વચ્છ કરતા, પુસ્તકો વગેરે કંઇ અસ્તવ્યસ્તપણે પડયું હોય તેને વ્યવસ્થિત રૂપમાં મૂકતા, સદ્દગુરુશ્રીદ્વારા જે લેખ પ્રથમ લખવાની અગત્ય હોય તે લેખના પુસ્તકને તેમની 'લખવાની પેટી' ઉપર તત્કાલ દૃષ્ટિએ આવે તેમ સ્થાપતા અને રાત્રિએ કાંઇ લખાયું હોય તો તે લઈને પુનઃ નીચે ઉતરતા, ત્યાર પછી ઇષ્ટશ્રીદ્વારા કાંઇ ખાસ કર્તવ્ય હોય તે જાણી લેતા, અને તેને સાધી બરાબર સાડાનવનો સુમાર થતાં ગૃહપ્રતિ પ્રયાણ કરતા.

પ્રથમ જ્યારે વડોદરામાં નળ ન હતા, ત્યારે કૂવા કે તળાવમાંથી પાણી ભરી લાવી તેનાથી વ્યવહાર ચલાવવો પડતો. એ સમયમાં ઉપરનું કામ કરવાઉપરાંત પૂર્વે જણાવી તેવી પ્રકૃતિની મન્દતા હોવા છતાં, આશ્રમની પાસેની 'ગનુવાઘની તલાવડી' માંથી મોટા દેગડા ભરી પોતે જાતે અને સદ્દગત બંધુ શ્રી નગીનભાઈ મહેતા તથા અન્ય કોઇ હોય તો તે પાણી ભરી લાવતા. બંધુઓ, આ પાણી શા ઉપયોગમાં આવતું

તે જાણો છો ? નહિ કે સદ્ગુરુશ્રીના સ્નાનમાં કે તેમના નિમિત્તના કોઇ સાક્ષાત્ કાર્યમાં, પરન્તુ આશ્રમનાં થોડાં વૃક્ષોને સિંચન કરવામાં તે જળનો ઉપયોગ થતો! તે છતાં તે કાર્ય કરવાપ્રતિ તેમની ઉપેક્ષા કે ક્ષુદ્રબુદ્ધિ ન હતી. શાથી ? સેવકધર્મના ચારિત્ર્યની તેમનામાં વિશુદ્ધિ હતી, તેથી.

ઘેર જઈ ભોજનાદિ કરી થોડો સમય વિશ્રાંતિ લઈ શાળામાં જતા. વિશ્રાંતિ કેવા પ્રકારની લેતા તેનું સ્વરૂપ તેમનું ત્રીજા વિભાગના પેટા-વિભાગનું કર્તવ્ય વર્ણવતાં કહીશું. શાળામાંથી સાંજના પાછા આવી સ્નાન કરી ભોજન કરી લેતા. અને પછી પા કલાક વિશ્રાંતિ લેતા. એ વિશ્રાંતિનું સ્વરૂપ પણ આગળ જણાશે. વિશ્રાંતિ લઈ તત્કાલ પુનઃ આશ્રમમાં આવતા. આવીને પ્રથમ કાર્ય ગુરુશ્રીની ગાદીઆગળ જે દીવેલનો દીપક બળતો તેની દીવેટ કરવાનું હતું. દીવેલનું કોડીયું, દીવી, તેની નીચેની થાળી વગેરે અસ્વચ્છ હોય તો તેને સ્વચ્છ કરી, કોડીયામાં દીવેલ ભરી તેને વ્યવસ્થિત રૂપમાં મૂકતા. તમારા લક્ષમાં તો હશે જ કે વ્યવસ્થા અને સ્વચ્છતા એ બે માટે તેઓ ખાસ આગ્રહી હતા, અને ગમે તેવા પ્રસંગે પણ એ ઉભયને તે જાળવતા.

એ કાર્ય કરીને પછી કાંઇ ગુરુશ્રીના લેખની નકલ કરવાની હોય તો તે કરતા. અને અન્ય કાંઇ પણ કામ ન હોય તો શાંતિથી ઇષ્ટચિંતન કરતા તથા સદ્ગુરુશ્રીઆગળ નીકળતી વાર્તા શ્રવણ કરતા, તથા તેમાં ઘટિત ભાગ લેતા. બરાબર રાત્રિના નવ થતાં ઘેર જઈ સુઈ રહેતા. પ્રકૃતિની અસ્વસ્થતાને લીધે તથા બીજા દિવસે વહેલા ઉઠી પોતાનું નિત્ય સાધન કરવાનું હોવાને લીધે રાત્રિના નવથી મોડું થાય તો તેમને કઠતું. પુનઃ સ્પષ્ટ કરૂં છું કે તેમને પ્રાતઃકાલે બ્રાહ્મ મુહૂર્તે ઉઠી દૈનિક આહ્નિક સાધન સાધવામાં વિક્ષેપ થાય નહિ, તેટલા માટે જ આ પ્રકારે રાત્રે નિયમસર ઉઠવાના તેઓ આગ્રહી હતા. ભાર દઈને આ વાર્તા તમારા લક્ષમાં લાવવાનું કારણ એટલું જ છે કે આપણામાંના ઘણાને રાત્રે બે ત્રણ વાગતાંસુધી નાટક જોતાં ઉજાગરો નથી નડતો, અને કવચિત્ કાંઇ કાર્યનિમિત્તે કે આવાં સંમેલનાદિકના પ્રસંગે થોડો વખત વધારે જાગતાં આપણી વૃત્તિ જે ધુંવાપુંવા થઈ જાય છે, અને ઘણાઓ માસ્તરસાહેબના

ઉક્ત વર્તનનું તે સમયે દૃષ્ટાંત આપવાનું સાહસ પણ ખેડે છે, તેમનું એ કર્તવ્ય વાસ્તવિક રીતે યોગ્ય નથી, પરંતુ પોતાના અનુચિત પ્રમાદનો તે માત્ર મિથ્યા બચાવ છે, તથા એ પ્રકારે કરવું એ યથાર્થ રીતે જોતાં આપણને પોતાને તથા અન્યને ઠગવાઉપરાંત આપણા ધર્મનું સ્ખલન છે. વિશેષમાં જણાવવાનું એ કે કેટલીક વખત રાત્રે નવ વાગતાં ઉઠવાનો સમય થતાં અન્તઃકરણને સર્વ પ્રસંગથી રીઢું કરી રાખવાના અર્થે માસ્તરસાહેબને ગુરુશ્રી કંઇ નિમિત્ત કાઢી રોકતા, અને કેટલીક વખત તો તેમની સાથે કેવળ નિરુપયોગી વાર્તાવિનોદમાં થોડો કાળ ગુમાવી પછી તેમને ઘેર જવાનું અનુમોદન આપતા. પરન્તુ તે પ્રસંગે પણ જેમની ચિત્તવૃત્તિ પ્રશાંત, અનુદ્વેગવાળી અને પ્રસન્ન રાખવાના અભ્યાસને જ સિદ્ધ કરવામાં સાવધ તથા તત્પર હતી એવા માસ્તરસાહેબ અંતરથી પણ વિકળતા ન પામતાં ઇષ્ટશ્રીની એ લીલામાં પોતાના હિતની સિદ્ધિને જોતા. વિશુદ્ધ ચારિત્ર્યવાન્ પુરુષની વૃત્તિ આવી જ હોવી જોઈએ. પોતાના સદ્ગુરુશ્રીસાથેના વર્તનમાં આવી હિતબુદ્ધિ ન હોય તો તેને વિશુદ્ધ ચારિત્ર્યવાન્ કોણ કહી શકે? બુદ્ધિમાન્ કોઇ પણ નહિ.

બંધુઓ, આ પ્રકારની અતિ સ્વલ્પતાવાળી ગુરુશુશ્રૂષાની દિનચર્યાના દ્વિતીય ભાગની તેમની અન્વેષણા છે. હવે તૃતીય વિભાગને અવલોકીએ.

ત્રીજું કર્તવ્ય તે તેમનો સ્વાધ્યાય અથવા સાધનાભ્યાસ છે. એના બે પેટાવિભાગ આપણે પાડ્યા હતા. તેમાંનો પ્રથમ પેટા વિભાગ તે સદ્ગ્રન્થોનું વાચન. નાનપણથી જ તેમને સર્વ પ્રકારના ઉપયોગી ગ્રન્થો અવલોકવાનો રસ અને અભ્યાસ હતો. જે પુસ્તક વાંચતા તેના મૂલ તાત્પર્યઉપર તેમનું ખાસ લક્ષ રહેતું, અને તેમાં જે કંઇ તત્ત્વ જણાતું તેને પોતે પ્રયોગસિદ્ધ કરવાને સર્વદા આગ્રહી રહેતા. તેમના અભ્યાસનું, શ્રી ભામિનીભૂષણના વિશ્વવંદ્ય વિદ્યાર્થીદ્વારા ઉપલક્ષિત સ્વરૂપ ઇષ્ટશ્રીએ આ પ્રકારનું આલેખ્યું છે: “એ પાઠ કરવાની વિદ્યામાં ઘણો પ્રવીણ ન હતો, પણ સમગ્ર વિદ્યાના મર્મને સમજી લેવામાં ભારે કુશળતાવાળો હતો. પોતે સમજેલી વિદ્યાને, પોતાના અધિક મનન કરવાના અભ્યાસથી, તથા તેમાં અનુકૂલ વિશેષ તર્કો કરીને તેને, ઉંડો ઉતરી સમજી સિદ્ધ કરી લેતો, તેથી વધારે શોભાવતો હતો. મોટા વિદ્યાના પાઠીઓને પણ

તે તે વિદ્યાના મર્મમાં નાંખીને મુંઝવતો, તથા તેવી યુક્તિથી સઘળે પોતાના જયને ગવાડતો હતો. વિદ્યાઓને ભણવામાં જેવો કાળજીવાળો હતો, તેવો જ તે વિદ્યાના ફળવિષે પણ વિચાર કરવામાં પ્રવીણ મતિવાળો હતો. દરેક વિદ્યામાં તેના ઉત્તમ ફળના અનુમાનને સિદ્ધ કરીને પછી જ ઉત્સાહપૂર્વક પ્રવેશ કરનાર હતો." અભ્યાસીના ભૂષણરૂપ આ પ્રકારની તેમના અભ્યાસ–ક્રમની સ્થિતિ તેમના જીવનના અવધિપર્યંત અવિચ્છિન્નપણે ચાલુ રહી હતી. તેમના જીવનના ઇતિપર્યંત તેઓ અનેક વિદ્યાના અભ્યાસને સેવતા, અને તેથી તેમની સમગ્ર અધીત વિદ્યામાં નિષ્ણાતતા રહેતી.

પૂર્વે જણાવી ગયા છીએ કે પ્રાતઃકાલમાં જમ્યાપછી પાએક કલાક તેઓ વિશ્રાંતિ લેતા, તેમ સાંજે વાળુ કર્યાપછી પાએક કલાક વિશ્રાંતિ લેતા. આટલો તેમનો નિત્યનો વાચન–કાલ હતો. વાંચવાને માટે એથી વધારે સમય તેમને મળતો નહિ. પરંતુ નિયમિત રીતે આટલો સમય નિત્ય તેમનું વાચન ચાલતું હોવાને લીધે તેઓ એકંદર પુષ્કળ વાંચી શકતા. એ વાંચીને પછી શાળામાં જતાં માર્ગમાં જે સમય જતો એ તેમનો એ વાચનનો ચિંતન વા મનનકાલ હતો.

બંધુઓ ! માત્ર નિત્યના અર્ધા કલાકના અખંડિત વાચનમાં પણ તેઓની દૃષ્ટિએ અનેક ગ્રંથો આવી ગયા હતા, અને આ રીતની તેમને મળતી છૂટી છવાઇ ક્ષણોના ઉપયોગથી તેઓ અત્યંત જ્ઞાનસમૃદ્ધ રહેતા. આની સાથે આપણા કલાકોના કલાકો નકામા તડાકામાં, વ્યર્થ અન્યો-અન્યના ઉપહાસમાં, કેવલ પ્રમાદમાં અથવા એક બીજાની નિરર્થક કુથલી, નિંદા કે ટીકા કરવામાં જતા સમયનો ખ્યાલ કરો, અને પછી કહી શકીશું કે આપણે પણ વિશુદ્ધ ચારિત્ર્યવાળા છીએ ?

ખૂબ લક્ષમાં રાખજો કે વિશુદ્ધ ચારિત્ર્ય કરવાની ઇચ્છાવાળાએ પોતાના સમયનું બહુમૂલ્ય સમજવાનું છે, અને તેમાંનો થોડો કાળ પણ દુર્વ્યયમાં કે પ્રમાદમાં ગાળવાનો નથી. વિશુદ્ધ ચારિત્ર્યવાન્‌નું ક્યાં આવું સદા સાવધ અને સાધનરત જીવન તથા ક્યાં આપણું નિરર્થક વહી જતું ક્ષુદ્ર જીવન ! ખરે જ શોચનીય સ્થિતિ !

ઇષ્ટશ્રીની વિદ્યમાનતાના સમયે તથા પછી પણ જ્યાં સુધી તેમણે નોકરી કરી ત્યાં સુધી તેમને યથેચ્છ અવકાશનો અભાવ રહેતો. આ વાચનના સમયમાંથી અને બીજો થોડો સમય પોતાના વ્યવહારકાર્યથી મુશીબતે બચાવી એ પોતાનું લેખનકાર્ય કરતા. અને સુધાસ્રોતસ્વિની પ્રથમ ભાગ, તથા દ્વિતીય વિભાગનાં થોડાં કીર્તનો, વિદ્યાર્થીનો સાચો મિત્ર, શ્રી મહાકાલમાં તેર વર્ષપર્યંત લખાયલા તેમના લેખો, લોકપ્રિય લેખમાલામાંના કેટલાક નિબંધો, અધ્યાત્મબલપોષક ગ્રંથમાલાનો પ્રથમ અક્ષ, અને એ વિનાના બીજા પુષ્કળ લેખો—એ તેમને ક્વચિત્ ક્વચિત્ મળતા લેખન—કાલનો પરિણામ હતો. સુવિચારવાન્‌ને આ પણ તેમને માટે સાશ્ચર્ય—સંમાન ઉપજાવે તેવો વ્યતિકર છે.

તેમના જીવનના ઉત્તર કાલની સમય—યોજનાનું સ્વરૂપ સમયના અભાવે અત્ર હું દર્શાવી શકતો નથી.

બંધુઓ, હવે તેમના સાધનાભ્યાસરૂપ તૃતીય વિભાગના દ્વિતીય પેટા ભાગરૂપ ઉપાસનાસંબંધી સંક્ષેપમાં વિચાર કરીએ. પ્રાતઃકાલે નિયમિત-પણે પાંચ વાગે નિત્ય તેઓ ઉઠતા, અને શૌચ સ્નાનાદિથી પરવારી તત્કાલ ઉપાસના—ક્રમમાં તેઓ યોજાતા. સાડાસાતસુધી આ ક્રમને તેઓ સાધતા. એ સમયમાં સદ્‌ગુરુ—ઉપદિષ્ટ અનેક પ્રકારના માનસ તથા આધ્યાત્મિક, યૌગિક તથા તથા તાત્ત્વિક ક્રમને તેમણે સાધ્યા હતા. થોડે થોડે સમયે પોતાના ક્રમસંબંધી અનુભવને ઇષ્ટશ્રીસમીપ નિવેદન કરતા, તેના વિક્ષેપક તથા પ્રવર્દ્ધક હેતુઓને સમજી લેતા અને અન્ય અનેક ગુરુકળથી જાણીતા રહેતા. તેમના વિશુદ્ધ ચારિત્ર્યમાં ચૈતન્યનો ચળકાટ કરનાર આ તેમનો સાધન—ક્રમ હતો. આ સંબંધી વિશેષ ઉલ્લેખ કરતાં મારી કલમ કેટલો લાંબો પંથ કાપે તેનો નિર્ણય ન થતો હોવાથી તેને અત્ર જ ઇત્યલમ્ કરી દઉં છું.

બંધુઓ! **શ્રીમાન્ માસ્તરસાહેબના** જીવન—મહાલયના માત્ર કેટલાક ઓરડાઓની કેવલ ભીંતોઉપર જ આ તો આપણે દૃષ્ટિ ફેરવી. તેના અંતર્ગત દિવ્ય ઉપસ્કર (પદાર્થો) પ્રતિ તો આપણે હાલ સૂક્ષ્મપણે અવ-લોકી શકીએ એટલો અવકાશ અને અધિકાર નથી, જેથી તેમના જીવન—મહાલયના ઇતર કેટલાક પ્રદેશોનું સહજ દૃષ્ટિ—દર્શન કરીને જ સંતુષ્ટ થઈશું.

વિદ્યાર્થીતરીકેનું તેમનું જીવન, શિક્ષકતરીકેનું તેમનું જીવન તથા શિષ્યતરીકેનાં તેમનાં જીવનની ઝાંખી છતાં રશ્મિમય રૂપરેખા આપણે યત્કિંચિત્ જોઈ, અને તેમના વિશુદ્ધ ચારિત્ર્યની ભવ્ય મૂર્તિને સાકારિત કરી શકયા. હવે તેમના અવશિષ્ટ જીવનપ્રદેશોમાં એ ચારિત્ર્ય મૂર્ત કેવા પ્રકારની રચાયેલી છે તે જોવાને દૃષ્ટિ ફેંકીયે.

તેમના લેખોમાં તેમના ચારિત્ર્યની જે ઉચ્ચ છાપ પડે છે એ સંબંધમાં તો મારા એકના કરતાં જગતના હજારો મનુષ્યોની સાક્ષી તમને મળી શકે એમ છે. જેમણે એમની લેખિનીનો સ્વાદ ચાખ્યો છે, તેને અન્ય લેખિનીઓ ફીકી જણાઈ છે. સ્થૂલ ખાદ્ય–દ્રવ્ય ભલે બીજાનું હોય, પરંતુ તેની એમના હાથથી બનેલી વાનીમાં જ અનેકને જે અપૂર્વ સ્વાદુતા જણાઈ છે તેવી બીજે કશે નથી જણાઈ કે જણાતી, એવો તેમનો સ્વતંત્ર અનુભવપૂર્ણ દૃઢ અભિપ્રાય છે. એમની હૃદયંગમવાણી અંતરના જેટલા ઉંડા પડને ભેદીને અંતઃસ્પર્શી થતી, તેટલી અન્ય કોઇની વાણી અસર કરી શકતી નથી એવો અનેક વાચકોનો નિશ્ચય છે. કદાપિ એક વખત વિચાર–ભેદવાળી કે બહુ જાણેલી અથવા નિર્માલ્યસરખી વાત એ લખતા, તો પણ તેના વિચારતરંગમાં બલવાન્ વિચારશીલ મનુષ્યને પણ પોતે ધારેલે ઠેકાણે ઘસડી જતા, અને તત્કાલ તો તે વિચારને વિરોધીપાસે પણ કબૂલ કરાવી દેતા, એવું અનેક બુદ્ધિમંત પુરુષોનું પણ મંતવ્ય છે. તેમના લેખમાંથી જેટલું સરલપણે, જેટલું સ્પષ્ટપણે, તથા જેટલું હૃદયને સ્પર્શ કરી શકે એવું આચારસાધ્ય કર્તવ્ય સમજાઈ આવતું તથા તેથી શંકાશીલ અંતઃકરણ નિઃશંક થતું તેટલું અન્ય કોઇના લેખથી થતું નથી, તેમ તેટલું કર્તવ્ય–જ્ઞાન પણ ઇતર કોઇમાંથી સ્પષ્ટ રીતે મળી આવતું નથી, એવું તેમના લેખના હજારો વાચકોનું કહેવું છે. આ સર્વનો હેતુ અન્ય કાંઇ નથી પરંતુ તેમના પ્રતિઅક્ષરમાં પ્રવેશેલું તેમનું વિશુદ્ધ ચારિત્ર્ય જ છે. વિશુદ્ધ ચારિત્ર્યની પ્રભા સર્વમાં ઓતપ્રોત થઇ શકે છે.

શ્રીમહાકાલના અધિપતિતરીકે એમને માટે સાદા શબ્દોમાં કહીએ તો એમનું નામ મુલ્ક–મશહૂર છે. શ્રીમહાકાલનું પ્રણેતૃત્વ તેમણે એટલું તો પ્રશસ્ય પ્રકારે સિદ્ધ કર્યું હતું કે 'મહાકાલ' અને 'માસ્તર સાહેબ' એ બે અભેદવાચક નામ સમજાતાં. 'મહાકાલ' નામસાથે જ તેના

વાચકના હૃદયમાં 'છોટાલાલભાઈ'ના સ્વરનો રણકારો થતો, અને 'છોટાલાલભાઈ' સાથે 'મહાકાલ' શબ્દનો ધ્વનિ ઉઠતો. એમના હાથમાં જેટલો કાળ એ માસિકનું આધિપત્ય હતું તેટલા કાળપર્યંત ગુજરાતમાં પ્રસિદ્ધ થતાં અસંખ્ય માસિકોમાં તે એક જ માસિક બરાબર નિયમિત કહેવાતું. એક વિનોદ-પ્રસંગ તેને માટે એવો થયો હતો કે એક વખત તેમણે મહાકાલનો એક અંક કંઇ કારણવશાત્ પંદરેક દિવસ વહેલો પ્રસિદ્ધ કર્યો હતો. તે વાચકને હસ્તગત થતાં તેમાંના એક વાચકે પત્રથી ઠપકો (!) આપ્યો કે 'નિયમિતતાની બહુ વાતો કરો છો તો મહાકાલનો આ અંક યથાસમય ન કહાડતાં આટલો વહેલો કેમ કહાડયો ?

મહાકાલનો પ્રત્યેક વાચક નવા અંકમાંની તેમની રસ-લેખિનીનું આસ્વાદન કરવામાટે એટલો બધો આતુર રહેતો કે મહિનો પૂરો થવા પહેલાં ચાર પાંચ દિવસપૂર્વથી જ તેની તન્નિમિત્ત જિજ્ઞાસાવૃત્તિ અનિવાર્યપણે જાગ્રત્ રહેતી, અને તેમને તે અંક મળતો ત્યારે જ તૃપ્તિ થતી. પ્રકૃતિની મંદતાના પ્રસંગમાં કે ગમે તેવા વ્યવસાયના સમયમાં પણ મહાકાલનો અંક નિયમિત સમયે પ્રસિદ્ધ કરવા તે તત્પર રહેતા; પ્રત્યેક અંક વિશેષ અને વિશેષ રસમય તથા બોધક કરવામાટે પ્રયત્નશીલ રહેતા, અને સર્વથા તેમ જ બનતું. તેમના લેખોએ અનેકને આરોગ્ય પ્રકટાવ્યાં છે, વ્યાધિ શમાવ્યા છે, વ્યસનો છોડાવ્યાં છે, અનીતિ ટાળી છે, દુર્ગુણ દોષાદિઉપર જય કરાવ્યા છે, ક્લેશ, ભય, શોક, સંતાપ, ચિન્તા આદિ વિકારોને ટાળ્યા છે, ઇશ્વરવિષે શ્રદ્ધા, ભક્તિ પ્રકટાવ્યાં છે, ઉત્સાહને જાગ્રત્ કર્યો છે, આત્મબલ દઢાવ્યું છે, નીચી ભૂમિકામાંથી મનને ઉચ્ચ-ઉચ્ચતર પ્રદેશમાં વારંવાર ઘસડી આણ્યું છે, મનની બહિર્મુખતા ટાળી તેને આત્માભિમુખ થવા પ્રેરી શકયા છે, અનેકની મિથ્યા ભ્રાંતિઓને નિવૃત્ત કરી છે, અનેકનાં મંદ હૃદયોને ઉલ્લસિત કર્યાં છે, અનેકના જડવાદના સંસ્કારોને નિર્મૂલ કર્યા છે, જ્યાં નિરંતર કલુષિત ચિન્તનની દુર્ગંધવાળી ગટરો વહેતી ત્યાં પ્રસન્નતાના, પરહિત ચિંતનના, સ્વાર્થત્યાગના, સર્વત્ર આત્મભાવપ્રસારણના, અજ્ઞાનજનિત મિથ્યાભિમાનના ત્યાગપૂર્વક શુદ્ધ સાત્ત્વિક સ્વાત્માભિમાનના ઓઘોને-પ્રવાહોને-વહેતા કર્યા છે ! સ્વલ્પમાં ગુજરાતનાં અસંખ્ય હૃદયોને

તેમણે અનેક સત્સંસ્કારવિભૂષિત કર્યાં છે, અનેકના જીવનમાં પ્રાણ પ્રસાર્યા છે, અનેકની જીવન-વાટિકા નવપલ્લવિત કરી મૂકી છે. બન્ધુઓ ! આ બધું શાથી થયું ? કેવલ તેમના વિશુદ્ધ ચારિત્ર્યના સોજ્જ્વલ પ્રભાવથી.

તે જ પ્રમાણે એમની વ્યાખ્યાન-શૈલીસંબંધી વિચારો. તેમની વ્યાખ્યાનશૈલી વિશિષ્ટ પ્રકારની અને બહુ પ્રભાવશાલિની હતી. તે શ્રવણ કરનારને એમ જ ભાન થતું કે આ વ્યાખ્યાનના શબ્દો તેમનું મગજ નથી ગોઠવતું, પરંતુ તેમનું હૃદય જ બોલે છે-હૃદયમાં રહેતો આત્મા જ શબ્દશ્રેણીરૂપે પ્રવાહિત થાય છે. તેમનામાં ન તો અત્યંત હાવભાવ હતા, ન તો અપૂર્વ વાક્યાલંકારતા-Rhetorics-હતી, ન તો શબ્દાડંબર હતો; તેમ છતાં એ સર્વ જેમનામાં છે, એ જેટલી હૃદયની ઉંડાણમાં અસર નથી કરી શકયા, તેટલી ઉંડી અસર તેઓ શ્રોતાના હૃદય-ઉપર કરી શકયા. આનો એક જ દષ્ટાન્ત બસ છે. મુંબઈમાં જ્યારે 'સાધનસમારંભ' નો ઉત્સવ થયો ત્યારે તેમણે આપેલા એક વ્યાખ્યાનમાં તેમનું વ્યાખ્યાન શ્રવણ કરી, પોતાના અંતસ્તમ પ્રદેશમાં વિલક્ષણ અદ્દ્ભુત અસર થએલી અનુભવનાર એક તટસ્થ પુરુષે તેમના સંબન્ધમાં એ પ્રકારનો ઉદ્દ્ગાર કાઢયો હતો કે "આ પુરુષ શ્વેતવસ્ત્રધારી સાધુ છે." વ્યાખ્યાનમાં તેમનો પ્રખર પ્રતાપ, શ્રોતાઓની હૃદયહારિતા, તેમના શબ્દોમાં રહેલી ધારેલી અસર કરવાની તથા ધારેલું ચિત્ર શ્રોતાની આંતર દષ્ટિસમક્ષ વિસ્પષ્ટપણે રજુ કરવાની શક્તિ, અને તેમના પ્રત્યેક વચનોમાં જીવનતાનું સભરપણું: આ સર્વ શાથી હતું ? એમના શબ્દો ક્ષણભર આત્માની ઓળખ શાથી કરાવી શકતા હતા ? એમના શબ્દોમાં જાણે ચૈતન્યમધુકર ગુંજી રહ્યો હોય એવું શાથી ભાન થતું ? પ્રિય બંધુઓ, આનું અન્ય કશું જ કારણ ન હતું પરંતુ તેમના શબ્દની એ ચમકારાભરી જ્યોત્સ્ના તેમના વિશુદ્ધ ચારિત્ર્યમય અંતઃકરણમાંથી નીકળતી હતી એ જ હતું.

આ જ પ્રમાણે તેમની સમાધાન આપવાની શક્તિમાં પણ અપૂર્વતા હતી. તેમનું સામાન્ય શબ્દોમાં અને સામાન્ય શૈલીથી તથા અન્યના સમર્થનના વચનોના ટેકા દીધા વિનાનું સમાધાન, શ્રોતાને તત્કાળ ગળે ઉતરતું, અને તેને નિઃશંક કરી મૂકતું. તેઓ જે કંઇ કહેતા તે હૃદયને

મેળવીને કહે છે, તથા પોતે જે સત્ય જાણે છે અને પોતાને જે અનુભવગમ્ય થયું છે એ જ કહે છે, એવું શ્રોતાને સહજમાં ભાન થતું. આમાં પણ તેમના વિશુદ્ધ ચારિત્ર્યની છાયા પ્રસરતી.

એક ગૃહસ્થતરીકે તેમનું જીવન બહુ અપૂર્વતાવાળું હતું. અને તેથી પ્રથમથી જ આપણા વર્ગના તેમના એ સ્વરૂપને સમજનારા મુખ્ય મુખ્ય બંધુઓ તેમને 'ગૃહસ્થ–યોગી'ની સંજ્ઞા આપતા. અને તેમના નામપૂર્વે એ શબ્દને વિશેષણરૂપે પ્રયોજતા. શાંત, નિરુપાધિક, મમતાભર્યું અને સાત્વિક તેમનું ગૃહસ્થ–જીવન એક સાધકતરીકેના ગૃહસ્થ–જીવનમાં આદર્શરૂપ હતું. તેમાં વૈષયિક રસની છોળો ઉછળતી ન હતી, છતાં તેમાં નિત્ય સ્નેહ–સુધા ઝરતું. તેમાં ધનાદિનો ચમકાટ ન હતો, વિભવી પદાર્થોનો ત્યાં લેશ પણ ભરાવો ન હતો, પંચ વિષયની લોલુપતા વધારે એવું તેમાં કશું જ ન હતું, છતાં તેમાં આત્મધનનો નેત્રોને અંજવી નાંખે એવો ચમકાટ હતો, વિભવી પદાર્થોને સ્થાને હૃદયના પ્રીતિમય ભાવોની ત્યાં વિપુલતા હતી, વિષયલોલુપતાનું સ્થાન આત્મકલ્યાણની લોલુપતાએ લીધું હતું. એ ગૃહસ્થ–જીવનમાં દંપતી–કલહ ન હતો; એમની પ્રકૃતિને અનુકૂલપણે વર્તનારાં એમનાં પત્ની હતાં. મલિન વિકારોનો ત્યાં સ્પર્શ-સરખો ન હતો. તૃપ્તિ, સંતોષ, યથાપ્રાપ્ત સ્થિતિમાં નિભાવ, એ વગેરે ઉચ્ચગૃહીને શોભે એવું સર્વ કાંઇ તેમાં હતું. આગત અતિથિનું રૂડી રીતે સ્વાગત થતું. ત્યાં દુઃખની દાઝ ધરાતી, તપ્ત હૃદયને આશ્વાસન મળતું, જગત્‌ની ટાઢી–ઉનીથી જડવત્ બનેલા અંતઃકરણને ત્યાં આત્માની ઉષ્માની હૂંફ મળતી. સ્વલ્પમાં એક ઉચ્ચ અને પ્રગામી ગૃહસ્થ–જીવનતરીકે તેમના જીવનની ગણના કરી શકાય છે.

ગૃહસ્થ–જીવન–મન્દિરના સુવર્ણકલશરૂપ મનુષ્યનું નૈતિક જીવન હોય છે. આર્યપ્રજા મનુષ્યના નૈતિક જીવનને તેના સમગ્ર જીવનના મુખ્ય વિભાગરૂપ ગણે છે, અને તેની વિશુદ્ધિઉપરથી મનુષ્યજીવનનું મૂલ્ય આર્ય પ્રજા આંકે છે. પાશ્ચાત્ય પ્રજામાં એ વિષે ભેદ છે. નૈતિક જીવનને તેઓ ખાનગી જીવન ગણે છે, અને બાહ્ય જીવનથી તેને જૂદું ગણે છે. આથી તે પ્રજાનું ખાનગી જીવન નિકૃષ્ટ હોય તોપણ તેના બાહ્ય જીવનની કિંમત ઓછી થતી નથી. પરંતુ આર્યપ્રજામાં તેવું નથી. ખાનગી જીવન

અથવા નૈતિક જીવન જેનું કલુષિત છે તેની એકંદર કિંમત બહુ ઓછી અંકાય છે, અને તેમાં પણ એક ગૃહસ્થતરીકે તો તે કેવળ અધમ મનાય છે. પાશ્ચાત્ય પ્રજાના બીજા અનેક દુર્ગુણો-દોષો જેમ આર્ય પ્રજામાં પ્રસરવા પામ્યા છે તેમ પાશ્ચાત્ય પ્રજાના આ વિચારના સંસ્કાર પણ આપણી કેટલીક ઉછરતી પ્રજાના અંતઃકરણમાં અંકુરિત થતા જણાય છે. આપણા નૈતિક બલના સિદ્ધાન્તની દૃષ્ટિએ ખરે જ તે શોચનીય અને અવનતિજનક છે!

જેમનું જીવન આપણે અવલોકીએ છીએ તેમનું નૈતિક બલ અગાધ હતું. તેમની નીતિ-મર્યાદા અપૂર્વ હતી. કોઇપણ સ્ત્રીસાથે અત્યંત અગત્યવિના તેઓ કદાપિ વાત કરતા નહિ. કોઇ પ્રસંગ આવતાં અત્યંત સંકોચપૂર્વક આવશ્યકતાપૂરતો જ વાર્તા-વ્યવહાર સેવતા, અને તે વખતે તેમને જેણે જોયા હોય તેને એમ જ લાગે કે હજારો મનુષ્યોવચ્ચે નિડરપણે બોલનાર આટલા હૃદયના સંકુચિત અને મર્યાદિત ભાવથી પણ બોલી શકતા હશે! કોઇ પ્રસંગે તેમણે સ્ત્રિયાદિનું રસિકપણે વાણીમાં વર્ણન કર્યું નથી, સ્ત્રિયાદિની સહજ ઝાંખીમાં પણ સર્વદા નીચી દૃષ્ટિ ઢાળતા, અને આ નીતિનું અત્યંત આગ્રહયુક્ત પાલન કરતા. સ્ત્રીસ્વાતંત્ર્ય તથા સદાચરણી પુરુષવર્ગસાથે વિહિત નીતિધર્મથી આવશ્યક શુદ્ધ વ્યવહાર સેવવાના તે વિરોધી ન હતા, તેમને યોગ્ય સ્વાતંત્ર્ય અને વિહિત પ્રયોજનપરત્વે પુરુષવર્ગસાથે સંમિલિત થવાની અગત્યને તે સ્વીકારતા હતા, પુરુષવર્ગથી અયોગ્ય રીતે ઉપેક્ષા પામવાથી સ્ત્રીવર્ગને હાનિ થઈ છે, તથા હાલનાં સ્ત્રીવર્ગનાં બંધનો સર્વથા યોગ્ય નથી, એ વગેરેને તેઓ જણાવતા છતાં મર્યાદાની શિથિલતાના તેઓ લેશ પણ હીમાયતી ન હતા. અને એ જ તેમના નૈતિક જીવનની વિમલતા દર્શાવે છે. આ નૈતિક જીવનનું બલવાન્‌પણે પાલન કરવાની ઉપદેશાત્મક પંક્તિઓ સુધાસ્રોતસ્વિનીના એક પદ્યમાં આ પ્રકારે છે:

"કે પત્નીવ્રતવિણ પુરુષ ન શોભતો રે, હોય ભલે સઉસદ્‌ગુણધામ જો,
'નાકવિનાની ન આકૃતિ શોભતી રે, સુન્દર અવયવ હોય તમામ જો;—
'પત્નીવ્રતસદ્‌ગુણવિણ માનવી રે, માનવી નથી પણ જાણો શ્વાન જો,
'જન્મ ધર્યો તે ન ધર્યો જાણવો રે, માતૃગર્ભે તે પાષાણ જો;—

'પોતાની પત્નીને છોડીને રે, પરસ્ત્રીમાં જે ધારે પ્રેમ જો,
'એવા મન્દમતિનું વિશ્વમાં રે, કોઇ કાલે નથી થતું ક્ષેમ જો;-

* * * *

'ધન્ય જગતમાં તે નરવીરને રે, જેણે પરસ્ત્રી જાણી માત જો,
'હરિહર દેવો વશ તેણે કર્યા, તે અહિં પુરુષોત્તમ સાક્ષાત્ જો;-

* * * *

'પત્નીવ્રત દૃઢ જેણે પાળીયું રે, દુર્બલ તેને જગમાં શુંય જો,
'સિદ્ધિનિધિ તેને ચરણે ફરે રે, નથી તેને કશું રહેતું ગુહ્ય જો:-
'મનથી વાણીથી કાયાથકી રે, રહે જે પરદારાથી વિરક્ત જો,
'પત્નીવ્રતી તે સાચા જાણવા, લહેવા અવર દંભના ભક્ત જો;-

* * * *

'હોયે અપલક્ષણ નિજ પત્નીમાં, તો પણ પતિએ રહી ઉદાર જો,
'નિજ પત્નીપ્રતિ દ્વેષ ન ધારતાં રે, યત્નથી હરવા સર્વ વિકાર જો;-

* * * *

'મનથી વચનથી કાયાથી કદી રે, કોઇને દુભવવું ન ઘટિત જો,
'તો નિજ પત્નીહૃદયને દુભવી રે. વિશ્વે સાધે કોણ સ્વહિત જો;-

* * * *

'અખંડ સુખની ઇચ્છા જેમને રે, તે આ વચને ધરી વિશ્વાસ જો,
'દૃઢ પત્નીવ્રત પ્રીતે પાળીને રે, કરશે સચ્ચિત્સુખપદવાસ જો;-

પ્રિય બંધુઓ, ગૃહસ્થ બંધુઓ, શ્રવણ કરી ઉપરની પંક્તિઓ ? હું નથી પૂછતો કે તમારા કાને શ્રવણ કરી કે કેમ, હું પૂછું છું તમારા હૃદયે તે શ્રવણ કરી કે કેમ ? જ્યાં સુધી આ પ્રકારના નૈતિક જીવનરૂપ વાણાને તમારા સમગ્ર અંશના જીવનરૂપ તાણાની સાથે એકમેક કરી દેશો નહિ, ત્યાં સુધી તમારૂં ચારિત્ર્યવસ્ત્ર કદી પણ ઉત્તમ પ્રકારે વણાવાનું નથી, ત્યાં સુધી તમારૂં અન્ય પ્રકારમાં ગમે તેવું દૃઢ ચારિત્ર્ય હશે તોપણ વાસ્તવિક રીતે તે દુર્બલ અને અત્યંત ફાટેલું જ જાણજો.

આ પ્રકારના ચારિત્ર્યની કસોટીમાં કોણ હિંમત ભીડીને ઉતરી શકે એમ છે ? અને જ્યાં સુધી આ કસોટીમાં નથી ઉતરી શકાયું ત્યાં સુધી

તેવા મનુષ્યે પોતાનામાં કોઇ પણ પ્રકારના અન્યઉપર પ્રતાપ પાડનારા સામર્થ્યની ઇચ્છા રાખવી એ દુરાશા છે.

ભલે પાશ્ચાત્ય પ્રજા નૈતિક જીવનને ખાનગી જીવન ગણી તેનો બાહ્ય જીવનસાથે સંબંધ નથી એમ કહે, પરંતુ આર્યપ્રજાને જો પોતાનું પૂર્વનું મનોબલ તથા અધ્યાત્મબલ સંપાદન કરવાની લેશ પણ સ્પૃહા હોય, તો આર્યદેશનો એક સમર્થ સિદ્ધાન્ત કે 'જેનું નૈતિક બલ યથાર્થ છે તે જ સર્વ રીતે ચારિત્ર્યવાન્ છે', એ સિદ્ધાન્તમાં તેણે જરા પણ ફેરફાર કરવાની જરૂર નથી. શુદ્ધ નીતિને જ્યાં સુધી તે પોતાના જીવનમાં પ્રધાનપણે ધારણ નહિ કરે, ત્યાં સુધી તે આર્યબલને કદાપિ સિદ્ધ કરી શકશે નહિ.

બંધુઓ, તમે તો આ સૂત્ર ખાસ લક્ષમાં રાખશો. **શ્રીમાસ્તરસાહેબનું** નૈતિક બલનું સ્વલ્પાંશમાં જે ઉપર ચિત્ર આપવામાં આવ્યું છે, તેની સાથે ક્ષણભર આપણા નૈતિક જીવનની તુલના કરીશું ? હૃદયને ઉત્તેજીત કરનાર તથા વિષયવૃત્તિને પોષનાર અને ઉન્મત્ત કરનાર જુઓ આ વિલાસમય સ્થૂલ પદાર્થો. અહો ! તે કેવા ચિત્તાકર્ષક છે ! સુન્દરતામાં, મોહકતામાં, આકર્ષકતામાં એક એકથી ચઢીયાતા અનેક વિષયો પડ્યા છે. આપણાં નેત્ર જુઓ, તેને જોઇ કેવાં વિહ્વલ બને છે ! સુન્દર સ્વાદિષ્ઠ ભોજનની આ થાળી જોતાં આપણા મોંમાં પાણી છૂટી જાય છે. ક્યારે તેને મુખમાં મૂકીએ એમ થઇ રહે છે. કઇ વસ્તુનો પહેલો ગ્રાસ ભરીશું, તેનો અત્યારથી વિવેક (!) કરવાનો આપણી વૃત્તિએ આરંભ કરી દીધો છે. અમુક પદાર્થ તો ખૂબ ઉડાવીશું, એ એક સત્ય દૃઢ સંકલ્પને (!) આપણે ક્યારના વળગી રહ્યા છીએ. જમવાની જલદી છૂટ મળે તેને માટે બળવાન્ સંકલ્પોને આપણે ક્યારનાએ છોડી મૂક્યા છે. આ આપણી દશા ! હવે જુઓ, એ જ પદાર્થોથી ભરેલા થાળપાસે બેઠેલા **માસ્તરસાહેબને.** તેમનાં નેત્ર એ જ બાહ્ય પદાર્થોને જોવા છતાં તેમની આંતરવૃત્તિ તેની સાથે લેશ પણ સ્પર્શવાળી થતી નથી. એમનું ચિત્ત તો જે કંઇ ઉચ્ચ ચિંતવવું હોય છે તેમાં જ રમી રહ્યું છે. માત્ર ક્ષુધાની નિવૃત્તિઅર્થે આ ભોજનવ્યાપાર કરવો, એટલો જ તેમનો ઉદ્દેશ, ભોજનના પદાર્થોઉપર તેમની ફરતી દૃષ્ટિ સ્પષ્ટ જણાવી આપે છે. શું ખાઇશું અને શું નહિ તેનો તેમને વિચારસરખો નથી. બન્નેના ભોજનનો આરંભ

થાય છે. બંને સબડકા મારે છે, પણ આપણા સબડકાના સ્વરમાં રસ-વૃત્તિને પોષનાર ધ્વનિ સંભળાય છે, જ્યારે તેમના સબડકાના સ્વરમાં કેવલ ઉદર પોષવાનો ધ્વનિ જ પ્રકટ થાય છે. અને આ જ સ્થલે, આ એક નાનીસરખી ક્રિયામાં આપણા ઉભયના ચારિત્ર્યની વિશુદ્ધિમાં ઘણો ભેદ પડી જાય છે. આપણા ચારિત્ર્યમાં સ્વાદેન્દ્રિયને પોષનાર—તેને પુનઃ શીઘ્ર ઉત્તેજીત કરનાર સંસ્કાર પ્રબલપણે પડે છે, તેમના ચારિત્ર્યમાં એ સ્વાદેન્દ્રિયને પુનઃ ઉન્મત્ત કરનાર એક પણ સંસ્કાર પડતો નથી.

જુઓ આ બીજું ચિત્ર. સુન્દર મોહક વસ્ત્રો, અલંકારો, ગૃહને શૃંગારવાના આ રમણીય પદાર્થો ! આપણે તેને જોતાં તેને પ્રાપ્ત કરવાના સંકલ્પને પ્રથમ કરીએ છીએ. તે મળ્યા વિના આપણા જીવનમાં સુખની ખામી લાગે છે, આપણું જીવન આપણને અપૂર્ણ જણાય છે. તેમને તેમાંનું કશું નથી. આ નૂતન સુન્દર વસ્ત્રથી નથી તેમને મોહ થતો કે તે જોઈ પ્રાપ્ત સામાન્ય વસ્ત્રોપ્રતિ નથી તેમને તિરસ્કાર થતો. આનો પરિણામ એ આવે છે કે તેમના ચારિત્ર્યપટમાં વસ્ત્રો કે પદાર્થોના સંસ્કાર નથી પડતા, જ્યારે આપણા ચારિત્ર્યપટઉપર તેના સંસ્કારોનાં અનેક ચિત્રો ચિતરાયા કરતાં હોય છે.

થોડે દૂર કોઇ અજ્ઞાત સ્ત્રીમંડલ ચાલ્યું જાય છે. તે કોણ છે, ક્યાં જાય છે, પેલું કેસરી વસ્ત્ર પહેરેલું કોણ હશે, આ આસ્માની સાડી ધારણ કરનારે હાથમાં કેવી જાતના અલંકારો ધારણ કર્યા છે, નીલાંબર-ધારિણીનું વદન કેવું મનોહર હશે, પેલી શ્વેતવસનાનાં નેત્રો કેવાં વિલોલ હશે, આવા આવા અનેક વિકારભરિત મનઃતરંગો તમારામાં ઉઠતા તમે ઘણીવાર અનુભવ્યા છે, નહિ ? ચંચળ ચિત્ત સ્વભાવથી જ તેને અનુસર્યું છે, નહિ ? તેવા મંડલસાથે આપણો પરિચય થાય, આપણે તેમની દૃષ્ટિમાં મૂલ્યવાળા કહેવાઈએ, વગેરે અનેક અવિહિત સંકલ્પવિકલ્પો થયા છે, નહિ ? આનો પરિણામ એ જ આવ્યો છે કે આપણા ચારિત્ર્યમાં શ્યામતા છવાઈ છે, શુભ્રતા ઘટી ગઇ છે.

જુઓ, પેલી વાતાયનમાં કોણ જણાય છે ? એ જ આપણા પરમપ્રિય માસ્તરસાહેબ. નીચેના રાજમાર્ગમાંથી દિવ્યવસ્ત્રાલંકારધારિણી સૌન્દર્યના સારરૂપ યુવતીઓ નયનકટાક્ષને દશે દિશ ફેંકતી ચાલી જાય છે. તેમના

મૃદુ હાવભાવો અનેક હૃદયને પોતાનામાં બાંધી લે છે. તેમની મંદ ગતિની મોહક ચાલ, અનેકનાં ચિત્તને પોતાના ચરણતલે છૂંદી નાંખે છે, તેમનાં પૂર્ણિમાસમાન શુભ્રસ્મિત વદનો અનેકની વૃત્તિકુમુદિનીને પોતાના અભિમુખ કરી રહ્યાં છે. સ્વલ્પમાં સર્વની દષ્ટિના કેંદ્રરૂપ તે યુવતીઓ થઈ રહી છે. પણ પેલી બારીમાંના માસ્તરસાહેબનાં નેત્રો એ જ રાજ-માર્ગપ્રતિ વળેલાં છતાં નથી તે યુવતીઓનાં નેત્રસાથે મળતાં, નથી તેમના હાવભાવોસાથે સ્પર્શ કરતાં, નથી તેમની ચાલઢાલને જોતાં કે નથી તેમનાં વસ્ત્રોમાં લપેટાતાં. જેમ કોઇ કુલીન પુરુષ માર્ગમાં કોઇ સ્ત્રીને જોઈ તત્કાળ પાછો હઠી–આઘો ખસી–વિનયથી તેને જવાના માર્ગને ખુલ્લો કરી આપે છે, તેમ તેમની દષ્ટિ જ્યાં એ યુવતીઓની છાયા પણ નથી પડતી તેમાં પ્રસંગોપાત્ત જા આવ કરે છે. એ તે મનો-હરતાની મૂર્તિરૂપ સ્ત્રી છે કે ભેંસ છે, તેનો તેમને વિચાર કરવાનો પણ અવકાશ નથી. જેમ કાઇના ઢુંઢાં ગતિઆગતિ કરી રહ્યાં હોય અને તેના તરફ કોઇ જુએ નહિ તેમ તેમની દષ્ટિ આમાંનું કશું જોતી નથી. આથી તમે માસ્તરસાહેબને જોજો ! રસવિહીન ધારતા ! આશ્ચર્ય તો એ જ છે કે તે સંપૂર્ણ રસના જ્ઞાતા છે, સર્વ પ્રકારના રસનાં અત્યન્ત ઉચ્ચ સ્વરૂપો તેમને સુસ્પષ્ટ છે, અને તે છતાં સમગ્ર લૌકિક રસને તેઓ તુચ્છ સમજી તેનાથી પોતાની સમગ્ર વૃત્તિઓને નિર્લેપ રાખે છે. આના પરિણામે તેમના ચારિત્ર્યમાં ઉજ્જવલ વિશુદ્ધિ ઝળકી રહી છે, અલૌકિક સામર્થ્યોની પ્રભા તેમાં નવીન નવીન દિવ્ય તેજ પૂરી રહી છે.

બંધુઓ, તમારા જીવનમાં પણ આવા ચારિત્ર્યને પ્રકટાવવા શું આગ્રહ નહિ ધરો ? દઢ પ્રયત્નથી તમે અવશ્ય એ પ્રકારે કરી શકશો. અસ્તુ.

શ્રી માસ્તરસાહેબના જીવનનો જેની સાથે અત્યન્ત સમ્બન્ધ હતો એવા તેમના એક વિભાગને સહજ અવલોકી પછી આગળ ચાલીએ. આપણા વર્ગના અગ્રણી પુરુષતરીકેનું તેમનું ચારિત્ર્ય બહુ સુન્દર છે. નાના મોટા, સદ્દગુણી દુર્ગુણી, અનુકૂલ પ્રતિકૂલ, વિદ્વાન્ અવિદ્વાન્ એવા સર્વ પ્રકારના આ વર્ગના મનુષ્યોસાથે તેમનો સમ્બન્ધ હતો. તે સર્વસાથે અનુકૂલ વ્યવહાર સેવવો અત્યન્ત દુષ્કર છતાં તેને તે સારી રીતે સેવી શકયા હતા. સર્વ કોઇ તેમના પ્રતિ પ્રેમ રાખતું, સર્વના

ચિત્તને તે આકર્ષતા, સર્વને સંતોષ આપી શકતા, તેમનો બોધ સર્વના હૃદયને અસર કરતો, તેમનું વચન ઉત્થાપવા કોઇ તત્પર ન થતું, તેમની પ્રીતિને સર્વ કોઇ ઇચ્છતા, તેમનામાં પૂજ્યભાવના અથવા મહદ્ ભાવના ધરતા, એ સર્વનું કારણ એક જ હતું કે તેમના ચારિત્ર્યની વિશુદ્ધિ.

આપણા વર્ગના અનેક મહાન્ પુરુષો પણ તેમને પ્રત્યક્ષ કાંઇ પણ ન કહી શકતા, અને સો શબ્દ કહેવા ધારેલા છતાં એક શબ્દમાં જ તેને પતાવી દેતા, અને તેમ છતાં તેટલું કહેવામાટે પણ તેમનાં અંતઃકરણ પાછળથી સંકોચ પામતાં. આ સર્વનો શો હેતુ ? એ જ કે તેમના સમગ્ર ચારિત્ર્યની પરમ વિશુદ્ધિ.

બંધુઓ ! આ રીતે **શ્રી માસ્તરસાહેબ**ના સમસ્ત જીવનપ્રદેશમાં ચારિત્ર્યની ઉંડી છાપ પડી રહેતી. તેમનાં સર્વ કાર્યો દેદીપ્યમાન્, યશસ્વી થતાં તથા તેમના વચનમાં સર્વ અપૂર્વ વિશ્વાસ ધારી તેને અનુસરતા, એમાં તેમના ચારિત્ર્યની વિશુદ્ધિ જ નિમિત્તરૂપ હતી.

આ રીતે ચારિત્ર્યશુદ્ધિ જેમ તેમના જીવનને સુશોભિત કરનાર તથા મહામૂલ્યવતું કરનાર થઈ પડી હતી, તેમ બંધુઓ ! આપણા જીવનને ઉજાળનાર પણ એ જ ચારિત્ર્યશુદ્ધિ છે. આપણા જીવનના સમસ્ત પ્રદેશને ઉજ્જવલતાથી છાઈ દેનાર, તેનામાં ચૈતન્યપ્રભા વિકસાવનાર આ એક ચારિત્ર્ય–શુદ્ધિ જ છે. આપણને તેની જરૂર છે. જેનામાં તે હતી તેની આજ અવસાનતિથિ છે, અને તેથી તેનું આજ ઉદ્યાપન કરવાને આપણે એકત્ર થયા છીએ. ખરૂં જોતાં આપણે **માસ્તરસાહેબ**ની મૂર્તિનું આજ ઉદ્યાપન નથી કરતા, પરંતુ જેવા આપણે થવાની ઇચ્છા રાખીએ છીએ, તેવી વિશુદ્ધ ચારિત્ર્યમૂર્તિનું જ વસ્તુતઃ આપણે આજે ઉદ્યાપન કરીએ છીએ, અને આ દૃષ્ટિથી–આ ભાવનાથી–જો આપણે આજની તિથિ ઉજવીએ છીએ તો જ આપણું ઉજવવું સાર્થક છે.

આ સ્થલે એ પ્રશ્ન થાય છે કે આવા પ્રકારનું દિવ્ય ચારિત્ર્યબલ શી રીતે પ્રકટાવવું ? બંધુઓ, હજીએ શું આપણે આ જ પ્રશ્ન કરવાનો બાકી રહ્યો ? બાર વર્ષ દિલ્હીમાં ગાળ્યાં પણ તેનો દરવાજો જ ન જોઇ શક્યા ? એ તો સંકોચાવાજેવું કહેવાય; પરંતુ ભલે, વિશુદ્ધ ચારિત્ર્યને

સધાવનાર એ સમર્થ સાધનોસંબંધી કંઇક ચિન્તન કરી આ વ્યાખ્યાનની સમાપ્તિ કરીશું.

વિશુદ્ધ ચારિત્ર્યસિદ્ધિમાટે પ્રથમ સાધન અથવા કર્તવ્ય એ છે કે આપણી પ્રત્યેક કૃતિપ્રતિ આપણું સંપૂર્ણ આંતર નિરીક્ષણ હોવું જોઈએ. આપણે શરીરથી, વાણીથી, કાનથી, આંખથી, મુખથી, પગથી, હાથથી, તેમ જ મનથી, બુદ્ધિથી, વિચારથી, સંકલ્પથી, ચિત્તથી, વૃત્તિથી, હૃદયથી, અંતઃકરણથી અને એ વિના જેનાથી આપણે કંઇ પણ કરી શકતા હોઈએ, તે સર્વથી થતી આપણી પ્રત્યેક ક્રિયાપ્રતિ આપણું અત્યંત સાવધાનતાવાળું લક્ષ હોવું જોઈએ. કેમકે સ્થૂલ અથવા સૂક્ષ્મ કોઈ પણ ઇંદ્રિયથી થતી નાની વા મોટી ક્રિયા આપણામાં કંઇને કંઇ સંસ્કાર પ્રકટાવે છે. અને એ સંસ્કારથી જ આપણું સારૂં કે ખોટું ચારિત્ર્ય ઘડાતું હોવાથી આપણે જો ચારિત્ર્યને ઉત્તમ કરવું છે તો આપણાથી થતી સર્વ કૃતિઓઉપર અત્યંત સંભાળ રાખવી જોઈએ.

આ કાર્ય આપણે પોતે જ કરી શકીએ એમ છે. કેમકે આપણી અત્યંત ગુપ્ત કૃતિ થતી હોય ત્યારે પણ આપણે ત્યાં હાજર હોઈએ છીએ. આથી આપણી કૃતિઉપર અન્ય કોઇ દેખરેખ રાખી શકે એમ નથી. બીજું કારણ એ છે કે યથાર્થ રીતે વિચારીએ તો આપણે આપણી કૃતિના અંતિમ ઉદ્દેશને જેટલો યથાર્થ રીતે જાણી શકીએ છીએ. તેટલું અન્ય કોઇ જાણતું નથી. તેથી તે ઉદ્દેશ વિહિત છે કે અવિહિત તેનો નિર્ણય આપણું ન્યાયી અંતઃકરણ સારી રીતે કરી શકે એમ છે. અને તદનુસાર યોગ્ય અથવા વિહિત માર્ગે વહેવું એ પણ આપણે જ કરી શકીએ છીએ.

સ્થૂલ કે સૂક્ષ્મ, કોઇ પણ ઇન્દ્રિયથી કાંઇ પણ ખોટું કાર્ય કરવા વૃત્તિ પ્રેરાય કે તે જ ક્ષણે તે કાર્ય કરતાં અટકો. આ ક્ષણે અટકવું એ ઉપરથી બહુ કઠિન લાગવા છતાં અત્યંત સરલ છે. તેથી આગળ વધ્યા પછી અટકવું એ વિશેષ દુર્ઘટ છે. એક કાર્ય કરવાનો સંકલ્પ સ્ફુરે તે વખતે તેને અટકાવવામાં જે બળ વાપરવું પડે છે, તેના કરતાં તે સંકલ્પથી પ્રેરાઈ કોઇ કાર્યમાં આગળ વધવા પછી તેને અટકાવતી વખતે શતગુણિત બળ વાપરવાની જરૂર પડે છે. કેમકે કોઇ એક સંકલ્પ ક્રિયા-

રૂપ થતાં સંસ્કારોનું વધારે જાડું દોરડું વણાય છે, અને ‘ બહુ તાંતણુ બળીયું ’ એ સામાન્ય જનકથન ત્યાં અક્ષરશઃ ખરૂં પડે છે.

આ જગત્માં કાચા સુતરના પણ ઘણા પ્રમાણમાં તાંતણા જેને બાંધવામાં આવે છે, તે બહુ દૃઢ રીતે બંધનમાં આવી જાય છે, એમ કહેવાય છે, તેમ કોઇ પણ સંસ્કારનું આરંભક સૂત્ર તો કાચા સુતરના તાંતણાજેવું જ દુર્બલ હોય છે, પણ તેવા ને તેવા સંસ્કારોનાં અનેક સૂત્રો એકત્ર થતાં પછી એનો એ સંસ્કાર અત્યંત સમર્થ બને છે. આથી જે સંકલ્પ આપણામાં વિશુદ્ધ ચારિત્ર્ય ન પ્રકટાવનાર હોય અથવા ચારિત્ર્યની અધિક વિશુદ્ધિ ન સાધનાર હોય તેને ઉઠતાં જ અટકાવવાને નિરંતર સાવધ રહેવું.

આપણને શુદ્ધ સેવ્ય વિચારનું સ્વરૂપ અજ્ઞાત નથી, આચરણીય શુદ્ધ વ્યાવહારિક પારમાર્થિક ક્રિયાનું અભાન નથી, પરંતુ આપણામાં એક જ છે કે એ શુદ્ધ સદ્વિચાર તથા સદાચારનું પાલન કરવાનો આપણી વૃત્તિનો સ્વતંત્ર આગ્રહ નથી. એ પ્રકારના આગ્રહને જો આપણે આપણા જીવનના પ્રત્યેક સ્થૂલ સૂક્ષ્મ વ્યાપારો કરતાં ધારણ કરીએ છીએ તો આપણે આશ્ચર્યકારક વેગથી આપણા ચારિત્ર્યની વિશુદ્ધિ સાધી શકીએ છીએ.

શ્રી માસ્તરસાહેબના જીવનની ચારિત્ર્યવિશુદ્ધિનું આ જ રહસ્ય હતું. તેઓ તેમની સામાન્ય કે અસામાન્ય પ્રત્યેક પ્રવૃત્તિનું નિરંતર સાવધાનપણે સૂક્ષ્મ નિરીક્ષણ કર્યા કરતા. અવશ્ય તેમનાથી કોઇ પ્રકારની અયોગ્ય ક્રિયા તો થવાની ન હતી, પરંતુ વિશેષ અને વિશેષ યોગ્ય, હિતકર કઇ ક્રિયા છે તેનું તે નિરંતર તારતમ્ય કહાડતા અને ઉત્તરોત્તર અધિકાધિક ઉત્કૃષ્ટ ક્રિયા કરવામાં જ વેગવાળા રહેતા.

આ રીતે આપણે પણ જો સાવધાનતા સેવીએ તો આપણા ચારિત્ર્યને પણ પરમ વિશુદ્ધ કરી શકીએ. પરંતુ આ સંબંધી લક્ષમાં રાખવાની એક બીજી બાબત છે. તે એ કે ચારિત્ર્ય બે પ્રકારનાં હોય છે. એક ચેતનાત્મક અને બીજું નિશ્ચેષ્ટાત્મક.

ઘણા મનુષ્યો સદાચારી હોય છે, નોકરી ધંધો વગેરે વ્યાવહારિક કાર્યો કશી કુટિલતાવિના કર્યા કરે છે, શાસ્ત્રાદિ સદ્ગ્રંથો અવલોકે છે,

વ્યવહારનિષિદ્ધ દુર્ગુણોના ત્યાગપૂર્વક સામાન્ય સદ્‌ગુણોને સેવતા હોય છે, યથામતિ ઈશ્વરભક્તિ આદિ સત્ક્રિયાઓ કરતા હોય છે, કોઈનું ખોટું બોલવામાં કે કોઈનું સાક્ષાત્ અહિત કરવામાં પ્રીતિવાળા નથી હોતા, જગત્‌ના અધિક પ્રમાણના ઉપાધિથી દૂર રહેવાના વિચારને પણ તે સેવતા હોય છે, શીલ સંતોષ આદિને પણ સામાન્યતઃ ધારણ કરી રહ્યા હોય છે, સ્વલ્પમાં તેમના જીવનમાં એકાએક તરી આવતો કોઇ પ્રકારનો દોષ હોતો નથી, પરંતુ તેઓ બલવાન્‌પણે કશું કરી શકતા નથી. આગ્રહયુક્ત દૃઢ પ્રયત્ન એ તેમનું સ્વભાવસિદ્ધ લક્ષણ હોતું નથી. જગત્‌માં બલવાન્ આઘાતોની સંમુખ થવાનું તેમનામાં બલ હોતું નથી. તેઓ જે તે સહી છૂટવાને તૈયાર થાય છે, પણ ગમે તે સ્થિતિ આવવા છતાં તેનો વૃત્તિથી પ્રતિષેધ કરી તદ્‌વિરોધી અન્ય ઇચ્છિત સ્થિતિને પ્રાપ્ત કરવાના ઉત્સાહી સામર્થ્યવાળા તે હોતા નથી. કંઇ નવું જાણ્યું કે તત્કાલ તેને આચારમાં મૂક્યું—ગમે તેવું કઠિન હોય તોપણ પ્રસંગ પ્રાપ્ત થતાં તે કાર્ય કરવું, એવો ઉછળતો ઉત્સાહ તેમનામાં હોતો નથી. આ પ્રકારનું જીવન તે નિશ્ચેષ્ટાત્મક ચારિત્ર્યવાળું જીવન છે. એવા મનુષ્યો એકની એક ગરેડમાં ચાલ્યા કરતા હોય છે. તેમને ઘણે વર્ષે તમે જુઓ તોપણ તે લગભગ તેવા ને તેવા જ હોય છે. નથી તેઓ બગડતા તેમ નથી તેમનામાં જાણવાજેવો નૂતન ફેરફાર થતો. તેઓ દુર્ગુણને પોતાનામાં ન પેસવા દેવા, એ માટે આગ્રહવાળા હોય છે, પણ ક્રમશઃ નિત્ય અધિકાધિક ઉચ્ચ સામર્થ્યોનો પોતાનામાં અનુભવ જાગ્રત્ કરવાના વેગવાળા હોતા નથી. આ પ્રકારનું શુદ્ધ છતાં દુર્બલ અથવા નિશ્ચેષ્ટ ચારિત્ર્યવાળાનું સ્વરૂપ છે. આવું ચારિત્ર્ય ઉપર જણાવેલા વિધિથી અર્થાત્ પોતાની પ્રવૃત્તિપ્રતિ નિરંતર સાવધાનપણે જોયા કરવાના સ્વભાવથી સિદ્ધ થાય છે. આવા ચારિત્ર્યવાળા મનુષ્યોનું પ્રમાણ વધારે મળી આવે છે. પરંતુ તેઓ કોઇના ચાલક વા નેતા બની શકતા નથી. તેમનામાં એવો પ્રતાપ જામેલો હોતો નથી કે તેઓ ધારે તે પ્રમાણે જનસમૂહને કે જગત્‌ને દોરી શકે. તેમનામાં એવી શક્તિ નથી ઉપજતી કે જેને લીધે તેમના પ્રતિ જનસમૂહ આકર્ષાય. તેમનામાં એવું બલ આવતું નથી કે જેથી તેઓ જનમંડલમાં પૂજ્ય, મહાત્મારૂપ કે દિવ્યકોટિના અવતારરૂપ કહેવાય.

આ પ્રકારનું અત્યંત ઉત્કૃષ્ટ સામર્થ્ય તો ચેતનાત્મક ચારિત્ર્ય જેનું છે, તેવા મનુષ્યમાં જ પ્રકટે છે. તે મનુષ્ય કશાથી દુર્બલ, ભયભીત કે હતાશ થતો નથી, તેને કશું અસાધ્ય જણાતું નથી, તે જગતથી દબાતો નથી. કોઇ પ્રકારના જાતીય ભોગથી તે પરતંત્રતાનો સ્વીકાર કરતો નથી, સર્વ પ્રકારની વિપત્તિને ઉલ્લંઘી જવાના તે નિશ્ચયવાળો હોય છે, પ્રતિકૂલતાઉપર પગ મૂકીને ચાલવાના અભ્યાસવાળો હોય છે, તેના ઉત્સાહને, આનંદને, આગ્રહને, પ્રયત્નને અટકાવી શકવા કોઇ સમર્થ થતું નથી. પાછા હઠવું તે શું એ તે સમજતો જ નથી, કંઇ પણ અસાધ્યસરખું તેને જણાતું નથી, તે પારકાના બલઉપર કદી ઝઝુમતો નથી—પરાશ્રિત બનતો નથી, નવીન નવીન ઉત્કૃષ્ટ કાર્યો કરવાં એ તેનું જીવન–વ્રત હોય છે, શુદ્ધ સદાચરણી રહેવું એ જ તેનું લક્ષ્ય હોતું નથી, પરંતુ અવિરલ પ્રયત્નથી દિવ્ય ઐશ્વર્ય પ્રાપ્ત કરવું, જેનાથી ઇતર કોઇ પર, મહત્, મૂલ્યવાન્ કે પ્રાપ્યરૂપ નથી એવા પદને પામવું, એમાં જ તેણે પોતાની જીવનસિદ્ધિ સ્વીકારી હોય છે, અને તે સિદ્ધ થતાંપર્યંત, અન્ય ગમે તેવાં અવાંતર સત્ફલ પ્રાપ્ત થાય, પરંતુ તેથી તે સંતુષ્ટ થતો નથી અને જ્યારે તે પોતાના નિર્દિષ્ટ લક્ષ્યે પહોંચે છે, ત્યારે જ તે જંપીને બેસે છે. બંધુઓ! ચેતનાત્મક ચારિત્ર્યવાળા પુરુષનાં ગમે તેટલાં ગુણગાન કરીશું તોપણ તેની સંપૂર્ણતાને આપણે વર્ણવી શકીશું નહિ.

આવું ઉત્કૃષ્ટ સામર્થ્યમય ચેતનાત્મક ચારિત્ર્ય, કેવલ ઉપર જણાવેલા એક જ સાધનથી સિદ્ધ થતું નથી. તેને માટે એક બીજા સાધનની અપેક્ષા છે. ચારિત્ર્યસિદ્ધિમાં બે સાધનોની અગત્ય આપણે જે પ્રથમ સ્વીકારી ગયા, તેમાંનું પ્રથમ સાધન જે 'આપણી પ્રત્યેક કૃતિપ્રતિ આપણું સંપૂર્ણ આંતર નિરીક્ષણ' તેનાથી પ્રથમનું નિશ્ચેષ્ટાત્મક ચારિત્ર્ય સધાય છે, ત્યારે દ્વિતીય પ્રકારનું જે ચેતનાત્મક ચારિત્ર્ય, તેને માટે ખાસ અપેક્ષિત બીજું સાધન એ છે કે **"મનુષ્યને પોતાની ઇશ્વરની નિકટતાનું અખંડિત ભાન."**

ગમે તેટલા શુદ્ધ ચારિત્ર્યવાળો મનુષ્ય થાય, છતાં જ્યાં સુધી તેને પોતાના સ્વરૂપની અથવા ઇશ્વરની નિકટતાનું સદોદિત જાગ્રત્ ભાન રહેતું નથી, ત્યાં સુધી તે કદાપિ ચેતનાત્મક ચારિત્ર્યવાળો બની શકતો

નથી. અને તેવા ચારિત્ર્યવાળો થયા વિના તે પોતાનાં સમગ્ર દુઃખો ટાળી શકતો નથી, સર્વોત્તમ સુખોને મેળવી શકતો નથી, અખંડ તૃપ્તિ, અખંડ શાંતિ, અખંડ આનંદ, અખંડ પ્રબુદ્ધતા, અખંડ રાગારાગરહિત મનની ઉત્તાન તથા વ્યવધાનરહિત સ્થિતિ, એ વગેરે અત્યંત ભવ્ય લક્ષણાન્વિત તે કદી થઈ શકતો નથી.

ઈશ્વરની સદોદિત નિકટતાના ભાનવિના મનુષ્ય ખાલી રહે છે. તેનામાં દિવ્ય અંશની પ્રબલતા સ્ફુરતી નથી. ક્યાંથી સ્ફુરે ? દિવ્યતાના પરમ નિકેતનરૂપ ઈશ્વરને આપણી અત્યંત નિકટ જાણ્યા વિના–તેમને આપણા પોતાના અનુભવ્યા વિના–દિવ્યતાની સાથે મનુષ્યનું એકીકરણ કેવી રીતે થાય ? ન જ થાય.

ઈશ્વર આપણી નિકટ છે, અથવા આપણે ઈશ્વરની નિકટ છીએ, એ ભાન મનને અત્યંત પ્રફુલ્લ કરે છે. અને અત્યંત પ્રફુલ્લતાવાળું મન જ કાંઇ પણ દિવ્યતાના સંસ્કારને ગ્રહણ, ધારણ તથા પ્રસારણ કરી શકતું હોવાથી, સચેતન ચારિત્ર્યની વિશુદ્ધ મૂર્તિરૂપ થવાને માટે આ ઈશ્વરનિકટતાના ભાનની અનિવાર્ય અગત્ય છે.

ઈશ્વરની નિકટતા એટલે જે કંઇ અનલ્પ છે, અમર્યાદ છે, અમૂલ્ય છે, અપરિમિત છે અને અદ્વય છે તેના પ્રદેશમાં આવવું. ત્યાં આવવાથી એ સર્વ અનુભવાય છે — સર્વમય થવાય છે. આ પ્રકારે થતાં પછી શાની ઉનતા રહે ! અને તેવો મનુષ્ય કયા સમર્થ બલની પ્રાપ્તિથી રહિત રહે !

સર્વ પ્રકારના ઐશ્વર્યથી યુક્ત ઈશ્વરને નિકટ અનુભવનારમાટે જ શાસ્ત્ર કહે છે કે તે પુરુષ **न बिभेति कुतश्चन** – કશાથી ભય પામતો નથી. દુઃખભય, શોકભય, દારિદ્ર્યભય, વ્યાધિભય, લોકભય, કે કોઇ પ્રકારનો ભય તેને ભીતિ પમાડી શકતો નથી. આવો નિર્ભય પુરુષ જે કાંઇ ધારે છે તે કરી શકે છે.

ઈશ્વરને નિત્ય નિકટ જાણવા એ જીવનનો લ્હાવો છે, આયુષ્ની ધન્યતા છે, વૃત્તિઓનો પરમ અભિલષણીય નાદ અથવા છંદ છે અને કર્તવ્યનો અનુપમ રસ છે.

બંધુઓ, આ સાધનની સિદ્ધિવડે જ માસ્તરસાહેબ ચેતનાત્મક ચારિત્ર્યવાળા થઈ શકયા હતા, અને તેથી જ તેવા ચારિત્ર્યનાં ફલનું તેઓ આસ્વાદન કરી શકયા હતા. તેમની અમાનુષી શક્તિઓ આ સાધનની જ ઉપકારી હતી. આ સાધનબલથી તેઓ મસ્ત હતા, કશા પણ મોહથી રહિત હતા.

આવા સાધનને સેવવામાટે જો આપણે પ્રયત્નશીલ છીએ તો જ આપણા જીવનની પરમ સિદ્ધિને આપણે અનુભવીશું.

વિશુદ્ધ ચારિત્ર્યસંપન્ન થવાના આ પ્રકારના માર્ગો છે. તે માર્ગોએ વહીને આપણે તેવા ચારિત્ર્યોપેત બનવું એ આપણું કર્તવ્ય છે. જેનું ચારિત્ર્ય નથી તેનું આ વિશ્વમાં કાંઇ પણ નથી.

ચારિત્ર્યની દુર્બલતા જ મનુષ્યને વિપત્તિથી ડગાવે છે, ભય, કલેશ, ચિંતા, દુઃખ આદિ વિકારોનું તેનામાં સામ્રાજ્ય પ્રવર્તાવે છે, તેની અધોગતિ કરે છે, તેને સાચાં સુખથી વિમુખ રાખે છે, તેને અધિક સંતાપવાને અર્થે જ તેનામાં અનેક આશા–તૃષ્ણા પ્રકટાવે છે, અધિકાધિક બહિર્મુખ કરે છે, અને ભ્રષ્ટતાની પરિસીમાએ તેને પહોંચાડે છે.

એ જ ચારિત્ર્યની દુર્બલતા મનુષ્યને ઈશ્વરઉપર શ્રદ્ધા સ્થાપવા દેતી નથી, ઉંચી કલ્પનામાં સ્થિર થવા દેતી નથી, ઈશ્વરને તથા તેમની દૈવી શક્તિઓને અત્યંત દૂર અને દૂર દેખાડે છે, તેને અપ્રાપ્ય મનાવે છે, અને તેને માટે આપણે નાલાયક છીએ એવું મનુષ્યમાં દઢાવે છે. ચારિત્ર્યની દુર્બલતાવાળાને પારકાના આધારની જરૂર પડે છે. પારકા મારૂં દુઃખ ટાળશે, મનુષ્ય જ મને અમુક આપશે, એ વગેરે દીન ભાવો તેનામાં જાગ્રત્ કરી તેના જીવત્વને, તેના અલ્પશક્તિમત્વને પોષે છે. દુર્બલ ચારિત્ર્યવાન્નું મગજ કોઇ પણ વસ્તુના સમર્થનમાટે અનેક કારણો અને અનેક પ્રત્યક્ષ દૃષ્ટાંતો માગે છે. પ્રબલ ચારિત્ર્યવાન્‌ને પોતાની શક્તિઓમાં વિશેષ અને વિશેષ વિશ્વાસ પ્રકટતો હોવાથી તેને અન્યના દૃષ્ટાંતની, અન્યના પ્રમાણોની કે નિરર્થક કારણવાદની જરૂર રહેતી નથી. દુર્બલ શરીરવાળાને જ જેમ બીજાના ટેકાની જરૂર પડે છે, તેમ દુર્બલ ચારિત્ર્યવાળાને જ અન્યના સાહાય્યની અપેક્ષા રહે છે.

દુર્બલ ચારિત્ર્યવાળાના બોલવામાં અનિશ્ચિતતા, અશ્રદ્ધા, સંકુચિતતા, અને દશ્યના સંબંધના જ ઘણા અંશો જોવામાં આવે છે. તેની વાણીમાં સંશય, ભય, છગડગપણું વગેરે રમી રહ્યાં હોય છે. એ વાણી કોઇના હૃદયને સ્પર્શી શકતી નથી.

વિશુદ્ધ ચારિત્ર્યવિનાનો મનુષ્ય આત્મ-બલ પ્રકટાવી શકતો નથી. તેને પોતાની અશક્તિનું જ અખંડિતપણે ભાન રહે છે. કોઇ કાર્યમાં તે યાહોમ કરી શકતો નથી. તે ઉત્તમ પ્રગતિને પામી શકતો નથી. વિકાસક્રમ અથવા ઉન્નતિ-માર્ગ તેને કાંટાભરલો ભાસે છે. મનુષ્યપ્રયત્નથી કશું નથી થઇ શકતું એવો પાંગળો વિચાર તેનામાં સર્વદા પ્રવર્તી રહ્યો હોય છે. પ્રારબ્ધનું ઓથું તેને બહુ ગમતું હોય છે.

ચારિત્ર્યરહિત મનુષ્યને અંતરમાં ઉતરવું એ તેને ગોઝારા કૂવામાં ઉતરવાકરતાં પણ અત્યંત કઠિન અને ભયંકર તથા ગુંગળાવી નાંખનાર ભાસે છે. તે વિદ્યાના મહાસાગરમાં તરી શકે છે, બુદ્ધિના વિશાલ આકાશમાં ઉડી શકે છે, પણ અંતર્મુખતાની ગુહામાં સ્થિત થવું એ તેને અંધારા કેદખાનામાં રહેવાકરતાં પણ વિકટ ભાસે છે. તેમને ઉંચા વિષયની ચર્ચામાં કલાકોના કલાકો ગાળતાં રસ પડે છે, પરંતુ પા કલાક પણ અંતર્મુખ થવાનું આવતાં તે ભડકી ઉઠે છે. તે વાર્તામાં કર્તવ્યના રહસ્યને સારી પેઠે ગુંથે છે, ક્રિયામાં મૂકતાં તેને ગલ્લાંતલ્લાં કરવાં પડે છે. આ રીતે દુર્બલ ચારિત્ર્યવાળો જ્યારે વસ્તુસિદ્ધિ માટે પાણી વલોવતો હોય છે ત્યારે પ્રબલ ચારિત્ર્યવાળો સાધનરૂપ છાશનું મંથન કરી તત્ત્વરૂપ નવનીતને ઉપજાવી લેતો હોય છે.

વિશુદ્ધ ચારિત્ર્યવાળો જ સર્વ પ્રકારના ઉચ્ચ પ્રદેશમાં રમણ કરી શકે છે, અને તેને લીધે જ **શ્રી માસ્તરસાહેબના** ઉચ્ચતમ પ્રદેશના ઉડ્ડયનની કલ્પના પણ ઇતરને આવી શકે એમ નથી.

ધ્રુવ, પ્રહ્લાદ આદિ બાલકો, નરસિંહ મહેતા આદિ ભક્તો, વસિષ્ઠાદિ સમર્થ મુનિઓ, યાજ્ઞવલ્ક્યાદિ ઋષિઓ, મત્સ્યેન્દ્રાદિ સિદ્ધો, વાલ્મીકિ આદિ કવિઓ, આ સચેતન ચારિત્ર્યનાં જ્વલંત દષ્ટાંતો છે.

સચેતન ચારિત્ર્યવાન્ પુરુષની આંતર દષ્ટિ ખુલે છે, તેને અગમ્ય સરખાં રહસ્યો ગમ્ય થાય છે, આધ્યાત્મિક પ્રદેશોમાં તેની સરળપણે ગતિ થાય છે, તે જે ધારે છે તે કરી શકે છે.

આમ હોવાથી પ્રિય સદ્દભાગી બંધુઓ, આવા સચેતન ચારિત્ર્યવાન્ થવાની અપૂર્વ જીજ્ઞાસાને જાગ્રત્ કરો, એ સ્થિતિને જ અંતરને કોરી નાંખનારી ઇચ્છાપૂર્વક ઝંખ્યા કરો, એ સ્થિતિપ્રતિ આપણું કેટલું પ્રયાણ થયું તેની નિરંતર નિરીક્ષા કર્યા કરો, અને એ આવેગને વિચારમય ન રાખતાં ક્રિયામય કરો, ક્રિયામય કરતાં પરિણામે અનુભવમય થઈ ન રહે ત્યાં સુધી પ્રયત્નથી વિરામ ન પામો.

બંધુઓ, આ વાર્તા લક્ષમાં રાખજો કે કોઇ પણ સત્યને નિર્વેષ્ટિત સત્યરૂપે (naked truth) કહેવું એમાં ચારિત્ર્યની સર્વાંશ સિદ્ધિ નથી, પરંતુ તેને સત્ય, પ્રિય તથા હિતકરરૂપે કહેવું એમાં જ ચારિત્ર્યની યથાર્થ સિદ્ધિ છે. ઉત્તમમાં ઉત્તમતા જોવી એમાં ચારિત્ર્યની વિશુદ્ધિ નથી, પરંતુ નિકૃષ્ટમાં પણ ઉત્કૃષ્ટ દષ્ટિ યથાર્થ રીતે સ્થાપવી એમાં જ ચારિત્ર્યની પરિશુદ્ધિ છે. કેવલ ઉચ્ચ પ્રદેશમાં એકાકી વિહરણ કરવામાં ચારિત્ર્યની અધિકતા નથી, પરંતુ તુચ્છસરખા અન્યની સાથે મળી તેમને આત્મભાવે ઉંચા લાવી તેમને પણ ઉચ્ચ પ્રદેશના સહ–વિહારી કરવામાં જ ચારિત્ર્યની વિશિષ્ટતા છે.

બંધુઓ, આપણને જે મળે તેમાં ખાવું પીવું, કોઇનો અન્યાયથી પૈસો હરણ કરવો નહિ, સત્ય નિષ્ઠાથી પ્રાપ્ત નોકરી વા ઉદ્યમ કર્યા કરવો, કોઇનું અકલ્યાણ ન કરવું, કોઇને કડવો શુકન ન કહેવો, કોઇની નિંદા ન કરવી વગેરે સદ્દગુણોથી સંતોષ માની અથવા આપણે ઘણું કર્યું છે એમ જાણી બેસી રહેશો નહિ કે સંતોષવશ બનશો નહિ. એ તો સામાન્ય પ્રકારનું ચારિત્ર્ય છે. આપણે સિદ્ધ કરવાના વાસ્તવ ચારિત્ર્યઆગળ તે બહુ નિર્માલ્ય છે. આપણે સચેતન વિશુદ્ધ ચારિત્ર્યના અધિકારી થવું છે, અને તેથી સામાન્ય ચારિત્ર્યને સિદ્ધ કરી અટકી રહેવું યોગ્ય નથી.

આ કાર્ય કઠિન જણાય છે ખરૂં ? માટે જ જેમણે એવા ચારિત્ર્યને પોતાનામાં પ્રકટ દર્શાવ્યું છે એવા આપણા માસ્તરસાહેબની આજની તિથિને પુણ્ય તિથિરૂપ સમજી તેનું ઉદ્યાપન કરવા તત્પર થયા છીએ.

પ્રિય સજ્જનો ! આ વ્યાખ્યાનનો એક જ ઉદ્દેશ છે કે શ્રી માસ્તર સાહેબવિહોણા ’ થએલા આપણે એવું તે શું કરીએ કે જેથી આપણે આપણા અંતરથી ‘ શ્રી માસ્તરસાહેબવાળા આપણે ’–એ પ્રકારે

અનુભવી શકીએ અને તેમના ચિરંજીવ અધ્યાત્મ-દેહથી આપણે અખંડ અસંબદ્ધ રહી શકીએ; એ સાધનને દર્શાવવા પ્રયત્ન કરવો. હું ધારું છું કે આપણે આ પ્રયત્નને મોટે અંશે ચરિતાર્થ કરી શકયા છીએ.

શ્રી માસ્તરસાહેબના વિશાલ જીવન-ક્ષેત્રમાંની જીવનવાટિકા તથા ભવ્ય જીવન-મહાલયનાં કેટલાંક રમ્ય સ્થાનોના આજે આપણે વિહંગ-દૃષ્ટિથી સ્હેજસ્હાજ દર્શન કર્યાં છે, તોપણ તેમાંથી આપણે એટલું બધું તો મેળવી શકયા છીએ કે જો તેને આપણા જીવનમાં પ્રત્યક્ષ કરવા ધારીએ તો તેને માટે દીર્ઘ કાળ જોઈએ. તેથી ત્યાંપર્યંત આપણે કદાપિ નવીન કશું જાણવા સમર્થ ન થઈએ, તોપણ અસંતોષ ધરવાનું કારણ નથી. જો કે ઈશ્વરાનુગ્રહથી આપણા આજે જાણેલા કર્તવ્યને અધિક પ્રોત્સાહિત કરવા અનેક પ્રસંગે મનોહારી સચ્ચિંતનો કરીશું.

આપણે આજે આપણા નિર્માણ કરેલા કર્તવ્યને સિદ્ધ કરવાના સાધનને પણ જાણી શકયા છીએ, એ વિશેષ સંતોષપ્રદ છે. એ સાધન કઠિન છે એમ જાણી જરા પણ નિરાશ ન થશો. ઇષ્ટાનુગ્રહયુક્ત આપણો શુદ્ધ પ્રયત્ન આપણને એ ભૂમિકાઉપર સ્થિત કરશે જ. યથાર્થ પ્રયત્નશીલ શ્રેયસ્સાધકને આ વિશ્વમાં કશું જ અપ્રાપ્ય નથી.

માસ્તરસાહેબના અનેક ગુણાનુવાદ ગાવા છતાં તે અપૂર્ણ રહે છે અને તેમના પ્રતિ અનુરાગ ધરાવતી આપણી વૃત્તિ તેનું ગમે તેટલું ગુણગાન કરવા છતાં અસંતુષ્ટ પણ રહે છે, અને રહેશે, એ જ તેમનું વિશિષ્ટ જીવન-માધુર્ય. બંધુઓ, આપણે આ વ્યાખ્યાનદ્વારા જેમની આંતર પ્રતિમાને આપણી માનસ દૃષ્ટિઆગળ પ્રત્યક્ષ કરી શકયા છીએ, અને જેમના સ્થૂલ છાયા-ચિત્રને આપણી પ્રત્યક્ષ દૃષ્ટિસંમુખ અવલોકીએ છીએ, તે ઉભય મૂર્તિઆગળ તેમના ગુણાનુવાદ ગાવાને આપણી અતૃપ્ત વૃત્તિના ભાવને દર્શાવતાં, એક પ્રાચીન શ્લોકના અંતિમ ચરણમાં માત્ર એક શબ્દ ફેરવી આ વ્યાખ્યાનના અંતિમ ઉદ્ગારરૂપે કહીશું કે હૃદયના પરમ પ્રીતિ-પાત્ર હે વિશ્વવંદ્ય! આપનાં અનેક ગુણગાન અમારા જીવનમાં કર્યાં છે, આજે પણ યથામતિ કર્યાં છે **तदपि तव गुणानां लेश पारं न याति** !

ॐ शांतिः शांतिः शांतिः

પ્રભુમય જીવન.

કોઇ કહેશો, આજનો દિવસ કેવો છે? આજના દિવસને કેવો કહેશો? આનંદનો કે શોકનો? ઉન્નતિ ઉપજાવનારો કે અવનતિ આણનારો? આપણા હિતને સાધનારો કે આપણા હિતને છીનવી લેનારો? આપણને પોતાના કર્તવ્યમાં જોડી રાખનારો કે આપણને કર્તવ્યમાં નિર્વેદ પ્રકટાવનારો? કેવો છે આજનો દિવસ? આપણને આપણા ધ્યેયસાથે અનુસન્ધાન કરાવનારો કે ધ્યેયથી આપણને દૂર કરનારો? આપણામાં અધ્યાત્મ જાગૃતિને પ્રકટાવનારો કે ક્લેશબદ્ધ રાખનારો?

એ તો આજના દિવસને જોવાઉપર આધાર રાખે છે. અજ્ઞદૃષ્ટિથી આજના દિવસને જોતાં તે આપણને જૂદું ભાન કરાવે છે, પ્રજ્ઞદૃષ્ટિથી જોતાં એ જ આજનો દિન આપણને કાંઇ જૂદું જ દેખાડે છે. જીવદૃષ્ટિએ આજનો દિવસ શોકજનક, અવનતિકારક, શ્રેયના માર્ગથી આપણને ભ્રષ્ટ કરનાર અને આપણા અન્તઃકરણની દુર્બલતા પોષનાર જણાય છે, અને શિવદૃષ્ટિએ આજનો દિવસ આપણને કર્તવ્યપ્રતિ સવિશેષ જાગ્રતિ આપનાર, આપણને જગત્‌ના ચિન્તનમાંથી ઉઠાવી જગત્‌થી પર તત્ત્વમાં સ્થાપનાર, આપણને આપણા વાસ્તવ સ્વરૂપપ્રતિ અભિમુખ કરનાર જણાય છે. અતત્ત્વદૃષ્ટિ આજના દિવસને દુઃખજનક, વિપદ્રૂપ, નિરાધારતાનું ભાન કરાવનાર, પ્રગતિનો પ્રઘાતક અને જીવનને નિર્જીવવત્ કરનાર તરીકે દેખાડે છે, જ્યારે તત્ત્વદૃષ્ટિ એ જ દિવસને, આપણને આપણા સાધનપ્રતિ વિશેષ આકર્ષનાર, આપણને ધર્મકર્તવ્યમાં વધારે દૃઢ કરાવ-

નાર, આપણી વૃત્તિઓની બહિર્મુખતાને શમાવી તેને અન્તર્મુખતાપ્રતિ સવિશેષ વાળનાર તથા આપણા અન્તઃકરણને ઉપાસ્યપ્રતિ વાળવામાં સવિશેષ ઉપયોગી ગણે છે. જેવી જેની દૃષ્ટિ, તેવું તેને દર્શન.

આપણા પરમ પ્રીતિપાત્ર **શ્રીમાન્** વિશ્વવંદ્યનું આજ તિરોધાન થયું; અને તેથી પ્રિય જનના સ્થાયી અદર્શનથી જે ખેદાદિક થવું જોઈએ, તેના નિમિત્તરૂપ આજનો દિવસ થયો. એમના સ્થૂલ તનુની વિદ્યમાનતાથી મળતા વિવિધ સંગજનિત લાભો, વિવિધ અકથ્ય નિર્મલ આનન્દો, અનેક સંયોગજન્ય સુખો વગેરે મળતું, તે આજે નથી. એમની પ્રકટ વિદ્યમાનતાથી મળતો બોધ, સમયસરનાં વિવિધ કર્તવ્યોનું જ્ઞાન, અપૂર્વ ઉત્સાહ, અનેક પ્રકારનાં સમાધાનઃ આજે આપણને પ્રાપ્ત નથી. તેમના સમાગમથી સાધકોને થતી શાન્તિ, એમના આગળ હૃદય ઠાલવવાથી થતું ભારનું ઓછાપણું, એમના ઉપદેશશ્રવણથી થતી મનની પ્રફુલ્લતા, કર્તવ્યપ્રતિ સહજ સ્વભાવથી થઈ જતી ઉત્સુકતા, સાધન સાધવાનો અનાયાસ બંધાતો આગ્રહઃ એ આજ નથી. એમના સંસર્ગથી આનન્દના જે ઓઘ ઉઠતા, ચિત્તવૃત્તિઓ સહજ અંકુશમાં સ્થપાતી, મનોવૃત્તિને જે બુદ્ધિજન્ય વિલાસો મળતા, સુખના વિવિધ પ્રકારનાં ભાન થતાં, તે આજ નથી. આથી એ અનુભવનાર અને સ્મરણ કરનાર અન્તઃકરણને સહસા નિરાશા, નિર્વેદ, દુઃખ અને પોતાના વિકાસમાં મોટું વિઘ્ન ઉપજ્યું જણાય.

તેમ છતાં તેમણે જ સદ્બોધેલા સદ્વિચારને આ સમયે આપણે ના આચરીએ તે આપણી અક્ષમ્ય કૃતઘ્નતા જ છે. તેમણે આપેલા વિવિધ ઉપદેશો માત્ર શ્રવણ કરવાઅર્થે નથી, પરન્તુ વ્યવહારમાં આવી પડતા પ્રત્યેક પ્રસંગે તેનો આપણે અનુકૂળ ઉપયોગ કરી લેવાનો છે. એમાં જો આપણે સ્ખલન કરીએ છીએ, તો આપણે તેમના ઉપદેશશ્રવણના અનધિકારી જ ઠરીએ. આવા અનુચિત દુર્ઘટ પ્રસંગમાટે તેમણે શો ઉપદેશ આપ્યો છે ?

"દુઃખ, નિરાશા, નિરુત્સાહપ્રતિ, પુંઠ ફેરવી નિત્ય રહેવું,
જે જે ભવમાં આવી મળે તે, સદા સારૂં સારૂં કહેવું."

શ્રીમાન્ વિશ્વવંદ્યે જગતને જે એક સમર્થ ઉપદેશ આપ્યો છે તે એ જ છે કે સર્વ કાંઇ આત્મા છે, અને તે આત્મદૃષ્ટિને કેળવી અનુ-

ભવવું. આ બોધ શું આપણે જ વિસરી જઈશું? આવા જ પ્રસંગોમાં વાપરવાનો તે ઉપદેશ છે, તેનું યથાસમય વિસ્મરણ આપણી કૃતઘ્નતાને, આપણી અશ્રદ્ધાને અને અસન્નિષ્ઠાને જ સૂચવે છે. જીવદષ્ટિને અતિ વિષમ ભાસતા આવા સમયે શું કરવું, એ પ્રશ્ન આપણુને પ્રકટે જ નહિ. કારણ તેમણે જ કહ્યું છે કેઃ

"આત્માને લહી પોતાનું રૂપ, આનન્દે જ્યાં ત્યાં ફરીએ,
"વિવિધ નિરખી બાહ્ય વ્યતિકર, મિથ્યા ભયથી ન છળી મરીએ.
"મરે ન આત્મા, બળે ન આત્મા,—અવિનાશી ત્યાં શીદ ડરીએ,
"વૃદ્ધિ ન, હાનિ ન, આત્મામાં તો, અશ્રુથી ચક્ષુ શીદ ભરીએ,
"સ્વરૂપ અભિમુખ રહી નિરન્તર, હૃદય ન ચિન્તાથી દહેવું; જે જે૦"

આ ઉપદેશનું અનુકરણ, એનું જ નામ પ્રજ્ઞદષ્ટિ, શિવદષ્ટિ અથવા તત્ત્વદષ્ટિ. આ દષ્ટિ દિવ્ય દષ્ટિ કહેવાય છે. એનાથી જોતાં આપણે આજના ભૂતપૂર્વ વ્યતિકરને આરંભથી જૂદા રૂપે જોયો છે, અને આજ પણ ભિન્નરૂપે જોઈએ છીએ. એ દષ્ટિએ જોતાં આપણુને સમજાય છે કે **શ્રીમાન્ વિશ્વવંદ્ય**નો માનસ સંબંધ આજના વ્યતિકરથી વધ્યો છે, તેમનામાં રહેલા દૈવી અંશનું અધ્યાત્મચિન્તન આજના પ્રસંગથી આપણે અનાયાસ પણ વિશેષ કરી શકીએ છીએ. જ્યાં પર્યન્ત તેમનો સ્થૂલ સંબંધ પ્રાપ્ત હતો, ત્યાં સુધી આપણે તેના સંસર્ગથી અને તેનાથી મળતા સ્થૂલ આનન્દના ભોગથી જ પ્રધાનપણે તૃપ્ત રહેતા. પરન્તુ તે વિલાવાથી આપણુને તેમના માનસ સમ્બન્ધનો આશ્રય લેવો પડયો છે. અને તે આપણા અધિકારની વૃદ્ધિ કરનાર જ છે. તેમનો વાસ્તવ માનસ સમ્બન્ધ આપણા હિતને વિશેષ અંશે સાધનાર છે, એ નિઃસંશય છે. આ વાત પ્રકારાન્તરે આપણે તેમના જ લેખથી જાણીએ છીએ. શ્રી ઇષ્ટના અન્તર્ધાનના નિમિત્તે તેમણે વિવિધ સાધકોને સમાધાનરૂપે લખેલા પત્રદ્વારા આપણે આ સત્યને જાણી શકયા છીએ. તેથી **શ્રીમાન્ વિશ્વવંદ્ય**સાથે આપણે જે માનસ સમ્બન્ધ બાંધી રાખીએ છીએ, અને તેને સૂક્ષ્મ કરતાં અધ્યાત્મસમ્બન્ધથી તેમની સાથે જોડાઈએ છીએ, તો આજનો વ્યતિકર આપણુને અવશ્ય ઉત્કર્ષકારક થઈ પડે તેમ છે.

પરન્તુ આપણે માનસ સમ્બન્ધ કોની સાથે રાખવો ? એમના સ્થૂલ દેહસાથે કે તેમના વ્યાવહારિક જીવનસાથે ? નહિ, અવશ્ય નહિ: એની સાથે સમ્બન્ધ રાખવાનો હોત અને તેમાં જો આપણું ઇષ્ટ હોત તો તેમના સ્થૂલ વિયોગનો પ્રસંગ આવત નહિ. એ વ્યતિકર આપણને સૂચવે છે કે હવે આપણે તેમના સ્થૂલ અને વ્યાવહારિક જીવનસાથે જ સમ્બન્ધ સેવીને રહેવાનું નથી, પણ તેમના આન્તર જીવનસાથે--તેમના પારમાર્થિક જીવનસાથે, અને વધારે ઉચિત શબ્દમાં કહીએ તો તેમના પ્રભુમયજીવન-સાથે આપણો અખંડ સમ્બન્ધ સેવવાનો છે. અને તેમના પ્રભુમયજીવન-સાથે સેવેલો આપણો સમ્બન્ધ આપણું હિત સાધશે. કારણ કે શ્રીમાન્ વિશ્વવંદ્ય જ જણાવ્યું છે કે:

જે જેનું ચિન્તન કરે તે તેમય થઇ જાય;
પ્રભુ ચિંતી પ્રભુમય થવું, કીટભ્રમરને ન્યાય.

આમ હોવાથી તેમના પ્રભુમય જીવનસાથેનો આપણો માનસ સમ્બન્ધ, આપણામાં પ્રભુમયતાને પ્રકટાવી શકે છે.

બન્ધુઓ ! જેણે પોતાના કંઠરવે અનુભવગાન કર્યું હતું કે,

'મત્ત હું ફરતો, કોથી ન ડરતો, ગુરુ ગુરુ અખંડ સ્મરતો,
ગુરુપદ નમતો, ગુરુમાં રમતો, ગુરુમય રહું વિચરતો;
છું હું ચેલો નૃસિંહગુરુનો, વિશ્વે જ્ઞાનમત્ત ફરતો.

તેમ જ

આમકામ થઇ ગુરુઅનુગ્રહથી, ગુરુના યશ ઉચ્ચરતો,
છતો જણાતો પણ નરહરિમાં, નિત્ય રહેતો અછતો;
છું હું ચેલો નૃસિંહગુરુનો૦'

આ આદિ વચનોવડે જેણે પોતાનામાં ગુરુમયતા–પ્રભુમયતા સિદ્ધ કરી હતી એવું એક પ્રભુમય જીવન કંઇક વર્ષો તમારી દૃષ્ટિઆગળ રમી–તરવરી–રહ્યું ! તમને માનવ જીવનમાં પ્રભુમય વ્યક્તિનાં દર્શન થયાં ! અને તમે તમારા જેવા એક માનવજીવનમાં જ પ્રભુતાનાં દર્શન કર્યાં ! દેવોના દિવ્ય જીવનની તમે તમારા સદૃશ એક માનવમન્દિરમાં ઝાંખી કરી, તમને સાધુની સાધુતા દૃષ્ટિગોચર થઇ, તમે એક ચર્મચક્ષુમાં જ તત્ત્વ-

જ્ઞાનની અચલ ખુમારી અને સાથે પ્રેમમય પ્રભુની પ્રભુમયતા પણ જોઈ! તપસ્વીની તપશ્ચર્યાનું, ભક્તજનની ભક્તિનું, સ્નેહાળ સ્નેહીના સ્નેહનું સ્વરૂપ તમે જે જીવનમાં જોયું એ જ હતું પ્રભુમય જીવન! ગુરુશરણ પામી અપૂર્વ શુશ્રૂષાવડે ગુરુચરણે સર્વસ્વ અર્પણ કરવાનું ઔદાર્ય અથવા આત્મત્યાગ જે જીવનમાં તમે જોયો, કર્તવ્યસાધનપૂર્વક વીરપુરુષને ઉચિત અપૂર્વ વીરત્વ જેનામાં જોવાને તમે ભાગ્યશાળી થયા, સુમેરુસમાન અડગ આત્મ-શ્રદ્ધાનું જેમાં પ્રત્યક્ષીકરણ કર્યું, ત્યાગી જનોનો ત્યાગ જે સંસારી દશાસ્થિત જનમાં તમે જોયો, અન્તઃસિદ્ધ ઉત્તમ સાધકનાં લક્ષણોનું જેનામાં તમે પદે પદે ભાન કર્યું—એ જ જીવન તે પ્રભુમય જીવન.

અને આવું પ્રભુમય જીવન કોનું હતું? નથી તમને તે અજાણ્યું. તમારી પ્રત્યક્ષ દૃષ્ટિના વિષયરૂપ જ તે વસ્તુ હતી. જીવમય જીવનથી આરમ્ભી જેણે એ જ જીવનમાં પોતાના જીવનને પ્રભુમય જીવનરૂપે બનાવ્યું—પોતાના જીવમય જીવનનું શિવમય જીવનરૂપે જેણે રૂપાન્તર કર્યું, તે જીવન **શ્રીમાન્ વિશ્વવંદ્યનું** હતું. ધન્ય, અસંખ્ય ધન્ય આપ વિશ્વવંદ્યને, અને આપના ગુરુને કે જેમાંથી આપે પ્રભુમયતાનું જીવન ચોરી લીધું!

બન્ધુઓ! સદ્‌ભાગ્યે કહો કે ઈશ્વરના અનુગ્રહે કહો પણ એવા પ્રભુમય, પ્રશાંતિમય, પુણ્યમય અને પ્રગતિસાધક વાતાવરણમાં ન્યૂનાધિક કાલ તમે વિતાવ્યો છે, તમારાં જીવન એ ચૈતન્યમય પ્રભુરૂપ જીવનના સાગરમાં તર્યાં અને ઝબકોળાયાં છે, તમે તેમના વ્યાવહારિક અને પારમાર્થિક આનન્દનો રસાસ્વાદ લીધો છેઃ સંસ્કારી બન્યા છે તમારા કર્ણો તેમની પ્રબોધમય જ્ઞાનચર્ચાથી, પવિત્ર બની છે તમારી દૃષ્ટિ તેમની સચેતન ચેષ્ટાઓ જોઈને, તમારામાંથી કેટલાકે એમની સાથે વિદ્યાભ્યાસ, વિનોદ-સેવન, વાદવિવાદ આદિ કર્યા છે. આપણામાંથી કેટલાક વિવિધ અંશને સ્પર્શ્યા છીએ, પરન્તુ જે પ્રભુત્વ—જે પ્રભુમયતા તેમના જીવનમાં સ્પષ્ટ થતી, એ પ્રભુમયતા તેમને કેવી રીતે સિદ્ધ થઈ—તેમણે કેવી રીતે સિદ્ધ કરી હતી, તેનો આપણામાંથી કોણે શોધનબુદ્ધિપૂર્વક વિચાર કર્યો છે? ક્યાં સાધનોએ કરી તેમનામાં પ્રભુતા પ્રકટી, પ્રભુમય જીવન કરવાને એમણે શું ત્યજ્યું અને શું ગ્રહ્યું, તેનો સાર કોણે અને ક્યારે શોધ્યો?

જેણે શોધ્યો અને સાધ્યો તેને તો ધન્ય. પરન્તુ બીજાને માટે હજી પણ મોડું નથી થયું. હજી તેમનો જીવનસાર શોધી શકીએ અને સાધી શકીએ એમ છે. એમના જીવનમાં તદર્થ એમણે શું કર્યું છે ?

સદ્ગુરુશ્રીને શરણ થઈ તેમના દ્વારા બોધનું શ્રવણ ચિન્તન કરી તેનું તારતમ્ય કાઢતાં પોતાના જીવનને પ્રભુમય કરવાને પ્રથમ અને અદ્વિતીયરૂપે ઉપયોગી સાધનરૂપે નિશ્ચય કર્યો કે

સચ્ચિદ્ આનન્દ સદ્ગુરુદેવ હૃદયમાં ધારીએ રે,
ફરી ક્યાં મળવો આવો માનવ તનુપ્રસંગ,
ધરીને અભંગ અંગ ઉમંગ જીવત્વ નિવારીએ રે.

જીવત્વ અર્થાત્ જીવમય જીવનને નિવારવાને પ્રથમ સાધન એક જ છે, અને તે એ કે સદ્ગુરુદેવ અર્થાત્ ઉપાસ્યને પોતાના હૃદયમાં ધારણ કરવા. એટલે આપણું ચિન્તન છોડી સદ્ગુરુતત્ત્વનું ચિન્તન કરવું. આ શા માટે કરવાનો તેમણે નિશ્ચય કર્યો ? કારણ તેમને પ્રભુમય જીવન કરવું હતું. અને એ સિદ્ધ કરવામાટે તેમણે એ સિદ્ધાન્ત કર્યો હતો કે

જે જેનું ચિન્તન કરે, તે તેમય થઈ જાય,
પ્રભુ ચિન્તી પ્રભુમય થવું, કીટભ્રમરને ન્યાય.

પ્રભુમય જીવન કરવાને માટે એક જ સાધન છે, અને તે પ્રભુનું ચિન્તન. જ્યાં જે વસ્તુ નથી ત્યાં તે ચિન્તનવડે સ્રજાય છે એ **શ્રીમાન્ વિશ્વવંદ્ય** 'પોતાનું ચિન્તન એ સર્જન' નામના વિષયમાં અને અન્ય અનેક સ્થળે બહુ સ્પષ્ટપણે સિદ્ધ કર્યું છે. એ જ ચિન્તનરૂપ સાધન પ્રભુમય થવામાટે તેમણે યોજ્યું.

વચમાં થોડું કહી લઉં કે આપણે પણ આજે એ જ સાધનને પ્રધાનપણે સાધવા તત્પર થયાં છીએ. આજનો પ્રસંગ શ્રીમાન્ વિશ્વવંદ્યના સ્મરણનો ઉદ્દીપક છે, અને ઉદ્દીપ્ત અન્તઃકરણ તેને અનુરૂપ સંસ્કારને ગ્રહણ કરવા વિશેષ સમર્થ હોય છે, તેથી આજે જો આપણે તેમના પ્રભુમય જીવનનું સુન્દર ચિન્તન કરી શકીશું તો અવશ્ય, આપણે પણ આપણું પ્રભુમય જીવન કરવાના અંગનું આજ અનુષ્ઠાન કર્યું ગણાશે. આજે **શ્રીમાન્** વિશ્વવંદ્યનું સ્મરણ આપણને અનાયાસ જાગ્રત્ છે, તેમના સ્મરણે આપણાં હૃદય આજે સહસા આર્દ્ર થઈ રહ્યાં છે, તેમના પ્રતિ આપણી

વૃત્તિની અભિમુખતા અને પ્રસંગે પ્રસંગે એકતાનતા થવાના આજે વિશેષ સમ્ભવો છે. સ્વલ્પમાં આપણા અન્તઃકરણ એવાં અભિમુખ છે કે જે આપણા આજના ચિન્તનીય દેવના સંસ્કારને તથા સ્વરૂપને પોતાનામાં અધિકપણે અને અધિક ઉંડાણથી આલેખી શકે. અન્તઃકરણની આવી સ્થિતિ એ ઉચ્ચ સંસ્કારને ગ્રહણ ધારણ કરવામાટે સર્વોત્તમ સ્થિતિ છે; તેથી અન્તઃકરણની આવી અભિમુખતાવાળી સ્થિતિથી તેમનું ચિન્તન કરવું એ ખાસ લક્ષમાં રાખવાનું છે.

અને આજના જેવા પ્રસંગમાં આપણે બીજું શું કરીશું? જે મહાત્માના સ્મરણચિંતનમાટે આપણે એકત્ર થયાં છીએ, તેના કૃતોપકારનું કિંચિત્ પણ વારણ કરવાનો એક જ માર્ગ સ્પષ્ટ છે; તે તેમના ઉપદેશ તથા જીવનનું સ્મરણ અને તેમના શુભ ગુણોનું આપણામાં અવધારણ. એવા સત્પુરુષોની કોઇ લૌકિક ઇચ્છા કે સ્વાર્થ અવશિષ્ટ રહ્યાં હોતાં જ નથી કે જે સાધવાથી તેમનો આત્મા સંતુષ્ટ થાય. એવા પુરુષો દેહવિલય પછી એવા સ્થાનમાં શમ્યા હોય છે કે ત્યાં આપણી અંજલિની —તર્પણની—તેમના ઉત્કર્ષમાટે જરૂર નથી. તો પછી તેવાના ઉપકારનું યત્કિંચિત્ પણ વારણ અને તેવા પુરુષના ઉપકારને આપણે જાણીએ છીએ અને આપણા ઉપર તે થયાનું સ્વીકારીએ છીએ એનું જગતને દર્શન કરાવવાઅર્થે એક જ માર્ગ છે, અને તે પૂર્વે જણાવ્યો એ: ચિન્તનદ્વારા તેમના ગુણાદિનું આપણામાં અવધારણ કરવું. લૌકિક અધિકારીઓ જ્યારે બીજાને પોતાના જેવો થએલો જોતાં ઇર્ષ્યા, અસૂયા આદિને ધારણ કરે છે, ત્યારે અલૌકિક અધિકારીરૂપ મહાપુરુષો અન્યને પોતાના જેવો થતો જોઈને જ આનન્દ માને છે. આથી તેવા મહાપુરુષના આત્માનું કૃતોપકાર બુદ્ધિથી જો આપણે સંતર્પણ કરવા ઇચ્છતા હોઈએ તો આ એક જ કર્તવ્ય છે કે તેમના રૂપ થવાને આપણે સમ્પૂર્ણ રીતે પ્રયત્ન કરવો. અને તે ઉપદેશને અવલમ્બીને જ આપણે અત્યારસુધી વિવિધ સચ્ચિન્તનો કર્યાં છે, અને હાલ કરીએ છીએ. તેથી એ સર્વને આપણા ચિત્તમાં સ્થાન આપવાની સ્વસ્થતા રાખવી અગત્યની છે. અસ્તુ.

શ્રીમાન્ વિશ્વવંદ્યે પોતાના જીવનને પ્રભુમય કરવાને પ્રથમ ઉપાસ્યને હૃદયમાં સુસ્થિર રાખવાનો નિશ્ચય સાધનાના આરંભક પગથીઆરૂપે નિશ્ચય

કરી, પોતાના અંતઃકરણમાં તેને સુદૃઢ સ્થાપવા નિમિત્તે પોતાના મનપ્રતિ ઉત્તેજક વચનો વદ્યા કે :

" મન ! તત્પર કટિ કસીને થા તું, પ્રિય પ્રભુને જોવા જાવું છે,
મમતા મોહથી અળગું ઝટ થા, પ્રભુમય પ્રભુ નિરખી થાવુંછે."

ઉપરનાં વચનોમાં મનને પ્રભુમય થવાનો બોધમાત્ર જ નથી દીધો, પણ તેની સાથે પ્રભુમય થવા ઇચ્છનાર મને શું ન કરવું જોઈએ, તેનું પણ સ્પષ્ટીકરણ કર્યું છે. જગતની મમતા અને દૃશ્ય પદાર્થાદિનો મોહ, એ બે વસ્તુ મનને પ્રભુમય થતાં ખાળે છે, કારણ કે જેમાં મોહ અને મમતા હોય છે, તેમાં મન સ્વભાવથી જ તદાકાર બને છે, જેથી જગત્ અને તેના પદાર્થોમાં જ્યાં સુધી મુગ્ધ છે, ત્યાં સુધી તેને પ્રભુમાં મોહ પ્રકટતો નથી, અને પ્રભુનો મોહ પ્રકટ્યા વિના તેના ચિન્તનથી રંગાતું ન હોવાથી તે પ્રભુમય થઈ શકતું નથી. આથી જીવનને પ્રભુમય કરવાની ઇચ્છાવાળાએ ઢીલું પોચું ન રાખતાં ઉગ્ર નિશ્ચયથી યુક્ત કરી તેને 'કટિ કસી તત્પર' કરવાનું છે, અને એની સાથે જગતના મોહમમત્વમાં શિથિલ બનાવવાનું છે. જ્યાં સુધી મન જગતના પ્રાપ્તવ્યમાટે 'કટિ કસી તત્પર' છે, ત્યાં સુધી તેની પ્રભુસ્મરણમાં કેડ ઢીલી જ રહે છે, અને એવા ઢીલી કેડવાળા પ્રયત્નશિથિલ મનુષ્યોના જીવનથી પ્રભુમય જીવન હજારો ગાઉ દૂર રહે છે.

આવી રીતે શ્રીમાન્ વિશ્વવંદ્યે પ્રભુમય જીવન કરવાની ઇચ્છાથી જે પારમાર્થિક કર્તવ્યોસાથે તેને ઉપયોગનાં બીજાં પણ અનેક સાધનો સાધ્યાં, તે કર્તવ્યોને પણ આપણે જોવાં જાણવાં જોઈએ, અને એ રીતે તેમના અધિક માનસ સંબંધમાં આવવું જોઈએ.

પ્રભુમય જીવન કરવાને માટે તેમનું બીજું કર્તવ્ય સર્વત્ર પ્રભુદર્શન કરવું એ હતું. જ્યાં સુધી પ્રભુથી ઇતરની ભાવના મનમાં વિદ્યમાન રહે છે, ત્યાં સુધી એ મનની પ્રભુમયતા થતી નથી, તેથી સર્વમાં પ્રભુદર્શનની અગત્ય છે. આ સર્વમાં પ્રભુદર્શન કરવામાટે તેમને તત્ત્વવિચાર સર્વોત્તમ માર્ગરૂપે જણાયો. વિચારવડે જ મન ઘડાય છે, વિચારવડે જ મનનું રૂપાન્તર થાય છે, એ રહસ્ય તેમના લક્ષમાં ઉતરી જવાથી તેમણે આગ્ર-

હપૂર્વક તત્ત્વવિચારને ધારણ કર્યો. સર્વત્ર પ્રભુ જ છે, પ્રભુથી કોઇ પ્રાણી-પદાર્થ રહિત નથી, સર્વ કાંઇ તેમનું જ સ્વરૂપ છેઃ આ શુદ્ધ તત્ત્વચિન્તનને એમણે પ્રખરપણે સાધવા માંડયું, અને એ સન્નિશ્ચયને દર્શાવતાં ગાયું કે,

"નયને તત્ત્વાંજન આંજી હવે, પ્રિય પ્રભુને જ્યાં ત્યાં જોવા છે,
"આ અસંખ્ય સારા અને ખોટા, ભેદો હૃદયેથી ખોવા છે.
"જળમાં, સ્થળમાં, સચરાચરમાં, પ્રભુ લહી, પ્રભુમાં ચિત્ત પ્રોવાં છે,
"પ્રભુમૂર્તિ અંતર છાપીને, મનમન્દિર પ્રભુમાં સ્હોવાં છે."

પ્રભુમય જીવન તત્ત્વચિંતનથી ઉદ્ભવે છે, અને જીવત્વ વિષય-ચિન્તનથી, દૃશ્યને સત્ય જાણ્યા કરવાથી, જગતના ભેદોને દૃષ્ટિમાં રમાડયા કરવાથી અને પ્રાણીપદાર્થને ઈશ્વરરૂપ ન જોતાં તે જેવા છે તેવા ને તેવા રૂપમાં જોયા કરવાથી ! અર્થાત્ અજ્ઞાનદૃષ્ટિને જ જાળવી રાખ્યાથી રહે છે. જગતના અર્થાત્ અતત્ત્વના વિચાર જીવનને જડ બનાવે છે, જ્યારે તત્ત્વવિચાર જીવનને પ્રભુમય કરે છે, કારણ તત્ત્વવિચારમાં જ પ્રભુનું ચિન્તન અને ધ્યાન જાગ્રત્ રહે છે. જે કારણ આ સમગ્ર વિશ્વને રચવામાં નિમિત્તરૂપ છે, એ જ કારણ તેને વિલાવવામાં પણ નિમિત્તરૂપ છે, અને તે વિચાર છે. વિચાર મનુષ્યઉપર કેવી અસર કરે છે, અને મનુષ્ય કેટલા અંશે વિચારને અધીન છે, એ વસ્તુની પ્રખર ચર્ચા કરનારા આપણા શ્રીમાન્ વિશ્વવંદ્ય જ છે. તેમના લેખો આ રહસ્યને એટલું તો સ્પષ્ટ રીતે જણાવે છે કે તેને અવલોકયા પછી તેમાં કોઇને લેશ માત્ર શંકા રહે તેમ નથી.

પરંતુ શ્રીમાન્ વિશ્વવંદ્યનો આ તત્ત્વવિચાર મોઢાનો નથી; એ તો ક્રિયાત્મક તત્ત્વવિચાર છે. મ્હોડેથી તત્ત્વની વાતો કરવી તેને એ મહાપુરુષ તત્ત્વવિચાર કહેતા નથી.

"બ્રહ્મરૂપ હું શબ્દજ્ઞાન એ, જરી ન હરે દુઃખભાર,
ભોજનના જ્ઞાને નથી થાતી, જેમ ક્ષુધા સંહાર;
હો જીવ ! તુજ સ્વરૂપનો કરજે વિચાર.

વિશ્વવંદ્યને શબ્દજ્ઞાન નથી જોઈતું, તે તો અનુભવજ્ઞાન માગે છે, કે જે જીવત્વનો સાક્ષાત્ નાશ કરે છે, અને તે તો એવા તત્ત્વ-વિચારને ધારણ કરવાને પ્રબોધે છે કે:

"સ્પર્શમણિને સ્પર્શતાં, લોહ કનક થઈ જાય,
"સ્પર્શી સ્વરૂપ, જીવ આ, સચ્ચિતિ સુખમય થાય રે,
"સ્પર્શી સ્વાત્મા તું, જીવપણું તુજ ખોજે;
નરતનુ ધરી જીવ તું, બ્રહ્મસ્વરૂપ તુજ જોજે,
'સચ્ચિતિ સુખ શિવ હું,' સાધનાભ્યાસે લહી રહોજે.

આવો શુદ્ધ અને વાસ્તવ તત્ત્વવિચાર તેમણે જીવનસિદ્ધ કર્યો હતો. તેમનો તત્ત્વવિચાર માત્ર વાણીનો, લેખનક્રિયામાં જ બુદ્ધિથી વિકાસ પામેલો અને તેમના ઉપરના પ્રદેશમાં જ રમાડેલો ન હતો, પણ અન્તરમાં પચેલો, આચારમાં ઉતરેલો, બુદ્ધિમાં ઉંડ પ્રસરેલો અને વ્યવહારમય હતો. આવા ક્રિયાત્મક તત્ત્વવિચારથી એમના જીવનમાં પ્રભુતા પ્રકટી હતી. તેમનું જીવન તેમણે તત્ત્વવિચારને અનુરૂપ કર્યું હતું, અને જેમના ઉપદેશથી તેમણે તત્ત્વવિચારનું શુદ્ધ સ્વરૂપ જાણ્યું અને જેમની કરુણાથી એ તત્ત્વ-વિચાર તેમને સિદ્ધ થયો માનતા, એવા પોતાના સદ્ગુરુદેવપ્રતિ તેમનો અખંડ ભક્તિભાવ જાગ્રત્ જ હતો. અને તે ભક્તિને અનુરૂપ ગુરુસેવા આદિ સાધનોપ્રતિ તેમણે લેશમાત્ર અભાવ કે અલક્ષ રાખ્યો નથી. ગુરુના સંબંધમાં નિરન્તર ભક્તિમય ચિત્ત અને પોતાના સમગ્ર વ્યવહારકાલે તત્ત્વવિચારને અનુરૂપ પ્રવૃત્તિ એ તેમના જીવનનું મર્મભર્યું સૂત્ર છે. તેમની તે પ્રવૃત્તિ જ તેમના જીવનને પ્રભુમય બનાવવા સવિશેષ સમર્થ થઈ હતી.

પોતાના જીવનના અનુકૂલપ્રતિકૂલ, સુખના કે દુઃખના, હર્ષના કે શોકના, સફલતાના કે નિષ્ફલતાના, રોગના કે આરોગ્યના, નિર્ધનતાના કે વિપત્તિના, ભોગના કે યોગના, સર્વ પ્રસંગોમાં તત્ત્વવિચારને અખંડ જાગ્રત્ રાખતા, અને તેથી જ તેમના જીવનનો પ્રભુમય જીવનમાં સત્વર પલટો સધાયો હતો.

સામાન્ય મનુષ્યોનો એવો સ્વભાવ છે કે કોઇ કાર્ય કરતાં કષ્ટ પડે કે અણગમો ઉપજે એવું હોય, ત્યારે તે ન કરવામાં જ્ઞાનનું ઓઠું આગળ ધરે છે. સંધ્યા કરતાં કંટાળો આવતો હોય, સ્નાન કરતાં ટાઢ વાતી હોય, આસન વાળતાં પગ દુઃખતા હોય, તો પોતાની એ મન્દતાનો તિરસ્કાર ન કરતાં અથવા પોતાના એ પ્રમાદને સ્પષ્ટ કબૂલ ન કરતાં

એમ કહેતાં જણાય છે કે તત્ત્વવિચારમાં તેની શી જરૂર છે ? ભૂખ લાગી હોય તો ઘડીભર સહન કરવામાં એમનો તત્ત્વવિચાર કામમાં નથી આવતો, ભાવતું ભોજન ન મળે તો ત્યાં સમાધાનમાટે તત્ત્વવિચારનો ઉપયોગ કરવાનું તેમને નથી સુઝતું, કોઇ કડવો શબ્દ કહે તો તેને ગળી જવામાં કે કોઇ વિરોધના શમનઅર્થે તત્ત્વવિચાર તેમને સહાયક નથી થતો, પણ પ્રમાદને વધારવામાં, શુદ્ધ કર્મો ન કરવામાં, તેમને તત્ત્વવિચાર ઉપયોગી થઇ પડે છે ! કર્મ અને ઉપાસનાના અવધિએ જ તત્ત્વવિચારનો અધિકાર પ્રાપ્ત થાય છે, એ ન સમજનાર કર્મ અને ઉપાસનાની કઠિનતા જોતાં મિથ્યા વાણીના તત્ત્વવિચારનો આશ્રય લે છે. તેઓ પોતાના જીવનને પ્રભુમય કરવાને બદલે પશુમય કરે છે, તેમને શુદ્ધ કર્મ અને ઉપાસના-દ્વારા ચિત્તશુદ્ધિ ન થવાથી, તેઓ કર્મઉપાસનાના ફળથી વિમુખ રહે છે, અને શુદ્ધ તત્ત્વવિચારમાં તો તેમનાથી ટકી જ શકાતું નથી. કર્મ ઉપાસનાથી શુદ્ધ અને સ્થિર થયેલું અન્તઃકરણ જ તત્ત્વવિચારને સર્વત્ર ઝીલી શકે છે.

તત્ત્વવિચારનો મહાલય અતિ ઉચ્ચ અને પરમ રમ્ય છે, પણ તેના ઉપર જવાનાં પગથીઆં શુદ્ધ કર્મ તથા ઇશ્વરોપાસના છે; તેના ઉપર પગ મૂક્યા વિના જે તત્ત્વમહાલયે ચઢવા ધારે છે તે હમેશાં પાછા જ પડે છે. કસોટીમાં તેમનો તત્ત્વવિચાર ટકતો નથી. એટલે લેભાગુ તત્ત્વ-વિચાર તેમની વૃત્તિઓને મોહાદિના પ્રસંગમાં અંકુશમાં રાખતો નથી, કારણ કે તેમનો તત્ત્વવિચાર મોંના ફડાકામાત્ર હોય છે, અને ષડ્રિપુના જયમાં તે નિરર્થક થઇ રહે છે.

બન્ધુઓ, સૂક્ષ્મ તત્ત્વમાં પ્રવેશ કરવાને માટે તત્ત્વવિચારને જ મુખ્ય સાધનરૂપે શાસ્ત્રો સ્વીકારે છે. તત્ત્વવિચાર જ દુઃખની આત્યન્તિકી નિવૃત્તિ અને પરમાનન્દની પ્રાપ્તિ કરાવે છે, પરન્તુ તેને અન્તઃકરણમાં ટકાવવામાટે કર્મઉપાસનાની અનિવાર્ય અગત્ય છે.

શ્રીમાન્ વિશ્વવંદ્ય ક્રમપૂર્વક ચઢીને આ તત્ત્વ–વિચારરૂપ સાધનને પ્રધાનપણે સેવેલું હોવાથી તેમને પાછા પડવાનો કદી પ્રસંગ ન આવે, એટલું જ નહિ પણ તેમના પ્રતિકૂલ પ્રસંગોમાં એ તત્ત્વવિચાર તેમને

સબલ સહાયરૂપ થઈ પડે એ સ્વાભાવિક છે; અને તેને લીધે તેમને દેહાદિના કષ્ટમાં પણ મનનું સમત્વ સિદ્ધવત્ હતું.

આરોગ્યના પ્રસંગમાં કે એવા જ અનુકૂલ અવસરોમાં તેમનું તત્ત્વજ્ઞાન જાગ્રત્ રહેતું હતું, એમ નહિ, પણ પ્રબલ વ્યાધિમાં તેમ જ મનના પ્રબલ ઉપાધિના પ્રસંગોમાં પણ તેઓ એ જ તત્ત્વજ્ઞાનને જીવનમાં આગળ રાખતા હતા. ભગંદરનો તેમને જ્યારે મહાવ્યાધિ થયો, ત્યારે અનેક ઉપાયો નિષ્ફળ નીવડતાં છેવટે ઑપરેશન કરવાનું—નસ્તર મૂકવાનું નક્કી થયું. તેની સાથે દમ તથા જ્વરના વ્યાધિને અંગે શરીર છેક દુર્બલ પડી ગયું હતું. એવા પ્રસંગમાં ડૉકટરોને કલોરોફૉર્મ આપવાનું સલામત ન લાગ્યું. તો પછી ઓપરેશન કરવું કેવી રીતે એ પ્રશ્ન થયો. તે પ્રસંગે તેમણે જાતે કલોરોફૉર્મ આપ્યા વિના ઑપરેશન કરવાનું કહ્યું. ડૉકટરોએ તે જ રીતે તેમની પૂર્ણ સાવધાનતામાં ઑપરેશન કર્યું. તે પ્રસંગે **શ્રીમાન્ વિશ્વવંદ્યે** ન બૂમ પાડી કે ન ખેદ કર્યો. શાન્તિથી જે થયું તે જોયા કર્યું. આ તેમના તત્ત્વવિચારનો પ્રભાવ !

તેમના દેહાવસાનપૂર્વે બે ત્રણ દિવસપહેલાં વ્યાધિના અંગે તેમના પગને ગરમ પાણીમાં બોળવાના હતા. તે સમયે પણ શરીરની અત્યંત દુર્બલતાથી સહનશક્તિ કેવળ શિથિલ થઈ ગઈ હતી. ત્વચા જરા પણ ગરમ પાણીને સહન કરી શકતી નહિ. જેમાં પગ મૂકવામાં આવ્યા હતા તે વાસણમાં ગરમ પાણી રેડતાં વધારે ગરમ પાણી પડી ગયું, જે આરોગ્યવાળા મનુષ્યના હાથને પણ વધારા પડતું ગરમ લાગે. વાસણમાંથી તત્કાળ તેમણે પગ બહાર કહાડી લીધા, અને પાણી ઘણું ગરમ છે એમ જણાવ્યું; પરન્તુ તેની બીજી જ ક્ષણે એ જ સ્મિત વદનપૂર્વક બોલ્યા કે 'એ તો મિથ્યા દેહાસક્તિ, મનની નકામી વિકલતા ! એમ બોલી પૂર્વકરતાં પણ વધારે ગરમ થયેલા પાણીમાં પુનઃ પગ બોળતાં મૃદુહાસ્યપૂર્વક એટલું જ વદ્યા કે **साक्षी चेता केवलो निर्गुणश्च** । પછી તેમના પગે સારી રીતે ગરમ પાણી સહન કર્યું.

આ જ પ્રકારે મનને વિકળ કરી મૂકે એવા પ્રસંગોમાં પણ એ જ તત્ત્વવિચારે તેઓ અચલ સ્થિરતા ધારણ કરતા. પ્રતિષ્ઠાનો ભય જે અત્યંત ઉચ્ચ કોટિએ ચઢેલાને પણ રહે છે, તેવા પ્રસંગો પ્રાપ્ત થતાં

પણ–અને પ્રતિષ્ઠાનું મૂલ્ય તથા મહત્ત્વ સારી રીતે સમજવા છતાં પણ–તેમનું અન્તઃકરણ નિશ્ચલ અને નિર્મલ રહેતું.

આવા પ્રસંગોમાં તત્ત્વવિચારનો ઉપયોગ, એ જ સાચો તત્ત્વાભ્યાસ છે. એવા તત્ત્વાભ્યાસને તેઓ સતત સેવતા અને જે સમયે બીજું કોઇ પણ સાધન ઉપયોગી ન થતું ત્યારે આ તત્ત્વચિન્તનરૂપ સાધન સમર્થ સહાયક થઈ રહેતું, તેથી તેમણે સાધકોને પ્રબોધ્યું કે,

"અવર ઉપાયે ત્રિવિધિ દુઃખનો, થાય નિતાન્ત ન હ્રાસ;
"ધન જન કામ ન વિપદે આવે, સુત સ્ત્રી ઉચ્ચ અવાસ;
"તનબળ મનબળ અફળ ગણાતાં, છેદે ન મૃત્યુપાશ; સાધકો૦

*

"તત્ત્વાભ્યાસ વિનાના વિભવો, પ્રાણ વિનાની લાશ;
સાધકો ! કરીએ તત્ત્વાભ્યાસ,
મૂર્ધે સાધી નિવાસ; સાધકો૦

જેમનું જીવન આ પ્રકારે તત્ત્વવિચારથી ઓતપ્રોત રહે, તે જીવન પ્રભુમય જીવન ન બને તો શું થાય ? આપણામાં એવી પ્રભુતા ક્યાંથી આવે ? આપણે તત્ત્વવિચારને વાણીના વિલાસરૂપે રાખીએ છીએ. એક પૈસાનું નુકશાન થતાં આપણે કંપી ઉઠીએ, કોઇનો એક શબ્દ શુણતાં આપણે ચડભડી ઉઠીએ, કોઇનો પાઈ પૈસો મળતાં આપણામાં આનન્દની લહરીઓ ઉઠે અને છતાં આપણે આપણને તત્ત્વચિંતક સમજીએ, અને તત્ત્વવિચારનો બીજાને ઉપદેશ આપીએ તો તે કેવલ ઉપહાસરૂપ જ છે. એવો પારકામાટેનો તત્ત્વવિચાર જીવનને જડ જ રાખે છે, પ્રભુમય બનાવતો નથી.

સર્વ પ્રસંગમાં તત્ત્વવિચારને જાગ્રત્ રાખી તેનો ઉપયોગ કરનાર મહાનુભાવ વિશ્વવંદ્ય જ વદી શકે કે :

"છોને વિવિધ વ્યાધિ શરીરમાં આવી ઘર કરીને રહે,
"છોને મળેલી સર્વ સંપદ્ અન્ય સ્થળમાંહી વહે:
"છોને સગાં સમ્બન્ધીઓ પ્રિય મિત્ર નયને ના પડે,
"છો સપ્ત ઉદધિ સુકાય, છો બ્રહ્માંડ આખું ગડગડે;

"તોપણ આત્મસ્વરૂપ અવલોકી, મુખથી મલક મલક હસીએ,
"પ્રસન્નતાને કદી ના ત્યજીએ, પ્રસન્ન સઉ સ્થિતિમાં રહીએ."

આવા ક્રિયાત્મક તત્ત્વવિચારને સેવતાં જ્યારે તેના ફલની તેમણે સિદ્ધિ અનુભવી ત્યારે એ તત્ત્વવિચારને સમજીને શુદ્ધરૂપે સેવવાનો તેમણે વારંવાર ઉપદેશ કર્યો. અને એ સાધનને સાધનમાત્રમાં સર્વોપરિ સાધનરૂપે જણાવતાં, કર્મ અને ભક્તિનો નિષેધ ન કરતાં એ જ જગાએ કર્તવ્યનો અવધિ નથી પરન્તુ તત્ત્વવિચાર એ જ યત્નનો અવધિ છે, એ સૂચવતાં સાધકોને તેઓ જણાવે છે કે,

"તત્ત્વવિચારે રમણ કરે તે સાધક સાચો જાણો રે,
"તે જ તરી દુસ્તર ભવ–ઉદધિ, લે સત્સુખની લ્હાણો રે,
"હરિમય દૃશ્યપ્રપંચ સકલ આ, બાહ્યાન્તર ન પ્રમાણ્યો રે,
"તો સાધન વિધવિધ સાધ્યાનો, ભાર વૃથા શીદ તાણ્યો રે,
"વિધવિધ કર્મ ઉપાસના, કરીએ યત્નથી નિત્ય,
"તત્ત્વદૃષ્ટિ પણ પ્રકટી ના, તો ફળ થાય ન નિત્ય,
યત્નતણો અવધિ આ વિશ્વે, તત્ત્વદૃષ્ટિને નાણો રે."

આવા અપૂર્વ ફળને આપનાર તત્ત્વવિચાર તે બીજો કોઇ નહિ, પણ પોતાનામાં અને સર્વમાં પ્રભુને જોવા એ જ છે. અને એ રીતે સર્વ સ્થિતિ અને સર્વ પદાર્થમાં સ્પષ્ટપણે જાણવાથી જ તેમનું જીવન જેવું પ્રભુમય થયું હતું તેવું સર્વનું જીવન થઈ શકે એમ હોવાથી તત્ત્વવિચારના સ્વરૂપને સ્પષ્ટ કરતાં પ્રભુમય જીવન કરવાની ઇચ્છાવાળાને તેઓએ જણાવ્યું કે

"જલ સ્થલ અનલ અનિલે પ્રિય પ્રભુવિણુ કાંઇ જોઈશ માં,
"અન્તર્ વૃત્તિ હરિના રમ્ય રૂપવિણુ ક્યાંહિ પ્રોઇશ માં.
"વૈખરી મધ્યમા વાણી, પ્રભુમય કરી રહે પ્રાણિ ! ; જલ૦
"જગતને ઉરથી વિસરજે, હરિમહોદધિમાં ફરજે,
"ઉદધિમાં ઉદધિ થઈ સરજે,
"અભયમાં મ્હાલ, દશદિશ ફાલ, મહી આ હાલ, યુક્તિ રસાલ,
"હણુ જંજાલ, નહિ રહે સાલ, થા ઝટ ન્યાલ, સર્વે કાલ;–જલ૦
"પ્રહ્લાદ ધ્રુવ ભક્તો તથા જનકાદિ તત્ત્વજ્ઞો ઘણા,

"આ દૃષ્ટિથી પ્રભુરૂપ થઈ ટાળ્યાં જનિમૃતિતાપણાં:
"સુખ પામીને સુખરૂપ થવા જો છે હૃદયમાં એષણા,
"તો સાધજે **શ્રી ઉપેન્દ્ર** આશ્રયમાં સખે ! આ સાધના; જલ૦

સુવર્ણની પરીક્ષા કસોટીના પથ્થરપાસે, વિદ્યાર્થીઓની પરીક્ષા શિક્ષકોપાસે, તેમ સાધકોની પરીક્ષા દુઃખ અને પ્રતિકૂલ પ્રસંગોઆગળ થાય છે. એવા પ્રસંગોને જે નહિવત્ લેખવે છે, અને તેવા સમયમાં પણ જે આનન્દથી બન્યા રહે છે, સર્વમાં હિત અથવા ઈશ્વરની લીલાને જ નિરપેક્ષપણે જોયા કરે છે, તે જ સાચા તત્ત્વજ્ઞાની અને સાચા ભકતો છે. આવા પુરુષનાં જીવન આપણને પ્રત્યક્ષ જોવાનાં મળ્યાં છે. તેને હવે આપણા જીવનમાં ઉતારવાં, મહાત્માના જીવનના રહસ્યને આપણા જીવનના રહસ્યરૂપ કરવું એ જ શ્રેયસ્સાધકોનું કર્તવ્ય છે.

પૂર્વના પદમાં **શ્રીમાન્** વિશ્વવંદ્યે એક વિશેષતા જણાવી, અને તે એ કે જનકાદિક તત્ત્વજ્ઞો જ પ્રભુમય થઇ શકયા છે, એમ નહિ પણ ધ્રુવ પ્રહ્લાદાદિ ભક્તો પણ પ્રભુમય થઈ રહ્યા છે. તત્ત્વવિચારની પ્રધાનતાથી પ્રભુમયતા જેમ સધાય છે, તેમ ભક્તિવડે પણ તેવી જ પ્રભુમયતા મનુષ્ય પ્રાપ્ત કરી શકે છે. અને તેથી જ **શ્રીમાન્** વિશ્વવંદ્યના જીવનમાં જેટલી તત્ત્વવિચારની પ્રધાનતા જણાય છે, તેટલી જ ભક્તિની પણ પ્રધાનતા હતી. ભક્તિનું માહાત્મ્ય તેમના ચિત્તમાં અને ભક્તિનો રસ તેમના હૃદયમાં અપૂર્વ પ્રકારે જણાયો છે. યથાર્થ ભક્તિએ કરી ઉપાસકને અવશ્ય પ્રભુમયતા પ્રાપ્ત થાય છે, એ તેમના અનુભવમાં આવવાથી નિર્ભ્રાન્તપણે અને દૃઢ નિશ્ચયપૂર્વક જણાવ્યું છે કે

"ભક્તિ કરી તે ઉદ્ધર્યો, વિણ ભક્તિ જીવે પણ મર્યો,
"ભક્તિથી કીટ ઈશપદ વર્યો, વિણ ભક્તિ ઈશપણું ન ટકતું. ભક્તિથી૦

ઈશત્વ અથવા આપણા ચાલતા શબ્દમાં કહીએ તો પ્રભુમયતા મનુષ્ય ભક્તિથી સિદ્ધ કરે છે; એટલું જ નહિ પરન્તુ ભક્તિ નથી કરી હોતી તો 'ઈશપણું' વા પ્રભુમયતા રહી શકતી નથી. આથી ભક્તિની અનિવાર્ય અગત્ય સ્પષ્ટ જ છે.

ભક્તિનું મહત્ત્વનું અંગ શ્રદ્ધા છે. શ્રદ્ધાવિના ભક્તિ એ પ્રાણવિનાનું શરીર છે. મનુષ્ય ભક્તિની ગમે તેટલી ક્રિયા કરે, પણ તેમાં જો શ્રદ્ધા

ભળી નથી હોતી તો તે ભક્તિ તેનું કશું હિત સાધતી નથી. આથી ભક્તિદ્વારા પ્રભુમયતાને સિદ્ધ કરવાનો ઉપદેશ દેતાં અને શ્રદ્ધાના અંગઉપર ખાસ ભાર મૂકતાં તેઓ પ્રબોધ દે છે કે:

"કશાથી ના રીઝનારા પ્રભુને, શ્રદ્ધા ધરી રીઝવજે,
પરિણામે પ્રભુરૂપમાં ભળીને, પ્રભુમય થઈને ઠરજે;
શ્રદ્ધા ધારી હૃદયમાં સાચી, વીરા સુખે પછી ફરજે."

બન્ધુઓ! આ રીતે ભક્તિ અને તત્ત્વવિચાર એ ઉભય સાધનોથી તેમણે પ્રભુમયતાને પોતાનામાં સિદ્ધ કરી હતી, અને અન્યને પ્રભુમય થવામાટે પણ તેમણે એ ઉભય સાધનને વારંવાર ઉપદેશ્યાં છે.

આપણે પ્રભુમય થવું છે? આપણામાં આપણે પ્રભુતા પ્રકટાવવી છે! જો હા, તો માત્ર વાતો કર્યે તે નહિ પ્રકટે. તેને માટે પ્રયત્ન કરવો જોઈશે. પ્રયત્નનું સ્વરૂપ આપણે વિચાર્યું. એ પ્રયત્નનું જીવંત સ્વરૂપ તમારી દૃષ્ટિઆગળ આવી ગયું છે; જેથી પ્રયત્ન કેવો કરવો અને આપણા જીવનનો કેવી રીતે ઉપયોગ કરવો તે કાંઇ તમને અજાણ્યું રહે તેમ નથી.

ગમે તેવું જીવન ગાળતાં પ્રભુમયતા નહિ મળે, મનના ગમે તેવા વ્યાપારો ચાલુ રાખવાથી, ચિત્તને ગમે તેવા વિષયચિન્તનમાં જોડેલું રહેવા દેવાથી, બુદ્ધિનો ગમે તેવો વ્યય કરવાથી, કલ્પનાનો દુરુપયોગ કરવાથી, પ્રભુમય થવાશે નહિ. સંસારમાં અને સંસારના કાર્યમાં જ અખંડ રચ્યા પચ્યા રહેવાથી, વ્યવહારને જ નિરન્તર ખેડયા કરવાથી, ચાર ડાહી ડાહી જ્ઞાનની વાતો કરવાથી કે અન્યને સુન્દર ઉપદેશવચનો કહેવાથી આપણામાં પ્રભુમયતા નહિ આવે.

પ્રભુમય થવાને માટે આપણે યોગ્યતા મેળવવી જોઈએ; અને તે યોગ્યતા બીજા પ્રકારની નહિ, પણ આપણા અન્તઃકરણને અખંડ ઇષ્ટના ચિન્તનમાં રાખ્યા કરવાની, અને ગમે તેવો પ્રસંગ પ્રાપ્ત થવા છતાં જીવત્વના એક પણ લક્ષણને આપણામાં સ્થિર ન રાખવાની યોગ્યતા મેળવવાની છે. કારણ એ જ મહાત્મા વદે છે કે:

"યોગ્યતા આવ્યા વિના કદી કોને, ભેટે ન નરહરિનાથ,
નરહરિમય તેથી કરતા મહજ્જન, સર્વ કરણસંઘાત."

આ પ્રકારે પ્રિય ગુરુબાલકો ! તમારાં સર્વ કરણોને નરહરિમય કરવાનો સતત પ્રયત્ન કરો, અને પરિણામે પ્રભુમય જીવનને અનુભવતાં **શ્રીમાન્ વિશ્વવંદ્યના** અનુભવગાનનું અનુગાન કરો કે

આ લેવા તે પામવા, હું ન હવે અથડાઉં,
સઉના મૂળને ભેટી હું, શાંતિમાં શમી જાઉં,
નાથ નિરખી રીઝું, જોઈએ કાંઇ ન બીજું, પ્રભુએ પોતાનો કર્યો,
વિશ્વમાંહ્ય—મારાંવ

॥ ॐ श्री ॥

निष्कामकर्मयोग

શ્રીમાન્ વિશ્વવંદ્યનાં પ્રીતિપાત્ર બંધુઓ તથા બહેનો,

આજનો દિવસ કેવો છે? આ પ્રશ્ન હું ગગનના ગ્રહોનું ગણિત કરનાર જ્યોતિષીઓને નથી પૂછતી, ઋતુઓનું નિરીક્ષણ કરનાર સીમલાનિવાસી વાયુચક્રશાસ્ત્રીને નથી પૂછતી, કે નથી પૂછતી ભવિષ્યવેત્તાઓને. પરન્તુ વિશ્વવંદ્યનાં પ્રીતિપાત્ર બન્ધુઓને અને બહેનોને પૂછું છું કે કેવો છે આજનો દિવસ? અન્તઃકરણનાં સ્ફુરણોરૂપ ચલિત અને નિશ્ચલ ગ્રહોનું ગણિત કરનાર જ્યોતિષી તમે છો? તો મારો આ પ્રશ્ન તમને જ છે. હૃદયના ભાવોરૂપ ઋતુઓનું નિરીક્ષણ કરી તેના અનુકૂળ પ્રતિકૂળ વાયુના વેગોને જોનાર વાયુચક્રશાસ્ત્રી તમે છો? તો તો તમને જ હું પૂછું છું. તમારાં આન્તર કરણોના વ્યાપારોને જોઈ તે ઉપરથી ભાવી નિર્ણય કરનાર તમે ભવિષ્યવેત્તા છો? તો તમારા આગળ જ મારો પ્રશ્ન મૂકું છું. કહો, કોઈ કહો, કેવો છે આજનો દિવસ?

અરે, આજનો દિવસ પરમ આનન્દજનક નથી, પરન્તુ પરમ કલ્યાણકારક તો છે. આજનો દિવસ આપણા મોજશોખો કે વૈષયિક વિલાસોને ઉત્તેજક નથી, પરન્તુ તિતિક્ષાને ઉત્તેજક તો છે જ. આજનો દિવસ હૃદયના ઉલ્લાસભર્યા ભાવોને પ્રકટાવનાર નથી, પરન્તુ સદ્વિચારને પ્રક-

ટાવનાર તો છે જ. આજનો દિવસ વૃત્તિની બહિર્મુખતાને પોષનાર નથી, પરન્તુ અન્તર્મુખતાને પોષનાર તો છે જ. આજનો દિવસ રસપૂર્વક વિષયાનુસન્ધાન કરાવનાર નથી, પરન્તુ ઈશ્વરાનુસન્ધાન કરાવનાર તો છે જ. આજનો દિવસ સંસારના રાગોનો પોષક નથી, પરન્તુ વિરાગનો પોષક તો છે જ; જગત્‌ના સ્થાયીપણાને દૃઢાવનાર નથી, પરન્તુ તેની અસ્થિરતાને દર્શાવનાર તો છે જ; આપણામાં વિનોદ ઉપજાવનાર નથી, પરન્તુ ગમ્ભીરતા પ્રકટાવનાર તો છે જ.

આજનો દિવસ આપણા હૃદયમાં ગુરુભક્તિના ચિત્રને તાજું કરનાર, શ્રદ્ધાના સરોદને વગાડનાર, આપણા અંતઃકરણમાં સત્સંસ્કાર સ્થાપનાર, આપણી દૃષ્ટિને અધ્યાત્મભૂમિકાપ્રતિ વાળનાર, આપણામાં અલૌકિક જ્ઞાનનાં કિરણોને પ્રસારનાર, આપણા ચિત્તમાં તત્ત્વપ્રસાદ પ્રેરી તેમાંના જડતાના અંશને નિવારનાર, સ્વલ્પમાં જીવનમાં કાંઇ વિશિષ્ટ પ્રકારનો ચમકારો કરનાર આજનો દિવસ છે. આજ સર્વગુણોપેત શ્રીમાન્ વિશ્વવંદ્યના સ્થૂલના અદર્શનના નવમા વર્ષનો પ્રારંભ છે.

આજથી આઠ વર્ષપૂર્વના આ જ દિવસે તેમણે સ્વરૂપશમન કર્યું; તેમની રમ્ય મૂર્તિસાથેનો આપણો ચર્મચક્ષુનો સમ્બન્ધ છૂટયો—અનિચ્છાએ પરવશપણે છોડવો પડયો; આપણા શ્રોત્ર તેમના ગમ્ભીર નાદનું શ્રવણ કરતા બંધ થયા; તેમના નેત્રમાંથી સ્રવતું ઓજસ્ આપણા પ્રતિ આવતું અટક્યું, આપણે અને તેઓ છૂટા પડયા, એમના અન્તિમ શબ્દોમાં કહીએ તો તેઓ 'વહાલાને ચરણે' ગયા, આપણે વહાલાથી વિખુટાં ને વિખુટાં રહ્યાં.

એમના સહવાસથી આપણે આનન્દના શિખરઉપર નૃત્ય કરતાં શિખ્યાં, એમની છાયામાં આપણે તાપને ભૂલતાં શિખ્યાં, એમને માથે જાણીને આપણે મસ્તીમાં મહાલતાં થયાં. એમની સાથે અને એમના અધ્યક્ષપણાનીચે આપણે સદ્વિચારોના વ્યાપારો કર્યા, સચ્ચિન્તનની લેવડદેવડ કરી, લાભને જમા કર્યો, હાનિને ઉધારી; આપણે ઘણાં જ્ઞાતવ્યો જાણ્યાં, કર્તવ્યોનાં સ્વરૂપ સમજ્યાં, પ્રાપ્તવ્યપ્રતિ પગલાં ભર્યાં; બહુ બહુ રીતે આપણે સુખાનુભવ કર્યા.

આજ તેઓ નથી. રાત્રિ જતાં જેમ ચન્દ્ર જાય, તારા વિલાય, શીતલતા બદલાય, અને એવા અનેક ફેરફારો જગતમાં થાય, તેમ તેમના જવાથી આપણા જીવનમાં અનેક પરિવર્તનો થયાં. આપણાં ચિત્તપંખીઓ જે ઝાડની બખોલમાં શાન્ત સ્વસ્થપણે સુઈ રહ્યાં હતાં, તે એકદમ પાંખો ફફડાવતાં દશેદિશ દોડવા માંડયાં. કેટલાંક અનુકૂળ માર્ગે વહેતાં થયાં, કેટલાંક વિપરીત માર્ગે વહ્યાં, ધુમાડાના ગોટમાં કેટલાંક ભરાયાં, કેટલાંક દાણા પાથરેલી પારધિની જાળમાં ફસાયાં, કેટલાંક દુષ્ટજનોના શિકારના ભોગ થયાં, અને કોઇ વિરલ જ ઉચ્ચ ગગનગામી થયાં. કોઇએ પોતાની બખોલો છોડી, કોઇએ માળા છોડયા, કોઇએ વૃક્ષો છોડયાં. એમાંથી કેટલાંક નિરાધાર બન્યાં, કેટલાંક પરાધીન બન્યાં, અને કોઇક જ સ્વતંત્રપણે ઉચ્ચ દિશામાં વહેતાં થયાં.

આવાં પંખીઓ આજ ગમે તે સ્થાનમાં હશે, પરન્તુ તેમણે પોતાનામાં વિવેકપૂર્વક જ્ઞાનના શુદ્ધ સંસ્કારોને જાગ્રત્ રાખ્યા હશે, તો તેઓ જ્યાં હશે ત્યાં સુખી હશે, જે સ્થિતિમાં હશે ત્યાંથી કંઇક આગળ વિકાસ પામતાં હશે. પૂર્વનાં અનેક પંખીઓમાંનાં આપણે થોડાંક આજે એ જ વિશ્વવંદ્યના સ્મરણ–સ્થાનમાં એકત્ર થવાં પામ્યાં છીએ. આપણે આજે તેમના ગુણોનાં અનુગાન કરીશું.

શ્રીમાન્ વિશ્વવંદ્યના લૌકિક–અલૌકિક ગુણોનું ચિન્તન આપણાં અન્તઃકરણને પ્રફુલ્લિત કરશે, આપણી વૃત્તિઓને ઉન્માદરહિત અને સારગર્ભિણી કરશે, આપણા હૃદયમાં નૂતન ચેતનરસ રેડશે, આપણાં અંગેઅંગમાં પ્રોત્સાહ અને પ્રયત્નબલ ભરશે. આપણામાંથી કોઇનાં હાડ ભાગ્યાં, મચકોડાયાં, સડ્યાં કે એવી જ કોઇ વિક્રિયાને પામ્યાં હશે તો તેમાં નવજીવન પ્રેરશે, આપણાં અન્તઃકરણો કોઇ પણ હેતુથી કલુષિત થયાં હશે તો તે નિર્મલ બનશે.

પરન્તુ ક્યારે ?

શ્રીમાન્ વિશ્વવંદ્યના શુભ ગુણોનું એકનિષ્ઠાપૂર્વક શ્રવણ મનન અને હૃદયમાં અવધારણ કરીશું ત્યારે. એમના શુભ ગુણોનું જેમ જેમ ઉંડું ચિન્તન આપણામાં થશે, તેમ તેમ આપણામાંથી આપણાપણું ઓછું

થઈ તેટલો કાલ આપણામાં વિશ્વવંદ્યપણું પ્રકટશે. અહો ! એથી વિશેષ આપણે શું જોઈએ ! આપણામાં જ જેને આપણે પરમ પ્રિય માન્યા છે, તેમનો અનુભવ કરીએ તો એથી વિશેષ રસપ્રદ બીજું શું હોય ?

એ વિશ્વવંદ્ય અનેક શુભગુણના રત્નાકર છે. એમના સર્વ ગુણોને સંપૂર્ણ અંશે અવલોકવાનું આપણાં આન્તર નેત્રમાં સામર્થ્ય નથી. એમના સર્વ ગુણોનું સામટું સ્મરણ કરવા આપણી સ્મૃતિવૃત્તિ અશક્ત છે, તેના સંપૂર્ણ કથન વા વર્ણનમાં આપણી વૈખરી દુર્બલ છે, તેમના સર્વ અનુપમ ગુણોનું માપ કાઢવું એ આપણી બુદ્ધિનું આપણે જ કરેલું હાસ્ય છે. એ ગુણરાશિના પારને પામવા આપણું મન અશક્તિમાન્ છે.

એમના એકાદ સદ્ગુણનું ચિન્તન પણ આપણને બહુ લાભ કરનાર છે, અને તેવા એકાદ સદ્ગુણને પણ જો આપણે આચારમાં ઉતારવા માંડીશું તો તે આપણા આખા જીવનને બહુ રમ્ય અને સમૃદ્ધ કરે એમ છે. એવો તે એમનો કયો દૈવી ગુણ છે કે જેનું સ્મરણચિન્તન આપણામાં વિલક્ષણ પ્રકારના ઉચ્ચ ફેરફાર કરે એમ છે ? જાણવું છે ? તો શ્રવણ કરો.

સદ્ગુરુના ઉપદેશને અનુસરવું–તેને અનુરૂપ પોતાનું સમગ્ર જીવન કરી દેવું, એ તેમનું એક મહાન્ લક્ષણ હતું. ગુરુના ઉપદેશોને અનુસરવામાં જ તેમણે પોતાનું જીવન વીતાવ્યું છે. ગુરુના અનેક સદુપદેશોને તેઓ અનુસર્યા હોવાથી તેમાંના એકાદ ઉપદેશને અનુસરી તેમણે પોતાના જીવનમાં શું સિદ્ધ કરી બતાવ્યું તે આપણે વિચારીશું તો સમજાશે.

પ્રિય બન્ધુઓ ! ઇષ્ટશ્રીનું આ ઉપદેશવચન તમને સ્મરણમાં છે કેઃ

"નિષ્કામ કર્મ કરવાથકી શ્રેય થાશે."

તમારામાંથી કેટલાક તો તેને નિત્ય સ્મૃતિપટઉપર લાવતા હશે, પરન્તુ એ ઉપદેશને આચારસિદ્ધ કરી બતાવવા આપણામાંથી જો કોઇ પણ તૈયાર થયું હોય તો તે એક જ શ્રીમાન્ વિશ્વવંદ્ય છે. એમનું જીવન નિષ્કામ કર્મ કરવામાં જ વ્યતીત થયું હતું, નિષ્કામ કર્મયોગ એ એમનો જીવનસાર હતો એમ કહેવામાં કશો બાધ નથી. નિષ્કામ કર્મને સાધીને તેમણે એ સત્યનો ઉપદેશ પણ કર્યો છે

નિષ્કામ કર્મ એટલે ? કોઇ પણ પ્રકારના સ્વાર્થ, પરાર્થ કે પરમાર્થની ફલરૂપ સ્પૃહા રાખ્યા વિના કર્તવ્ય કરવું એ નિષ્કામ કર્મ છે. આવો કર્મયોગ અતિ કઠિન છે, અને કોઇ વિરલ સમર્થ પુરુષ જ તેને સાધી શકે છે.

કામનારહિત થવું કદાપિ કંઇક સહેલું માનીએ, પરન્તુ કામનારહિત રહીને બેસી ન રહેતાં કર્મ કરવું એ અતિ કઠિન છે. કેમકે કર્મમાત્ર વિવિધ કામનાઓને રચે છે–કામનાઓના–ઇચ્છાઓના સંસ્કારને પોષે છે. તેથી કર્મ કરવાના સંકલ્પપૂર્વે કામનાનો ઉદય થાય છે, કર્મ કરતી વખત કામનાઓ પોષાતી હોય છે, અને કર્મના અન્તમાં કામનાઓ ફલપ્રતીતિમાટે લોલુપ બની રહી હોય છે. આથી કામનારહિત કર્મ કરવું એ કઠિન–વિશેષ કઠિન છે.

એ નિષ્કામ કર્મ કરવું એમાં જ વીરત્વ છે. અને તેની શાસ્ત્ર પણ પ્રશંસા કરતાં કહે છે કે :

यस्त्विन्द्रियाणि मनसा नियम्यारभतेऽर्जुन ।
कर्मेन्द्रियैः कर्मयोगमसक्तः स विशिष्यते ॥

અર્જુનપ્રતિના ઉપદેશમાં **ભગવાન્ શ્રીકૃષ્ણ** વદે છે કે **હે અર્જુન!** મનવડે ઇન્દ્રિયોને તાબે કરીને, મમતા રાખ્યા વગર ક્રિયા કરનારી ઇન્દ્રિયોવડે જે માણસ કામ કરે છે તે કર્મયોગનો કરનારો છે અને તે વિશેષ છે.

નિષ્કામ કર્મ કયારે થઇ શકે છે કે જ્યારે મનુષ્યની અહંવૃત્તિ શિથિલ બને છે, તેનો પોતાના સ્વરૂપમાં લય થાય છે ત્યારે. વિવિધ સાધનોના દૃઢ અનુષ્ઠાનના પરિણામે **શ્રીમાન્ વિશ્વવંદ્યની** અહંવૃત્તિ શિથિલ બની હતી, અને તેના અવધિએ તેઓ નિષ્કામકર્મયોગ સારી રીતે સાધી શકયા હતા. એમના જીવનમાં આ નિષ્કર્મયોગ કેવી રીતે સિદ્ધ હતો, તે સંબંધી સહજ અવલોકીએ.

ગૃહસ્થાશ્રમ અથવા વ્યવહાર એ એમની જીવનભૂમિકા હતી. અને તેથી ત્યાગનું બાહ્ય પાલન આશ્રમવિધિના અંગે બાહ્ય ચિહ્નોથી જણાય એમ ન હતું, પરન્તુ કોઇ ઝીણા વસ્ત્રની અંદર રહેલી વસ્તુ સુગમપણે

જણાઈ આવે છે તેમ તેમની નિષ્કામવૃત્તિ તેમના પ્રત્યેક વ્યવહારમાં જોનાર જોઈ શકતા હતા.

એમણે પોતાના જીવનના જે અનેક ઉદ્દેશો રચેલા, તેમાં તેમણે નિષ્કામકર્મને સ્થાન આપ્યું હતું. વ્યવહારદશાના સાધકને અલ્પ પરિશ્રમે વ્યવહારનાં બન્ધનોથી મુક્ત થવામાટે, વ્યવહારમાં રહેવા છતાં વ્યવહારથી વિરક્તિ અનુભવવામાટે, વ્યવહાર સ્વયં પરમાર્થ કે કલ્યાણનો આરંભમાં પ્રતિબંધક નથી પરન્તુ તેમાંની આસક્તિ જ મુખ્યત્વે પરમાર્થથી ભ્રષ્ટ કરનાર અને કલ્યાણથી વિમુખ રાખનાર છે એ નિશ્ચય ચરિતાર્થ કરવામાટે એક જ કર્તવ્ય છે, અને તે નિષ્કામ કર્મ, એમ અનેક પ્રકારના સદ્વિચારના પરિણામે આરંભમાં સમજાયું. અને તેથી તે પ્રકારની સ્થિતિમાટે એમના અન્તરની આરંભમાં જ તીવ્ર જીજ્ઞાસા પ્રકટી. નિષ્કામ કર્મ એ અનેક પ્રકારના પ્રતિબંધોથી મુક્ત કરનાર છે એ સત્ય નિઃશંકપણે સમજાયાથી તેની પ્રાપ્તિઅર્થે પોતાના ગુરુદેવને પ્રથમ પ્રાર્થના કરી કેઃ

" સહજ સ્વભાવે આવી પ્રાપ્ત થતી ક્રિયા—
" કરતાં પણ કર્તા ન કદી કહેવાઉં જો;
" પ્રારબ્ધે આવી મળતા વિધિભોગને;—
" ભોગવતાં પણ ભોક્તા જ્યાં ન ગણાઉં જો;
" તે સ્થિતિ ક્યારે મારે હે પ્રભુ ! આવશે. "

આપણે તેમના જીવનના કેટલાક પ્રદેશપ્રતિ આગળઉપર સહજ દૃષ્ટિ નાંખીશું, ત્યારે આપણને સુસ્પષ્ટ થશે કે પ્રભુએ તેમની આ પ્રાર્થનાનો સ્વીકાર કર્યો હતો.

આ પ્રકારની ઇચ્છા પોતાના ઇષ્ટને નિવેદન કર્યા પછી એ જ વિષયમાં તેમણે પોતાના વિકાસને અર્થે પરમાર્થ–વિષયક અધિકારીનું શુદ્ધ સ્વરૂપ બાંધતાં જે નિર્ણય કર્યો તેને દર્શાવતાં તેઓ વદે છે કેઃ

" સર્વ ક્રિયામાં રહે વિચક્ષણ, પણ ફળને ના ઇચ્છે રે,
" વ્યવહારો સઘળા કરતો પણ, હું કર્તા ના પ્રીછે રે "

વ્યવહારકોટિસ્થિત સાધક સર્વ ક્રિયા વિચક્ષણપણે અર્થાત્ કુશલપણાથી સાધે છે. અસાવધપણે કે ગમે તેમ માથાઉતાર કામ કરતો નથી.

સર્વની પ્રશંસાને પ્રાપ્ત થાય તથા સર્વની બુદ્ધિને ચમત્કારિક જણાય એવાં સુન્દર કાર્યો કરતાં છતાં, તેના કોઇ પણ પ્રકારના ફળની તે મનુષ્ય ઇચ્છા રાખતો નથી. આ કાર્યની કોઇ કદર કરે, મારૂં આ કામ સારૂં કહેવાયું કે કેમ, મારા અમુક કાર્યનો કોઇ લાભ લે છે કે કેમ, એ વગેરે સ્તુતિવચનરૂપ ફળની પણ તે સ્પૃહા રાખતો નથી. કારણ કે 'હું કર્તા છું' એવું તેને કોઇ પણ કાર્ય કરતાં અભિમાન રહેતું નથી.

આ પ્રકારે અધિકારીના સ્વરૂપનો નિર્ણય કરી, પછી બીજું પગલું, તેઓ તે વિષયને પોતાના આચારમાં મૂકવાસંબંધનું ભરે છે. આ પ્રકારના નિષ્કામકર્મયોગને પોતાના જીવનસિદ્ધ કરવાના નિશ્ચયપૂર્વક 'મારી પ્રતિજ્ઞાઓ' નામના બહુ ભાવવાહક કાવ્યમાં પોતાના કર્તવ્યનું નિદર્શન કરાવતાં તેઓ કહે છે કે:

" કરુણા, મુદિતા, મૈત્રી, ઉપેક્ષા, વ્યવહારે નિત્ય ધારી,
" સાધીશ પ્રાપ્ત થતાં કર્તવ્યો, અન્તર રહી અવિકારી,
" ત્યજી ફલઆસક્તિ, નિત્ય વધારવાનો વિરક્તિ."

આ તેમણે પોતાના અન્તઃકરણની ભૂમિકાનું સ્વરૂપ કહ્યું. વ્યવહાર ક્યાં સાધવાનો આવ્યો, વ્યવહારથી અનેક બન્ધનો પ્રાપ્ત થાય છે, વ્યવહાર મનુષ્યોનો અધઃપાત કરનાર છેઃ આવા વ્યવહારથી ભડકી ઉઠનાર મનુષ્યજેવા તેમણે વિચાર ન કર્યા, પરન્તુ રામચન્દ્રે શલ્યાને સ્પર્શ કરી તેને અહલ્યારૂપ સુન્દરી બનાવી, તેમ આ મહાપુરુષે પણ પોતાને અડકનાર–પોતાને આવી મળનાર–વ્યવહારોને પરમાર્થરૂપ બનાવી દીધા. સદાશિવની પેઠે તેઓ ઝેરથી ભડક્યા–ગભરાયા–નહિ, પરન્તુ તેનું પાન કરી તેને અમૃતરૂપ કર્યું. આપણને પ્રશ્ન થશે કે આ કેવી રીતે કર્યું? તેનું ઉત્તર ઉપરની જ પંક્તિમાં છેઃ

વ્યવહારમાં અનેક પ્રસંગો એવા આવે કે જેમાં ક્રોધનો ઉદય થાય, તો તે સમયે તેના બળને મિથ્યા કરનારૂં 'કરુણા' નામનું સાધન વાપરવાનો તેમણે નિશ્ચય કર્યો, અને આ રીતે વ્યવહારથી પ્રકટતા ક્રોધરૂપ દોષનો પરાજય કરી, એ જ વ્યવહારથી તેમણે કરુણા ધારણ કરવારૂપ પરમાર્થને સાધ્યો. વ્યવહારમાં હજારો પ્રસંગો શોકના અથવા ઉદ્વેગના

આવે, તેના સંમુખ તેમણે 'મુદિતા' અર્થાત્ પ્રસન્નતાનું શસ્ત્ર વાપરવું ધાર્યું: તેને યોજ્યું, તેનાથી શોક-ઉદ્વેગ આદિ પરાસ્ત થયા, અને તેના પરિણામે એ અનુભવને અન્યના હિતાર્થે ઉપદેશરૂપે કહ્યો કે :

પ્રસન્નતાને કદી ના ત્યજીએ, પ્રસન્ન સઉ સ્થિતિમાં રહીએ.
કાં જે અચલ નથી દુઃખસ્થિતિ, ક્ષણમાં ટળનારી લહીએ.

શોકાનલે નવ પ્રજળાવું, હસતું વદન વીર રાખવું,
આનન્દથી કર્તવ્ય કરવું, ખિન્ન વચન ન ભાખવું;
ઘમઘોર રહે આકાશ ના, ક્ષણ વીતતાં નિર્મલ થતું,
આવેલું દુઃખ જઈ અલ્પ કાળે, સુખ પાછું આવતું,
તડકો-છાયા, માયાની છે, રમત લહી ના મુઝાઈએ; પ્રસન્નતાને૦

આ રીતે મુદિતા અથવા પ્રસન્નતાનો તેમણે વ્યવહારમાં ઉપયોગ કર્યો, અને તે જ વ્યવહારના ક્લિષ્ટ શોક, ઉદ્વેગ આદિ વિકારોમાંથી તેમણે પ્રશાંતિનું અદ્દભુત નવનીત પ્રકટાવ્યું. અને એ રીતે વ્યવહારને પરમાર્થમય કર્યો. જે શોક-ઉદ્વેગ બીજાના અન્તઃકરણને નિકૃષ્ટ કરે તે જ વસ્તુમાંથી તેમણે અન્તઃકરણને ઉત્કૃષ્ટ કર્યું !

વ્યવહારમાં અનેક વિચારભેદ, ક્રિયાભેદ અને અધિકારભેદને લીધે રાગીપણું, શત્રુતા, દ્વેષભાવ આદિ પ્રકટવા સમ્ભવે, પરન્તુ વિશ્વમાત્રપ્રતિ મૈત્રીભાવનું સમર્થ સાધન સાધી અન્તઃકરણમાં ઉઠનાર તમામ અભાવ, દ્વેષ, અરુચિ, ભિન્નતા, આદિ વિકારોને દબાવવાની ક્રિયાવડે અન્તઃકરણને સર્વાંશે પરમાર્થમય બનાવ્યું.

તે જ પ્રમાણે પરદોષદર્શન આદિ જે અન્યના નિમિત્તથી પ્રકટતા અવિહિત ભાવો, અને તેથી અન્તરની થતી નિકૃષ્ટ અવસ્થા, તેને ઉપેક્ષારૂપ સાધનવડે અટકાવીને એ જ અન્તઃકરણની ઉત્તાનાવસ્થાને તેમણે સાધી.

આ રીતે વ્યવહારને તેમણે પરમાર્થમય કર્યો. અન્તરથી અવિકારી રહ્યા અને અધમતામાંથી ઉત્તમતા સિદ્ધ કરી. તે જ પ્રમાણે પોતાનામાંથી સત્ફલની આસક્તિ નિવૃત્ત કરી, વિરક્તિની વૃદ્ધિ કરી.

આ પ્રકારે પોતાના જીવનક્રમમાં નિષ્કામ કર્મ સેવવાની પ્રતિજ્ઞા સેવી, તેમાં પરમ સાર જોયો, અન્તઃકરણમાંનું વાસનાબીજ દગ્ધ થતું જોયું,

અન્તઃકરણની હીંડોળાજેવી ચઢતી ઉતરતી સ્થિતિનો એ જ નિષ્કામ કર્મવડે નાશ કર્યો, તેને સમસ્થિતિમાં સ્થાપ્યું. આ પ્રકારના અનેક લાભો નિષ્કામ કર્મની પ્રણાલિકાવડે પ્રકટતા અનુભવવાથી સુખેચ્છક સાધકને ઉપદેશ દેતાં પણ તેમણે એ જ કથ્યું કે :

"સાક્ષીવત્ નિશદિન રહેવું છે, ભોક્તૃત્વ ન શિરપર લેવું છે,
સમજે તો તુજ વ્રત એવું છે;
વીરત્વ ગ્રહી, દુઃખ પડે અગણિત પણ હામ ન હારજે,
નિષ્કામ રહી, દુઃખાગ્નિના તાપ પ્રચંડ નિવારજે."

પ્રિય બંધુઓ – ભગિનીઓ !

શ્રીમાન્ વિશ્વવંદ્યના નિષ્કામ કર્મસંબંધી વિચાર–નિશ્ચય આદિનું આપણે બહુ પરિમિત રૂપમાં નિદર્શન કર્યું. હવે એ વિચારને તેમણે કેટલો ચરિતાર્થ કર્યો હતો, તેને સ્વલ્પમાં જોઈએ.

તેમની શરીરપ્રકૃતિ ઘણો વખત મન્દ રહેતી. કેટલીએ વખત પ્રકૃતિને સુધારવાના અનેક પ્રયાસો કરવા છતાં, તે નિમિત્તના પ્રયત્નમાં તેઓ કંટાળતા નહિ. પ્રકૃતિને સુધારવાના જે શુદ્ધ નિયમો તે જાણતા તેને ક્રિયામાં મૂકતા. તેમાંના કેટલાક તો અતિ કષ્ટકારી હતા. અમુક જ પ્રકારનો આહાર કરવો, અમુક સમયે કસરત કરવી, અમુક પ્રમાણમાં દીર્ઘ શ્વાસપ્રશ્વાસ લેવા મૂકવા – આ સર્વ દમના વ્યાધિવાળાને અતિ કઠિન થઈ પડે છે, તેમ છતાં તે કરતા. અને તો પણ તેના ફળની સ્પૃહાથી રહિત હતા. પ્રકૃતિમાં સુધારો ન જણાય, પ્રસંગે કાંઈ વિક્ષેપ જણાય તોપણ પ્રયત્નથી કાયર થઈ કે ફળ ન જણાવાની ખાતર એ ક્રિયા છોડી દેતા નહિ. પ્રકૃતિની મન્દતામાં આ ફળ ન જણાવા છતાં આરોગ્યના કષ્ટપ્રદ નિયમોને આગ્રહપૂર્વક પાળવા એ કેટલું કઠિન છે તે અનુભવી જ સમજે એમ છે. એમની અનેક પ્રવૃત્તિઓ તથા નિશ્ચયોથી સ્પષ્ટ સમજાતું કે માત્ર શરીરની આસક્તિથી તેઓ આરોગ્યના પ્રયત્નો નહોતા કરતા, પરન્તુ શરીર વિદ્યમાન છે, ત્યાંસુધી આરોગ્યવાળું શરીર હોવું એ વધારે યોગ્ય છે, એટલા માટે જ તેઓ તન્નિમિત્ત પ્રયત્ન કરતા. ભલે પછી એનાથી ફળ જણાઓ વા ન જણાઓ.

એમના શરીરકષ્ટસંબંધી એક દૃષ્ટાન્ત બહુ અપૂર્વ છે. ઉનાળાના દિવસો હતા. નિશાળ સવારની હોવાથી બપોરના વખતે તેઓ મન્દિરે આવતા. એ સમયે એક પ્રસંગે ઇષ્ટશ્રીએ એવા ભાવનું વિવેચન કર્યું કે યોગસાધન અથવા ધ્યાનમાટે ભૂમિગત ભોંયરાનું સ્થાન વધારે અનુકૂલ ગણાય. આ વાત શ્રવણ કરીને બીજે જ દિવસે તેમણે મન્દિરના એક ભાગમાં ભોંયરૂં ખોદવાનો આરંભ કર્યો. સવારે શાળામાં જઈઆવી જમીને બપોરે મન્દિરે આવી ખરા તાપમાં આ કાર્યનો આરંભ કરતા. લગભગ રહાડા બારથી ચાર વાગતાસુધી આ ભોંયરૂં ખોદવાનું કામ તેઓ જાતે એકલા હાથે કરતા. આમ કેટલાક દિવસના અવધિએ ભોંયરૂં તૈયાર થયું. ભોંયરૂ ઉંડું, અન્દર જઈ સ્વસ્થતાથી ત્રણેક મનુષ્યો સુખપૂર્વક બેસી શકે એવું, વ્યવસ્થાવાળું, સ્વચ્છ અને સુન્દર થયું. તૈયાર થયા પછી એક દિવસ તેમાં સાધનાભ્યાસમાટે તેઓ બેઠા. બીજે દિવસે ઇષ્ટશ્રીએ કહ્યું: ભાઇ! આપણે તે એવા મોટા કયા યોગ સાધવા છે કે ભોંયરાની જરૂર પડે? વખત છે, અંદરથી માટી ખસી પડી કે એવો કાંઇ ઉપાધિ થાય તો શી ખબર પડે? થયું. તે જ વખતથી તેમાં બેસવાનું બંધ થયું. અને તેમ છતાં તેમના અન્તઃકરણમાં એ સંબંધી લેશ પણ વિકલતા કે અસંતોષ ન પ્રકટયાં. શાથી? તેમણે કર્મની સ્પૃહા રાખી હતી, કર્મના ફલની કે કર્મના ભોગની નહિ.

બંધુઓ, હિંમત થાય છે, તેમના અન્તઃકરણસાથે આપણા અન્તઃકરણને સરખાવવાની? કયાં આપણી ફલની લાલસાવાળી વૃત્તિઓ, અને કયાં તે અન્તઃકરણ!

બીજા વિષયમાં એક દૃષ્ટાન્ત આપીશું: શ્રીમાન્ વિશ્વવંદ્ય, ઇષ્ટશ્રી બીજા કોઇ ગામમાં વિરાજતા હોય, ત્યારે પત્રોમાં પ્રસંગોપાત્ત અનેક કાવ્યો લખતા. એ કાવ્યો બહુ ઉત્તમ, અતિભાવપૂર્ણ અને મનોહારી લખતા. ક્વચિત્ તેઓ પોતાના હૃદયના ભાવને દર્શાવનારાં સુન્દર કાવ્યો ઇષ્ટશ્રીની લખવાની પેટીઉપર મૂકી જતા. આ બધાં કાવ્યો કેવાં હતાં, એ કોઇ જગાએ છાપવાનાં છે કે કેમ વગેરે એ સંબંધી લેશ પણ સ્પૃહા ધરતા નહિ. એ કાવ્યો બીજાના વાંચવામાં આવે તો ઠીક, બીજા એને માટે શો અભિપ્રાય બાંધે છે, ઇષ્ટશ્રીને એ કેવાં લાગ્યાં, એ વગેરે જાણ-

વાની તેમના અન્તરમાં લેશ પણ વૃત્તિ થતી નહિ. આનું કારણ તેમનાં કર્મના ફલની તેમની અસ્પૃહા એ જ હતું.

મહા મુશીબતે ચાર લીંટી આપણે લખીએ, તો તે કેવી રીતે બધાના જાણવામાં આવે, તેને માટે લોકો કેવું કહે છે, એ કશામાં છપાશે કે કેમ, આ વગેરે જાણવાની આપણને પારવિનાની લાલસા રહે છે. આપણાં અને તેમનાં અન્તઃકરણની કેમ કરી તુલના થાય?

એક બે પ્રસંગે મહાકાલમાટે લખેલા તેમના લેખો ટપાલમાં ગેરવલ્લે પડ્યા, અને છેવટે ન જ મળ્યા. તેના પરિણામમાં 'હશે, તેનાં આન્દોલનો તો વાતાવરણમાં પ્રસરી ચુક્યાં છે, તે જે અસર કરવી હશે તે કરશે' આવા ભાવનું કહી એ લેખોસમ્બન્ધી લેશ પણ ચિન્તન કરતા નહિ. ક્યાંથી કરે? તેમનામાં તેમણે કરેલાં ગમે તેવાં ઉત્કૃષ્ટ કર્મોનાં ફલની પણ લાલસા ન હતી.

તેમના લેખો, વ્યાખ્યાનો, કીર્તનો વગેરે માટે તેઓ શુદ્ધ નિઃસ્પૃહી હતા. અનેક પ્રકારની એ બધાની પ્રશંસા થવા છતાં તેના હર્ષાભિમાનથી તેઓ મુક્ત હતા. એક સમય એવો પણ આવ્યો હતો કે જ્યારે તેમના કાવ્યો, લેખો, વ્યાખ્યાન વગેરે પ્રવૃત્તિઉપર, લખનાં બહુ ખેદ ઉપજે છે કે આપણા જ વર્ગના મનુષ્યો બહુ ટીકા – અનુચિત ટીકા કરતા હતા. પરન્તુ તેનાથી તેઓ ખેદ પામી કે હતાશ બની પોતાના કર્તવ્યથી કદી વિમુખ થયા ન હતા.

તમે સર્વ જાણો છો કે શ્રી મહાકાલ એમના લેખોવડે જ અતીવ પ્રતિષ્ઠા અને પ્રસિદ્ધિ પામ્યું હતું. મહાકાલમાંથી એમનું લખાણ નીકળી જાય તો **નરો વા કુંજરો** વા કહેનાં યુધિષ્ઠિરનો જમીનથી એક હાથ ઉંચે અદ્ધર ચાલતો રથ જેમ તત્કાળ નીચે બેસી ગયો હતો તેમ મહાકાલની પ્રતિષ્ઠા અને ગૌરવ એકાએક ઘટી જાય એમ હતું, તેમ છતાં વર્ગના કેટલાક અગ્રગણ્ય મનુષ્યોને એમના વિચાર રુચતા નથી એવું જાણવાથી તેમણે તત્કાળ તેમનું મહાકાલનું તંત્રીપણું છોડવાનું તે મનુષ્યોને સ્પષ્ટરૂપમાં લખી જણાવ્યું હતું. પોતાનાં કર્મનાં ફલને લણવાની અસ્પૃહાવિના આ કેવી રીતે બને?

અનેક પ્રકારની તેમની ગુરુસેવા તેમના શિવાય અન્ય કોઇના જાણવામાં આવી નથી, એમ કહીએ તોપણ ચાલે. ગુરુપ્રતિ કર્તવ્યબુદ્ધિથી જ તેઓ અનેકવિધ સેવાઓ કરતા. પરન્તુ મારી સેવાનું મને કેમ ફળ મળતું નથી એ પ્રકારનું તેમને કદી પણ થતું નહિ. પોતાના સ્વધર્મનું તથા ગુરુની આજ્ઞાનું પાલન કરવું એ જ તેમની ગુરુસેવાનો પ્રધાન હેતુ હતો.

તેઓ ગુરુશ્રીને કેટલોક સમય પોતાની આવકમાંથી દશાંશ અર્પણ કરતા, તેમ પ્રસંગોપાત્ત બીજાને પણ જે કાંઇ દાન કરતા, તેનું અન્ય આગળ કદી કથન કરતા નહિ. તેને લીધે થતા પ્રશંસારૂપ ફળના તેઓ અસ્પૃહી હતા.

આપણા વર્ગદ્વારા વિવધ શાખાઓમાં જે યશસ્વી કાર્યો થયાં છે, તેના મૂલરૂપ એ જ **શ્રીમાન્ વિશ્વવંદ્ય** હોવા છતાં, કોઇ પણ કાર્યના ફલની સ્પૃહા તેમનામાં કદી પ્રકટ થતી કોઇએ નથી જાણી. ઉલટા પૂર્વે ઉત્સવાદિના પ્રસંગે તેઓ એક ખુણામાં બેસી રહેતા, અને કશો પણ આગળ પડતો ભાગ લેતા ન જણાતા, એવું તે સમયના સાધકો આજે પણ કહે છે.

આ બધા પ્રસંગોઉપરથી બહુ સામાન્ય જણાવા છતાં અન્તરથી ગૂઢ તાત્પર્યને પ્રદર્શિત કરનાર છે, અને આપણને બહુ રીતે શિક્ષણ આપનાર છે. વર્ગનું એમને મળેલું અગ્રણીપદ, ગુરુદેવની ઇચ્છાથી મળ્યું છે, માટે તેનું નિર્વહણ કરવું એ જ તેને નીભાવવામાં તેમનો હેતુ હતો, અને અન્તપર્યન્ત તેમણે નિષ્કામ ભાવવડે જ એ કર્તવ્ય કર્યું.

તેઓ જે આધ્યાત્મિક સાધનો સાધતા તે કોઇને કહેતા નહિ. તે જો તેમણે કહ્યાં હોત તો શ્રવણ કરનાર આશ્ચર્ય પામી તેમના પ્રતિ અહોભાવપૂર્વક અધિક પૂજ્યત્વ ધારણ કરે એમ હતું. પરન્તુ 'મારાં વખાણ થાય', 'હું મોટો સાધક કે સિદ્ધ કહેવાઉં', 'મને જગત્ પૂજ્ય માને' આવી આવી કોઇ પણ લાલસા તેમનામાં ન હતી. જે કાંઇ તે કરતા તે ગુપ્ત જ રાખતા. પ્રશંસારૂપ પ્રત્યક્ષ ફલના તેઓ કેવળ નિઃસ્પૃહી હતા.

આ સંબંધમાં સર્વથી મહત્ત્વનો પ્રસંગ એક જ છે કે તેઓ જ્યારે જ્યારે કોઇ પણ પ્રકારનું સાધનાનુષ્ઠાન કરી રહેતા કે તેના અવધિએ તેનું સમગ્ર ફળ ઇષ્ટાર્પણ કરવાનો સંકલ્પ કરતા.

પ્રિય બંધુઓ ! સ્વલ્પમાં આ પ્રકારનો તેમનો ક્રિયામય નિષ્કામ કર્મ-યોગ હતો. આવો નિષ્કામ કર્મમાર્ગ એ આપણો પણ ગન્તવ્યમાર્ગ છે. જ્યાં સુધી નિષ્કામ કર્મ કરવામાં આવતાં નથી ત્યાં સુધી કર્મબન્ધન અવશ્ય રહે છે. એ આપણા ચિત્તને નિરન્તર સક્રિય અને વિકલ રાખે છે. અને તેથી જ તેવાઓને માટે ગીતા કહે છે કે **कृपणाः फलहेतवः** ફલની આશાથી કર્મ કરનાર દયાપાત્ર છે; અને એ જ ગીતા સ્પષ્ટપણે નિષ્કામ કર્મનું ગુણગાન કરતાં કહે છે કેઃ

विहाय कामान्यः सर्वान् पुमांश्चरति निःस्पृहः ।
निर्ममो निरहंकारः स शांतिमधिगच्छति ॥

જે મનુષ્ય સર્વ કામનાઓને ત્યાગીને તેનાથી નિઃસ્પૃહ થઈ રહે છે, અને જેને મમત્વ તથા અહં નથી તે મનુષ્ય શાંતિને પામે છે.

બંધુઓ, આવા નિષ્કામ કર્મયોગને તમારા વ્યવહાર તથા પરમાર્થમય જીવનસાથે જોડવાને અભિલાષા પ્રકટે છે ? તમે અભણ હશો, વ્યવસાયી હશો, નોકરી ચાકરી અને એવા જે વ્યવહારમાંથી ક્ષણભર નિવૃત્તિ ન મળે એવા વ્યવસાયી હશો, ભલે સૂક્ષ્મ સંસ્કારી બુદ્ધિવાળા નહિ હો, ભલે સદ્‌ગ્રંથોના અભ્યાસી નહિ હો, ભલે સત્સંગતિ કરી શકતા નહિ હો, તોપણ જો સમજીને નિષ્કામ કર્મયોગ સાધશો તો ગીતાની સાક્ષીએ હું કહી શકીશ કે તમે શાંતિને પામશો.

પરન્તુ યથાર્થ નિષ્કામ કર્મયોગ કોને કહે છે તે લક્ષમાં આવ્યું ? સર્વ પ્રકારના કર્મોના ફલરૂપે પ્રકટતા સુખદુઃખમાં અસ્પૃહાબુદ્ધિ તે જ નિષ્કામ કર્મયોગ છે. કોઇ સ્તુતિ કરે તો હર્ષ ન થાય, તેમ નિન્દા કરે તો દુઃખ પણ ન થાય, કોઇ લાભ મળતાં આનંદ ન થાય, હાનિ થતાં ખેદ પણ ન થાય, સિદ્ધિઓ પ્રાપ્ત થતાં અહોભાવ ન પ્રકટે, કશી જ સિદ્ધિનું દર્શન ન થતાં વૃત્તિની સંકુચિતતા પણ ન પ્રકટે, આવી સમસ્થિતિ—આવો સર્વાંશ દ્વૈતાભાવ, અને તે છતાં શુદ્ધ કર્મનું દૃઢ, આગ્રહપૂર્વક અનુષ્ઠાન એ નિષ્કામ કર્મયોગ છે.

આવા દિવ્ય કર્મયોગને વેદોએ વખાણ્યો, બ્રહ્મા, વિષ્ણુ, રુદ્રે તેની સ્તુતિ કરી, શ્રી કૃષ્ણે યશોગાન ગાયાં, ગૌતમબુદ્ધે તેની પ્રભુતા જોઈ, જીસસ ક્રાઈસ્ટે તેનો પશ્ચિમમાં ઉદ્‌ઘોષ કર્યો, મહમદ પેગંબરે તેને ઈશ્વ-

રનો આદેશ કર્યો, ઝોરોઆસ્ટરે તેને જ ગાયો, દક્ષિણમાં જ્ઞાનદેવે તેને ઉપદેશ્યો, તુકારામે અભંગમાં લલકાર્યો, રામદાસ સ્વામીએ ભુજંગપ્રયાતમાં વૃત્તબદ્ધ કર્યો, બંગાલમાંથી રામકૃષ્ણ પરમહંસે તેનો આઘોષ કર્યો, અને સ્વામિ વિવેકાનન્દે તેનો પ્રતિઘોષ કર્યોઃ ગુજરાતમાં એ જ કર્મયોગને શ્રીમન્નૃસિંહાચાર્યજીએ પોષ્યો, મહર્ષિ વિશ્વવંદ્યે વિકસાવ્યો.

બંધુઓ, આ જ નિષ્કામ કર્મયોગના દિવ્ય બલને તમારામાં જાગ્રત્ કરો. મિષ્ટાન્ન જોઈ પોમાઈ જાઓ નહિ, રોટલો જોઈ કરમાઈ જાઓ નહિ. શરીરને નિરામય જોઈ આસક્ત બનો નહિ. તેને શિથિલ જોઈ મંદ પડો નહિ. સૌન્દર્યને જોઈ ગાંડાઘેલા બનો નહિ. કુરૂપતા જોઈ—મલિનતા જોઈ—કમકમી ઉપજાવો નહિ ધનને પામી છકો નહિ, નિર્ધન હોઈ દીન બનો નહિ; અનુકૂલ જોઈ રીઝો નહિ, પ્રતિકૂલ જોઈ ખીજો નહિ. યોગ્ય જોઈ સોહાઓ નહિ, અયોગ્ય જોઈ દુભાઓ નહિ. એ સર્વ કામ્ય કર્મોનાં પરિણામો છે. આપણે નિષ્કામ કર્મ કરવાં છે, દ્વૈતભાવ પરહરવા છે, જીવત્વનો અહંભાવ ત્રોડવો છે અને કામનારહિત થવું છે.

કર્મનો તિરસ્કાર ન કરો. કર્મમાં બંધાતી સુખદુઃખબુદ્ધિનો તિરસ્કાર કરો. કર્મનો નિષેધ ન કરો, કર્મમાં ઉઠતી અહંવૃત્તિનો નિષેધ કરો. કર્મથી ભડકો નહિ, કર્મમાંથી ઉઠતા રાગદ્વેષાદિ ભાવોથી ભડકો. કર્મ બંધન કરનાર નથી, મન બંધન કરનાર છે; તેને કર્મસાથે ભળાતું અટકાવો.

નિષ્કામ કર્મ કરવાથી સહજમાં જ્ઞાન સિદ્ધ થાય છે. વસ્તુતઃ કર્મ તથા જ્ઞાન જુદાં નથી. કર્મનું પરિણામી ફલ તે જ્ઞાન છે. મનુષ્યને દેહ છે ત્યાં સુધી તેને દેહના ધર્મો પ્રાપ્ત થાય છે, અને તેને માટે તે મનુષ્યને કર્મ કરવાની જરૂર છે. માત્ર કર્મના આશયમાં ફેરફાર કરવો એ મનુષ્યનું કર્તવ્ય છે. આજ આપણી પ્રત્યેક ક્રિયા સ્વાર્થવાળી થતી હોવાથી સંસ્કારોને રચનારી અને તે દ્વારા આપણને બંધન કરનારી છે. એની એ જ ક્રિયા જ્યારે ફળની લાલસારહિતપણે થાય છે ત્યારે તે સંસ્કારોનો ક્ષય કરે છે. નિષ્કામ કર્મ આ મારૂં આ પારકું એવા ભાવોને નિવૃત્ત કરે છે, અને **वसुधैव कुटुंबकम्** એ અદ્વિતીય ભાવને પ્રકટાવે છે. ત્યાં કર્મયોગ જ્ઞાનયોગ બની રહે છે.

'આમ કરવાથી મને શો લાભ' 'આમ કરવાથી મને શું સુખ,' એવા સંકુચિત વિચારો કોઇ પણ કર્મ કરવાના આરમ્ભમાં કદી કરશો નહિ. તમારા કર્મથી આખા વિશ્વને લાભ આપો. તમારા કર્મથી આખા વિશ્વને સુખાનુભવ કરવા દો. તમે વ્યષ્ટિરૂપ ન થાઓ, સમષ્ટિરૂપ થાઓ. બિન્દુરૂપે સુખાનુભવ ન કરો, સિન્ધુરૂપે સુખાનુભવ કરો. તમારાં નિષ્કામ કર્મ તમને એ અનુભવ કરાવશે.

શાસ્ત્ર કહે છે, મનુષ્યને માટે સદ્અભ્યાસ બહુ ઉપયોગી છે. અભ્યાસ-કરતાં જ્ઞાન વધારે સારૂં છે, જ્ઞાનકરતાં ધ્યાન અધિક શ્રેષ્ઠ છે, અને **ध्यानात् कर्मफलत्यागः**–ધ્યાનકરતાં કર્મમાત્રના ફલનો ત્યાગ એ વધારે સારૂં છે.

આવાં ઉત્કૃષ્ટ પ્રકારનાં નિષ્કામકર્મ કેવી રીતે કરવાં? તેને માટે શ્રી કૃષ્ણે એક જ સુગમ ઉપાય બતાવ્યો છે કે

यत्करोषि यदश्नासि यज्जुहोषि ददासि यत् ।
यत्तपस्यसि कौन्तेय तत्कुरुष्व मदर्पणम् ॥

તું જે કાંઇ કરે, જે કાંઇ ખાયપીએ, જે કાંઇ આપે, જે કાંઇ તપ કરે, તે સમગ્ર હે અર્જુન! મને જ અર્પણ કર.

આ પ્રકારે વ્યાવહારિક, પરાર્થનાં કે પરમાર્થનાં જે કાંઇ કાર્યો થાય તેને ફળની સ્પૃહાથી રહિત થઇ ઇશ્વરાર્પણ કરવાં એ જ નિષ્કામકર્મ-યોગનું રહસ્ય છે.

બંધુઓ, આવી રીતે સર્વ ભાવના સમર્પણપૂર્વક ઇશ્વરપ્રીત્યર્થ કર્મો કરીને નિષ્કામભાવનાને જાગ્રત્ કરો. તમે શ્રેયસ્સાધક છો, તેથી જ ઇષ્ટશ્રી તમને ઉપદેશે છે કે 'નિષ્કામ કર્મ કરવાથકી શ્રેય થાશે.'

શ્રીમાન્ વિશ્વવંદ્યના જીવનના આ એક સૂત્રને આપણે આજે વિચાર્યું; અતિ અલ્પ પ્રમાણમાં વિચાર્યું. એને હૃદયમાં ધારણ કરવાનું કાર્ય તમારૂં છે.

અન્તમાં જેણે આપણાથી આજે જ સ્થૂલ સંબંધને છોડયો હતો, અને જેની સાથે આપણે આજે સૂક્ષ્મ સંબંધથી જોડાવા સુભાગી થયા છીએ, જે બ્રહ્મના ચિન્તનવડે બ્રહ્મરૂપ હતા અને આજે બ્રહ્મમય થયા છે, એવા પરમ પ્રીતિપાત્ર વિશ્વવંદ્યપ્રતિ આપણા પુરાણા સંબંધના

હકથી સ્નેહભાવે વદીશું કે હે પુણ્યમૂર્તિ ! આપ અમારા સન્માર્ગના સદા સાથી હજો. હે આનન્દસ્વરૂપ ! આપના સ્વરૂપાનન્દના અમને ભોગી કરજો. હે તત્ત્વરૂપ ! તત્ત્વમાં અમારો આપનો અભેદ સંબંધ થઈ રહેજો. હે નિષ્કામકર્મયોગિન્ ! સર્વ પ્રકારની એષણા અને દ્વંદ્વોથી અમારાં ચિત્તને રહિત કરી તેમાં યાવજ્જીવન નિષ્કામકર્મ કરવાના બલને પ્રેરજો. આપની પ્રસન્નતા એ જ અમારા સદ્ગુરુની પ્રસન્નતા છે. આપ તથા જેનાથી આપ અભિન્ન છો એવી નૃસિંહજ્યોતિ સાધકના આન્તર તમસ્‌ને નિવારી તેમને સર્વ પ્રકારે સુપ્રકાશિત કરો.

विश्ववंद्य

एटले

નૃસિંહગુરુનો ટકોરી જોયેલો શિષ્ય

નૃસિંહઉપદેશનો મધુર આચાર

નૃસિંહમન્દિરનો કીર્તિકલશ

નૃસિંહચરણકમલનો પરાગ

નૃસિંહદેહની નિર્મલ કાન્તિ

નૃસિંહદૃષ્ટિનું સ્વાતિબિન્દુ

નૃસિંહનયનનું પ્રસાદકિરણ

નૃસિંહમુખનો અમૃતરસ

નૃસિંહવાદ્યનો ષડ્જ સ્વર

નૃસિંહહસ્તનું અભયબલ

નૃસિંહહૃદયનું સ્પન્દન

નૃસિંહદેવનું દૈવત

ત્રણ કીર્તનો

(૧)

આવાહન

પદ [મહોલે પધારો મહારાજ૦ એ લય]

આવાહન કરું આજ, મહાત્મન્ ! આંહિં પધારો.
સ્નેહીહૃદયને કાજ; મહાત્મન્ ! આંહિં૦
જગમાં ઉદ્દ્ભવવા તમે, પૂર્વે પ્રકટ્યા આજ,
પ્રકટ થજો આજે પુનઃ, અમ ઉર ઉદ્દ્ભવવાકાજ; મહાત્મન્ !૦
બાહ્ય રૂપ ધરી ગુરુવિષે, સાંધ્યા અમને જેમ,
ગુરુહૃદયથી અમ હૃદય, સાંધવા આવો ઉર આજે તેમ; મહાત્મન્ !૦
જેણે જે છે જોયલું, તે તેના છે જ્ઞાત,
ગુરુપદ જોયું, જણાવવા,—હવે આજ પ્રકટો સાક્ષાત્; મહાત્મન્ !૦
દેતા'તા જેનો સદા, અમને સદ્દ્ઉપદેશ,
તેને અનુભવાવવા, આવો આજ આ અમ હૃદ્દેશ; મહાત્મન્ !૦
ગુરુ ત્યારે ઉર પ્રકટશે, જ્યારે ઓ ગુરુજન !
તમે તત્ત્વતઃ પ્રકટશો, અમ ઉરમાંહિ થઈ સુપ્રસન્ન, મહાત્મન્ !૦
ગુરુજનમાં જેને નથી, ગુરુસમ રુચિ સંપૂર્ણ,
ગુરુ કહે છેઃ તે ના લહે, કદી મુજ શુદ્ધ સ્વરૂપ પ્રપૂર્ણ; મહાત્મન્ !૦
ઉષઃકાલ સદ્દ્ગુરુરવિ—કેરો તો છો આપ,
અનુસરશે ઝટ આપને, અમ અદ્દ્ભુત ગુરુનો પ્રતાપ; મહાત્મન્ !૦
નયનો કહે છે : દૂર છો, હૈયાં કહે છે : ઉર,
નયનો ભલે ન નીરખે, પણ હૈયાં જોશે જરૂર; મહાત્મન્ !૦
હૈયાં કહે છે નયનને : તેં દીઠા બહુ દિન,
હવે અખંડ જ જોઈશ હું, કરી મુજ ભીતરમાં લીન; મહાત્મન્ !૦
એકરૂપે નિરખી શક્યાં નયનો તમને નાહિ,
ઉર કહે : તમને એકરૂપ, કરી શમવીશ મારામાંહિ; મહાત્મન્ !૦
કાં નયને કાં હૃદયમાં, આવો આજ જરૂર,
જ્યાં ફાવે ત્યાં પ્રકટજો; છે—અમારે તો સઘળું મંજુર; મહાત્મન્ !૦

(૨)

આમંત્રણ

પદ [મારે મન્દિરે પધારો યોગીરાજ૦ એ લય.]

દૈવી આદર્શદર્શનાભિલાષી નર–નાર !
આજે પધારો આ ઉત્સવે.
થવા વિશ્વવંદ્યહૃદયથી નિજ હૃદય એકતાર,
આજે પધારો આ ઉત્સવે.

જેના સદ્‌ગુણશ્રવણે હૃદય ખીલતું,
જેના ઉપદેશભાવો હૃદય ઝીલતું,
જેના જીવનનું દર્શન દૌર્બલ્ય હરનાર;
આજે પધારો તેના ઉત્સવે.

વિશ્વવંદ્ય નિજ ગુરુવિષે આસક્ત છે,
નિજાર્થે અનન્ત વિષયથી વિરક્ત છે,
એ તો હરી ફરીને સદ્‌ગુરુતત્ત્વે જ ઠરનાર;
આજે પધારો તેના ઉત્સવે.

એ મહર્ષિમાંથી શક્તિને આકર્ષવા,
એના દૈવી હૃદયને જઈ સ્પર્શવા,
અને સહજ થવા સદ્‌ગુરુસ્વરૂપે એકાકાર;
આજે પધારો આ ઉત્સવે.

એનું ઉર દૈવી રસનો હિંડોળ છે,
એનું ઉર તો પ્રભુતાનું ભંડોળ છે,
એમાં રમવું–શમવું એ તો કરે સાર્થક અવતાર;
આજે પધારો એવા ઉત્સવે.

(૩)

વિશ્વવંદ્યપક્ષીનું ગગનગામિત્વ

પદ. ગરબી [આવજો ઉતાવળા આવજો રે, એ લય.]

ઉચ્ચ ઉચ્ચ ઉચ્ચ ઉચ્ચ ઉડતું રે,
એક ગગનગામી પંખી મેં લહ્યું.

ભક્તિ ને જ્ઞાનની પાંખો પસારતું,
મુજ દૃષ્ટિપાસથી સરી ગયું રે; એક૦

આજનો ઉંચો પ્રદેશ, કાલ તે તો તુચ્છ લહે,
એમ જોતજોતામાં ઉંચે વહ્યું રે; એક૦

કરતું વિહાર એ વિશાલ દેશગર્ભમાં,
પ્રતિબદ્ધ એ નહિ કોથી થયું રે; એક૦

ધન્ય એ ઊર્ધ્વગમન, ધન્ય એ પંખીજીવન,
પાછું પડવાનું જેને ના રહ્યું રે; એક૦

નરહરિ પ્રભુએ જેને હાથે ઉડાવ્યું ને,
નિજ પદમાં અંતે એને સંગ્રહ્યું રે; એક૦

સ્વ-સંવેદન

શ્રીમાન્ વિશ્વવંદ્ય ! દૃષ્ટિને દર્શનલ્હાવ લીધે વર્ષો વીત્યાં, પણ નેત્રની ભીતર અને દેહના પાર્થિવ અણુઓની પૃષ્ઠે કોણ જાણે કોણ અથવા શું છે જે હજુ તમને જ જુએ છે. અનેક રમ્ય દર્શનોને હઠાવી તેમાં તમારૂં રૂપદર્શન કરી લે છે. સ્વચ્છતા, સદ્ગુણ, સંયમનાં અનેક રૂપો જણાતાં જણાતાં વિલાઈ તેમાં તમને ખડા કરી દે છે. અને એ બધું તમારામાંથી ફુટતું જણાવે છે. આજે સ્થૂલદર્શીઓ તો એને ભ્રમણા કહે. હશે, જવા દો એ વાત.

શ્રીમાન્ વિશ્વવંદ્ય ! કર્ણગોલકે તમારા શબ્દો ઝીલ્યે આજ બબ્બે દશકો વીતાવી દીધાં છે. પરન્તુ સ્વર અથડાતા પડદાની પાછળ કોણ જાણે કયો અજ્ઞાત સ્વરશ્રાવક પટ છે કે જે હજુ તમારા જ સ્વરને શુણ્યા કરે છે. આજે તો જગત્પ્રજ્ઞો એને સ્નેહઘેલછા જ કહે. હશે, જવા દો એ વાતને પણ.

શ્રીમાન્ વિશ્વવંદ્ય ! તમારા અપાર્થિવ સ્નેહના રસપ્યાલા ખાલી પડ્યે સૂર્યપાછળ પૃથ્વીએ બાવીશ બાવીશ આંટાઓ મારી દીધા, છતાં હજી શાથી કે તે શુષ્કસમાં રસપાત્રોને પણ ચાટયા કરવાની વૃત્તિ અને પ્રવૃત્તિ શમતી નથી. તમારા સમાગમપુષ્પોને બાવીશ બાવીશ વર્ષના વિયોગતાપે સુકવી દીધાં, છતાં તેનો સ્મૃતિસૌરભ કોણ જાણે કયાંથી આવી આવીને અમારા હૃદયપ્રદેશને અદ્યાપિ સુવાસિત કરી રહ્યો છે.

વિશ્વવિરાગીઓ તો એને મોહવિકાર જ કહે. હશે, જવા દો એ વાતને પણ.

શ્રીમાન્ વિશ્વવંદ્ય ! તમારાં નેત્રનો આનંદ, તમારાં નેત્રનો રસ, તમારાં નેત્રની ખુમારી, તમારાં નેત્રનું ગાંભીર્ય, તમારાં નેત્રનું મનગમતું હાસ્ય, તમારાં નેત્રની વિલક્ષણ પકડ–શકિત, તમારાં નેત્રની સ્વરૂપ–ઝલક, તમારાં નેત્રનો લક્ષ–અલક્ષ : સર્વ કાંઇ કાળના પ્રવાહસાથે વહી ગયું. પરન્તુ હજીસુધી વિશ્વમાં એવું કોઇ વસ્ત્ર વણાયું નથી, એવું કોઇ જલ પ્રકટયું નથી જે તમારા નેત્રના ચેતનભાવોની આ હૃદયપટપર પડેલી પ્રતિમાને ભુસી કે ધોઈ શકે! પરોપદેશીઓ કહેશે : એ તો મનનું એકદેશીપણું. હોય, જવા દો એ વાતને પણ.

શ્રીમાન્ વિશ્વવંદ્ય ! તમારા ઠપકાના કટુ રસ પીધે બાવીશી પૂરી થવા આવી. છતાંય એમાં શું છે જે જેમ જેમ સમય જાય છે તેમ તેમ તેની સ્મૃતિરુચિ વિશેષ વિશેષ પ્રમાણમાં પ્રકટે છે–દિવસે દિવસે વૃક્ષ વિસ્તરે તેમ તમારાં કટાક્ષમય છતાં દ્રાક્ષમય વચનો આજે પણ હૃદયમાં સાવધતાનો ટંકાર ગજાવતાં પ્રકટી આવે છે—આકાશ ભેદી તારા ઝબકી ઉઠે તેમ. કો કાલનાં કટુ વચન આજ જીવનમાધુર્યને ઘડી રહ્યાં છે—કાલનું નસ્તર આજ રૂઝ લાવે તેમ. તમારા મર્મદારક શબ્દો આજ ઉરઉદ્ધારક બન્યા છે—ઘાવમાં ક્ષારભર્યું ઔષધ ઝાટકો મારવા છતાં દુઃખ દારે તેમ. સંસારઅનુભવીઓ કહેશેઃ એ તો વિધવાપણાનું ડહાપણ. હોય, જવા દો એ વાતને પણ.

શ્રીમાન્ વિશ્વવંદ્ય ! બાવીશ બાવીશ વર્ષોનાં દિનરાત્રિમાં, તમારી સાથે ભોગવેલા આનન્દના ઓળાએ ન જોયા. તમારા સમાગમમાં જ્યાં આનન્દના ઓઘ ઉઠતા, ત્યાં આજે બુન્દ પણ દેખાવાં દુર્લભ થઈ પડયાં છે. ૨૨–૨૨ વર્ષમાં આ જીવનનભમાં એવા સૂર્ય—ચન્દ્ર નથી ઉગ્યા કે જેમણે કાંઇ મનઃકમલ કે વૃત્તિકુમુદિનીની પાંખડીઓ ખીલાવી હોય. મુખ મલકાવનાર મળ્યા; મન મલકાવનાર નથી મળતા. જગજજડો કહેશે : એ તો મુઆની મહાનુભાવતા! હોય, જવા દો એ વાતને પણ.

શ્રીમાન્ વિશ્વવંદ્ય ! બાવીશ બાવીશ વર્ષથી કોઇથી ઉત્સાહપૂરે હૃદયનાળાં ન ભરાયાં તે ન જ ભરાયાં! દષ્ટિસંસાર ખીલ્યો, હૃદયસંસાર

શૂન્ય જ રહ્યો! મનઃપક્ષી તો આ રહ્યું, પણ તેનાં આકાશનાં ઉડ્ડયન નથી. બુદ્ધિકોકિલા તો આ ઉડે, પણ તેનો ટહુકો ક્યાં છે? ચંદ્ર તો ચાલે છે, પણ નિરભ્રતા ક્યાં છે? ચિન્તન તો છે, પણ ચૈતન્ય ક્યાં છે? હાસ્ય તો છે, પણ રસ ક્યાં છે? સુકૃતિ તો છે, પણ સાર્થકતા ક્યાં છે? પ્રતિમા છે, પ્રાણ ક્યાં છે? ભરપૂર ભંડાર છે, કુંચી ક્યાં છે? એ સઉ તમારી સોડે. જીવિતો કહેશે : એ તો મનોન્માદ. હોય, જવા દો એ વાત પણ.

શ્રીમાન્ વિશ્વવંદ્ય! પરન્તુ જીવનમાં આજ સાધનસાધના હોય તો તમારે લીધે, વિશ્વહિતવાસના હોય તો તમારે લીધે, ઈશ્વરારાધના હોય તો તમારે લીધે, હૃદયાશ્વાસના હોય તો તમારે લીધે, જીવનસુવાસના હોય તો તમારે લીધે, આત્મઉપાસના હોય તો તમારે લીધે : સઉ કોઇ ગમે તે કહેશે, છતાં ન જઈ શકે એ વાત! ન જવા દેવાય એ વાત!

— સોરઠા —

વિશ્વવંદ્ય શ્રીમાન્! સાંભળતા જે તમ મુખે,
વિશ્વવંદ્ય શ્રીમાન્! દુઃખદુર્ગોને ભેદતાં,

શુણ્યાં ન ફરી તે જ્ઞાન, બાવીશ બાવીશ વર્ષમાં,
થયાં ખડ્ગ એ મ્યાન, ખુલ્યાં ન આ બાવીશીમાં.

વિશ્વવંદ્ય શ્રીમાન્! તમથી ગુરુઅમૃત ઝીલ્યાં,
વિશ્વવંદ્ય શ્રીમાન્! ધરતા દૈવી ભાવના,

ફરીં ન કીધાં તે પાન બાવીશ બાવીશ વર્ષમાં.
તે ફરી પૂર્વસમાન, ઉઠી ન આ બાવીશીમાં.

વિશ્વવંદ્ય શ્રીમાન્! હતાશ પણ ન અમે થતા,
કરી અમમાં તમ ભાન, કમર કસીને ખેલીએ.

વિશ્વવંદ્ય

સ્વાતંત્ર્યપૂર્ણ વૃત્તિ છતાં ગુરુને પૂર્ણ અધીન તે વિશ્વવંદ્ય.

મનોવિકાર અનુભવવા છતાં મનોજયી રહેનાર તે વિશ્વવંદ્ય.

ગુરુના અભિપ્રાયને ઓળખી જવામાં વિશેષ સમર્થ તે વિશ્વવંદ્ય.

શ્વાસ વ્યાધિની વેદનાભર્યાં નેત્રમાં જ સ્મિતપ્રભા તે વિશ્વવંદ્ય.

શરીરાનુરાગી છતાં ગુરુનિમિત્ત દેહવૈરાગી રહેનાર તે વિશ્વવંદ્ય.

નિયત પદ્ધતિથી પ્રવૃત્તિ-નિવૃત્તિ ભોગવનાર તે વિશ્વવંદ્ય.

થોડી ક્ષણના સચ્ચિન્તનથી અંતઃસ્થ પ્રતિકૂલને ભસ્મસાત્ કરનાર ભઠ્ઠી તે વિશ્વવંદ્ય.

ગુરુનિમિત્ત સેવામાત્રને કલ્યાણકર ગણી પાલન કરનાર તે વિશ્વવંદ્ય.

અખંડ ઉચ્ચતર અને ઉચ્ચતમ થવા મથતું હૃદય તે વિશ્વવંદ્ય.

પુનઃ પુનઃ આત્માનુસન્ધાન સાધતું મન તે વિશ્વવંદ્ય.

મનોમંથનના કાલમાં પણ જેનું મનોરંજન મુખ તે વિશ્વવંદ્ય.

સદાગ્રહયુક્ત નીતિધર્માચારસહિત શુદ્ધ ગુરુભક્તિ તે વિશ્વવંદ્ય.

આધિવ્યાધિઉપાધિમાં અસાધારણ સહનશીલ તે વિશ્વવંદ્ય.

શાન્તિ, સ્થિરતા તથા ગૌરવના સંભારભર્યાં નેત્ર-વાણી તે વિશ્વવંદ્ય.

નૂતન નૂતન વિચાર–વિદ્યાનું શોધન–ચિન્તન કરનાર ચિત્ત તે વિશ્વવંદ્ય.

અંતરમાં વિષમતાની ભરતી વહેવા છતાં બાહ્ય પરમ સમ અને સ્વસ્થ તે વિશ્વવંદ્ય.

સુસ્થિર, સુપ્રભ અને ઊર્ધ્વજ્યોતિર્જીવન તે વિશ્વવંદ્ય.

ગુરુકર્તવ્યયજ્ઞમાં જીવનશ્રીફલ સમર્પનાર યજ્ઞયાજી તે વિશ્વવંદ્ય.

સુજ્ઞ શ્રેયસ્સાધકોને હૃદય રમતો આદર્શ તે વિશ્વવંદ્ય.

સર્વોત્તમ ભાવનામાં રમનાર–રમાડનાર–ખેલાડી તે વિશ્વવંદ્ય.

નૃસિંહના પટ્ટ શિષ્ય તે વિશ્વવંદ્ય.

ઘણા ગુણાનુવાદ કરવા છતાં જેના ઘણા ગુણાનુવાદ કરવા રહી જાય તે વિશ્વવંદ્ય.

આચારચરિત વેદાન્તબોધક તે વિશ્વવંદ્ય.

પરહિતપરાયણ વૃત્તિ તે વિશ્વવંદ્ય.

જીવનની સજીવનતા તે વિશ્વવંદ્ય.

ગૃહસ્થ–સાધુતા તે વિશ્વવંદ્ય.

સુપ્રસન્ન ગાંભીર્ય તે વિશ્વવંદ્ય.

વિશ્વવંદ્ય શું શું કરતા?

અભ્યાસકાલમાં અભ્યાસસાથે 'ગુર્જરોદ્ધારક સમાજ' ચલાવતા. તેમાં વેગભર્યાં વ્યાખ્યાનો આપતા, કાવ્યો લખતા, પ્રાર્થનાઓ રચતા.

સંસારસુધારાના તીવ્ર ચિંતનમાં આત્મજીવનસુધારણાની મુખ્ય અગત્ય જણાવનાર સન્દેશ દેતા.

અભ્યાસકાલમાં સાથે સાથે સંસારસુધારાના વિચારો સેવતા, અમદાવાદની પ્રાર્થનાસમાજમાં જતા.

ગામમાં કોઈ પ્રસિદ્ધ પુરુષ આવે તો તેને જોવા-મળવા જતા.

વડોદરામાં અંગ્રેજીશાળામાં ગુજરાતી શિક્ષકની નોકરી કરતા. એ નોકરીસાથેસાથે વિશેષ ભક્તિ ને તન્મયતાથી ગુરુની નોકરી કરતા!

શાળામાં વિદ્યાર્થીઓને પુસ્તકના શિક્ષણઉપરાંત નૈતિક, ધાર્મિક જીવન કરવાસંબન્ધી પુષ્કળ વિચારો જણાવતા.

વિદ્યાર્થીઓને સદ્વિચારવડે આકર્ષતા, વિદ્યાર્થીઓના જીવનને સત્સંસ્કાર આપી સમૃદ્ધ કરતા. વિદ્યાર્થીઓસાથેના અંતરંગ સંબન્ધને વધારતા.

શ્રીમન્નૃસિંહાચાર્યજીને સદ્ગુરુરૂપે સ્વીકાર્યા. શ્રેયસ્સાધકવર્ગના સેવક બનવાસાથે એ વર્ગનું નેતૃત્વ પામ્યા.

ગુરુવિરાજિત બળદગાડીને પકડી સાથે સાથે વડોદરાથી નિઝામપુરાસુધી દોડતા.

મન્દિરમાં કચરો વાળતા.
મન્દિરમાં પાણીની ગોળી ભરતા.
ગુરુના સામાનની દેખરેખ રાખતા.
ગુરુના પ્રવાસકાલે સામાન તૈયાર કરતા.
મન્દિરમાં દીવા કરતા, દીવી સ્વચ્છ કરતા.
છપાયલાં પુસ્તકોની સંભાળ રાખતા.
ગુરુએ લખેલા લેખની નકલો કરતા.
પ્રુફ સુધારતા.
પુસ્તક છપાવવાનું બધું કાર્ય કરતા.
ગુરુસાથે સ્હવારમાં વહેલા ફરવા જતા.
ગુરુપુત્રને રમાડતા.
ગુરુપુત્રને સંભાળતા.
ગુરુબાલકોનાં મલમૂત્ર ધોતા.
ગુરુકુમારને શિક્ષણ આપતા.
ગુરુઆજ્ઞાપ્રમાણે ટપાલ લખતા.
ગુરુના રચેલા લેખો ગુરુ તથા અન્ય સાધક બંધુઓસમક્ષ વાંચતા.
ગુરુસમીપ ગીતા વાંચતા, ગુરુ તે ઉપર પ્રવચન કરતા.
ગુરુસાથે ચર્ચા તથા આનંદવાર્તા કરતા.
ગુરુનું લેખનસ્થાન સ્વચ્છ અને વ્યવસ્થિત કરતા.
ગુરુને લેખ લખવા મુખથી અને પ્રસંગે સુંદર પત્રિકા લખી પ્રાર્થતા.
મન્દિરનો હિસાબ રાખતા.
કોઇ વખતે ગાય દોહોતા.
મન્દિર છાણુ લાવી લીંપતા.

મન્દિરનાં વૃક્ષોને પાવાને પાણીના હાંડા, આશ્રમની પાસેની તલાવડીમાંથી ભરી લાવતા.

મન્દિર દરરોજ સવારે આઠથી સાડાનવ ને સાંજરે છથી નવસુધી નિયમિત નિત્ય આવતા. રજાના દિવસોમાં બપોરનો સમય વિશેષમાં.

ગુરુદેવ ન હોય તોપણુ નિત્ય નિયમિત મન્દિરે આવતા.

મન્દિરની તમામ વસ્તુની સંભાળ રાખતા. અનાજ વગેરે પણુ જોતા.

મન્દિરને વાળી, ઇષ્ટપ્રતિમાપૂજન કરતા.

ગુરુદેવની ટપાલ લાવતા.

સાંજરે ઢોલક લઈ ભજન ગાતા.

ગુરુદેવ બહારગામ હોય તો નિત્ય પત્ર લખતા.

પોતે બહારગામ હોય તો ત્યાંથી પણ ગુરુને નિત્ય પત્ર લખતા.

ગુરુબન્ધુઓસાથે ખુબ પ્રેમ, મમત્વ, સદ્ભાવથી વર્તતા.

ગુરુદેવની પ્રકૃતિ નરમ હોય ત્યારે ઔષધ લઈ આવતા.

ગુરુદેવની અગત્યની ટપાલ જાતે જઇ નાંખી આવતા.

મહાકાલનું બધું કાર્ય જાતે કરતા, ઉત્તરોત્તર તેમાં વધારે વધારે લેખો લખતા.

પ્રાતઃકાલ, યમદંડ, ધર્મધ્વજ વગેરે પત્રોમાં પણ નિયમિત લેખો લખતા.

સદુપદેશશ્રેણીમાં નિયમિત લેખ, કીર્તનો લખતા.

સાધનસમારંભ સ્થાપ્યો ! તેમાં અધ્યાત્મ સાધનો સાધતા, વ્યાખ્યાન કરતા, સઉની સંભાળ રાખતા, ચર્ચા કરતા.

ઉત્સવોઉપર વ્યાખ્યાન આપતા.

યુવાન્ શ્રેયસ્સાધકોને લખવામાં, વ્યાખ્યાન આપવામાં, સત્કાર્ય સધાવવા ઉત્તેજીત કરતા.

ઉપાધિગ્રસ્ત અથવા દુઃખીને આશ્વાસન દેતા.

સવારસાંજ જમ્યાપછી નિત્ય પા પા કલાક સ્વાધ્યાય સેવતા—વાંચતા.

નવી નવી વિદ્યાના રહસ્યને ચિંતવતા.

તત્ત્વચિંતનના માર્ગે ખૂબ આગળ વધતા.

સ્ત્રીવર્ગના વિકાસપ્રતિ પણ લક્ષ દેતા.

ગ્રન્થો લખી ગુરુચરણે સમર્પતા.

શ્રેયસ્સાધકવર્ગના ઉત્કર્ષનિમિત્ત સક્રિયપણે ખૂબ ચિંતવતા.

ગુરુદેવની સર્વ પ્રકારની સેવા કરતા.

નિત્ય જાતે કસરત કરવાનો આગ્રહ રાખતા.

ગુરુદેવ, ગુરુપુત્ર, ગુરુજન ને ગુરુકૃત્યનિમિત્તે જ દેહ ગાળતા.

સદ્ભાવનાઓ પુષ્કળ કરતા અને કરાવતા.

ભાવનાનો નૂતન સિદ્ધાંત પ્રચાર્યો.

શારીરિક આરોગ્યમાટે ગુજરાતમાં લેખકોમાં પ્રથમ અને વધારે પડતું એમણે લખ્યું.

અદ્ભુત ભાષારસભર્યું અને નવીન નવીન પ્રકારનું આકર્ષક તથા જીવનોપયોગી વિચારનું અભિનવ સાહિત્ય રચ્યું.

અનેક ગ્રન્થો લખ્યા.

સાહિત્યમાં અદ્વિતીયસમી યોગિનીકુમારીની નવલકથા રચી.

અદ્ભુત કીર્તનો રચ્યાં.

અનેક વિદ્યાર્થીઓને વક્તા, લેખક તથા સદાચારસેવક બનાવ્યા.

કેટલાએ વિદ્યાર્થીઓને પોતાના ગુરુસમીપ સ્થાપી 'શ્રેયસ્સાધક' કર્યા.

શ્રેયસ્સાધકવર્ગના ઉત્સવોને સુવ્યવસ્થિત કર્યા.

ગુરૂપદિષ્ટ અનેક સાધનો સાધ્યાં.

મનઉપર સુન્દર વિજયી અંકુશ સાધ્યો.

દિવ્ય માનસ તથા અધ્યાત્મબલ સિદ્ધ કર્યું.

ગુરુનો અનુગ્રહ સાધ્યો.

જીવનની કૃતકૃત્યતા સાધી.

હવે તો જગા ખૂટી, તેમની સત્કૃતિ નથી ખૂટી.

विश्ववंद्य शुं शुं नहोता करता?

‘ ટ્યુશન ’ નહોતા રાખતા, આળસ, અકળામણ, અવ્યવસ્થા, અભિમાન નહોતા રાખતા, ક્રોધ, તિરસ્કાર, સ્વાર્થ, બેકાળજી, બેપરવાઈ નહોતા રાખતા, નકામો કાળ નહોતા ગાળતા. વ્યસન નહોતા સેવતા, જ્ઞાતિસંબન્ધ તથા વ્યવહારસંબન્ધ જરાય વધારે નહોતા રાખતા. શ્રેયસ્સાધકશિવાય બીજા મિત્રો નહોતા સેવતા, ગુરુસ્થાનશિવાય કોઈને ઘેર જવાનો કે વારંવાર મળવાનો અથવા કોઈસાથે કશો વ્યવહારસંબંધ નહોતા બાંધતા, ગુરુનાં નિમિત્તવિનાનો પ્રવાસ નહોતા સેવતા, જોવાના શોખખાતર કશે જોવા નહોતા જતા. વધારે પ્રમાણમાં ખાતા કે ઉંઘતા નહોતા. કશાથી દુર્બલ, હતાશ કે કાયર નહોતા બનતા. સ્વલ્પમાં સારું અને ગુરુનિમિત્ત બધું જ કરતા, ખોટું અને ગુરુસંબન્ધવિનાનું કશું ન કરતા.

ધનત્રયોદશીનો ધની

આજ એટલે સદાનું સુમુહૂર્ત. સુમુહૂર્ત શામાટે જરૂરનું? સદ્‌વસ્તુની સિદ્ધિમાટે. આપણે સદ્‌વસ્તુને ઇચ્છીએ છીએ. આપણે સુમુહૂર્તની જરૂર છે. અને જેવું જોઈએ તેવું સુમુહૂર્ત આપણને મળ્યું છે—"અણધાર્યું મુહૂર્ત" આવી મળ્યું છે. કારણ જે આપણે જોઈએ તે પામી શકીએ એવા મુહૂર્તની આપણને પ્રાપ્તિ થઈ છે. આજ ધનત્રયોદશી છે. આપણે પણ ધનની જરૂર છે, એક જાતના નહિ, ઘણી જાતના ધનની જરૂર છે. અને તેવું ધન આપનાર મુહૂર્ત આજનું છે. આજ **શ્રી** વિશ્વવંદ્યજયન્તી છે. એ સાચા ધનના ભંડાર હતા. આજના પુણ્યકાલે એ ધનમૂર્તિને યજી સાધક સુભાગ્યસિદ્ધિ પામે. એમનામાં શાં શાં ધન હતાં?

એક તો **સાધનધન**. ગુરુદ્વારા એ ધન રળીને એમણે જીવનના અનેક મલને નિવાર્યા, ઉપરાંત અનેક જીવનલાભ મેળવ્યા. જીવનની જીવત્વભરી દરિદ્રતા ટાળી આ સાધનધનવડે અધ્યાત્મસિદ્ધિ પામ્યા. મનની સંકુચિતતા નિવારી વિશાલતા સાધી–સર્વત્ર બ્રાહ્મી ભાવનાપર્યંતની. ધૈર્ય, ક્ષમા, આનંદ, ઉલ્લાસ એવા અપૂર્વ ગુણો કમાઈ લીધા. સાધનધનના એ વ્યાપારીએ વ્યાધિને દેહાધ્યાસ શિથિલ કરવામાં વાવર્યો; આધિદ્વારા મનને વિષયવિરક્ત કર્યું, ઉપાધિદ્વારા સંસારના મિથ્યાત્વને અનુભવ્યું. સાધનધનથી એ શું રળ્યા તે તેમના જ શબ્દોમાં જાણવું છે? સાંભળો:

"ગુરુપ્રબોધિત સાધને, પછી મેં સાંધ્યો સ્નેહ,
"અલ્પ શ્રમે અનુગ્રહ થયો, અકથ્ય શબ્દે જેહ.

"મુજ હૃદયે સદ્‌ગુરુ દીઠા, મુજ આત્માથી અભિન્ન"

શ્રીસુધાસ્રોતસ્વિની, પૃષ્ઠ ૩૨૨.

એ ધનાઢ્યપાસે બીજું ધન હતું તે **સદ્‌ગુરુધન.** એ ધનવડે એમણે એમના જીવનને અમૂલ્ય કર્યું. એ દ્વારા એમણે આત્મવિકાસનો માર્ગ જાણ્યો, એ દ્વારા જીવનરહસ્યની કુંચી પામ્યા, ભયતાપ નિવાર્યા, જ્ઞાનસમૃદ્ધ થયા, અભય પામ્યા, કૃતકૃત્યતા પામ્યા, ક્લેશો નિવાર્યા, જીવનાશ્વાસન અનુભવ્યું. ગુરુએ લખેલા "નૃસિંહ ન ડગતો રે, ચઢતો ચાલે ક્રમે ક્રમે," એ જ પ્રમાણે એ ઊર્ધ્વવાહી થયા. સદ્‌ગુરુધનવડે એમણે શું શું મેળવ્યું તે એમના જ ગૌરવભર્યા શબ્દોમાં જાણવું હોય તો વાંચો.

"છું હું ચેલો નૃસિંહગુરુનો, વિશ્વે જ્ઞાનમત્ત ફરતો."

શ્રી સુધાસ્રોતસ્વિની પદ : ૨૪૧.

અને તમને સમજાશે કે તેઓ સદ્‌ગુરુધનવડે કેવા અનુપમ સામર્થ્યાલંકૃત થયા હતા.

એમનું ત્રીજુ ધન તે **સંયમધન.** એના વડે એમણે અનંત દૈવી સંપત્તિ–ઐશ્વર્ય મેળવ્યું; જીવનની અનેક ક્લિષ્ટ હાનિઓ થતી અટકી, જીવનબલ ગમે ત્યાં વહેતું સ્તંભ્યું, અંતરના અસાધારણ સામર્થ્યને જગવ્યું–ભોગવ્યું; અંતરાલના અગમ્ય અદ્‌ભુત અનુભવ અનુભવ્યા અને સર્વોત્તમ સ્થિતિની પ્રાપ્તિ કરી. એ સંયમધનથી શોકમોહવડે થતી હાનિઓ બચાવી, અંતઃકરણમાં વિકારો ઉઠી થતી બલહાનિ નિવારી અને અપૂર્વ આત્મસમૃદ્ધ થયા. સંયમધનવડે લાભ થાય છે એ એમની અનુભવી વાણી જ વર્ણવે છે.

"સંશયની સઘળી ગ્રંથીઓ, સંયમસમય છૂટી જતી,
"સાચું શું છે, ખોટું શું છે, વાસ્તવ પ્રતીતિ તો થતી;

* * * *

સંયમસમય આ દશ્યનો, મહા ઘટાટોપ ન ભાસતો,
પ્રજ્વલિત આ ભવદવાનલનો, સ્પર્શસરખો ના થતો;

આનન્દનો સઉ સ્થળ પ્રકાશ, પ્રશાંત પૂર્ણું પ્રકાશતો,
ધ્યાતા શમી નિજ કારણે, નિજ પ્રથક્ભાન ભૂલી જતો.

* * * *

એવી ન વિશ્વે ઉચ્ચ સ્થિતિ કો, સંયમે જે ના મળે,
દુષ્પ્રાપ્ય દુષ્કર જે ગણાતું, સંયમી સહજે રળે;
અતિ દૂર, દુર્ગમ, ભૂત, ભાવિ, સંયમી સહજે કળે,
સામર્થ્ય, સંયમી પુરુષનું, ના કોઇથી ક્યારે ખળે.

શ્રી સુ૦ સ્તો૦ પદ : ૩૪૫.

અને એમનું ચોથું ધન તે **સત્ત્વધન.** એમના હૃદયના અંતસ્તમ પ્રદેશથી વ્યાપી ઠેઠ બાહ્ય વ્યવહારસુધી સભર ભરાયેલું ધન. એ સત્ત્વધનના બળે જગત્‌ના કઠોર પ્રહારને સહજે સહ્યા, અત્યંત વિકલ કરનાર કારણોમાં પણ અવિકલ રહ્યા-ઉલટા પ્રસન્ન-પ્રમત્ત રહ્યા. વિરોધીથી પણ અવિરોધી રહ્યા. અશ્રુભર્યા નેત્રમાં પણ મંદસ્મિતનાં કિરણો પ્રસર્યાં, સર્વાવસ્થામાં અક્ષુબ્ધ રહ્યા. દૈવી સંપત્તિનાએ ફળરૂપ આ સત્ત્વધન વિરલને મળતું અમરધન ! એ જેને પ્રાપ્ત તે સર્વ સિદ્ધિથી સંપૂર્ણ રહે. સત્ત્વધન એ જ પરમ તૃપ્તિ, પરમ શાંતિ, પરમ સિદ્ધિ !

આવાં ધન પામવાનું આજ જ છે **સુમુહૂર્ત**—તો **સા વ ધા ન !**

બે બાબતો

વિશ્વવંદ્યમાં

સ્વચ્છતા એ એમની પ્રીતિની વસ્તુ; સુવ્યવસ્થા એ એમની આચારશ્રેણી; સંતતતા એ એમનો સ્વભાવધર્મ; જેમાં તેમાં ઉંડો પ્રવેશ કરવો એ એમનું કૌશલ; ખુણેખોચરે થતી ક્રિયા જાણ્યામાં આવી જવા છતાં તેના પ્રતિ અજાણપણું સેવવું એ એમની ઉપેક્ષા; સદ્વસ્તુ અનુભવમાં ઉતારવી એ એમનો આગ્રહ; હલકી વાતોમાંથી ઉંચી વાતોઉપર ચઢાવી દેવા એ એમનો બુદ્ધિવિભવ; શિથિલ બનેલાને અત્યંત ઉત્સાહિત કરી કર્તવ્યમાં પ્રવર્તાવવા એ એમનું કર્મ; ક્ષુદ્રમાંની પણ મહત્તા ન વિસારવી એ એમની સૂચના; નિકૃષ્ટમાં પણ ઉત્કૃષ્ટતાની નિત્ય વિદ્યમાનતા છે; માત્ર તેને યુક્તિએ પ્રકટાવવી જોઈએ—એ એમનો નિશ્ચય. કોઇ પણ કામ જાતે જ કરવું, બનતું સુન્દર અને પૂર્ણ કરવું, સમયપૂર્વે જ તૈયાર કરી દેવું, અને કોઇને પણ હિતકર થઇ પડે તેવું અને તે કરવું–તથા બીજાને અમુક કરો એમ સાક્ષાત્ ન કહેવા છતાં તેને સત્કૃત્ય કરવાનું મન થઈ જાય એવું રસભર્યું કર્તવ્યકથન કરવું, એ એમની કાર્યદક્ષતા. ઉચ્ચ આચાર અને ઉચ્ચ વિચારમાં બલપૂર્વક વહેવું એ એમનો આગ્રહ; કશાથી નિરાશ ન થવું, કશાથી દુર્બલ ન બનવું, કશું અશક્ય ન સમજવું, કશું અપ્રાપ્ય ન જાણવું, કશાથી કરમાવું નહિ કે ફુલાવું નહિ, ઉત્સાહ છોડવો નહિ, ઇશ્વરાભિમુખતા છાંડવી નહિ, પ્રસન્નતાને કદી ત્યજવી નહિઃ એવો એવો એમનો પ્રબોધ; ગુરુસ્મરણ અને બ્રહ્મચિંતન એ

એમનો પ્રાણ, ક્ષણમાત્રમાં પ્રતિકૂલ વસ્તુ વા સ્થિતિમાંથી ખસી પોતાના નિર્ણીત ક્ષેત્રમાં આવી જવું એ એમની કલા. એમનું ટુંકાણભર્યું શબ્દસ્વરૂપ આટલું ; વિશ્વવંદ્ય એટલે સાદ્‌વસ્તુનો સંગ્રહ.

ઉ ત્સા હ ચ મ ત્કૃ તિ

એક યુગમાં અવનવા પ્રસંગો બન્યા. જડ લેખિનીમાં ચેતનતા આવી. ઠુંઠું હતું તે કલમ બની. બુદ્ધિની કુંઠિતતામાં વિકાસ થયો. બુદ્ધિની મંદતામાં તીવ્રતા આવી, બુદ્ધિની મલિનતામાં નિર્મલતા પ્રકટી, બુદ્ધિના અજ્ઞાનમાં જ્ઞાન ઝબક્યું, અસ્થિરતાનાં સ્થાન સ્થિરતાએ લીધાં, પરવશતામાં સ્વાતંત્ર્ય સ્ફુર્યાં, નાસ્તિકતામાં આસ્તિકતા ઉઠી, પ્રમાદમાં કર્તવ્યપ્રવર્તન આરંભાયાં, નિરાશામાં આશાના અમર ધોધ વહેવા લાગ્યા, અંતરની ઉખર ભૂમિમાં સદ્દવસ્તુનાં અંકુર સ્ફુર્યાં, અસયંમીએ સંયમનાં સાધન માંડયાં, એક માળા ન ફેરવનારે પુરશ્ચરણો આદર્યાં, ક્ષણ સ્થિર ન બેસનાર પ્રહરોસુધી આસનબદ્ધ થયા, પ્રાણની ગતિનુંએ જેને ભાન નહિ એવા સેંકડો પ્રાણાયામ કરતા થયા, એક દંડ ન કહાડનાર હજાર હજાર દંડ કહાડવા લાગ્યા, વ્યવહારના એક કાર્યમાં પણ સ્થિરતા ન જાળવનાર ધારણા અને ધ્યાનમાં પ્રવેશ્યા–હજુ તો ઘણુંય બાકી રહ્યાં આવાં ચમત્કૃતિ ભર્યાં ! યુગપરિવર્તન થયાં. પરિવર્તન કરનાર વિશ્વવંદ્યનાં ઉત્સાહપ્રેરક વચનો !

અમારા વિશ્વવંદ્યને શું ગમતું?

આશ્રમમાંહિ વધુ બોલવું ગમતું, હસવું અને હસાવવું ગમતું,
પુણ્યકૃતિ કરવાનું ગમતું, ઉચ્ચ ચિન્તને વહેવું ગમતું;
શાન્તિભર્યું એકાન્ત જ ગમતું, હીંચકાપર આડા થવું ગમતું,
સહુને ઉન્નત કરવા ગમતું, જરા કદી ચીડવવું ગમતું;

બીજાપાસે ટોળ કરાવી, તટસ્થ રહી પછી જોવું ગમતું.

શરીરને સાચવવું ગમતું, ગુરુકાર્યે વાપરવું ગમતું,
સ્વતંત્રપણું વૃત્તિનું ગમતું, ગુરુને અધીન રહેવું ગમતું;
કામ સ્વચ્છ ને પ્રપૂર્ણ ગમતું, જાતે નિયમિત કરવું ગમતું,
આમ કરો : એમ કહેવું ન ગમતું, નૂતન પ્રયોગસેવન ગમતું,

હલકું હોયે છતાંય કલ્યાણક સમજી ગુરુકાર્ય જ ગમતું.

વહેલું પ્રભાતે ઉઠવું ગમતું, વહેલું જે તે દેવું ગમતું,
દશ વાગ્યામાં જમવું ગમતું, દશવાગ્યામાં સુવું ગમતું;
શુદ્ધ નીતિમય જીવન ગમતું, નિજ દુઃખ કોઇને ન કહેવું ગમતું,
નિર્ભયતાપદ વહવું ગમતું, નીચું જોઇને ચાલવું ગમતું;

સ્ત્રીઓસહ બહુ સભ્ય અને મર્યાદિત કાળ જ બોલવું ગમતું!

જે તે ઉત્તમ કરવું ગમતું, સમયથી વહેલું કરવું ગમતું,
સ્વકથનતણું સમર્થન ગમતું, પ્રતિપક્ષીને મુઝવવું ગમતું;

ગુરુપુત્રને રમાડવું ગમતું, ગુરુપુત્રને ભણાવવું ગમતું,
ગુરુપુત્રાર્થે વહેવું ગમતું, ગુરુપુત્રાર્થે સહેવું ગમતું;
સિદ્ધ આત્મસ્વામિત્વ છતાં ગૌરવમય ગુરુદાસત્વ જ ગમતું.

વિદ્યાર્થીસહ બોલવું ગમતું, શરીર સુધારવા કહેવું ગમતું,
વ્યસન ટાળવા વદવું ગમતું, રમુજી કંઈ ઉચ્ચરવું ગમતું;
કદી કદી સ્પષ્ટ કહેવું ગમતું, કદી કદી કટુ પણ કથવું ગમતું,
અને પછી રીઝવવું ગમતું, અંતે સુખી કરી, સુખી થવું ગમતું;
દશે દિશાથી પ્રતિકૂલમાં પણ, અભયદાનને દેવું ગમતું.

ક્ષમા આપવાનું બહુ ગમતું, વીત્યાં દુઃખ ભૂલવાનું ગમતું,
દર્દને હસતાં સહેવું ગમતું, મનમાં સઉ શમાવવું ગમતું;
પ્રભુને પ્રિય થવાનું ગમતું, વિદ્યામાત્રનું રહસ્ય ગમતું,
નૂતન વાંચવું-રચવું ગમતું, નિજ પુસ્તક ના દેવું ગમતું;
સીનેદાર છાતીવાળું, વળી બળનું ભરેલું શરીર ગમતું.

સાધનમાંહિ ધ્યાન જ ગમતું, બલિષ્ઠતાનું ભાન જ ગમતું;
નૃસિંહનું શિષ્યત્વ જ ગમતું, 'જ્ઞાનમત્ત' રહેવાનું ગમતું;
અનુભવી થાવાનું બહુ ગમતું, નાક રૂમાલે લુછવું ગમતું,
વસ્ત્ર સ્વચ્છ ને સુઘડ જ ગમતું, મોદકનું મિષ્ટાન્ન જ ગમતું;
સાદું છતાં ગૌરવભર્યું ને વળી સદાય નિઃસ્પૃહ જીવન ગમતું.

हृदयेच्छा

અનુપમ ગુરુ-ભક્તિ ચિત્તે, સદૈવ સ્ફુરાવજો,
અપ્રતિહત શક્તિને લ્હેવા, પ્રયત્ન કરાવજો;
સકલ દુરિતો ખોવા વૃત્તિ, ગુરુપ્રતિ લાવજો,
સ્વજન ગણીને સંકલ્પોથી, સુખો ઉપજાવજો.
વિવિધ ઉપદેશોના દાતા, મહર્ષિ! તમે હતા,
તપિત ઉર શાન્તિ દેવામાં, તમારી અપૂર્વતા;
તવ સ્મરણથી ચિત્તે નિત્યે, પ્રભુ સ્ફુરી આવતા,
પ્રભુમહિં સદા ક્યાં જે હાવે, તમે જ સુહાવતા.
નૃહરિપ્રભુના દૈવી પાયે, તમે જ પ્રપન્ન હો,
નૃહરિપ્રભુના સાચા ધ્યાતા! તમે સુપ્રસન્ન હો;
નૃહરિપ્રભુના અન્તઃસત્ત્વે, સદૈવ અનન્ય હો,
તવ સ્મરણ જે સાધે તેઓ, જગે બહુ ધન્ય હો.
નૃહરિપ્રભુને જોવા દેજો, તમે નિજ ચક્ષુઓ,
નૃહરિપ્રભુકેરા રૂપોના, અમે જ દિદક્ષુઓ;
નૃહરિપદકેરી પ્રાપ્તિના, અમે જ મુમુક્ષુઓ,
નૃહરિરસના સાચે સાચે, અમે જ બુભુક્ષુઓ.

॥ ॐ श्रीँ ॥

कीर्तनो

श्री विश्ववंद्यस्मरणोत्सव

સ્થલ : શ્રી વિશ્વવંદ્ય-ઉદ્યાન : વડોદરા.

हृदयनुं आह्वान

પદ. ૧ (બોલો મારા પ્રેમી પોપટજી, એ લય.)

આવો આજ આવો, હે વિશ્વવંદ્ય! આવો,
આવો, આવો, હૃદય બોલાવે.
લાવો સંગે લાવો, નૃસિંહનાથ લાવો,
લાવો, લાવો, આત્મા તેડાવે.
સૂર્યમાં પ્રકાશરૂપે છો રહ્યા પ્રકાશી,
ચન્દ્રમાંહિ ચમકી રહી આપની પ્રભા શી!
આપ સત્તા થઈને ગતિ, વિશ્વ આ ડોલાવે;—
અન્તરમાં, ભાનરૂપે આપ પ્રતીત થાતા,
જીવનરૂપે રહીને આપ સર્વમાં સોહાતા,
નિકટ છો સદાય એમ હૃદય તો સ્ફુરાવે;—
શુદ્ધ પ્રેમનું સ્વરૂપ જોવા વૃત્તિ થાતી,
પ્રેમમત્ત બની રહેવાને મતિ ચહાતી,
પ્રેમમૂર્તિ આપ વિના કોણ તે બતાવે;—
સ્નેહનો આનન્દ પૂર્ણ માણવાને કાજે,
સ્નેહી હૃદય આશાભર્યું આમંત્રે આજે,
પ્રકટ ન તો ગુપ્તપણે સંગી બનો હાવે;—

श्री उपेन्द्राचार्यजी

उपकारस्मरणपूर्वक प्रत्युपकार करवाना असामर्थ्यनुं निवेदन

પદ. ૨

સ્મરી સ્મરી આપ ઉપકારો, અમે શું સ્મરવાના હતા!
કરી કરીને અમે તે અર્થે, શું કરવાના હતા!
શ્રીકૃષ્ણે કીધા અતિ, પાંડવપ્રતિ ઉપકાર,
પ્રણામવિણ બીજું કરી,–શક્યા શું પાંડુકુમાર?
હતી શક્તિ બહુ, ભક્તિ વળી અંતરમાં છતાં,
ન કલ્પે એ વળે ઉપકાર, એવું જાણતા હતા;—
અનંત પૃથ્વીઅણુ છતાં, સૂર્યતણા ઉપકાર,
નથી વાળ્યા, નહિ વાળશે, કરતાં યત્ન અપાર; હતી૦

અનેક તારા ચમકતા, અને એક આકાશ,
પણ (તેના) ઉપકારો વાળવા, તારાને નથી આશ; હતી૦
વૃક્ષતણું થડ એક છે, અનેક પત્રો તો'ય,
એ થડના ઉપકારને વાળી શકે ન કોય; હતી૦
અંબરિષ, પ્રહ્લાદ, ધ્રુવ, નૃસિંહ આદિ ભક્ત,
પ્રભુઉપકારો વાળવા, લેશ ન થયા સશક્ત; હતી૦

રક્ત, ધાતુ, મજ્જા, શિરા, વપુની વસ્તુ અનેક,
પણ ઉપકાર ન વાળીયો, પ્રાણતણો કદી એક; હતી૦
જેમ ચંદ્રમા એક પણ, રશ્મિનો નથી અંત,
આપ એક પણ આપના, છે ઉપકાર અનંત; હતી૦

અમ પ્રત્યુપકારોતણું, એ પૈસા નથી મૂલ્ય,
આપતણા ઉપકાર તો, સુવર્ણમુદ્રાતુલ્ય; હતી૦
દઈએ કોટિ પ્રાણ પણ, આપ તણો જે પ્રાણ,
તેની તુલ્યે છે ન, ક્યાં, રત્ન અને પાષાણ; હતી૦

અમથી અન્ય કશું નથી, થયું ન થાતું લગાર,
કેવલ હર્ષાશ્રુ ભરી, વદીએ જયજયકાર; હતી૦

श्री उपेन्द्राचार्यजी

सद्गुरुथी प्राप्त गुरुरूप माळीए करेलुं कर्तव्य

પદ. ૩

દીધો અમને વનમાળીએ એવો માળી, કીધી જેણે વાટિકા અમ હરીયાળી.

સદ્વચનોરૂપી હળથી તો, ખેડી જમીન એ કાળી,
નિજ સંકલ્પરૂપી એમાં પછી, નાંખ્યું ખાતર સંભાળી; દીધો૦

પછી તેમાં અતિ ઉત્તમ સદ્ગુણુ—બીજક ભાળી ભાળી,—
વાવી ઉત્સાહજળે સીંચ્યાં, બાંધી શ્રદ્ધાની પાળી; દીધો૦

તે માળી અકળાયો ન સત્વર, અંકુર થતાં નિહાળી,
અદ્ભુત ધૈર્ય અને શાંતિથી, કરી એની રખવાળી; દીધો૦

પહેલાં તો કાંટા ને ઝાંખરાં, ઉગ્યાં તેને ન્યાળી,
જરી પણ અકળાયાવિણુ તેણે, સત્વર દીધાં બાળી; કીધી૦

ક્રમથી અંકુર ફુટવા માંડયાં, તેને પોષી પાળી,
મોટાં વૃક્ષરૂપે કરી દીધાં, જે રહ્યાં ફુલી ફાલી; કીધી૦

સુવાસિત પુષ્પોથી ખીલી, મગજની મનહર ડાળી,
પ્રતિભામય બુદ્ધિવિભવ જેનો, શકાય લેશ ન ખાળી; દીધો૦

એવા અદ્ભુત માળીકેરા, રહીએ ચરણુ પખાળી,
મનનો માળી મળીયો જેને, તે જ છે સુભાગ્યશાળી; કીધી૦

પરિપૂર્ણ જ્યાં ખીલી વાડી, માળી નિકળ્યો ચાલી,
અન્ય ઉપાય ન જડતાં રહીએ, માત્ર અશ્રુને ઢાળી; દીધો૦

श्री उपेन्द्राचार्यजी

अभेद चिंतन

પદ. ૪ (વાલમા, આવો સ્નેહથી ભીંજીયે, એ લય)

સ્નેહથી સંગે આવોને મ્હાલીએ,
લઈએ બંધુત્વલ્હાવ, દઈએ પ્રીતિનો દાવ; સંગે૰

બીજા સ્નેહીઓ શરીરથી,
ભેટે પરસ્પર ચ્હાઇ,
આપણ તો અંતરથી ભેટીને,
રહીએ પરસ્પરના અંતર શમાઈ—ભાઈ—આજે૰

ભેદતણા ભાનને વિલાવીએ,
જેથી એકરૂપ થવાય,
છુટી પણ થઈ ને જેમ એકઠી,
પેસે આંગળીઓ મુખની માંહ્ય—સદાય—આજે૰

આજના ઉત્સવપ્રસંગમાં,
આણી ઉરમાં આનંદ,
દેજો તિલાંજલિ ભેદને,
જેથી થાયે પ્રસન્ન વિશ્વવંદ્ય—મહંત—આજે૰

श्री उपेन्द्राचार्यजी

दर्शनने इच्छनार हृदयना उद्‌गार

પદ. ૫ (છેક ન આમ ઘટે રે ગુરુજી રીઝવું, એ લય)

દર્શન ક્યારે થાશે હાવે આપનું,
નેત્રહૃદયને તૃપ્તિને દેનાર જો;
જેમાં તેમાં જ્યાંથી ત્યાંથી આપને,
જોવા તલસે વૃત્તિ વારંવાર જો;—

બેઠો હોઉં જવ ઘરમાંહિ હું એકલો,
સહસા આપસ્મરણ રહેતું હંમેશ જો;
થાય એમ જે છતમાંથી શું આવશો,
અથવા આ દ્વારેથી કરશો પ્રવેશ જો;—

વૃક્ષનીચે બેસું તો થાતું એમ જે,
ઉપરથી શું ઉતરી આવશો આંહિ જો;
કૂપનિકટ જતાં અન્તરમાં ઉઠતું,
અંદરથી નિકળી કર લેશો સ્હાઈ જો;—

અગાસીમાં બેસી આકાશ નિહાળતાં,
થતું એમ જે તોડીને આકાશ જો;
ખરરર કરતા અહિં શું ઉતરી આવશો,
હૃદય ભેટી શું પુરશો મુજ ઉરઆશ જો;—

એકલડો વિચરૂં હું કદાપિ માર્ગમાં,
આશાભર્યા ઉર ઉઠે વિચાર અનેક જો;
આગળથી પાછળથી આમથી તેમથી,
મળશો શું આવીને એકાએક જો;—

કદી કદી વાતાવરણે માંડું કાન હું,
જાણું જે તેમાં રહી કરશો શબ્દ જો;
કોઇ દિશાથી ભણકારા વાગે કદી,
પણ (ત્યાં) નવ જોતાં મન તો થાતું સ્તબ્ધ જો;—

ખુંખારો મુજ કર્ણ કદાપિ શુણુતાં,
જાણું જે નિશ્ચય છો આપ સમીપ જો;
પણ જોતાં મુજ મનનું મોતી ના મળે,
ખાલી જોતો આ જગરૂપી છીપ જો;—

વસ્ત્રો આ જોતાં તો અન્તરમાં થતું,
ધારણ કરી તે હમણાં વદશો વેણુ જો;
ચશ્માં આ જોતાં તો મનમાં થાય છે,
દર્શન દેશો આમાંથી તમ નેણ જો;—

કોઇ સ્થળેથી પણ ન નિહાળું સ્થૂળને,
તવ અન્તરમાં થાય તીવ્ર આઘાત જો;
હ્રદયવેદના ક્યાં એ કહેવી ઉરની,
કથન કરૂં જો મળો કદી સાક્ષાત્ જો;—

પણ એ દુઃખ શ્રવણ કરવાના ત્રાસથી,
રહ્યા હશો છૂપા ને છૂપા આપ જો;
પણ તે શંકા અન્તરમાં નવ આણુશો,
કાં જે આપ મળ્યે નહિ રહે સંતાપ જો;—

પ્રેમતણી રે ઝાઝી કરશું વાતડી,
વિનોદને આનન્દે ગાળશું દિન જો;
માટે વદન બતાવો વહાલા! અંતમાં,
નરહરિપદમાં સાથે થશું અભિન્ન જો;—

श्री उपेन्द्राचार्यजी

શ્રી ઇષ્ટમાત સમણામ યાચના

પદ. ૬ (ભરથરીનો લય.)

જય જય ગુરુ વિશ્વવંદ્યના રે, પ્રેમે કરીએ પ્રણામ,
જેના અનુગ્રહથી કર્યું, સાર્થક તેમણે નામ,
બલિહારી તે ગુરુદેવની જી.

આપના સંકલ્પથી થયું રે, વિશ્વવંદ્યશરીર,
આપની ઇચ્છાથી સહજમાં, છાંડી જીવનનીર,
તત્ત્વમાં તત્ત્વ ભળી ગયું જી.

આપ કરુણાના પાત્ર એ રે, તેથી અમ પ્રીતિપાત્ર,
આપ પ્રભુ અભિમુખ કરે, જેમનું સ્મરણમાત્ર,
ધન્ય એવા આપ શિષ્યને જી.

આપના જે ધ્યાનથી થયા રે, એહ આપ સ્વરૂપ,
સાધન અમને દર્શાવજો, તેને અનુરૂપ,
કરીએ કૃતાર્થ આ જીવનને જી.

વિશ્વવંદ્ય નિજ બળવડે રે, હશે સાધ્યાં સાધન,
અમને વિશેષમાં આપજો, આપ થઇને પ્રસન્ન,
બળ કાંઇ સાધન સાધવા જી.

શ્રી ઉપેન્દ્રાચાર્યજી

श्री विश्ववंद्योपदेश

પદ. ૭ (કહું મન કેટલું, એ લય.)

અરે બન્ધુ! સુણો, વિશ્વવંદ્યધ્વનિ આ વારઃ
'જાગ્રત્ થાઓ જાગ્રત્ થાઓ,
નથી નિદ્રામાં કાંઇ પણ સાર'; અરે૦

'પ્રમાદમાંહિ પડી રહ્યાથી,
પ્રભુ કદી નહિ કરુણા કરનાર'; અરે૦

'તપસાધનમાં તનુ વાવરજો,
પ્રગતિ કરો મનની કરી સુવિચાર'; અરે૦

'વાસનાક્ષય અને કરજો મનોજય,
નહિ તો ઉઘડે ન અંતરદ્વાર'; અરે૦

'સંયમથી નિજ સ્વરૂપ પરખવા,
થજો અન્તર્મુખ વારંવાર'; અરે૦

'આત્મસમાન સકલ આ લહેવા,
કરો નિજ વૃત્તિ આત્માકાર'; અરે૦

'નૃસિંહ સદ્‌ગુરુ સેવતાં નિશ્ચય,
થશે તમ સદાય જયજયકાર'; અરે૦

શ્રી ગ૦ દેવી

શ્રી વિશ્વવંદ્યની વિશિષ્ટતા

પદ. ૮ (સાચો થા બ્રહ્મનો ઉપાસી—એ લય.)

એવું તે જોયું શું વધારે ?
એ વિશ્વવંદ્યમાં;—એવું૦
સઉથી અધિક જેને ધારે,
આન્તર અધિકારે;—એવું૦

અન્તર્ અવિકારી, જો કે રહેતો વ્યવહારે,
સેવે વ્યવહાર, તે પણ સાત્ત્વિક આચારે,
સેવે આચાર, છતાં વાધે સુવિચારે,
ના કશાથી હારે; એવું તો કંઇક છે વધારે; એ૦—

કર્મો કરતાં છતાં ફલની ન ઇચ્છા ધારે,
જાતે સંપૂર્ણ તોએ પ્રયત્નને જ પ્રસારે,
જેને ન ઉઠે ઉર ષડ્રિપુ–ષડૂર્મી ક્યારે,
નિર્લિપ્ત વિકારે; એવું તો કંઇક૦; એ૦—

સાધન સાધે એ આગ્રહેથી તૈલધારે,
અન્તરનો કાંટો જરીએ નીચે ના ઉતારે,
છો પ્રતિકૂલતા કે પ્રતિપક્ષ હોય ભારે,
પણ તે જખ મારે; એવું તો કંઇક૦; એ૦—

સાવધ રહીને અખંડ તત્ત્વે મનમતિ ઠારે,
આત્માનું પૃથક્ અહં પરમાત્મામાં વિસારે,
જે મહાલતો અલમસ્ત સદા સંસારે,
રહી ગુરુ આધારે; એવું તો કંઇક૦; એ૦—

શ્રી ઉપેન્દ્રાચાર્યજી

विश्ववंद्यप्रतिमाने निहाळती वृत्तिना उद्गार

પદ. ૯ (એ બંસરીથકી વનમાળી, એ લય.)

આ મૂર્તિ તો ખરેખર ન્યારી,
ભાવો ઉર અવનવા સ્ફુરાવે,
જોતાં ધારી ધારી; આ૦

અચલ નેત્રની અંદર દીસે,
તત્ત્વની અચલ ખુમારી;
પ્રસન્નતા મુખની દષ્ટાઉર,
પ્રસન્નતા કરનારી; આ૦

આગ્રહબલને, નિશ્ચયબલને,
ઉર દૃઢ સ્ફુરાવનારી,
દુર્બલતા હરી, પ્રોત્સાહથી ભરી,
અન્તર્ ઉજાળનારી; આ૦

ઇંગિતદ્વારા બોધ એ મૂર્તિ,
અન્તર્માં કરનારી,
ઇંગિતજ્ઞનું અન્તર્ જાણે,
વાણી ન વદી શકનારી; આ૦

श्री ज० देवी

विरह–विलपन

પદ. ૧૦ (વિરહીનો વિરહ આ ફેડી, એ લય.)

વિરહની વેળ આ આવી, અરે ક્યાં કર્મની કહાડી;
કર્મની કહાડી, હશે મુજ કાજ સંતાડી; અરે૦
સંયોગનાં સુખ વહી ગયાં, દિન ચાર દેખાડી,
કોઇ કરે શું કર્મની રેખા જ જ્યાં આડી; અરે૦
સંયોગસુખકેરી વહી ગઇ મનોરમ વાડી,
આવી વિયોગતણી હવે ઘાડી વિકટ ઝાડી; અરે૦
વિરહીહૃદયની શી દશા તે છે જ ઉઘાડી,
જોનાર સહજે જોઇ શકે વિણ હૃદયને ફાડી; અરે૦
પ્રીતિસિન્ધુમાં ડુબવું સુગમ, જો પ્રીત છે માંડી,
પણ અતીવ કષ્ટપ્રદ તરી જવી વિયોગની ખાડી; અરે૦
થાયે ઉઠમણાં બહારનાં, પાથરણું ઉપાડી,
અન્તર્તણાં બેસામણાં કો શકે ઉઠાડી ?; અરે૦
પાણીવડે વળતી હશે તે ઉપરની ટાઢી,
અન્તરની તો વળતી નથી છો દેહ દે પાડી; અરે૦
ઉરની શમે ના વેદના ગાયેથી મોં ફાડી,
થાવું ઘટે છે મૌન વિરહની વાતને છાંડી; અરે૦

श्री उपेन्द्राचार्यजी

कर्तव्यसाधनारूढ अन्तःकरणना सन्निश्चयो

પદ. ૧૧ (તે જ જીવે છે, તે જ જીવે છે, એ લય.)

નિશ્ચય ધારૂં, નિશ્ચય ધારૂં, હરેક યત્ને અન્તર્માંય,
સન્નિશ્ચય–આરૂઢ રહે મન, એવા કરવા સદા ઉપાય.

પ્રકટાવું અન્તર્વેગ હું, ઉત્કૃષ્ટ કર્મો સાધવા,
સાધી પ્રથમ પછી યત્ન કરવો, અન્યપાસ સધાવવા;
આવે વિપત્તિ કે વિરોધી થાય છોને વિશ્વ આ,
પણ જીવનનું સાર્થક્ય કરવા, દૃઢ રહીશ હું સર્વદા;

નિશ્ચય ધારૂં, નિશ્ચય ધારૂં, હરેક યત્ને અન્તર્માંય,
સન્નિશ્ચય–આરૂઢ રહે મન, એવા કરવા સદા ઉપાય.

હું કર્મવીર બનીશ હું, ચારિત્ર્ય શુદ્ધિ આદરૂં,
શ્રી વિશ્વવંદ્યસમાન જીવન થાય તે વ્રત આચરૂં;
મરવું નહિ જીવજન્તુપેઠે, જન્મીને દુર્બલપણે,
પણ પ્રાપ્ત ઝટ કરવા ઉપાસ્ય ઉરે સ્મરીને ક્ષણે ક્ષણે;

નિશ્ચય ધારૂં, નિશ્ચય ધારૂં, હરેક યત્ને અન્તર્માંય,
સન્નિશ્ચય–આરૂઢ રહે મન, એવા કરવા સદા ઉપાય.

પામી પ્રથમ નિજ હિત પછી, આ વિશ્વહિત કરવાવિષે
હું ઉગ્ર યત્ન કરીશ આગ્રહ ધારી ઉરમાં હરમિષે;
હું બ્રહ્મ અનુભવી અન્યને, એ બ્રહ્મના સ્વાતંત્ર્યને,
ગ્રહેવા, અનુપમ સૂચવીશ, અદ્વૈતના ગૂઢ મંત્રને;

શ્રી ના૦ દેવી

अनुभवी हृदयना भावो

પદ. ૧૨ (ગૃહસ્થાશ્રમની શોભા સઘળી, એ લય.)

વિશ્વવંદ્યનું હૃદયમાહાત્મ્ય તો અનુભવથી સમજાય,
હૃદય ન જીવતણું એ પ્રભુનું, હૃન્મન્દિર કહેવાય–કહેવાય–કહેવાય; વિશ્વ૦

એ હૃદયે નથી જીવત્વભ્રાન્તિ, નથી અજ્ઞાનજનિત અશાન્તિ,
ન ત્યાં અવિદ્યાતિમિર જરાય, ત્યાં ઉદ્વેગ ન ક્ષોભ કશાય; હૃદય૦

કષ્ટથી થાતી ન ત્યાં કંપારી, વિપત્તિ વૈકલ્ય[1] ન કરનારી,
ભય ત્યાં અભયરૂપે પલટાય, વૈર પ્રેમરૂપે બની જાય; હૃદય૦

મતિ વિક્ષેપ કશાથી ન લહેતી, વિશ્વહિતૈષી સદાય રહેતી,
હાનિ–વૃદ્ધિ ત્યાં ન ભળાય, સદૈવ સમતા ત્યાં સોહાય; હૃદય૦

ધૂન રહે ત્યાં પ્રભુસ્મરણની, પ્રતિમા પડતી પ્રભુલક્ષણની,
પ્રભુ–અભેદ–ચિન્તન ત્યાં થાય, તત્ત્વે તદ્રૂપતા જ સધાય; હૃદય૦

પૂર્ણ શક્તિ ત્યાં, પૂર્ણ તૃપ્તિ ત્યાં, પૂર્ણ ભક્તિ ત્યાં, પૂર્ણ જ્ઞપ્તિ ત્યાં,
તેને નથી અપ્રાપ્ય જ કાંય, પૂર્ણાત્પૂર્ણ જ તેહ ગણાય; હૃદય૦

श्री उपेन्द्राचार्यजी.

---

૧ વિકળતા.

શ્રી વિશ્વવંદ્યમતિ મારા મમત્વનો હેતુ

પદ. ૧૩ (મારી ક્યારીમાં મ્હેક મ્હેક મ્હેકે—એ લય.)

મારા ગુરુએ દર્શાવી કાંઇ પ્રીતિ અધિક એક
વિશ્વવંદ્યમાં : વિશ્વવંદ્યમાં:
મારા ગુરુએ કરાવી નિજ પ્રતીતિ, અધિક એક
વિશ્વવંદ્યમાં : વિશ્વવંદ્યમાં:

ગુરુને નિજ મુખ જોવા હૃદયને બનાવ્યું,
દર્પણસમું જે સ્વચ્છ, સંમુખ તે સ્થાપ્યું,
ગુરુએ ઉતારી ત્યાં મૂર્તિ, પોતાની એક
વિશ્વવંદ્યમાં : વિશ્વવંદ્યમાં:

તાવી ખખડાવીને નિશ્ચયથી જાણી,
સાચા સુપાત્રરૂપે જેને પ્રમાણી,
સ્થાપી પોતાની સંપત્તિ, ગુરુએ એક
વિશ્વવંદ્યમાં : વિશ્વવંદ્યમાં:

ગુરુને સર્વસ્વ જેણે નિજ જીવન સમર્પ્યું,
ગુરુના હૃદયને જેણે સર્વાંશ તર્પ્યું,
(તેથી) મારી પ્રીતિ વધતી વિશેષ એક
વિશ્વવંદ્યમાં : વિશ્વવંદ્યમાં:

શ્રી ઉપેન્દ્રાચાર્યજી

વિશ્વવંઘનું શોભન જીવન

પદ. ૧૪ (મેરે માલિકમેં મેરા દિલ તો, એ લય.)

વિશ્વવંદ્યનું શોભન જીવન નિહાળો,
જીવન નિહાળો, દષ્ટિ દર્શનમાં ઢાળો; જીવન૦

નિજપ્રતિ વજ્રસમાન કઠિન ઉર, પરપ્રતિ કુસુમસમાન
દયાતણા જ્યાં ઓઘ ઉઠે છે, સતત જ્યાં પ્રેમનું ગાન; શોભન૦

પ્રત્યક્પ્રવાહિત ઇન્દ્રિયવાળું, સંયમી જીવન જણાય,
શમદમાદિ ષટ્સંપત્તિ જ્યાં, અનર્ગળ રેળાય; શોભન૦

ગુરુભક્તિ, ગુરુસેવામાં જેણે, જીવન અર્પ્યું અખંડ,
પરોક્ષપણે જેણે કર ધાર્યો, શ્રેયસ્સાધક હિત દંડ; શોભન૦

નિઃસ્પૃહી, નિર્ભય, નિર્વિકારી ને, નિષ્કામી, નિઃસંગ,
સ્વરૂપચિન્તને જેના ચિત્તનો દીસે, સ્વરૂપસમો એક રંગ; શોભન૦

સ્વતંત્ર, સ્વાત્માશ્રયી, સ્વપરભાવોથી જે ઉપરામ,
નિજ જનથી નિર્લિપ્ત છતાં જે, નિજ જનના વિશ્રામ; શોભન૦

પ્રસારી જ્ઞાનને જેમણે સાધ્યું, અનેકનું કલ્યાણ,
વ્યવહારે વિચરે પણ જેનું, તત્ત્વે દઢ એકતાન; શોભન૦

પ્રભુને ભજી પ્રભુઅનુગ્રહ પામી, પ્રભુમાં મૂકી માન,
પ્રભુમય થનાર નથી આ વર્ગે કોઇ વિશ્વવંદ્યસમાન; શોભન૦

શ્રી જા૦ દેવી

विश्ववंद्यचन्द्रोदय

પદ. ૧૫ (શ્યામ સુન્દર પધારે, એ લય.)

એક સમય ભૂતલરૂપ વ્યોમમાંહી,
નૃસિંહાર્ક–દિવ્યદ્યુતિ હતી છવાઇ;
જેણે અન્તર્ગત તમસને નિવારી,
વ્યોમમાંહી પ્રભા જ્ઞાનની પ્રસારી; એક૦

પ્રભા બધે વિસ્તરી રહી હતી, સંકેતસમયનો થયો ત્યાં ઇતિ,
અન્ધકારમય અભ્ર સમસ્ત, કરતા સૂર્ય થયા ત્યાં અસ્ત,
અસ્ત થતામાં જીવ સમગ્ર, બન્યા અન્તરે અતિશય વ્યગ્ર,
ક્લેશ—કષ્ટ અનુભવતા અતિ, સૂર્યે જોઇ જગતની સ્થિતિ;

દયા દયાળુ હૃદયમાં, જીવોપ્રતિ ઉભરાઇ,
સંમુખ ક્ષિતિજપ્રતિ કરી, આન્તર દષ્ટિ કાંઇ;
એક બિમ્બ ત્યાં સ્થિત હતું, સર્વ રીતે અભિમુખ;
તેનાપ્રતિ કેન્દ્રિત[1] કર્યાં, સઘળાં નિજ મયૂખ[2];—એક૦

જડવત્ જગતતણી હતી સ્થિતિ, દુઃખવેદના વર્ણી ન જતી,
અલ્પ સમય જ્યાં વીત્યો નથી, ત્યાં બદલાતી લાગી સ્થિતિ;

અનાયાસ એ ક્ષિતિજથી, ઝળળળ કરતું દિવ્ય,
બિમ્બ એક ગગને સ્ફુર્યું, જોઇ રહ્યા સઉ જીવ;
[3]હર્ષોદ્રેકથી સહજમાં, બોલી ઉઠયાં જીવવૃન્દ[4];
એ જ એ જ નરહરિસમા, શ્રી વિશ્વવંદ્યચન્દ્ર;—એક૦

શાન્ત શીતલતા છવાતી ગઇ, બિમ્બની ગતિ ઉંચી ઉંચી થઇ,
રૂપેરી આભા તરવરી, સમગ્ર સૃષ્ટિ પ્રકાશિત કરી;

ક્રમે ક્રમે ત્યાં પ્રસરીયો, કેવલ શુભ પ્રકાશ,
મહાલવા લાગ્યા જીવો, જેમાં ધરી ઉલ્લાસ;

---

૧ એક જગામાં એકઠાં. ૨ કિરણો. ૩ અતિશય આનન્દથી. ૪ જીવોનાં ટોળાં.

એ તેજે ગાઢાં તિમિર, કંઇનાં કીધાં દૂર,
શાન્ત-રમ્ય ઓજસ્‌વડે, ચિત્ત કર્યાં ભરપૂર; એક૦

દિવ્ય ચન્દ્રિકા રહે કોઇ જોઈ, અમૃત એનું પીતા કોઇ,
કોઇ અબુધ જન ઉંઘી ગયા, કોઇ એનું લાંછન જોઈ રહ્યા;

તે પ્રતિ દૃષ્ટિ કર્યા વિના, ચન્દ્ર વિયત્‌ની[1] માંહ્ય,
અધિકાધિક પ્રકાશથી, ગતિમય રહ્યો સદાય;
પોષી કંઇક વનસ્પતિ, તપ્ત હતા પાષાણ,
તેને પણ શીતલ કર્યા, કંઇમાં પ્રેર્યા પ્રાણ; એક૦

કંઇક જનોનાં પ્રેમી ચિત્ત, રસમય કીધાં ધરી અતિ પ્રીત,
કંઇમાં રેડ્યો નવીન ઉત્સાહ, કંઇના ટાળ્યા આન્તર દાહ;

એક બિચારી કુમુદિની—પ્રતિ કરી દૃષ્ટિ ખાસ,
કોમલ ભાનથી—સ્નેહથી, પૂરી તેની આશ;
શ્રેયસ્સાધકવર્ગરૂપ, સિન્ધુને અત્યન્ત,
મસ્ત કીધો ભરતીવડે, ઉછાળીને દિગન્ત;

આમ ક્રમે કરી રાત્રિ જતાં, સંકેત સમય પૂર્ણ જ થતાં,
સમય અધિક ન વીતાવ્યો સહેજ, આકુંચન[2] કીધું નિજ તેજ;

નૃસિંહ સૂર્યવિષે પુનઃ, સમગ્ર નિજ ઐશ્વર્ય,
અર્પી, નૃસિંહસૂર્યનું, કરી દીધું સાહચર્ય;
અન્તે અદ્‌ભુત કળવડે, લહી કર્તવ્ય પ્રપૂર્ણ,
વિશ્વવંદ્યચન્દ્રે કર્યું ગમન સ્વરૂપે તૂર્ણ;[3] એક૦

શ્રી ઉપેન્દ્રાચાર્યજી

---

૧ આકાશ. ૨ પાછું ખેંચી લેવું. ૩ જલદીથી.

विविधरूपे विश्ववंद्यस्मरण

પદ. ૧૬ (હે વિશ્વપતિ ! શું આપના—એ લય.)

હે વિશ્વવંદ્ય ! થજો તમારાં સ્મરણ વારંવાર,
જેથી અમારા હૃદયમાં, આદર્શ ઉદ્‌ભવનાર.
આરોગ્યપ્રાપ્ત્યર્થે દીધું, આપે અનુપમ જ્ઞાન,
તે રૂપે આપસ્મરણ હજો જેથી, બને તનુ બલવાન્; હે૦
મન સંયમિત કરવા તમે, યુક્તિઓ દીધી અપાર,
તે સ્મરણરૂપે આપ અમ અન્તર્ રહો રમનાર; હે૦
સંસ્કાર જ્ઞાનના પાડવા, દીધો જ બોધ અમાપ,
તેરૂપે સતત રહો સ્મૃતિમાં, જ્ઞાનપોષક આપ; હે૦
જન્મી જગે કંઇ સ્વાર્થ ત્યાગી, સાધવા પરમાર્થ,
જીવન તમારૂં જાગજો, અમ અંતરે શ્રેયાર્થ; હે૦
આ બ્રહ્મકેરી ભાવનાની (આપે) કળ કહી અદ્‌ભુત,
તે અમ ઉરે થાવા પ્રકટ, રહો સ્મરણે (હે) બ્રહ્મીભૂત ! હે૦
સ્મરણે અમારે સતત રહો, આપના સઉ ઉપકાર,
જેથી અમારો સહજમાં, થાયે સુખદ ઉદ્ધાર; હે૦

श्री ज्ञ० देवी

श्री विश्ववंद्याधीशप्रति विज्ञप्ति

પદ. ૧૭ (શુભ સમયે નરહરિનાથ, એ લય.)

જય વિશ્વવંદ્યના નાથ, નરહરિ ! નમીએ રે, ભાવે,
કંઇ કરો કરુણાપાત, આપપદ રમીએ રે, હાવે.
જે અનુગ્રહની દૃષ્ટિ પ્રસારી, વિશ્વવંદ્યપર આપે,
અમો યાચું તે અનુગ્રહદૃષ્ટિ, ક્યારે અમપ્રતિ વ્યાપે; નરહરિ૦
જે અનુગ્રહઅંકુશે તેમના, ષડ્રિપુ દીધા તાડી,
તે અનુગ્રહઅંકુશથી અમ રિપુ, ક્યારે દેશો ભગાડી ? નરહરિ૦
જેહ કરુણાકટાક્ષથી તેમને દીધાં સામર્થ્યો,
તે કટાક્ષ અમપ્રતિ પ્રસારી, ક્યારે સારશો અર્થો ? નરહરિ૦
જે અનુગ્રહરશ્મિથી તેમનું, દીધું હૃદય દીપાવી,
તે રશ્મિથી અમ અંતર ક્યારે દેશો ઝળકાવી ? નરહરિ૦
વિશ્વવંદ્યગુણસ્મરણવડે, તમપ્રતિ વૃત્તિ પ્રભુ ! વાળી,
આજ યાચીએ શીઘ્ર લગાવો, આપ સ્વરૂપશું તાળી; નરહરિ૦

श्री उपेन्द्राचार्यजी

स्नेहस्वागत

પદ. ૧૮ [આવો સાધકો આજે—એ લય.)

આવો વિશ્વવંદ્યગુણાનુરાગી બંધુ—ભગિનીઓ!
બંધુ—ભગિનીઓ! ગુણામૃત પાઓ ને પીઓ;
પધારો બંધુ—ભગિનીઓ!

સામાન્ય ગુણ ન સ્મરો, સચેતન સદ્દગુણો સ્મરી લો,
સ્મરી માત્ર સુગુણો અટકશો ના, અંતરે ધરી લો; પધારો૦
અંતર્ ધરી અટકો ન, અણુ અણુમાં પ્રસારી દો,
અણુઅણુવિષે કરી પ્રસારણ, મનમતિ ઠારી દો; પધારો૦
જે કાર્યમાં, જે સમયમાં કે જે સ્થિતિમાં હો,
તે સર્વમાં એ ગુણભર્યા આચરણ આચરી રો'; પધારો૦
ન ત્યજો શુભાચારો થતી વિઘ્નપ્રતીતિ છો,
થવું વિઘ્નસામું એવી નીતિરૂપ પ્રગતિપ્રતિ વહો; પધારો૦
આચારસાધ્ય પ્રયત્નથી આચારસિદ્ધિ લહો,
પ્રભુઅનુગ્રહથી વિજયી હો—વીર! સદા વિજયી હો; પધારો૦

श्री उपेन्द्राचार्यजी

श्री विश्ववंद्यगुणचिंतन

પદ. ૧૯ (જોયા ન ક્યાંહિ નાથ નૃહરિ—એ લય.)

આજે તમને સ્મરતા સઉ,
પ્રહ્લીભૂત પ્રિય વિશ્વવંદ્ય રે; આજે૦
વિરહ થયો છે નવ વર્ષથી આપનો રે,
એકલડું વિચરે સાધકવૃંદ રે, આજે૦
આપસ્મરણુની સ્મરણી, અંતર તો ફેરવે રે,
આપના ગુણનું કરતાં ધ્યાન રે; આજે૦
સાધુચરિત્ર અને નિષ્કામ સુયત્નો રે,
અન્યે ન જોઈએ આપસમાન રે; આજે૦
સર્વોત્તમ લક્ષણો આ, રાગ વિરાગનાં રે,
આપમાં જોયાં અતિ અદ્‌ભુત રે; આજે૦
દેહાસક્તિથી પર, ભારતમાં આપસરખા,
ન્યાળીએ ન્યૂન અવધૂત રે; આજે૦
ભક્તજીવનની અને સાધકજીવનની ન્યાળી,
આપમાં છાયા તો પ્રત્યક્ષ રે; આજે૦
તેથી બન્યા આપ પ્રિય, નૃહરિ ગુરુના,
સાધકના આપ થયા અધ્યક્ષ રે; આજે૦
આત્મશ્રદ્ધા ને સાચી સદ્‌ગુરુશ્રદ્ધા રે,
આપસમી ન દીઠી ક્યાંય રે; આજે૦
એવા ગુણપલ્લવોથી શોભિતી આપની રે,
સાધકના શિરપર હતી છાંય રે; આજે૦
છાયા તે આજ સહજે અળપાઈ જતામાં રે,
કંઇકને રહેતો ઉર ઉદ્વેગ રે; આજે૦
માત્ર તમારાં પુણ્ય સ્મરણે શમાવીએ રે,
વિકલ વૃત્તિના વિધવિધ વેગ રે; આજે૦

શ્રી જ૦ વેષી

विश्ववंद्योपदिष्ट सद्‌विचारनुं सेवन करवा मनप्रति वचनो

પદ. ૨૦ (અંજન મન અંતર આંજી, એ લય.)

અંતર ઉતારી મન ! મારા, સ્મર વિશ્વવંદ્યસુવિચાર,
અખંડિત, વિશ્વવંદ્યસુવિચાર.

પડી અવિદ્યાતણાં ઉખડશે, ચિંતિશ એને રોજ, હૃદય ઠરી-
ભરચક થાશે પોષકરસથી, તારા આ શુષ્ક જીવનના ક્યારા; સ્મર૦

બોધવૃક્ષ ત્યાં સુન્દર ખિલશે, જેની શીતલ છાય, અનુપમ,
તત્ત્વપરિમલ તેનો હરશે, ભયદ ત્રિતાપ આ તારા; સ્મર૦

સમય જતાં અજરામર ફલને, તે તરુપર તું લહીશ, અવનવાં,
(એનું) અનુભવઆસ્વાદન લેતાં ઉર, છૂટશે બ્રહ્મની રસધારા; સ્મર૦

એ જ વિચારે વહે સદોદિત, ઓતપ્રોત થઈ નિત્ય, હવે તું,
જીવપદસ્થાને સહજ નિહાળીશ, શિવપદના ઝળકારા; સ્મર૦

श्री ज० देवी

વિશ્વબંધરૂપ વાંસળી

પદ. ૨૧ (પ્રભુ શિર ગાજે છે, એ લય.)

પ્રભુની વાંસલડી, વાગી એક સમય વિશ્વમાંહ્ય, પ્રભુની૦
રચી પ્રભુએ તે નિજઅર્થે, કાઢવા પોતાનો સુર,
અદ્‌ભુત કારીગિરી મૂકી તેમાં, કીધી અતીવ મધુર; પ્રભુની૦

ઇષ્ટની સાંકેતિક પ્રેરણાથી, કાઢતી સુર તે સદાય,
પૃથક્ અહં જેનું કદી નવ જોયું, સ્વર કાઢવાની માંહ્ય; પ્રભુની૦
એના મધુરા સ્વરથી જાગ્યા, સહજે સુભાગી જન,
ભૂલ્યાં સ્વરૂપ સહજમાં સાંભર્યાં, જાગતાં આંતર મન; પ્રભુની૦

દેશપ્રદેશે એ વાંસળીનો, પ્રસર્યો અનુપમ સુર,
ઇષ્ટતણો નાદ એ હતો તેથી, જ્ઞાને થયો ભરપૂર; પ્રભુની૦

પૂરો થતાં આ વિશ્વનો એમાં, પ્રેરેલો કાર્યસંકેત,
બંધ થઈ એ વાગતી પ્રત્યક્ષ, બંસી સુશબ્દોપેત; પ્રભુની૦

સૂક્ષ્મવિષે મધુરા રણકારા, એના હજી સંભળાય,
શુણતાં બોધની ઊર્મિ ઉરમાં, આજે પણ ઉઠી જાય; પ્રભુની૦
નરહરિની વહાલી વાંસલડી, વિશ્વબંધ એનું નામ,
શ્રવણ કરી ઉર ઉતારી તે તો, વિશ્વે ધન્ય તમામ; પ્રભુની૦

શ્રી જ૦ દેવી

श्री विश्ववंद्यना आदर्शउपरथी उद्भवतो आदेश

પદ. ૨૨ (હવે કોણ ઉપાયે તૃષિત નયન આ, એ લય.)

હવે ઉગ્ર પ્રતિજ્ઞા, કરવા તિતિક્ષા, આજના સમય કરો,
સાચું સ્મરણ કર્યું વિશ્વવંદ્યનું, જવ નિર્બલતા હરો.

વર્ષો વીત્યાં બહુ વિષયવિલાસે, શાંતિ ન પણ થાતી,
મૃત્યુકિનારે આ નૌકા આયુષ્યની વહી જાતી,
શુભ પ્રયત્નકાંઠે વાળો તેને, તો હજી કાંઇ ઉગરો; હવે૦

કરજો તિતિક્ષા તનમનની, અંતર સમજી સાચી,
જેથી રહ્યા પ્રભુ વિશ્વવંદ્યપર સ્વભાવથી રાચી,
એ જોયું તમારી દૃષ્ટિસમીપે, તો એ શું વિસરો; હવે૦

ખાતાંપીતાં અવકાશે કડવું મોં' કરી પ્રભુ ભજતાં,
ન મળ્યા, નથી મળતા પ્રભુ કોઇને ભોગવિષે પચતાં,
કસી કમર ધસો આગળ સઉ તેથી, પાછાં ન પગલાં ભરો; હવે૦

સંસારના સુખમાં ઉરથી થઈ, શુદ્ધ બલે ત્યાગી,
થાજો ઉંચા કાંઇ દિવ્ય જ્ઞાનના, અનુપમ સુખભાગી,
કરી ભક્તિ ગુરુની આ જીવનમાં નરહરિ પ્રભુને વરો; હવે૦

શ્રી૦ મ૦ દેવી

વિશ્વવંદ્યગુણગાન

પદ. ૨૩ (તમે શા માટે શ્યામ, એ લય.)

સ્થિતિ આપની ન વિશ્વવંદ્ય ! જાય કંઇ કળી,
જાય ના કળી, રમફે સતત વળી વળી; સ્થિતિ૦

તત્ત્વખુમારીથી ભર્યાં, શાં દીપે તમ નેત્ર,
અદ્દભુતતા કંઇ સૂચવે, જે તમ માનસ ક્ષેત્ર,

આત્મસ્વાતંત્ર્યબળે મદમત્ત હસ્તિપેરે,
વિકટ પ્રસંગમાં સદા રહ્યા ઝુલી; સ્થિતિ૦

જગતસ્પૃહા–જગઆશથી, જગજીવ હોયે ગ્રસ્ત,
તેનો દીઠો આપમાં, અમે સદાનો અસ્ત,

સ્વાર્થતણી કાલિમાનો લેશ જ્યાં ન, માત્ર દીસે,
નિષ્કામ કર્મતણી દીપ્તિ ઉજળી; સ્થિતિ૦

માયાબંધન છેદવા, દીધો બોધકૃપાણ,
જીવત્વના વિચારનો, વાળી દીધો ધાણ,

ઉન્નત ભાવનાની ભારતમાં અવનવી,
આપે વગાડી છે અધ્યાત્મ–વાંસળી; સ્થિતિ૦

નિર્ધારિત કર્તવ્યને, કીધાં જીવનસિદ્ધ,
અનેક જીવનને કર્યાં, તત્ત્વબલે સમૃદ્ધ,

તેજઅંશ ! તેજને પ્રસારી તમે અમમાં,
તેજતત્ત્વમાંહિ ગયા સહજમાં મળી; સ્થિતિ૦

શ્રી જ૦ દેવી

विश्ववंद्य ए शुं छे ?

પદ. ૨૪ (હા હું છું બ્રહ્મ, જીવ નથી—એ લય.)

વિશ્વમાં વિશ્વવંદ્ય તો મારી, આંખોતણું દુર્બીન છે,
જેનું સામર્થ્ય નવીન છે, જાણે જે એના પ્રવીણ છે; વિશ્વમાં૰

કંઇકના અંતરતમ ગુણ દર્શાવવામાં તે સમીચીન છે,
સ્થૂલ દષ્ટિથી વિહીન જે, દુર્બીનથી તે સ્વાધીન છે; વિશ્વમાં૰

માયાના અટપટા કંઇક પ્રસંગો, જેના આગળ જગ દીન છે,
મારી દષ્ટિએ તે ભિન્ન છે, મારૂં દુર્બીન ન મલિન છે; વિશ્વમાં૰

મારૂં દુર્બીન મને દેખાડે દુઃખોના, પૃષ્ઠમાં સુખનું જે ચિહ્ન છે,
જગજન જેનાથી ખિન્ન છે,(ત્યાં) જોઉં સુખ જેની અવધિ ન છે; વિશ્વમાં૰

એનાથી જોયાં મેં દૈવી સામર્થ્યો, અન્યને જે પરિચ્છિન્ન છે,
મુજને પ્રકટ અવિચ્છિન્ન છે, જાણે ન જે મતિહીન છે; વિશ્વમાં૰

એણે દેખાડયા મને એક સદ્ગુરુ, જોવા જે જીવને કઠિન છે,
જે જન દુર્બિનવિણ છે, તેને દર્શન તો કદી ન છે; વિશ્વમાં૰

સૂક્ષ્મ સૂક્ષ્મ એવા અંતર્યામી, સર્વવિષે જે વિલીન છે,
મુજને પ્રત્યક્ષ—અભિન્ન છે, કાં જે દુર્બીન સંગીન છે; વિશ્વમાં૰

એવા દુર્બીનમાં મારી સંશોધક વૃત્તિ સદાએ લીન છે,
એની પાસે બીજું ક્ષીણ છે, એપર આફરીન આફરીન છે; વિશ્વમાં૰

श्री उपेन्द्राचार्यजी

વિશ્વવંદ્યના સદ્ગુરુતત્ત્વમાં ઠરવા પ્રબોધ

પદ. ૨૫ (નિજ સ્વરૂપે જેની વૃત્તિ શમી છે, એ લય.)

વિશ્વવંદ્યનું શુદ્ધ સ્વત્વ સ્મરજો સઉ,
વિશ્વવંદ્યના ગુરુતત્ત્વે ઠરજો સઉ,
વિશ્વવંદ્યના પ્રભુસત્ત્વે સરજો સઉ,
તત્ત્વે ઠરજો સઉ, પ્રભુસત્ત્વે સરજો સઉ; તત્ત્વે૦

પ્રભુની એહ વિભૂતિ આજે મળી છે પ્રભુની માંહ્ય,
ઘટાકાશ મહદાકાશે ભળી, એકરૂપે સોહાય; ગુરુતત્ત્વે૦
લઘુ રૂપ મહારૂપે મળીને, થઈ રહ્યું આજ અરૂપ,
તદપિ આંતર દ્દષ્ટિથી જોતાં, લહેશો અરૂપ—સરૂપ; ગુરુ૦
થશે ગુણારાધન જો સાચું, ધરી ગુણમૂર્તિરૂપ,
આજે પણ તે પ્રકટ જ થાશે, સહજ સ્વયમ્ભૂ અનુપ; ગુરુ૦
વિશ્વવંદ્યનું ગુણચિંતન એ, તેમનું ચિંતન ન્હોય,
એ ચિંતન કરનારો ચિંતક, સમગ્ર પ્રભુરૂપ જોય; ગુરુ૦
માનસ સંબંધ તેથી વધારો, એમના ગુરુરૂપસાથ,
એમાં આપણું લઘુરૂપ ભળતાં, થશું ગુરુરૂપ સાક્ષાત્; ગુરુ૦
વિશ્વવંદ્યના સદ્દગુરુતત્ત્વનો, જય જય ઉચ્ચરી આજ,
તે નરહરિમાં ભળતાં થાશે, સાધક સિદ્ધસમાજ; ગુરુ૦

શ્રી ન૦ દેવી

श्रीइष्टसंकेतप्रति प्रणमन

પદ. ૨૬ (કીજે કરુના હો દીનદયાલ, એ લય.)

એવા ઈશસંકેતને આજ, નમે ઉર પ્રેમભર્યું,
જેણે વિશ્વવંદ્યના દેહતણું નિર્માણ કર્યું; એવા૦

નૃસિંહસ્વરૂપપ્રકાશનકાજે, જેણે સ્થૂલ ધર્યું,
નૃસિંહલીલાસિદ્ધિઅર્થે જગમાં જે વિચર્યું રે; નમે૦

જે તનુદ્વારા સદ્‌ગુરુકેરું, માહાત્મ્ય પ્રખર પ્રસર્યું,
તે તનુના ઉદ્‌ભાવક કારણ—માં મુજ ચિત્ત ઠર્યું રે; નમે૦

જે તનુએ સાધકજીવનને, અનુરૂપ વ્રત આચર્યું,
જેના ઉપદેશાનુસરણથી, કંઇનું જીવન સુધર્યું રે; નમે૦

ધન્ય ઈશસંકેત, ધન્ય તેનું, જે ફલભાગી ઠર્યું,
ધન્ય ધન્ય એ વિશ્વવંદ્ય જેમાં, નૃસિંહનું જ્ઞાન સ્ફુર્યું રે; નમે૦

श्री उपेन्द्राचार्यजी

श्री विश्ववंद्यसदृश पुरुषार्थ करवा साधकोने प्रबोध

પદ. ૨૭ (સ્નેહ તો ધરો રે સાચો, એ લય.)

પ્રયત્ન કરો રે, બન્ધુ ! પ્રયત્ન કરો,
વિશ્વવંદ્યના જેવો કાંઇ પ્રયત્ન કરો.

ઉત્તમ આદર્શ આપ્યો ગુરુએ સહુને,
હૃદય–ચિન્તનમાં તેને રખે પરહરો; વિશ્વ૦

વિશ્વવંદ્યજેવા શુભ નિશ્ચયો ધારી,
વિષયપ્રીતિથી પાછાં પગલાં ભરો; વિશ્વ૦

દેહાસક્તિથી પર એ મહાત્માને ન્યાળી,
દૈહિક કાયરતા છાંડી યત્ને પરવરો; વિશ્વ૦

સેવામાં અર્પાએલું જીવન એ જોઈ,
કરીને શુશ્રૂષા ગુરુની કૃપાને વરો; વિશ્વ૦

તત્ત્વવિચારે રમતા તત્ત્વજ્ઞ ભાળી એ,
તત્ત્વના અનુભવપન્થે સદા સંચરો; વિશ્વ૦

નૃસિંહના ચરણે નિજ અહંને વિલાવી,
તરી ગયા ભવને સેવી ગુરુઆશરો; વિશ્વ૦

તેમ તમે બન્ધુ ! સાચી ગુરુની પ્રસન્નતા,
મેળવી વિશ્વવંદ્યસમ થઈ તરો; વિશ્વ૦

श्री ज० देवी

શ્રી विश्ववंद्यजीवनदीप्ति

પદ. ૨૮ (મારા સંગી થજો, એ લય.)

જોતાં ઠરતી મતિ, તેપર વારી જતી, એવું જીવન વિશ્વવંદ્યનું,
દીપ્તિ બહુ શોભતી, જ્યાં તરવરતી હતી, એવું હૃદય એ મહંતનું.

ઉપરતિએ છાયું અહા ! જ્યાં ના વિષયવિકાર જી,
પ્રભુસંગે જે ઝુલતું, નિઃસંગે રહી સંસાર; જોતાં૦

શોક, દૈન્ય કે દુઃખનો, જણાય જ્યાં ના ભાસ જી,
ભરચ્છક દીસતી શાન્તિ જ્યાં, જ્યાં છે સત્ય જ્ઞાનપ્રકાશ; જોતાં૦

દૈવી પ્રજ્ઞાથી થતાં, એ મહાત્માનાં કાર્ય જી,
અલક્ષ કરતા જનતણા, દોષોપ્રતિ ધરી ઔદાર્ય; જોતાં૦

પ્રતિભા ને ગંભીરતા, જ્યાં અખંડ રેલાય જી,
નમી પડતા સહસા જનો, એવા સત્પુરુષને પાય; જોતાં૦

નિજાત્મશ્રદ્ધામાં ઝુલે, જેનું અહોનિશ ઉર જી,
નિજાત્મતૃપ્તિથી સદા, જેનું ચિત્ત છે ભરપૂર; જોતાં૦

વિશ્વવંદ્યના જીવનને, જોઈ અનુસરી આજ જી,
સાર્થક જન્મ્યું કીજીએ, મેળવી સ્વરૂપનું સામ્રાજ્ય; જોતાં૦

श्री ज० देवी

विश्ववंद्यना अदर्शनथी स्नेहि वृत्तिने थतुं चिन्तन

પદ. ૨૯ (મારા પ્રિયતમ પ્રાણાધાર, એ લય.)

છૂપ્યા ક્યાં વિશ્વવંદ્ય ! આ કાલ, ક્યાં શોધીએ અમે,
જોઈ પ્રિયજન—હાલહવાલ, હવે પ્રકટો તમે.
ભાગીને વિરહનું દુઃખડું,
કરજો હસિત મ્લાન મુખડું,
વર્ષો વીત્યાં બહુ હાવે ન વિરહ વૃત્તિ ખમે; છૂપ્યા૦

અંતરે આવી વાતો કરો,
નવીન નવીન બળને ભરો,
આપને જ્ઞાત છે વસ્તુઓ જે અમને ગમે; છૂપ્યા૦

અંતરે આપસંયોગને—
લહેતાં, બહિરૂના વિયોગને,
ભૂલીશું સહજમાં આજે અમે તો વિનાશ્રમે; છૂપ્યા૦

હૃદયે રહી અમ સાથમાં,
શમાવો નૃસિંહનાથમાં,
એટલું ઇચ્છી ઓ પ્રિય મૂર્તિ ! વાણી આ વિરમે; છૂપ્યા૦

શ્રી ન૦ દેસી

उदासीन वृत्तिना भावो

પદ. ૩૦ (દુઃખ સખિ ! શું કહીએ, એ લય.)

વિશ્વવંદ્યવિણ ભાસે, ચિત્તમાં સતત ઉદાસી,
ક્યારે અળપાશે, તે ન શકાતું કયાસી; વિશ્વ૦
નૃસિંહસહ સંકેતથી આવ્યા,
સાધકને કર્તવ્ય જણાવ્યાં,
નિજ જીવનથી તેહ દઢાવ્યાં,
સદ્‌ગુરુશરણે કંઇકને લાવ્યા,
અધિકારીને તપાસી; વિશ્વ૦
સદ્‌ગુરુ જવ નિજ ધામ પધાર્યા,
સ્મરી કર્તવ્ય ન હિંમત હાર્યા,
ઉલટા અધિક ઉત્સાહ વધાર્યા,
કંઇકતણાં ઉરધ્વાન્ત વિદાર્યાં,
ગુરુસમ જ્ઞાને પ્રકાશી; વિશ્વ૦
નૃસિંહવિરહતણાં દુઃખ કાપ્યાં,
આનન્દ સુખ અદ્‌ભુત વળી આપ્યાં,
તત્ત્વવિચારે કંઇકને સ્થાપ્યા;
લૌકિક સુખ દીધાં અણમાપ્યાં,
રહી ઉરથી સન્યાસી; વિશ્વ૦
સઉને પ્રેમથી પોષ્યા–પાળ્યા,
સંકેત પૂર્ણ થતાં એ ચાલ્યા,
સદ્‌ગુરુચરણે જઈને મહાલ્યા,
અમે પુનઃ ન ભૂલોકે ભાળ્યા,
થયા સ્વરૂપનિવાસી; વિશ્વ૦
એમનું સાધકજીવન સંભારી,
તદનુરૂપ કર્તવ્ય સ્વીકારી;
સઉમાં વૃત્તિની સમસ્થિતિ ધારી,
વહેવું હવે ભવે કલેશ નિવારી;
સદા નૃસિંહ ઉપાસી; વિશ્વ૦

श्री ना० देवी

श्रेयस्साधकोद्याननुं एक पुष्प

પદ. ૩૧ (એક જ્વાલા જલે તુજ નેનનમાં, એ લય.)

શ્રેયસ્સાધકઉદ્યાનવિષે કોઇ એક સમય એક પુષ્પ ખીલ્યું,
દૈવી પરિમલ પ્રસરાવતું તે, અહા ! એ ઉદ્યાનની મધ્ય ઝુલ્યું.
એ પુષ્પના સહવાસસુવાસે, કંઇ આકર્ષાયાં પ્રભુપાસે,
કંઇ ઉર જાગ્યાં નવ--અભિલાષે, કોઇ શુષ્ક હૃદય બન્યું સદ્ય લીલું; શ્રેય૦
કોઇ તત્ત્વચિન્તને વહેતા થયા, કોઇ અંતરૂ ધ્યાન લગાવી રહ્યા,
કોઇ ભક્તિતણા રસમાર્ગે વહ્યા, જેનું ચિત્ત એ પુષ્પની ગંધે ડૂલ્યું; શ્રેય૦
કંઇ કર્તવ્યે જાગ્રતિ પામ્યા, કંઇકે નિજ દોષોને વામ્યા,
કંઇ વિદ્યાના માર્ગે જામ્યા, મન મસ્ત બન્યું, હતું જેનું ઢીલું; શ્રેય૦
કોઇ વૃત્તિ સાધનમાં વાધી, કંઇકે ગુરુની કરુણા સાધી,
કોઇએ ઉપાધિ ઉરના બાધી, પ્રભુકરુણામૃત અંતર ઝીલ્યું; શ્રેય૦
કંઇકનું ગયું દુઃખ એ પરિમલથી, કંઇકનું મન શાન્ત થયું ઝટિતિ,
કંઇકે સાધી તનમનપ્રગતિ, કંઇકનું અંતર જીવભાન ભૂલ્યું; શ્રેય૦
કોઇએ એને પણ તુચ્છકાર્યું, પણ એણે જે વ્રત સ્વીકાર્યું,
તે સિદ્ધ કરી નિજ તનુ દાર્યું, એને ઓળખ્યું જેનું ભાગ્ય ખુલ્યું; શ્રેય૦
એ વિશ્વવંદ્યરૂપ પુષ્પ હતું, કોઇ અંતર અનુપ સુવાસવતું,
થયું સ્થૂલમાં આજ હતું-ન હતું, પણ અનુભવીને તે અણમૂલ્યું; શ્રેય૦

श्री उपेन्द्राचार्यजी

卐

नृसिंहसिन्धुना विश्ववंद्यतरणनुं प्रस्तारण

પદ. ૩૨ (તમે શા માટે શ્યામમહેલ, એ લય.)

નૃહરિસિન્ધુમાંનું એક મોજું કેવું ઉછળ્યું,
કેવું ઉછળ્યું, બળ ન જાય કંઇ કળ્યું; નૃહરિ૦
સાગરતત્ત્વતણા હતા, તરંગમાં સઉ ગુણ,
અવિરલ વેગ ધરી ઘુમ્યું, રાખ્યું કાંઇ ન ઉણુ,
અવિદ્યાના અજ્ઞાનમલને હરવાને એ તો,
અજ્ઞાની ઉરના કિનારાપ્રતિ વળ્યું; નૃહરિ૦
નવીન જ્ઞાનજલે ભર્યું, મોજું એ અદ્ભુત,
પ્રક્ષાલી એણે કર્યા, કંઇકને બ્રહ્મીભૂત;
કંઇકના અન્તરના અન્તસ્તમ પ્રદેશમાં,—
પ્રવેશતાં એ તો ખાળ્યું ના ખળ્યું; નૃહરિ૦
ચકિત થયા જોઇ જનો, એનું બલ નિઃસીમ,
વિશુદ્ધિકરણતણી લહી, એમાં કૃતિ અપ્રતિમ;
વિશ્વવંદ્યરૂપ વીચિમાં નૃસિંહનિધિતણું,
અનુભવ્યું બળ પ્રકટ જે ના શ્રોત્રે સાંભળ્યું; નૃહરિ૦
તરંગનું જગમાં થતાં, કાર્ય બધું પરિપૂર્ણ,
પૃથક્ રૂપ નિજ ત્યાગીને, નિધિમાં થયું વિશીર્ણ,
શ્રેયસ્સાધકની પુણ્ય પ્રગતિને સાધતાં,
નૃહરિમહાસાગરમાં સહજમાં મળ્યું; નૃહરિ૦

श्री न० देवी

श्री विश्ववंद्यशुश्रूषाकथन

પદ. ૩૩ (હૃદયે રૂપ દર્શાવો પ્રાણપતિ, એ લય.)

આપે નિજ તનુ તાવી, સેવા કરી,
સેવા કરી, ભક્તિ સાચી ધરી; સેવા૦
વિશ્વવંદ્ય ! આપે કર્યાં કામ, ગુરુઆશ્રમકેરાં તમામ,
અભિમાન વિલાવી; સેવા૦
આપની એ તો જાહેર વાત, હતા પ્રસન્ન ગુરુ સાક્ષાત્,
કોઇની ભક્તિ ન આ'વી; સેવા૦
રહેતા પ્રભુ કદાપિ દૂર, પણ સ્મરતા તે આપને ઉર,
આપે મોહિની લગાવી; સેવા૦
'થશે ઉત્સવ જ્યાં હશો આપ' એવું વદી આપઉપર અમાપ,
ગુરુએ પ્રીતિ બતાવી; સેવા૦
થાતાં નૃસિંહસ્વરૂપાવસ્થાન, બળ ધરી કરી સેવા મહાન્,
પ્રભુની ખોટ પૂરાવી; સેવા૦
જ્ઞાન અર્પ્યું ચલવી મહાકાલ, ગમતું લોકને જોવું તે કાલ,
નિજ સંસ્થા ટકાવી; સેવા૦
વળી સાધકઅર્થે સમારંભ—ઉત્સવનો કરી આરંભ,
દીધાં સાધન સધાવી; સેવા૦
મૂકી જનસમાજસમક્ષ, અધ્યાત્મબલપોષક અક્ષ,
દીધી તત્ત્વની ચાવી; સેવા૦
રચી અદ્ભુત યોગિનીચરિત, જગને સહજમાં કીધું ચકિત,
દૈવી રસને રેલાવી; સેવા૦
લહી નૃસિંહઉપેન્દ્ર અભેદ, રાખ્યો ભાવમાં લેશ ન ભેદ,
ભક્તિ ઉભયે દઢાવી; સેવા૦
દેતાં આ જગને જ્ઞાનદાન, અન્તે સ્વરૂપે શમાવ્યા પ્રાણ,
નૃહરિજય વગડાવી; સેવા૦

श्री ज० देवी

एक धीरवीर

પદ. ૩૪ (આર આ સંસારમાં ન જોયો, એ લય.)

એક ધીરવીર માત્ર જોયા, મેં સાધનસંગ્રામે ઝુઝતા, એક ધીરવીર માત્ર જોયા.
આરંભશૂરા કંઇક ધાયા પણ રણતણી, વીરહાકે તેમનાં દીલ ડોલ્યાં; મેં૦
કંઇક કંઇક ભાગી ગયા અલ્પ અલ્પ કાળમાં, સાધનના કાયર ને ઢોળ્યા; મેં૦
મોહભીરુ થઈને ઉભી પૂછડીએ નાઠા તેણે, કોઠીમાંના કાદવ ધોયા; મેં૦
મધ્યે આવી કંઇક ભયના માર્યા જ્યાં ને ત્યાં, જડવત્ થઈ ઉભા બની ઠોયા; મેં૦
સર્વ પ્રકારનાં સાધનને સાધવા, આળસ પ્રમાદ જેણે ખોયાં; મેં૦
દુષ્કરતા સાધનની જેમ જેમ લાગે, તેમ તેમ તેના પ્રતિ મોહ્યા; મેં૦
આધિ, વ્યાધિ આદિ પ્રતિકૂલતાના ઘાવો, હસ્તાં ઝીલ્યા ન જરી રોયા; મેં૦
અન્યે, અન્ય ત્યાગી, અનુરાગી સાધનમાં, સ્નેહવડે ચિત્ત નથી પ્રોયાં; મેં૦
એક વિશ્વવંદ્ય વીર વિજય વર્તાવીને, સ્વાત્મબલે સ્વર્ગમાંહિ સ્હોયા; મેં૦

श्री ज० देवी

શ્રીવિશ્વવંદ્યસન્દેશ

પદ. ૩૫ (આવે આજે રશ્મિ, ચિદર્ક રશ્મિ આવે, એ લય.)

આવે આજે વિશ્વવંદ્યસન્દેશ આવે,
આવે, આવે, પ્રાણભર્યો આવે.
ભાવે શુણો તેને અધિકારિ જનો ! ભાવે,
ભાવે, ભાવે, રહસ્ય કંઇ શુણાવે. આવે૦

જાગજો નૃસિંહશિશુ ! હવે કંઇક જાગો,
ઉપાસનાક્રમમાંહિ પ્રાણ અર્પી લાગો,
ઉપાસનાવિણુ ન અન્ય જીવનસિદ્ધિ લાવે; આવે૦

નૃસિંહતનુ કાં ઉપાસ્યરૂપે સ્વીકારો ?
ઉપાસના તેમની જો કરવા ન ધારો,
વિણઉપાસના ન ઇષ્ટ સત્ફલ પ્રકટાવે; આવે૦

સુદૃઢ પ્રયત્નવિના ફળે ના ઉપાસના,
ઉપાસનાવિણુ ન છૂટે ગ્રન્થિમય વાસના,
વાસના જળ્યાવિના ન આવે મન દાવે; આવે૦

વાસના પ્રજાળવાને સતત મથો ભાઈ !
નિર્વાસન થવા લહો નિશ્ચય મનમાંહિ,
ઉપાસનાવિણુ ન અન્ય અસ્ત્ર કદી ફાવે; આવે૦

આદરજો સેવી દૃઢ ઉપાસનાને હાવે,
અપ્રકટ નૃહરિઉપાસ્ય પ્રકટ નિકટ આવે,
સ્મિત વદને ભેટી પડે સહજ સ્વભાવે; આવે૦

શ્રી ઉપેન્દ્રાચાર્યજી

श्री विश्ववंद्यने आह्वान

પદ. ૩૬

આવજો આવજો, ઓ નરહરિપ્રિય! આવજો,
ઓ બન્ધુ! આત્મીય આવજો,
છો અવિક્રિય પણ આવજો.
નરસિંહરવિરશ્મિ! ઉતરી હૃત્પદ્મને ખીલાવજો,
પ્રભુપ્રાપ્ત! પ્રભુ પરખાવવા ઝટ આવજો—આવજો.
સદ્ગુરુઉપાસક! આવજો,
ભક્તિપ્રસારક! આવજો.
જેને ગણ્યાં નિજ તેમના ઉર, જ્ઞાનને ઉપજાવજો,
ઓ જ્ઞાની! જ્ઞાનપ્રદાનાર્થે, આવજો—આવજો.
ઓ મહાદાની! આવજો,
ઓ તત્ત્વજ્ઞાની! આવજો.
સ્વસ્વરૂપસાક્ષાત્કારઅર્થે સંયમફલ બતલાવજો,
પ્રકટાવવા સંયમતણું બલ, આવજો—આવજો.
સ્વરૂપાનુભવી! ઝટ આવજો,
ઓ સિદ્ધસંયમી! આવજો.

श्री उपेन्द्राचार्यजी

विश्ववंद्यसमान सद्गुणो धारण करवा प्रबोध

પદ. ૩૭ (ગરબી)

રમો બન્ધુ ! વિશ્વવંદ્યના વિચારમાં જો,
ઉતરો સર્વ વિશ્વવંદ્યના આચારમાં જો; રમો૦
રહો અસંગ એ સાધુવત્ વ્યવહારમાં જો,
જોઈ જીવન એમનું ડૂબો ના વિકારમાં જો; રમો૦
એવી ભક્તિ ધરો ગુરુ પ્રાણાધારમાં જો,
કરો સેવા ડૂબી પ્રેમપારાવારમાં જો; રમો૦
સજી સાધનશસ્ત્ર ઉતરો રણમોઝારમાં જો,
હરવી ષડરિ પામો વિજય આ અવતારમાં જો; રમો૦
સર્વાત્મદૃષ્ટિ ઢાળો નરનારમાં જો,
સ્વરૂપ ચિંતવો રહી ધ્યાને એકતારમાં જો; રમો૦
તત્ત્વભાવના દૃઢાવો હૃદયાગારમાં જો,
વિશ્વવંદ્યસમ બ્રહ્મત્વ લો સંસારમાં જો; રમો૦

श्री ज० देवी

શ્રીવિશ્વવંદ્યરશ્મિનું પ્રકાશન

પદ. ૩૮ (ભક્ત ન પણ આપનો માની, એ લય.)

ઝળક ઝળક ઝળક કરતી, રશ્મિ એક નીચે આવી,
વિલક્ષણ તેજભરી, તેજે દીધું સઉ દીપાવી; ઝળક૦
ખર ખર કરતી વ્યોમથી ભૂપર, આવી પ્રકાશ પ્રસાર્યો ત્યાં પ્રખર,
રશ્મિ (એ) નૃસિંહાર્કતણી, વિશ્વવંદ્યરૂપે કહાવી; ઝળક૦
કંદુકના આંતર દેશમાં સીધા, પેસી પ્રદેશ તે ઉજ્જવલ કીધા,
નૃસિંહાર્કતેજને ત્યાં, સહજમાં દીધું પ્રસરાવી; ઝળક૦
નૃસિંહ છે જેનું પ્રભવસ્થાન, એના પ્રકાશથી પ્રકાશમાન,
થઈ ને દૈવી જ્ઞાનતેજ, દીધું જ્યાં ત્યાં ઝગમગાવી; ઝળક૦
તિમિર ઉરનું હર્યું સે'જ, પ્રસારીને નૃસિંહતેજ,
દિવ્ય નૃસિંહાનુભૂતિ, સર્વને અંતર કરાવી; ઝળક૦
ભાનુકેરી રશ્મિ એ સાંકેતિક, પ્રકટી પ્રકાશ સારી અલૌકિક,
વિલાઈ સદ્ગુરુસ્વરૂપે, નિજ સકલ કલા શમાવી; ઝળક૦
રશ્મિપ્રતિ લક્ષણા પૂર્ણ સાધી, તેના પ્રકાશે સત્સાધને વાધી,
કામ આપણું, ભાનુપ્રિય–રશ્મિની બલિહારી ગાવી; ઝળક૦

શ્રી ઞ૦ દેવી

શ્રીવિશ્વવંદ્યનું તત્ત્વજ્ઞાન

પદ. ૩૯ (સાધો ભક્તિરૂપી કોઇ સાચી કમાઇ, એ લય.)

કહું સ્વલ્પે હું વિશ્વવંદ્યનું તત્ત્વજ્ઞાન,
એ તત્ત્વજ્ઞાન, જેથી ટળતું અજ્ઞાન; કહું૦
પ્રથમ ઇશ્વરાનુગ્રહઅર્થે ગુરુને,
સેવવા ગણીને પરમાત્માસમાન; કહું૦
અધિકારવૃદ્ધિ થવાકાજે ઉપાસવા,
પ્રભુને, ગણીને પરમ પ્રેમના નિધાન; કહું૦
ચૈતન્યરૂપ સકલ લહેવું અખંડિત,
કાં જે સઉનું છે ચૈતન્ય અધિષ્ઠાન; કહું૦
ચલિત ના થવું કશાથી, કષ્ટબલે-મોહબલે,
હાથ રાખી આત્મબલકેરૂં સુકાન; કહું૦
સર્વ વ્યવહારમાં કે નિવૃત્તિકાલમાં,
ઉચ્ચ તત્ત્વવિચારોમાં રહેવું ગુલતાન; કહું૦
જીવનની ઉચ્ચ અને ઉચ્ચ ગતિ સાધવી,
સંતત કરતાં સ્વરૂપાનુસન્ધાન; કહું૦
ક્ષણ પ્રતિક્ષણ અંતરથી જાવું વધારતાં,
ધ્યાનથી અભેદ સ્વરૂપાનુભવભાન; કહું૦
સર્વ વિકારોથી અવિકારી રહેતાં,
અહંબ્રહ્મનું કરવું ગગનભેદી ગાન; કહું૦
સિદ્ધ સ્વરૂપાનુભવ કરવો આ જન્મે,
એક અને એ જ રાખવું જીવનનિશાન; કહું૦

શ્રી ઉપેન્દ્રાચાર્યજી

अनुभूत साधु

પદ. ૪૦ (ધન્ય ધન્ય આ વિશ્વમાં તે જ મતિ, એ લય.)

જોયો સાધુ, મેં વ્યવહારે રે'તો સંગી, તોયે ઉર નિઃસંગી; જોયો૦
નિષ્કામ કર્મમાં દિનરાત ઘુમતો, ઉંચાં ઉંચાં ચિંતનમાંહિ ઉડતો,
ગુરુની સેવામાં સતત ઉમંગી; જોયો૦
વિપત્તિનું રણતુર સઉ વાતે, ડમડમ વાગતું કદી કદી માથે,
હસતો તે પ્રતિ, પણ ના જાતો ડગી; જોયો૦
તિતિક્ષામાં રગદોળાતો નિત્યે, દેહાસક્તિથી રહી પર ચિત્તે,
ગુરુયજ્ઞે હોમાવી નિજ જીંદગી; જોયો૦
નિજ સામર્થ્યે આ જગમાંહિ ઝુઝતો, ગુરુની કૃપાને સતત ઉર બુઝતો,
આત્મશ્રદ્ધાને રે'તો વળગી; જોયો૦
મારૂં પરભાર્યું ન જે ઉરમાંહે, સર્વાત્મભાવમાં ઝુલતો સદાયે,
ભેદબુદ્ધિ કરીને અળગી; જોયો૦
નેત્રો જેનાં ખુમારીથી ભરેલાં, શાંતિ ને ગાંભીર્ય જેમાં ઠરેલાં,
ફરતો તત્ત્વજ્ઞાને ઉરને રંગી; જોયો૦
વિશ્વવંદ્ય સાધુ એક જ જોયો, રહ્યો વ્યવહારે પણ તેથી ન મોહ્યો,
કદી નિજ આયુના અવધિલગી; જોયો૦
તેવા સાધુના જીવનને સંભારી, આજ વિરલ સાધક સંસ્કારી,
સાધે સ્વઉન્નતિ સર્વાંગી; જોયો૦

શ્રો જ૦ દેવી

વિશ્વવંદ્યનું સ્વરૂપ

પદ. ૪૧ (વિશ્વમાંહી દીઠા, એ લય.)

એક એવા દીઠા મેં વિશ્વવંદ્ય ન્યારા,
વિશ્વવંદ્ય ન્યારા, જે પ્રીતિપાત્ર મારા; એક૦

એમની જે આંખે, મેં પ્રેમને નિહાળ્યો,
તે જ આંખે દીઠા વિરાગના ચમકારા; એક૦

પ્રખર મૌનને મેં જે મુખપર નિહાળ્યું,
તે જ મુખે ફુટતા દીઠા વાણીના ફુવારા; એક૦

બાહ્ય સ્વરૂપ જોતાં જ્યાં શુષ્કતા જણાઈ,
તેના ઉંડાણે જોયા પ્રીતિરસકયારા; એક૦

તત્ત્વજ્ઞાન પ્રસરતું જે અંતરથી દીઠું,
તે જ ઉરે રેલતી જોઈ ભક્તિરસધારા; એક૦

વ્યાયામાદિ સાધીને શરીર જાળવનારા,
તેમને પરાર્થ, જોયા તનુને દમનારા; એક૦

સર્વથી અલિપ્તસમા જેહ રહેનારા,
તે જ દીઠા ગુરુકાજ પ્રાણ પાથરનારા; એક૦

અહહ! એવું રૂપ જોઈ (જે) હસતાં નેત્ર મારાં,
તે જ નેત્રે આજે બે અશ્રુબિન્દુ ખારાં; એક૦

શ્રી ઉપેન્દ્રાચાર્યજી

विश्ववंद्यगुणचिन्तन

પદ. ૪૨ (આજે સહુના હૃદયે પ્રભુ આવી હો—એ લય.)

વાળ્યાં વાળ્યાં, સન્માર્ગે નરનારી હો, એવા વિશ્વવંદ્યની બલિહારી.
માહાત્મ્ય ગુરુનું સહુને જણાવ્યું, ભક્તિનું બલ ઉરમાં ઉપજાવ્યું,
સહુમાં સિંચ્યું જ્ઞાનવારિ હો; એવા૦
સામર્થ્યની ગુપ્ત કુંચીઓ દીધી, જેણે ગ્રહી તેણે સંપત્તિ લીધી—
અજરામર કરનારી હો; એવા૦
અધ્યાત્મબલની વૃદ્ધિ થવાને, સરલપણે એ મહામતિમાને,
ભાવના ચિતિની પ્રસારી હો; એવા૦
જે લેખિનીથી મહાકાલ દીપ્યું, જેનાં આંતર બલથી એ ઓપ્યું,
દેતું જીવનોત્સાહ ભારી હો; એવા૦
સાધકવર્ગને સુખ સહુ વાતે, દીધું રહી સાથે ને સાથે,
જેણે પ્રયત્ન વધારી હો; એવા૦
જેનું પ્રભુએ નેતૃત્વ દીધું, જીવનભર તેનું કર્તવ્ય કીધું,
નરહરિજય વિસ્તારી હો; એવા૦
સર્વને દૈવી આદર્શ જણાવી, સ્થાપ્યા સુમાર્ગે પ્રીતિને લાવી,
અન્તે સ્વરૂપે સ્થિતિ ધારી હો; એવા૦

श्री ज० देवो

साधुहृदयनी दिव्य संपत्ति अमाप होय छे

પદ. ૪૩ (કોઈ જિહ્વાને સ્વચ્છંદી કરશો ન લેશ, એ લય.)

કોણ કહાડે એ સાધુની સંપદનું માપ,
જેના સદ્ગુણ સદ્વર્તન અગાધ ને અમાપ; કોણ૦
જેની વાણીમાં વહેતી હિતપ્રદ અમૃતધાર,
જેની દૃષ્ટિમાં દોષનું દર્શન ના લગાર,
જેના અંતરે ઉત્પાત, કરી શકે ન કો તાપ; કોણ૦
જેના અભ્યંતર વહેતો શુદ્ધ સત્ત્વપ્રવાહ,
કરે સઉનું જે હૃદય, સદય થઈ ને, નિર્વાહ,
જેનો કરુણાપ્રપાત, હરે પાપીનાં પાપ; કોણ૦
જેના ઉરના ઉંડાણે પણ તૃષ્ણા ન સ્વલ્પ,
જેના સહજ સ્વભાવે શમ્યા સ્વતંત્ર સંકલ્પ,
જેને કંઈ ન અજ્ઞાત, છતાં કરી ન જેમાં છાપ; કોણ૦
જેને નિત્ય અખંડાનન્દસ્વરૂપનો સંબંધ,
એવા પુણ્યદૃષ્ટિને પ્રાપ્ત વિરલ વિશ્વવંદ્ય,
પ્રભુમય તે સાક્ષાત્, જેનો અદ્ભુત પ્રતાપ; કોણ૦

श्री उपेन्द्राचार्यजी

श्रीनृसिंहशिशुनो जय

પદ. ૪૪ (પુરુષાર્થમાં આજે સહાય થજો, એ લય.)

જય જય નરહરિશિશુ ! આપનો,
સિક્કો તમે નરહરિછાપનો; જય૦
દિવ્યસરીખા આપ છો દેવળ, જેમાંહિ છે અખંડ કેવળ,
શ્રીનરહરિપ્રભુનાં સ્થાપનો; જય૦
જે હૃદયે ગુરુશિશુનું ન સ્થાન જ, તે મંદિર નથી એ તો સ્મશાન જ,
પ્રભુનાં થતાં ત્યાંથી ઉત્થાપનો; જય૦
પ્રભુથી જે કાર્ય કરી ન શકાતાં, પ્રભુભક્તથી તે સહેજે થાતાં,
વર કરી દે એ સહજ શાપનો; જય૦
ભક્તપ્રતિ જે દ્રોહ ધરે છે, નિજથી પ્રભુ તેને વિમુખ કરે છે,
પાર નથી તેના પરિતાપનો; જય૦
તત્પર રહો અમ પક્ષ ગ્રહેવા, જીવન સફલ અમ થાયે એવાં,
પ્રભુને કરો આજ વિજ્ઞાપનો; જય૦

श्री उपेन्द्राचार्यजी

दीप्तिसिमान तारक

પદ. ૪૫ (આલિંગી નાથ આજે, એ લય.)

તારલીયો ચમક્યો એક અતીવ ચમત્કારી,
અતીવ ચમત્કારી, પ્રકાશને પ્રસારી; તારલીયો૦
જ્ઞાનઓજસ્ જેમાં, હતી આત્મદીપ્તિ તેમાં,
સુપ્રભ બની રાજ્યો સાધકવ્યોમનો વિહારી; તારલીયો૦
પ્રભુનો સર્જેલો, ઐશ્વર્યનો ભરેલો,
પ્રસાર્યો પ્રકાશ સુજનહૃદયક્ષેમકારી; તારલીયો૦
ફરી ફરી જ્યાં ત્યાં, પ્રભાને પ્રસારતાં,
કંઇકનું અજ્ઞાનતિમિર દીધું નિવારી; તારલીયો૦
તારલો એ જોતાં, કાંઇ કાંઇ હૃદય મ્હોતાં,
પ્રભુએ એના તેજે પ્રભુતા વિસ્તારી; તારલીયો૦
વિશ્વવંદ્યતારક[1], જનોનો હતો તારક,[2]
[3]નૃહરિકૃપાધારી એ જીવનની બલિહારી; તારલીયો૦

શ્રી જ૦ દેવી

विश्ववंद्यसमान प्रयत्नशील थवा साधकोने सद्बोध

પદ. ૪૬ (સાર આ સંસારમાં ન જોયો, એ લય.)

સાચા બનોને યત્નશાલી, ઓ બન્ધુ! વિશ્વવંદ્યજેવા, સાચા બનોને૦
કાયર પ્રમાદી ને દુર્બલ બનીને, ગાળશો ન આયુ કદી ઠાલી; ઓ૦
પુરુષાર્થી વીર બનો સ્વરૂપને પામવા, જ્ઞાને અખંડ મતિ ઢાળી; ઓ૦
પ્રયત્નવાદી રહો વિશ્વવંદ્યજેવા, જીવનક્રમ એમનો નિહાળી; ઓ૦
દેહને જાણી ધર્મસાધન, આરોગ્ય ગ્રહો, નિયમો વ્યાયામતણા પાળી; ઓ૦
ઉંચાં કર્તવ્યે ઉંચાં ચિંતને રમાડો, મનને સુધારવા સંભાળી; ઓ૦
અધ્યાત્મસંપત્તિ સાધવાને વૃત્તિઓ, કરજો અન્તર્મુખતાવાળી; ઓ૦
વિષયના વિકારનો પ્રવાહ રોકવાને, બાંધો તત્ત્વચિન્તનની પાળી; ઓ૦
નિશ્ચિંતતા ને નિર્ભયતાને પામવા, સદ્ગુરુચરણે રહો મહાલી; ઓ૦
વિશ્વવંદ્યજેવા સુનિર્મલ બનીને, ભાડાની વેલ દો ઉલાળી; ઓ૦

શ્રી જ૦ દેવી

---

૧ તારો. ૨ તારનાર. ૩ ગુરુકૃપાને ધારણ કરનાર.

विश्ववंद्यसदृश थवामाटे धारण करवायोग्य निश्चयो

પદ. ૪૭ (હો મન સ્વરૂપ લીજે શોધી, એ લય.)

આજથી વિશ્વવંદ્ય થાવા,
નિશ્ચયો આવા, લો ઓ ભાઈ! નિશ્ચયો આવા;
ભલે હોય દુઃખ, મુખ ન દેવું કરમાવા,
દોષ ભૂલી જાવા, સઉના ભાઈ! દોષ ભૂલી જાવા,
સકલ સ્થલ શુભ, જોઈ લો જીવનલ્હાવા,

હવે ન વ્યર્થ ગુમાવવો, આ જીવનનો કાળ,
અગત્યવિણ ના વ્હોરવી, વ્યવહારની જંજાળ,
ગુરુબોધના મર્મમાં, ધરવો દૃઢ વિશ્વાસ,
ગુરુસેવાસહ સાધીને, સાધનનો અભ્યાસ,

પ્રભુને ધ્યાવા, ઉરથી ભાઈ! પ્રભુને ધ્યાવા; સકલ૦
દૃશ્યમાં દેવું ન લોભાવા,
હૃદયને હાવાં, હે પ્રિય ભાઈ! હૃદયને હાવાં,
પ્રતિકૂલ જોઈ, નવ દેવું કરમાવા,
આગ્રહો સ્હાવા, ધૈર્યથી ભાઈ! આગ્રહો સ્હાવા,
ગ્રહી અધિકાર, પરમાર્થનું ફલ ખાવા,

આત્મશ્રદ્ધા થાતા જવું, કરી પરાશ્રય ત્યાગ,
ઉન્નતિ ગ્રહેવાનો કદી, ખોવો ન એકે લાગ,
આત્મસ્વરૂપની ભાવના, ઉત્સાહથી અખંડ—
કરી આત્માની અણુઅણુ, લહેવી મસ્તી પ્રચંડ,

સ્વરૂપથી છાવાં, સ્વપરને ભાઈ! સ્વરૂપથી છાવાં,
સકલ આ બ્રહ્મ, એ ગાન સદા ગાવાં.

श्री उपेन्द्राचार्यजी

आदर्शजीवित अवधूत

પદ. ૪૮ (મારા સંગી થજો, એ લય.)

ચાલતો કમર કસી, સર્વ સ્થિતિમાં હસી, અવધૂત એક એવો મેં દીઠો,
દુઃખથી ન શકતો ચસી, રહે જે ઉંચે વસી, પ્રભુપ્રેમરસ ચાખીને મીઠો.

જેહ સદા સાધનતણા જઈ અખાડામાંહ્ય જી,
તનમનથી કુસ્તી કરે, પ્રતિકૂલ સ્થિતિથી ચઢવી બાંહ્ય; ચાલતો૦
વિકારછાયા ના કદી, એ વદને જોવાય જી,
પ્રતાપ ગંભીરતાભર્યું, જેનું મુખ સદા મલકાય; ચાલતો૦
દેશવટો પ્રારબ્ધને, દઈને કરતો કામ જી,
ફલથી નિઃસ્પૃહ રહી સદા યત્ને વહેતો ધરી હામ; ચાલતો૦
અતિથિસમ રહી ગૃહવિષે, કરતો નિજ વ્યવહાર જી,
નિજ સદ્‌ગુરુને જાણતો, જે નિજ જીવનખેડણહાર; ચાલતો૦
શ્રદ્ધાભક્તિજ્યોતિથી, ઝગઝગતો એ નિત્ય જી,
સ્વરૂપવિના સર્વસ્વને, જોતો જે અખંડ અનિત્ય; ચાલતો૦
વિશ્વવંદ્યસાધુતણો, અહી જીવનઆદર્શ જી,
વહે સંસારે તેહને, ભેટે નૃહરિ આવી સહર્ષ; ચાલતો૦

श्री ज० देवी

स्वरूपानुभवपूर्वक स्वरूपज्ञानने प्रसारनार
विश्ववंद्यप्रति धन्योद्गार

પદ. ૪૯ (વહારે ધા વિઠ્ઠલ વહેલો, એ લય.)

વિશ્વવંદ્ય ! રંગ જ રાખ્યો, તેં તો અમૃતરસ ચાખ્યો રે;
અન્યની કલ્પનામાં પણ ના'વે એવા પ્રદેશનો ભેદ-
જાણી તેં તારા સાધનબળથી, કરી પ્રતિબંધનો વેધ,
માર્ગ કાંઇ અદ્‌ભુત ઝાંખ્યો; તેં તો૦

તેમાં પ્રવેશ કરી તું ચાલ્યો, વિઘ્નઉપર દઈ પાય,
મલિન સંસ્કારથી હાર્યો ન હરખ્યો, ઉંચે શિખરની માંય,
આવી તેં અડંગો જ નાંખ્યો; તેં તો૦

કોઇ કહે જેને દિવ્ય મધુ અને કોઇ કહે અમૃત,
ઉચ્ચ શિખરને ફોડી તેમાંનું, પીધું ઝરણ અદ્‌ભુત,
છતાં ઘટ આખો ને આખો; તેં તો૦

અમૃતકેરા સત્ય સ્વરૂપને, તુજ ઉર અનુભવીયું જ,
આપે અમરપદે મહાલ્યો તે બાપલા ! જીવ્યો તો જગતમાં તું જ,
તારો દાવ પૂરો જ પાકયો; તેં તો૦

"તું નથી મર્ત્ય પરન્તુ અખંડિત અજરામરરૂપ આજ,"
એવો વિલક્ષણ અનુભવકેરો, અવનવો માનવીકાજ,
અજબ તેં તો વર્તારો ભાખ્યો; તેં તો૦

श्री उपेन्द्राचार्यजी

श्री विश्ववंद्यगुणस्मरण

૫૬. ૫૦ (મારૂં સુખ ન કહ્યું જાય, એ લય.)

વિશ્વવંદ્યછાંયમાંહ્ય, આનંદે સર્વ સાધક ખેલતા,
હતી જીવનની છાંય, જેના આધારે તાપ ભુલતા.
શુણુતાં ઉત્સાહપ્રેરિત વાણીને, વાધે અંગમાં ઉમંગ,
સાધનો સઉ સાધતા,
પ્રગતિમાંહિ વાધતા,
ગ્રહી વિશ્વવંદ્યસ્હાય; આનંદે૦
ભાવનાઓ વિવિધ બતલાવતા, જવા જીવ-બ્રહ્મભેદ,
ઓલવ્યાં દુઃખતાપણાં,
રહી નહિ સુખમાં મણા,
સ્મરતાં અશ્રુ ભરાય; આનંદે૦
આપે જન્મ પ્રભુ તો ફરી ફરી, મેળવે વિશ્વે વિશ્વવંદ્ય,
ઇચ્છા એ દૃઢ ધારીને,
રહે ગુણો સંભારીને,
આ સાધકસમુદાય; આનંદે૦

श्री उपेन्द्राचार्यजी

પૂર્વ સ્મૃતિ

પદ. ૫૧ (સ્નેહ તો કરો રે સાચો; એ લય.)

નજરે તરો રે મારી, નજરે તરો,
વહાલા વિશ્વવંદ્ય! આજ મારી નજરે તરો.
જાણી બુઝીને ગુરુજી તમથી વિરુદ્ધ વર્તે,
એ ક્ષણ પણ ચિત્તને સમસ્થિતિમાં ધરો,
એવા વિશ્વવંદ્ય! આજ મારી નજરે તરો.

આપના પ્રિયતમ ગુરુએ દેહ વિલાવ્યો ત્યારે,
શમાવતા મનનો મનમાં દુઃખઊભરો; એવા૦

દમથી ભીડાતી હોય છાતી ત્યાં મુખપર,
પ્રસન્નતા પાથરવાનો પ્રયત્ન કરો; એવા૦

પોતાની પ્રકૃતિને ઇચ્છાવિરુદ્ધ કાર્યે,
એના એ ઉરઆનંદે તમે સંચરો; એવા૦

ટમટમતી હોય માથે વિપત્તિ છતાંએ;
કોઇને ડરાવો કે ના કશાથી ડરો; એવા૦

અનુચિત પણ મારૂં દિલડું દુભાતું જોઇ,
વજ્રહૃદયી આપ પણ દદરો; એવા૦

મન્દસ્મિત કરતાં કરતાં આનન્દોત્સાહનાં,
વચનો વદતા કાઢી સ્વર જરી ખોખરો; એવા૦

સર્વમાં હો પણ સઉથી નોખા પડતા તે હાવે,
નૃહરિસિંધુ થઇ વહેતા, મટીને ઝરો; એવા૦

શ્રી ઉપેન્દ્રાચાર્યજી

योगी–निदर्शन

પદ. ૫૨ (સાચો થા બ્રહ્મનો ઉપાસી, એ લય.)

જોને તું આજ યોગી પેલો,
વ્યોમે નિવસેલો;   જોને૦
કેવો છે મસ્ત એ ઉભેલો,
ગગને જ અડેલો;   જોને૦

જગની જંજાળમાંથી સહેજ એ છટકેલો,
વાસનાકાષ્ઠને જ્ઞાનાગ્નિએ ફુંકેલો,
જીવદૃષ્ટિવડે, એ પ્રભુપદમાંહિ ભળેલો,
જોવો નથી સહેલો;   જોને૦

જીવનમાં સદ્‌ગુરુનો સદ્‌બોધ અનુસરેલો,
યાવજ્જીવન ગુરુકૃત્યથી જે રહ્યો લાદેલો,
કૃતકૃત્યસમો પણ સહાય થઈ ને રહેલો—
નરહરિનો ચેલો;   જોને૦

ગુરુના પ્રસાદને સંપૂર્ણ પામેલો,
ઇચ્છે ગુરુકરુણા તો તું આજ સહુથી પહેલો,
એ અવધૂતજીવનસહ તુજ જીવનમેળો—
કર વહેલો વહેલો;   જોને૦

श्री ज० देवी

વિશ્વવંદ્યપ્રતિ ઉદ્ગાર

પદ. ૫૩ (ઓ રાજયોગી રઢીયાળા, એ લય.)

ઓ અમર દેશ વસનારા ! કંઇ રેલવજો રસધારા,
સ્મરીએ હૃદયથી આજ ગણીને અભિન્ન આત્મારામ......
તમે છો ગુરુઅનુગ્રહધામ; ઓ૦—
જ્ઞાનનું ગુંજન કરી ભૂમિપર, ઉડી ગયા ઓ પ્રિય મધુકર !
સ્મરે તથાપિ આ અમ અંતર્ , સદા આપનું નામ,
તમે છો ગુરુઅનુગ્રહધામ; ઓ૦—
કરી શ્રી સદ્ગુરુસેવા સાચી, સાધનમાં નથી રાખી કાચી,
કર્યો ન પાર્નો પાછી, કરતાં સાધકસેવાનાં કામ;......
તમે છો ગુરુઅનુગ્રહધામ; ઓ૦—
નિરહંકાર અને નિર્મમતા–સાધી, સેવી સઉમાં સમતા,
આત્માને નિજવત્ ચિંતવતાં, જગથી થયા ઉપરામ;
તમે છો ગુરુઅનુગ્રહધામ; ઓ૦—
આપતણા શુભ ગુણ ઉર ધરીએ, ઇશકૃપાપંથે સંચરીએ,
ધરો શુભાશા, પ્રભુ વરીએ, એવી ઓ સાધુલલામ !......
તમે છો ગુરુઅનુગ્રહધામ; ઓ૦—

શ્રી જ૦ દેવી

શ્રી ઇ ષ્ટ સ્તુ તિ

પદ. ૫૪ (જય શ્યામસુન્દર સુખકારી રે, એ લય.)

જય વિશ્વવંદ્યના સ્વામિ રે, જય વિશ્વવંદ્યાંતર્યામિ !
વિશ્વવંદ્યના હૃદયેશ્વર જય ! વિશ્વવંદ્યના કામિ રે; જય૦
જય મતિદાતા ! વિશ્વવંદ્યની, જેમાં મતિ વિરામી રે, જય૦
જય ભકતવત્સલ ! ભક્તિ જેમાં, વિશ્વવંદ્યની જામી રે; જય૦
જય ગુરુદષ્ટિ ! કૃપાવૃષ્ટિ જે, કરે વિશ્વવંદ્યસ્હામી રે; જય૦
અનુગ્રહ કરજો વિશ્વવંદ્યસમ, આપ કૃપા રહીએ પામી રે; જય૦

શ્રી ઉપેન્દ્રાચાર્યજી

विश्ववंद्यचरितनुं चिन्तन साधकने उपकारक छे

પદ. ૫૫ (યોગ્યતા વિના ભગવાન્, એ લય.)

કોઇ ચિન્તવજો દઇ ધ્યાન, વિશ્વવંદ્યને આ કાલે,
તે રીઝવશે ભગવાન્, જે ચાલે એની ચાલે.
જે ચાલથી **નરહરિરાય**, રીઝયા નિજ હૈયામાંય,
તે નિરખો એ સમુદાય! ચઢી **સદ્‌ગુરુ**ભક્તિમાળે; કોઇ૦
જેવો ગુરુ આપે તાલ, તેવી ચાલે એ ચાલ,
જેથી રીઝી ગુરુ તત્કાલ, તેને સંભાળી લે ત્રિકાળે; કોઇ૦
વિશ્વવંદ્યચરિતે અપાર, છે સાધકધર્મને સાર,
તે વિચારો વારંવાર, હિત ગ્રહેવાને સરવાળે; કોઇ૦
ગુરુરુક્તિ જાળવનાર, ગુરુયુક્તિને ગ્રહેનાર,
ગુરુ ભજી, કરી ભકિત અપાર, ગુરુકેરૂં હૃદય પલાળે; કોઇ૦
તમે ચાલો એવી ચાલ, થાયે જીવન ઝટ ન્યાલ,
નરહરિ જે દીનદયાલ, તે ભેટે વહાલે વહાલે; કોઇ૦

श्री ज० देवी

विश्ववंद्यप्रति उक्ति

પદ. ૫૬ (મમ હૃદયસરે રમનારા; એ લય.)

અમ ઉપવન ખીલવનારા,
પોષકરસને સીંચનારા,
આવો, વિશ્વવંદ્યમાલિન્!
અમ આધ્યાત્મિક જીવનનું તરુ,
તમ વિના ન ઉગી ફલ દે મધુરું,
ફલપ્રદ જ્ઞાનસિંચન કરવામાં,
દીસે ઇતર મતિહીન; અમ૦
પ્રત્યક્ષ રહી કરી રખવાળી,
ખરી વખતે અરે! ગયા ચાલી,
પાછું વળી જરી જુઓ અમે—
કરમાઇએ આપવિહીન; અમ૦
કરો અલૌકિક ઉપવન **નૃહરિ**—
થાય પ્રસન્ન જેમાંહિ વિચરી,
વિશ્વવંદ્ય! કરજો અમ ઇચ્છ્યું,
રહી અમ ઇચ્છાધીન; અમ૦

श्री ज० देवी

श्री इष्टानुग्रहप्राप्तिनो मार्ग बताववा विश्ववंद्यप्रति वचन

પદ. ૫૭ (હું તો શોધી રહી છું મારા, એ લય.)

વિશ્વવંદ્ય ! બતાવો વાટ ચાલકની,
ચાલકની, અમ પાલકની; વિશ્વ૦
જઈ જે વાટ આપ નરહરિચરણે સોહ્યા,
અહીં જે વાટ આપે અંતરમાં ઇષ્ટ જોયા.
પામ્યા જેનાથી પ્રીતિ તમે માલિકની; વિશ્વ૦
છોડયા અમને તોયે મૂકીએ નહિ આપ કેડો,
વિસર્યો જતો નથી આપનો અપૂર્વ નેડો,
ભેટ કરાવો એ ભવભયપ્રજાલકની; વિશ્વ૦
બતાવો વાટ જેમાં જઈ ને પ્રભુને લહીએ,
બતાવો ઘાટ ચઢી જેમાં પ્રભુમય થઈએ.
જાણો દાઝ સઉ ગુરુબાલકની; વિશ્વ૦

श्री ज० देवी

विश्ववंद्यवेदान्त

પદ. ૫૮ (અમે તો સદા બ્રહ્મમાં લીન, એ લય.)

અચલ એ વિશ્વવંદ્યવેદાન્ત,
પ્રકાશમય એક સ્વરૂપ સકલ સ્થલ, નથી કયાંહિ પણ ધ્વાન્ત; અચલ૦
રાખે જ્ઞાન, જીવને જગમધ્યે, નિર્ભય ને નિર્ભ્રાન્ત,
સ્વરૂપજ્ઞાન તો કર્મમાત્રને કેડી દેતું નિતાન્ત; અચલ૦
સ્વરૂપચિન્તન કરનારો રહે, સદા સર્વદા શાન્ત,
સમાન તેને જગનો કોલાહલ ને સ્થલ એકાન્ત; અચલ૦
સ્વરૂપભાનમાં નથી અવનતિ કે કોઇ સ્થિતિ ઉત્ક્રાન્ત,
પ્રાણતણો આદિ જ નહિ જ્યાં, ત્યાં પછી કયાં પ્રાણાન્ત; અચલ૦
બલથી તે પરિપૂર્ણ હોય જે સ્વરૂપમાં વિશ્રાન્ત,
સર્વ પ્રાપ્ત સ્વરૂપાનુભવીને, એ અનુભવસિદ્ધાન્ત; અચલ૦

श्री उपेन्द्राचार्यजी

ગુરુવચનબાણથી ઘાયલ પુરુષનું સ્વરૂપ

૫૬. ૫૯ (રામબાણ વાગ્યાં હોય તે જાણે, એ લય.)

ગુરુબાણે ઘાયલ નિહાળ્યો, અમે એક, ગુરુબાણે ઘાયલ નિહાળ્યો;
એવો અન્ય નહિ ક્યાંહિ ભાળ્યો; અમે૦
સદ્ગુરુસેવામાં કાયરતા છાંડી, અખંડ ભક્તિથી મહાલ્યો,
ગુરુઉપદેશપ્રમાણે નિરંતર, કૃતિમાં જીવનભર હાલ્યો; અમે૦
ગૃહમાં અતિથિરૂપે રહી ગૃહનાં સુખાદિમાં જીવ ન ઘાલ્યો,
ગુરુમંદિરને મારૂં ગણીને, તેનો વ્યવહાર સંભાળ્યો; અમે૦
શુશ્રૂષા, અભ્યાસ, સંયમ ને ઉંચાં ચિન્તને સમયને ગાળ્યો,
અહં વિલાવી તત્ત્વવિચારે, વાસનાકોષને બાળ્યો; અમે૦
જીવનકલા પ્રકટાવી ક્રમે ક્રમે અતિશય જ્ઞાનમાં ફાલ્યો,
નિજ હિત સાધી પ્રથમ પછી પરહિત-કેરા માર્ગને ઝાલ્યો; અમે૦
ગુરુવિણ ચેન પડે ના એવો, ગુરુપ્રતિ નિજ પ્રેમ વાળ્યો,
નૃહરિએ પણ નિજસમ કહી જેના-પ્રતિ નિજ પ્રેમને ઢાળ્યો; અમે૦
આયુઅવધિસુધી સંપૂર્ણ સાધકધર્મને નિશદિન પાળ્યો,
ગુરુનો ઘાયલ વિશ્વવંદ્ય ગુરુત્વે, જોતજોતામાંહિ ચાલ્યો; અમે૦

શ્રી જ૦ દેવી

એક

૫૬. ૬૦ (હો ને જગત્ પ્રતિકૂલ, એ લય.)

જેનો સુજન યશ ગાય, જેનો સ્વજન જય ગાય, એવા એક જોયા અમે,
જેના જ્ઞાને મોહાય, કંઇ વિચારશીલ સમુદાય, એવા એક જોયા અમે.
જેનાં સ્મરણથી અશ્રુભીનાં, થાયે નયન હજારો; એવા૦
જેના ગુણ શુણતાં તટસ્થ કાઢે આશ્ચર્યોદ્ગારો; એવા૦
જેનું આચરણ આચરણીય છે, જેના ફલદ સુવિચારો; એવા૦
ઉન્નતિ સાધે સહજે જેનો, પ્રબોધ અનુસરનારો; એવા૦
અનેક ભાવથી જે આત્માને, જનસમૂહ ચિંતવનારો; એવા૦
લક્ષ્ય અને ઉપલક્ષ્યરૂપે ધરી, જેને ઉરથી પૂજનારો; એવા૦
સહજ સ્વભાવે જેપર રહેતો, પ્રસન્ન નૃહરિ અમારો; એવા૦
વિશ્વવંદ્ય તે સત્સાધકના, નયનતણો એક તારો; એવા૦

શ્રી જ૦ દેવી

श्री विश्ववंद्यगुणदर्शन

પદ. ૬૧ (બ્રહ્માંડભરમાં૦ એ લય.)

વિશ્વવંદ્યવિષે સ્વરૂપશાન્તિ શી રેલાઈ!
વિકલતા જરી ન કદી ત્યાંહિ,
જેના હૃદયમાંથી શુભાશા જતી ઉભરાઈ,
ઇતરને ધૈર્ય દે કાંઇ.

પ્રતિકૂળ પ્રસંગે પણ ન મુખ કદી ગયું કરમાઈ,
સુસ્મિતની વિદ્યુત્ ઝળકતી, વીંધી ગંભીરાઈ; વિકલતા૦

શકિત સ્વરૂપની દિવ્ય ઉદ્ભવતી જ્યાં દેખાઈ,
વળી સ્વરૂપની અવિકારિતા નવ ન્યૂન જોવાઈ; વિકલતા૦

ગુરુનું સ્વરૂપ નિજમાં ગ્રહી એ રહ્યા શોભાઈ,
બિન્દુમાં સિન્ધુનું રહ્યું ઐશ્વર્ય છૂપાઈ; વિકલતા૦

બ્રહ્માનુભવની જે સ્થિતિ બ્રહ્મજ્ઞોએ ગાઈ,
દર્શન કર્યું તેનું અમે, એક વિશ્વવંદ્યમાંહિ; વિકલતા૦

બ્રહ્મજ્ઞ બ્રહ્મે જઈ ભળ્યા, મૂકી આજ જૂદાઈ,
ચિન્તન એ બ્રહ્મીભૂતનું, છે બ્રહ્મપદદાયી; વિકલતા૦

श्री ज० देवी

प्रयत्नवादी विश्ववंद्य

પદ. ૬૨ (હરિના વિશ્વાસમાંહિ, એ લય.)

જનના સમુદાયમાંહિ, સાધક સમુદાયમાંહિ,
પ્રયત્નના આત્મા એક જોયા,
પ્રયત્નમાં રમતા જે અખંડ રે; જનના૦

પ્રમાદના કરીને ચૂરા, આગળ વધવામાં શૂરા,
ઝીલી ટક્કર પ્રતિકૂલતા સ્હામી રે જી,
પરમાર્થસાધક પૂરા, વ્યવહારમાં એ મધુરા,
સર્વ સ્થિતિમાં ઊર્ધ્વગામી રે; જનના૦

કર્મની જેને અપેક્ષા, ફલની જેને ઉપેક્ષા,
પ્રારબ્ધની કોને ના ગુલામી રે જી,
હૃદય નિઃસ્પૃહતાભરીયા, વિશ્વવંદ્ય હૃદયે ઠરીયા,
જોઈશું કયારે એવા નિષ્કામી રે; જનના૦

श्री ज० देवी

विश्ववंद्यमां शुं जोयुं ?

પદ. ૬૩ (રાજ સમી સાંજના સીધાવજો રે, એ લય.)

અચલ શાન્તિ શું ક્યાંહિ જોઈ છે રે ? હા હા હા એક વિશ્વવંદ્યમાં;
સંતત ઉત્ક્રાન્તિ શું જોઈ છે રે ? હા હા હા એક વિશ્વવંદ્યમાં.
ક્ષણે ક્ષણનું જેનું સંયમી જીવન ન્યાળતાં,
કોઇમાં અભિમાન વૃત્તિ ખોઈ છે રે ? હા૦
સંસારી તોય સત્ય ત્યાગવૃત્તિ જોઈને,
કોઇમાં સહસા વૃત્તિ મોહી છે રે ? હા૦
પોતાના જીવનના આદર્શ માનીને,
કોઇમાં મતિને શું પ્રોઈ છે રે ? હા૦
કોઇ સત્ત્વશીલ હૃદય–સરવરમાં બુદ્ધિને,
સાત્ત્વિક થવાને શું ધોઈ છે રે ? હા૦
જેમાં ભળવાથી ઝટ નરહરિ થવાય એવી,
કોઇ પણ અન્તરમાં શું સોઇ છે રે ? હા૦

श्री उपेन्द्राचार्यजी

गुरुबाणे वींधायला विश्ववंद्य

પદ. ૬૪ (રામબાણ વાગ્યાં, એ લય.)

ગુરુબાણ એ વિશ્વવંદ્યને વાગ્યું,
જેથી સહજે સ્વરૂપ નિજ જાગ્યું; ગુરુ૦
ચંચળતા છોડી ઘાયલ મનડું, ગુરુના સ્મરણે સદા લાગ્યું,
જગતસંબંધીની આસક્તિથી એમનું મન દૂર ભાગ્યું; ગુરુ૦
આવશ્યક આજીવિકાસાધનવિણુ, સઉ ગુરુકાર્યાર્થે ત્યાગ્યું,
સર્વ સ્વરૂપ માન્યા, જાણ્યા ગુરુને, ગુરુમાં મન અનુરાગ્યું; ગુરુ૦
જગજનથી વિશ્વવંદ્યનું જૂદું, સ્વરૂપ દીસવા લાગ્યું,
વ્યવહારે રહે પણ મન એમનું, સદ્ગુરુપ્રતિ રહે ટાંગ્યું; ગુરુ૦
ગુરુકરુણાથી પ્રાપ્ત કરી લીધું, વિશ્વવંદ્યે મોં'નું માગ્યું,
શેષ અહંને જોતજોતામાં નરહરિપદમાં ઢાંક્યું; ગુરુ૦

श्री ज० देवी

विश्ववंद्यनी दृष्टि

પદ. ૬૫ (નાનકડી નાજુક નાર, એ લય.)

આંખલડી ઉર હરનાર જોઈ મેં આંખલડી, એક આંખલડી,
એ આંખલડી નથી સાંકલડી; (૩) આંખ૦

એ આંખલડીમાં 'હું મમ' ભાવો નથી,
હાનિ-કષ્ટથી સંકોચાતી ના રતી,
સર્વાત્મભાવભરી એક, હતી કાંઇ ફાંકલડી; (૩) આંખ૦

એ આંખોમાં અકળામણ કદી ના દીઠી,
એ આંખોની ક્રોધની દષ્ટિ પણ મીઠી,
(જાણે) વાત્સલ્ય સારતી એહ, પ્રસરતી પાંખલડી; (૩) આંખ૦

એ આંખલડીના અણુસારે કંઇ જનો,
સહજ પ્રયાસે સુધારતા નિજ જીવનો,
જે કરી ન શકતી લેશ, વીરની હાકલડી; (૩) આંખ૦

એ દષ્ટિની અમી બીજી આંખે નથી,
એ દષ્ટિની ખુમારી બીજે ન ભાસતી,
એને જોઈ તેને જગની આંખ, લાગે ઝાંખલડી; (૩) આંખ૦

श्री उपेन्द्राचार्यजी

साधकनी विश्वतंत्रप्रति भावना

પદ. ૬૬ (હા હું છું બ્રહ્મ, એ લય.)

વિશ્વમાં ગુરુગોવિન્દકેરાં દર્શન અમને થાય છે,
સદ્ભાગ્ય જેનું ગણાય છે, તેને ઉભય મળી જાય છે; વિશ્વમાં૦
વિશ્વવંદ્ય ગુરુ, ગોવિન્દ નરહરિ ન્યાળીને મન હરખાય છે
ઉભયમાં મન મોહાય છે, ઉભયમાં નિત્ય રમાય છે, વિશ્વમાં૦
વિશ્વવંદ્ય ગુરુથી સદ્ગુરુનું, વાસ્તવ સ્વરૂપ સમજાય છે,
પ્રભુની પ્રભુતા જોવાય છે, અનુગ્રહ સાચો પમાય છે; વિશ્વમાં૦
સદ્ગુરુદર્શક ગુરુ નથી તે તો, ભવરણમાં અટવાય છે,
તેને પ્રભુ ન દેખાય છે, માયાની જાળે ગુંચાય છે; વિશ્વમાં૦
ગુરુતણી અવનવી શક્તિ જોયા પછી, અન્યથી મન ન રીઝાય છે,
દૃશ્ય પ્રેમે ન ભીડાય છે, સઉ કાંઇ તુચ્છ લેખાય છે; વિશ્વમાં૦
વિશ્વવંદ્યની સહાયથી સાધકથી, સદ્ગુરુ પ્રસન્ન કરાય છે,
મિથ્યા અહં અળપાય છે, સદ્ગુરુમાહાત્મ્ય લહાય છે; વિશ્વમાં૦
આજે ઉભયનું સ્મરણ કરીને, પ્રેમાંજલિ અર્પાય છે,
ધન્ય ગુરુ એ વદાય છે, નૃહરિમાં લીન થવાય છે; વિશ્વમાં૦

श्री ज० देवी

ए तपस्वीनुं स्वरूप

પદ. ૬૭ (હઠ છાંડ સખિ, ચલ સંગ મેરે, એ લય.)

અન્તર્મુખતાના વૃક્ષનીચે કોઇ એક તપસ્વી સ્થિત હતો,
એ તો કામ કરે નાના ભાતિ, પણ આત્મામાં ગલિત હતો,
એ તો સર્વની મધ્ય વસ્યો તદપિ, અણુએ અણુ સઉથી અતીત હતો; અન્ત૦
એની આંખ ઉઘાડી હોય છતાં, એમાં દૃષ્ટા તો અપ્રતીત હતો,
બોલે ચાલે છતાં સંતત ધ્યેયથી, એનો વૃત્તિપ્રવાહ અસ્ખલિત હતો; અન્ત૦
દીસે વિપદ્‌ની મધ્યે ઉભો, પણ અન્તરથી એ અભીત હતો,
અજ્ઞાનઅભાનવિવશ એવા, પરથી ને નિજથી અજીત હતો; અન્ત૦
ભળતો આમાં તેમાં તદપિ, નિજ લક્ષ્યવિષે નિશ્ચિત હતો,
એ દીસે સહજ ને સુલભ છતાં, વસ્તુતઃ એ અકલિત હતો; અન્ત૦
એના ધ્યાનબલે એના અન્તરમાં, એને ઉપાસ્ય તો સન્નિહિત હતો,
એવો વિશ્વવંદ્ય આ વિશ્વવિષે, કંઇ વિદિતઅવિદિત હતો; અન્ત૦

श्री उपेन्द्राचार्यजी.

अन्तिम उद्गार

પદ. ૬૮ (મંગલકર ભવભયહર જય ઉમાપતિ, એ લય.)

સદ્ગુરુલીન વિશ્વવંદ્યનો વિજય વિજય,
જેનું મન વાસનાથકી રહ્યું અજય; સદ્૰
નિજમાં આત્માને જેમણે જગાવીયો,
નિજ જીવત્વને પૂરો ફટકો લગાવીયો,
દુઃખની, સુખની, ભુખની, સઉ પીડ હરી, ગુરુને વરી,
ગ્રહ્યું અભય અભય; સદ્૰
ગુરુવ્યાપ્ત વિશ્વવંદ્ય! આજ નિજ અહમ્,
ઉપજાવી સંકલ્પથી હિત કરો પરમ,
સુપ્રસન્ન થઇ ધન્ય–આ જીવન,–થાય થાય એવું કરો, સદ્ય વરો,
ભેદ કરી પ્રલય; સદ્૰

श्री उपेन्द्राचार्यजी

श्रीविश्ववंद्यना देवनुं स्मरण

પદ. ૬૯ (અમે તનુ અમારા નાથતણાં, એ લય.)

જય વિશ્વવંદ્યસર્જનહારક, કરુણાકારક ભગવંત!
જય વિશ્વવંદ્યબલદાયક, વરદાયક, સહાયક અત્યંત; જય૰
જય વિશ્વવંદ્યદ્યુતિ! પ્રિયાસ્તિભાતિ! સાથી ભવપર્યંત,
જય વિશ્વવંદ્યદાતા! અમ ત્રાતા! જય ચેતનશ્રીમંત! જય૰
જય વિશ્વવંદ્યકામિ! હૃદ્સ્વામિ! અંતર્યામિ મહંત!
જય વિશ્વવંદ્યચન્દ્રના સૂર્ય! માધુર્યપૂર્ણ, શોભંત; જય૰
જય વિશ્વવંદ્યમહારાજ! આજ, ગુરુરાજ! પ્રણામ અનંત,
જય વિશ્વવંદ્યઆત્મન્! પ્રણુમત, જયવિશ્વવંદ્યસમ સંત; જય૰

श्री उपेन्द्राचार्यजी

आत्मश्रद्धा ए विश्ववंद्यनो समर्थ उपदेश हतो

પદ. ૭૦ (હા હું છું બ્રહ્મ જીવ નથી, એ લય.)

વિશ્વવંદ્યને આત્મશ્રદ્ધાને, સિદ્ધાન્ત જો સમજાય છે,
સમજીને તેમ ચલાય છે, તો તો બેડો પાર થાય છે; વિશ્વ૦
'હું પરિપૂર્ણ, હું બલરૂપ ચૈતન્ય' એવી શ્રદ્ધા જો ધરાય છે,
એમાં જ જો ઝઝુમાય છે, તો તેથી સઉ મેળવાય છે; વિશ્વ૦
'જીવ નથી, હું સ્વયં બ્રહ્મ' બુદ્ધિ એવા નિશ્ચયથી દૃઢાય છે,
સઉમાં સદા એ લહાય છે, તો સઉ સહજ સધાય છે; વિશ્વ૦
આત્મશ્રદ્ધાને મૂકીને જે જડમાં, શ્રદ્ધાને ધરતો જાય છે,
દૃશ્યજાળે તે ગુંચાય છે, ભવરણે તે અટવાય છે; વિશ્વ૦
કર્મ ઉપાસના કે જ્ઞાનમાર્ગે, સાચી શ્રદ્ધાથી વહાય છે,
તો જ તે સિદ્ધ કરાય છે, ચૈતન્ય તો જગવાય[1] છે; વિશ્વ૦
વિશ્વવંદ્યતણું આત્મશ્રદ્ધામય જીવન જો જોવાય છે,
આદર્શ ઝટ પકડાય છે, કાયરતા અળપાય છે; વિશ્વ૦
વિશ્વવંદ્યકેરૂં શ્રદ્ધાનું દૂર દૂર, હજી પણ ડિંડિમ શુણાય છે,
એને ન અનુસરાય છે, જીવન વ્યર્થ ગણાય છે; વિશ્વ૦
વિશ્વવંદ્ય-અનુરાગી ઓ બંધુ! સાધન તમ હાથમાંહ્ય છે,
નૃહરિ પ્રભુની સહાય છે, શ્રદ્ધાળુ વિજયી સદાય છે; વિશ્વ૦

श्री ज० देवी

---

૧ પ્રકટાવાય.

विश्ववंद्यहृदयदर्शन

પદ. ૭૧ (અંતર રે, અહાહા૦ એ લય.)

એને ચન્દ્ર રખે તું જાણ, વિશ્વવંદ્યહૃદય એ પ્રમાણ.
એ તો કંઇકનો પ્રોત્સાહનપ્રાણ, એ તો ચેતનઅમૃતખાણ રે; એને૦

તેજસ્વી રહેતું એ ઝીલી નિરંતર, નૃસિંહસૂર્યનું તેજ,
પણ નિજ રશ્મિમાં સૌમ્યતા–શીતલતા એ અદ્ભુત ભરી દે જ રે, એને૦

લૌકિક ચન્દ્રસમું એહ હૃદયનું, તેજ નહિ ક્ષીણ થાય,
કે એ હૃદયતેજ અસ્ત ન પામે કે, ગ્રહણથી એ ન ગ્રસાય રે; એને૦

એહ હૃદયતણી દૈવી પ્રભા કંઇ, અન્યને ઝળકાવનાર,
એહ હૃદયતણી શીતલતા કંઇ, અન્યને શાન્તિ દેનાર રે; એને૦

કંઇકના જીવનનું એ ઉત્કર્ષક, કંઇકનું આશ્વાસન,
કંઇકના ઉરમાંહિ એ હૃદયે કર્યું, સત્સંસ્કારસ્થાપન રે; એને૦

જેપર ઝળકે એ હૃદય ત્યાં લાવે, આનન્દોત્સાહ અપાર,
એની ચમકથી તો મુગ્ધ થતા કંઇ, દેવો ને પ્રભુઅવતાર રે; એને૦

જ્ઞાન તો એમાં ને ભક્તિ તો એમાં ને, એમાં તો તપના ભંડાર,
એમાં તો તૃપ્તિ ને શાંતિ ને સાધુતા, એમાં તો પ્રભુનો સંસાર રે; એને૦

શુદ્ધ વિચારથી સેવ્યો જેણે, વિશ્વવંદ્યહૃદયસંપર્ક,
તે તો આ જીવનમાં જ અનુભવે, નૃસિંહસવિતૃભર્ગ રે; એને૦

श्री उपेन्द्राचार्यजी

विश्ववंद्यनी प्रयत्नशीलता

પદ. ૭૨ (અમે તો સદા બ્રહ્મમાં લીન, એ લય.)

સુયત્ને વિશ્વવંદ્ય તો લીન,
કર્તવ્યોદધિમાં તરતા એ, પ્રયત્નશાલી મીન; સુયત્ને૦

સાધનયત્ને પ્રખર પ્રતાપી, ગુરુની આગળ દીન,
નિજ પ્રયત્નથી દુઃખ અપયશમાં, રહેતા કદી ન ખિન્ન; સુયત્ને૦

આરોગ્યાર્થે કસરત કરતા, ઉત્સાહે પ્રતિદિન,
પ્રાણાયામે ઉપવાસે તનુ, શોધે જેહ મલિન; સુયત્ને૦

અડગ નિરોધ ધરીને કરતા, ક્રોધમોહબલ ક્ષીણ,
દૃશ્યના ફંદે ફસી ન પડતા, રાખી મન સ્વાધીન; સુયત્ને૦

મથતા ઉતારવા અનુભવમાં, વિદ્યા નવીન નવીન,
ગુરુનું સ્વરૂપ ઓળખવામાં, પણ એ અતીવ પ્રવીણ; સુયત્ને૦

વિષયોના સંસ્કારો યત્નથી, કરતા એ પરિચ્છિન્ન,
ગૃહસ્થજીવનમાં રહી સાધી, સાધુતા સાચી કઠિન; સુયત્ને૦

શું સમજે એ દિવ્ય જીવન, [જે] આધ્યાત્મિક પ્રયત્નહીન,
યત્નાન્તે એ આજ થયા છે, નૃહરિ પ્રભુથી અભિન્ન; સુયત્ને૦

શ્રી જ૦ દેવી

શોકોદ્‌ગાર

પદ. ૭૩ (પુનિત પગલે રે૦ એ લય.)

વિચિત્ર આ સંસારના, વિચિત્ર છે વ્યવહાર,
હતું તેહ ન હતું થતાં, ક્ષણુ નવ લાગે વાર.

જેહ રમતા રે સદા આનંદે ભગવદ્‌ભવન,
હવે તો નિહાળવા રહ્યા અંતરૃતણે નયન.

જેના શબ્દો આપતા, મનને ઉંચો વેગ,
જેનો સંગ શમાવતો, અંતરૃના ઉદ્વેગ.

એવા કરતા રે, પ્રકટ નયનનિકટ ગમન–આગમન,
તેનું કરવું માત્ર રહ્યું હવે મનથી આવાહન.

પ્રતિમાસ જે ભેટતા, પ્રેરીને મહાકાલ,
તેને દીઠયે તો વીત્યો, વિશ વર્ષનો કાલ;

થયાં જેનાં રે, આંખઆગળ ગુરુમંદિરે સ્થાપન,
થયાં તેનાં આજ હરિ ! હરિ ! ત્યાંથીય ઉત્થાપન.

જ્યાં લીધો લૌકિક ને, અલૌકિક આનંદ,
ત્યાં આજે નયનો જતાં, ઉઠે ઉરે આક્રંદ;

જેને નિરખ્યે રે, થતું સહજ ભાવે પ્રફુલ્લિત આ મન,
તે વિનાના આજ રસહીણું જીવે સ્વજન જીવન.

તનના તો સ્નેહી ગયા, મનના ગયા સુમિત્ર,
જીવનઆગળથી ગયું, દૈવી એક ચરિત્ર.

શાને કાજે રે, હવે વ્યર્થ બહાર બોલવું વચન,
સાલશે જ જીવનભર એ વિશ્વવંદ્યનું શમન.

શ્રી ઉપેન્દ્રાચાર્યજી

विश्ववंद्ये शुं शुं प्रबोध्युं ?

પદ. ૭૪ (જોયો મારો વહાલો રે૦ એ લય.)

ગુરુઅનુગ્રહને ગ્રહેવાની, ઐહિક સુખ અનુભવવાની,
નિત્ય નિરંજન બનવાની, વિશ્વવંદ્યની યુક્તિઓ હો જી-
જેણે જાણી, તેને ન જાણવું શેષ; ગુરુ૦

ધનાદિની પ્રાપ્તિ અને, આરોગ્ય જીવનમાંહ્ય,
ઇચ્છયાં બાલક શી રીતે, જગમાં પ્રકટાવાય,
ગ્રહની વિપરીત અસરથી, જનથી કેમ બચાય,
ભવભયથી કદી ન ડરવાની; વિશ્વ૦

નિરોધ દૈવી શક્તિપ્રદ, કેવી રીતે પમાય,
પંગુથી શિખરે સ્થિતિ, કેમ સહજમાં થાય,
રસવિદ્યા અતિ ગુપ્ત તે—પણ કેવી કહેવાય,
ઇચ્છેલું અહિં અનુભવવાની; વિશ્વ૦

ભાવનાતણો અવનવો, સમજાવ્યો સિદ્ધાન્ત;
સાધે તે જવ સહજમાં, થઇ રહેતા નિર્ભ્રાન્ત,
નરનારી સાધી શકે, એવી એમની વાત-
અંતરમાં ઉંડે ઉતરવાની; વિશ્વ૦

આત્મશ્રદ્ધા ને વળી, આંતર મનનું સ્વરૂપ,
જણાવ્યું, બાકી ન રાખ્યું કંઇ, સાધવું રહ્યું રહી ચુપ;
પ્રાર્થિએ પ્રભુનેઃ થઇ રહો, જાણ્યું અનુભવરૂપ,
સઉ ગ્રહો શ્રેણી અનુસરવાની; વિશ્વ૦

श्री ज० देवी

विश्ववंद्यना मोहनुं स्वरूप

પદ. ૭૫ (કોઇ જાજો એ હંસાના માનસ, એ લય.)

વિશ્વવંદ્ય છે નિર્મોહી એમ કહેશો ન કોઈ;
એના સરખી મોહવૃત્તિ મેં બીજે ન જોઈ; વિશ્વ૦

એને નિષ્કામ કર્મ કરવાનો બહુ મોહ,
એને મોહ, સ્વર્ણરૂપ કરવાનો, જીવલોહ,
એણે પરહિતાર્થમોહે નિજ જીવનગૌને દોહી; વિશ્વ૦

એને મોહ નિર્ભયતા-નિર્વિકારિતામાંહ્ય,
એને મહા મોહ ઇષ્ટાનુગ્રહાર્થે સદાય,
એનો આપ્તકામમોહ બીજામાં ના શકે હોઈ; વિશ્વ૦

એને દિવ્ય વિદ્યારહસ્યનો મોહ તો અપાર,
એને દુઃખ હાંકી કાઢવાનો મોહ ન લગાર,
મેળવવાને આત્મત્વ, એનું ધબકતું'તું લોહી; વિશ્વ૦

એને વિશ્વવીતરાગિતામાં મોહ તો અપાર,
એ તો નિજાત્માના વૈભવ ભોગવવા તૈયાર,
એણે મોહથી જ હૃદય, દીધું આત્મામાં પ્રોઈ; વિશ્વ૦

એને પ્રભુ જેમ રાખે તેમ રહેવામાં મોહ,
એના ઉરમાં સ્વતંત્ર કો ન આરોહ-અવરોહ,[1]
એવી રચી મોહમૂર્તિ, નાંખ્યા પ્રભુએ કર[2] ધોઈ; વિશ્વ૦

श्री उपेन्द्राचार्यजी

---

૧ ચઢવા-ઉતરવાપણું અર્થાત્ ઓછા વધતાપણું. ૨ હાથ.

विश्ववंद्यना जीवनक्रमने समजीने अनुसरवा प्रबोध

પદ. ૯૬ (હવે ચાલ, રેલ'તી તું ચાલ૦ એ લય.)

હવે ચાલ, વિશ્વવ'દ્યચાલ,—અહીં આગળ ચાલ,
જીવનમાં તું ચાલ.

વિશ્વવ'દ્યતણી ચાલનો મર્મ તું, સમજી તેવી રીતે ચાલ,
ચાલ પ્રયત્નમાં ચાલ, ભરી યોગ્ય ફાળ, કદી ન ક'ટાળ,
કાયરતાને બાળ; હવે૦

વિશ્વવ'દ્યજેવી ગુરુકૃપા ઇચ્છે તો, ગુરુમાં જીવન ઓગાળ,
ચાલ ગુરુદ્વારે ચાલ, ગુરુવૃત્તિ સ'ભાળ, સેવામાં તું ફાળ,
ભક્તિવડે ગાળ; હવે૦

આવે પ્રતિકૂલતા કદી ધસતી, સ્હામે જો કોઇ વિકરાલ,
ચાલ ઠોકર મારી ચાલ, હસીને નિકાલ–કરીને તત્કાલ,
લક્ષ્યે દષ્ટિ ઢાળ; હવે૦

ઉઠતી જો અ'તરમાં ઇચ્છા થાવા, ઉચ્ચ તને હાલ હાલ,
ચાલ નિયમિત ચાલ, પ્રમાદને ખાળ, આત્મામાં મન વાળ,
સુયત્ન સ'ભાળ; હવે૦

દૈવી અનુભવ લેવા બહિસ્થિ'ત, વૃત્તિ ખે'ચી અ'તરાલ,
ચાલ હૃદયમાં તું ચાલ, ન ધર દશ્યવહાલ, અનાસક્તિ પાળ,
છતાં રહે પ્રેમાળ; હવે૦

વિશ્વવ'દ્યસમા શુદ્ધ આચારો–વિચારોનો કર ખૂબ ખ્યાલ,
ચાલ તે માર્ગે તું ચાલ, જીવત્વને ટાળ, નૃહરિ ઉર ન્યાળ,
કૃતાર્થ થઇ મ્હાલ; હવે૦

श्री ज० देवी

तत्त्वनिष्ठ जीवन धन्य छे

પદ. ૭૭ (નર્તન રસનર્તન કાંઇ૦ એ લય.)

નવ–અભિનવ કંઇ પ્રાણ પ્રસારતું જીવન ધન્ય હો ધન્ય,
જીવન ધન્ય હો ધન્ય, પ્રભુથી અનન્ય હો અનન્ય.
સર્વતણું એ હિત જ કરતું, સઉને ઉન્નતપથે જ ધરતું,
તેને મન નથી વિશ્વવિષે કો અન્ય હો અન્ય; જીવન૦
તે અંતર્ ના સમતા–વિષમતા, તેની દૃષ્ટિવિષે ચિન્મયતા,
તેને સઉ કાંઇ તત્ત્વ જ, પછી તે જન્ય હો અજન્ય[1]; પ્રભુથી
ભલે વિશ્વ આ ભેટે તેને, અથવા દૂર ફગેટે તેને,
પણ તે સઉ સ્થિતિમાંહિ સદાય પ્રસન્ન હો પ્રસન્ન; જીવન૦
વિશ્વવંદ્યસમ સંતો એવા, તેને ન જગથી લેવા–દેવા,
પણ જગને તેના ઉપકાર અગણ્ય હો અગણ્ય; પ્રભુથી૦
તેનું સ્મરણ છે પતિતપાવન, તેથી અધિક રાજી રહે ભગવન્,
તેવા તો અહા ! નિત્ય પ્રકટ ચૈતન્ય હો ચૈતન્ય; જીવન૦

श्री उपेन्द्राचार्यजी

साधकोनुं इष्टने निवेदन

પદ. ૭૮ (અમે તનુ અમારા નાથતણાં—એ લય.)

એક વિશ્વવંદ્ય, એક વિશ્વવંદ્ય, અમ નયન તરો ભગવંત !
ગ્રહી એ આદર્શ અમે થઇએ પ્રભુ ! આપ કરુણાવંત; —એક૦
એ વિશ્વવંદ્યની પ્રશાન્તિ અમ ઉરમાંહિ રહો વિલસંત,
એ વિશ્વવંદ્યનું અચલ ધૈર્ય, અમને કરજો બલવંત; —એક૦
એ વિશ્વવંદ્યનું શુદ્ધ જ્ઞાન કરો, અમને સુમતિમંત,
એ વિશ્વવંદ્યસમ અહં આપમાં, અર્પાઓ સાદ્યંત; —એક૦
એ વિશ્વવંદ્યસમ અમ નિષ્ઠા, હો આપ વિષે અત્યંત,
એ વિશ્વવંદ્યસમ અમ જીવન હો, સદા પરમ જયવંત; —એક૦

श्री उपेन्द्राचार्यजी

---

૧. પ્રકટેલું કે ન પ્રકટેલું.

॥ ॐ श्री ॥

श्री विश्ववंद्यस्मरणसंमेलन

સં. ૧૯૯૨, માર્ગશીર્ષ કૃષ્ણ૦પંચમી, રવિવાર, તા. ૧૫ : ૧૨ : ૩૫.

સ્થલ : અમદાવાદ.

श्री नृसिंहबीजक अने विश्ववंद्यवृक्षनां यशोगान

પદ. ૭૯ (કથીરમાં મોહ ધરે કેમ ભાઈ, એ લય.)

જયતુ જય ! જય ! સદ્‌ગુરુભગવાન્, સકલબીજક જય પરમનિધાન !
આપ જ પોષક સંવર્ધક છો, આપ જ પ્રભવસ્થાન,
આપમાંથી ઉદ્‌ભવ્યું અનુપમ, દૈવી વૃક્ષ મહાન્; જયતુ૦

તમે દીધું વૃક્ષેથી પ્રકટાવી જગને ફલદાન,
અપૂર્વ તૃપ્તિ અનુભવ્યા, કરી ફલનું રસામૃતપાન; જયતુ૦

કર્મ ભક્તિ ને જ્ઞાનતણા રસથી કીધું રસવાન્,
વિશ્વવંદ્યજીવનફલ કરતું, કંઇને ચેતનવાન્; જયતુ૦

છાયા દીધી, પત્રો દીધાં, કર્યાં તાપથી ત્રાણ,
તે પર ચઢતાં દૂર દૂરનાં દાખવ્યાં લક્ષ્યસ્થાન; જયતુ૦

વિશ્વવંદ્યની જીવનકલા એ આપનું કલાવિધાન,
ઉભયપ્રતિ બની મુગ્ધ ઉભયનાં, કરીએ જયયશગાન; જયતુ૦

श्री उपेन्द्राचार्यजी

विश्ववंद्य जीवननुं किंचित् रेषादर्शन

પદ. ૮૦ (અંતર રે, અહાહા૦ એ લય.)

જેમાં અદ્દભુત ગુણચેતન, એવું વિશ્વવંદ્યજીવન,
જેનું મધુર મધુર વર્તન, આણે જીવનમાં નવજીવન રે; જેમાં૦

શારીર કષ્ટ પડે પણ સહી લે, ભલી ભાતે એનું તન,
હરિઇચ્છા ગણી શાંતિથી સહી લે, પ્રતિકૂલ જેનું મન રે; જેમાં૦

કદી પણ કાંઇ વિકળતા, નિકૃષ્ટ વિકાર ન તેને નયન,
ઉચ્ચ, કર્કશ સ્વરે થાય નહિ જેનું, વાણીનું ઉચ્ચારણ રે; જેમાં૦

હરતાં ફરતાં અને ક્ષણ ક્ષણ અવકાશે, સેવે તે ગુરુચિંતન,
કિંચિત્ કાલ એ વ્યવહાર કરી પછી, સાધે છે ગુરુસેવન રે; જેમાં૦

વિષયચિંતનના દમનઅર્થ ચાલે, જે ઉર સતત મંથન,
રાગદ્વેષાદિક દોષોનું થાતું જ્યાં, ઉકટ્યાપૂર્વે ક્ષાલન રે; જેમાં૦

અદ્દભુત દૈવી ભાવો તો જેના ઉર, પામે સુપ્રકાશન,
ગુરુતત્ત્વનું જેના અંતર્ નિરંતર, થાતું ધ્રુવ દર્શન રે; જેમાં૦

જેહ હૃદય સુપ્રકટ નિજાત્મથું, પામી રહે સ્પર્શન,
વાણીવડે જે કરાવતું અન્યને, પરમાનંદપ્રાશન રે; જેમાં૦

ચિત્ત એનું આત્મસંધાને તત્પર, બનીને નિર્વાસન,
શાંતિ ને આગ્રહથી સદા સંચે, અંતર્ અધ્યાત્મધન રે; જેમાં૦

મહા ગંભીર એનું અંતર્ અહોનિશ, આનંદકેરું સદન,
જેનું સ્મરણ પુણ્ય ભાવો જગવતું, કરી પ્રતિકૂલ પ્રશમન રે; જેમાં૦

સર્વની કલ્યાણેચ્છા જ્યાં પ્રવર્તે, શુભનું મહા નિકેતન,
નૃહરિઅનુગ્રહપાત્ર એ અમૃતજીવનને, ધન્ય ધન્ય રે; જેમાં૦

श्री उपेन्द्राचार्यजी

વિશ્વવંદ્ય જીવન

પદ. ૮૧ (શોભંતા સુખવંતાં રે, એ લય.)

મહામૂલ્યવંતાં રે, કે વિશ્વવંદ્યજેવાં જીવનીયાં,
પુણ્યગુણવંતાં રે, કે આજ કરી લેવાં જીવનીયાં.
કર્મદીપમાલે રે, કે ઝગમગતાં એનાં જીવનીયાં,
કર્મદીપ ઝાલે રે, કે દિવ્ય થાય તેનાં જીવનીયાં;
આંતર ભક્તિથી રે, કે એનાં તો રસબસ જીવનીયાં,
ગુરુભક્તિશક્તિથી રે, કે કરવાં નિજ લસલસ જીવનીયાં;
સંસારસંગી રે, કે તોય એ અરંગી જીવનીયાં,
રહી અંતરંગી રે, કે કરો નિસ્તરંગી જીવનીયાં;
જ્ઞાનતણે શિખરે રે, કે એનાં ઝઝુમ્યાં જીવનીયાં,
જ્ઞાનમાર્ગઉપરે રે, કે રાખજો ઘુમ્યાં જીવનીયાં;
ઇષ્ટધ્યાનમાંહિ રે, કે એનાં તો મહાલ્યાં જીવનીયાં,
રાખવાં હો ભાઈ! રે, કે ઇષ્ટશરણઝાલ્યાં જીવનીયાં;
ગુરુશુશ્રૂષામાં રે, કે એણે તો ગાળ્યાં જીવનીયાં,
એ જ રસ્તામાં રે, કે રાખજો વાળ્યાં જીવનીયાં;
એણે વીતાવીયાં રે, કે સ્વજનના હિતાર્થે જીવનીયાં,
આપણે વીતાવવાં રે, કે સ્વજનસેવનાર્થે જીવનીયાં;
જીવનને પાયાં રે, કે જીવીને એણે જીવનીયાં,
આપણે કમાયા રે, કે ગાળીયે તેણે જીવનીયાં;
વિશ્વવંદ્યજેવાં રે, કે કરવાં સોહામણાં જીવનીયાં,
શ્રીનૃસિંહદેવા રે, કે ધન્ય કહે આપણાં જીવનીયાં.

શ્રી ન૦ દેવો

गुरुपरीक्षित पात्र

પદ. ૮૨ (અમે તો એક ઝાડની ડાળ, એ લય.)

તમે છો ટકોરાયલું પાત્ર,
ટકોરીને ગુરુદેવે ઘડીયું, તમારું માનસ ગાત્ર; તમે૦
વિવિધ કલાથી વિવિધ નિમિત્તથી, મારી ટકોરા ખાસ,
સહજ સહજમાં તપાસી અંતે, ગુરુએ કીધા 'પાસ'; તમે૦
કદી શરીરને, કદી સમયને, તપાસી મનને લગીર,
કદી કામ છોડાવી તમારું, જોયું ગુરુએ હીર; તમે૦
તમે ઉઠવા ચહો ગુરુ ત્યાં, કહાડી વ્યર્થ નિમિત્ત,
ઘડીભર રોકી જુએ કેવું તમ, વિકળ બને છે ચિત્ત; તમે૦
તમે પ્રભાતે સંયમ કરવા ચહો, ગુરુ કહેઃ ભાઈ!
જશું પ્રભાતે ફરવા આવો, પણ ન જાય એ ક્યાંહિ; તમે૦
વ્યર્થ લખારા શુણતાં કેવા, વિકળ થાઓ તે અર્થ,
તમારી નિકટે ગુરુ કદી કોઈસાથે વદતા વ્યર્થ; તમે૦
નિયત આપનાં કાર્યો કરવાનાં હોય આપને લોભ,
વિલંબ તેમાં કરાવી જોતાં, કેવા પામો ક્ષોભ; તમે૦
લેખવિષે કદી શબ્દાદિકમાં, વિરોધ દીસે સ્હેજ,
કેવા જ્ઞાનથી ગર્વિત છો તે, જુએ, વ્યર્થ કરી ટેચ; તમે૦
જે ન ગમે તમને (તે) તમપાસે, ફરી કરાવી કર્મ,
પ્રશાંત ચિત્તે જુએ, જાળવો, કેવો ગુરુપ્રતિ ધર્મ; તમે૦
વ્યર્થ ભૂલ દર્શાવી પછી તમે, કેવા થાઓ વ્યગ્ર,
આંતર મંદ સ્મિતથી જુએ તમ, અંતરૂબાહ્ય સમગ્ર; તમે૦
કરી પરીક્ષા, કેવા રહો તમે, જરાજરામાં માત્ર;
પછી પરોક્ષ વદ્યા : 'માસ્તર તો, ટકોરાયલું પાત્ર;' તમે૦
આવું અસિધારાવ્રત પાળી, આપ જ થયા કૃતાર્થ,
સદ્‌ગુરુઅનુગ્રહ પામી સાધ્યો, આપે તો પરમાર્થ; તમે૦

श्री उपेन्द्राचार्यजी

श्री विश्ववंद्यमति अनुरागी साधकना विरहोद्‌गार

પદ. ૮૩ (હા હું છું બ્રહ્મ, જીવ નથી એ૦ એ લય.)

વિશ્વવંદ્ય ગૃહસ્થયોગિ ઓ ! આમ તે ક્યાં છુપાઈ ગયા ?
ન્યારા નિરન્તરના થયા, કોણ પ્રદેશે કહો વહ્યા ? વિશ્વ૦

પ્રત્યક્ષમાં બહુ પ્રેમ બતાવતા, અમઅર્થ જેણે બહુએ સહ્યાં,
છેક વિસાર્યા જેને ચલ્યા, પ્રિય વચનો ન ફરી કહ્યાં; વિશ્વ૦

સંગે લઈ રંગે ઉત્સાહ દેતાં, વિધવિધ સ્થાનવિષે ફર્યા,
મમતાને છેક શું વિસર્યા, તરછોડી સર્વને ક્યાં ઠર્યા ? વિશ્વ૦

વિધવિધ રીતથી સંભાળવાના, આપના ધર્મથી શું ચળ્યા ?
કે શું પ્રભુતામાં જઈ ભળ્યા, કે શું સંકેત જુદા કળ્યા ? વિશ્વ૦

આપનાં કીધેલાં કોઇથી થાય ન, થશે ન, કે ન થઈ શક્યાં,
ક્યાં ગઈ બંધુત્વની દયા, શાંત નિતાંત કાં થઈ રહ્યા ? વિશ્વ૦

અણઘડ તારાનો હાથ વિછોડીને, આપ તો એકાકી તર્યા,
નિત્ય નૃહરિપદને વર્યા, અમારે રહ્યું, કરવું સ્મર્યા; વિશ્વ૦

श्री ज० देवी

केन्द्रचक्रचालन

પદ. ૮૪ (હવે કોણ ઉપાયે તૃષિત, એ લય.)

અહો ! શ્રેયસ્સાધકવર્ગયંત્રનું કેન્દ્રચક્ર તું દિવ્ય,
અહો ! તુજ ગતિએ કંઇ કંઇક જનોનાં સાધ્યાં સુન્દર શિવ;

તુજમાં પૂરે કાંઇ પ્રાણ, પ્રાણપતિ સદ્ગુરુકેરો મંત્ર,
તારા જ પ્રાણથી પ્રાણવતું થઈ વર્ગનું સમગ્ર યંત્ર,
વિવિધ દિશામાં પ્રવૃત્ત બની કાંઇ પામ્યું પ્રગતિ ભવ્ય; અહો !

કંઇ કંઇક ચક્રોએ નિજમાં આરોગ્યસર્જન કીધું,
કંઇકે વ્યવસ્થા સ્વચ્છતાનું શિક્ષણ સાધી લીધું,
તનમન શોધનકારક સાધ્યાં કંઇ કંઇએ કર્તવ્ય; અહો !

કંઇ કંઇક ચક્રો ઉત્તમ લેખનકાર્યવિષે વાધ્યાં,
કંઇ કંઇક ચક્રોએ ઉત્તમ સંયમ સાધન સાધ્યાં;
વિપરીત વેગવતાં કંઇ ચક્રે સાધી નિજ ગતિ સવ્ય; અહો !

અદ્ભુત સુવિદ્યાભ્યાસે કંઇ ચક્ર થયાં પ્રવૃત્ત,
કંઇકે જીવન સાફલ્ય કરતાં સાધી લીધાં સત્કૃત્ય,
મૃતવત્ પડી રહેનાર થયા પ્રવૃત્ત, બની સંજીવ; અહો !

રુધિરાભિસરણ વધે જેમ ઘર્ષણ કરતાં દેહનું ચર્મ,
ઇચ્છા લહી તુજ ગુરુએ પણ સાધ્યાં અધિકાં કંઇ કર્મ,
કંઇ કંઇ શોધાવ્યું તેં કંઇ કંઇ અન્વેષ્ટવ્ય; અહો !

કંઇ કંઇક ચક્રોને મનપ્રાણની ઉન્નતિમાં ચલવ્યાં,
આત્માની પ્રાપ્તિપ્રતિ અધિકારી ચક્રોને હલવ્યાં,
આ વિધિ કરતાં વહી ગયો તું સાધી મહા પ્રાસવ્ય; અહો૦

श्री उपेन्द्राचार्यजी

વિશ્વવંદ્યબોધન

પદ. ૮૫ (જાઓ જાઓ, અય મેરે સાધુ, એ લય.)

શુણજો શુણજો આ વિશ્વવંદ્યનું બોધન સાધકસંત !
વરશો નહિ, વરશો નહિ ભાઈ! અવિદ્યા કરી પસંદ,
અંતિમ દુઃખદાતા એ સંગે, વધે વિષયનો છંદ; શુણજો૦

કરશો નહિ, કરશો નહિ, ઉપાસ્યનિંદકનો સંબંધ,
નિશ્ચય એ સંબંધ લઈ જશે, અશ્રદ્ધાને પંથ; શુણજો૦

સ્મરશો નરિ સ્મરશો નહિ, તમપ્રતિ કૃતિ થતી કોઇ નિંદ્ય,
ક્ષમાથી ભૂલતાં એની ન રહેતી, દીર્ઘકાલ દુર્ગંધ; શુણજો૦

ફરશો નહિ, ફરશો નહિ, કરતાં, અવિહિત વાર્તાનંદ,
એ પરિણામે નિજમાં પરમાં, કરાવતો આક્રંદ; શુણજો૦

ઠરશો નહિ, ઠરશો નહિ, જ્યાં નથી, ભક્તિજ્ઞાનસુગંધ,
સાધકભ્રમરે ત્યાં ઠરવું જ્યાં, મળે મુક્તિમકરંદ; શુણજો૦

ડરશો નહિ, ડરશો નહિ, આવતું જોઈ વિપત્તિવૃંદ,
બ્રહ્માસ્મિના ભાને રહેતાં, બની રહેશો નિર્દ્વંદ્વ; શુણજો૦

મરશો નહિ, મરશો નહિ, બની પરાધીન નિર્બલ અંધ,
ભીષ્મસમા સ્વાતંત્ર્યે મરતાં, ચઢજો જયયશસ્કંધ; શુણજો૦

ધરશો નહિ ધરશો નહિ યત્ને, પ્રમાદ બની મતિમંદ,
નિજજનતારણહાર નૃહરિ તો, કૃપાલુ છે અત્યન્ત; શુણજો૦

શ્રી જ૦ દેવી

फकीर विश्ववंद्य

પદ. ૮૬ (જા જીવ હંસા, માનસરે, એ લય.)

ફકીરી લીધી, ગુરુનામની તેં ફકીરી લીધી.
આરંભક જીવનમાં વિદ્યાબલ તેં કંઈ કંઇ લીધું જી,
ઉપદેશો દઈ તેં તો ધાર્યું, જગને કરવું સીધું; ફકીરી૦
કંઇ કંઇ અનુભવકેરા અંતે, એક સત્ય તેં ચીંધ્યું જી,
અગત્ય ગુરુની સમજાયેથી, ગુરુનું શોધન કીધું; ફકીરી૦
ગુરુ મેળવી ગુરુમાં ક્રમથી, અધિકી શ્રદ્ધા સ્થાપી જી,
જગત્‌હિતની કલ્પનાતણી, પ્રથમ તિલાંજલિ આપી; ફકીરી૦
સ્વેચ્છાચારી મનઉપર તેં ગુરુઅંકુશતા દીધી જી,
બલથી સ્વતંત્ર વૃત્તિની, ગુરુને, અંજલિ અર્પણ કીધી; ફકીરી૦
ગુરુસેવાનો પ્રથમ કાર્ય કરવાનો આદર કીધો જી,
ગુરુઅનુસંધાને રહેવાનો, માર્ગ વિશિષ્ટ તેં લીધો; ફકીરી૦
આગળ પાછળ સમય કહાડી તું, સાધન સેવન કરતો જી,
તે પછી સમય મળ્યે તેટલી ક્ષણ, અભ્યાસે મતિ ધરતો; ફકીરી૦
આવશ્યક વ્યવહાર વિના તેં, બીજાં કાર્ય સમેટ્યાં જી,
સઘળો સમય ગુરુકાર્યે તુજ, સદાય તનમન લેટ્યાં; ફકીરી૦
આવકમાંથી દશાંશ ધનના, દાન ગુરુને દીધાં જી,
ગુરુધ્યાનને કીધાં ને તેં, ગુરુજ્ઞાનામૃત પીધાં; ફકીરી૦
સદ્‌ગુરુ કરે કસોટી તેમાં, બહુવિધ પાર ઉતરીયો જી,
શરીર અને મનનાં કષ્ટોનો, દરિયો તું તો તરીયો; ફકીરી૦
વિભવો છોડ્યા વિહાર છોડ્યા, છોડ્યાં પ્રમાદઆળસ જી,
કટોકટીના સમયે ગુરુપ્રતિ, રાખ્યું દિલ નિખાલસ; ફકીરી૦
ગુરુના કામવિનાનું કંઇએ કામ નહિ તેં કીધું જી,
જીવનભર ગુરુકૃત્ય કરી, ગુરુપદ જીવન દઈ દીધું; ફકીરી૦
ઘરનો તો તું થયો અતિથિ, ગુરુસ્થાન ગૃહ જાણ્યું જી,
શ્રેયસ્સાધકવર્ગનું વેગે, દુર્ધર્ષ ચક્ર તેં તાણ્યું; ફકીરી૦
અંતર્ધાન થયા ગુરુ ત્યાં તો, અનેકગુણ બળ ધારી જી,
કેવળ ગુરુના નિમિત્ત તારી, ઘુમી રહી જીવન સ્વારી; ફકીરી૦

ગુરુના કાર્યનિમિત્તે તેં તો, મનોમથન બહુ કીધું જી,
શુદ્ધ ભાવથી અહં ગુરુને, અર્પી અખંડ તેં દીધું; ફકીરી૦
શા ગુણ ગાઈએ ફકીર ! તારા, ધન્ય ફકીરી તારી જી,
સદ્‌ભાગી જન જાય જીવનભર, તુજ પર વારી વારી; ફકીરી૦

श्री उपेन्द्राचार्यजी

विश्ववंद्य विषे

પદ. ૮૭ (કોઇ એક સમે, એ લય.)

એક દૃષ્ટિવિષે નથી મારું કે પરભાર્યું, પણ બધું નિજ આત્મરૂપ દીસે,
આજ ચિત્તને જોડજો હિતઅર્થ તેવી, દૃષ્ટિવાળા વિશ્વવંદ્યવિષે;
એક હૃદયવિષે દિવ્ય સદ્‌ગુણ, શ્રીગુરુતત્ત્વ અમાપરૂપે વિલસે,
આજ હૃદયવડે સ્પર્શજો બંધુ ! એવા હૃદયવાળા વિશ્વવંદ્યવિષે;
એક બુદ્ધિવિષે બ્રહ્મભાવના, ગુરુઅર્પણતાની વૃત્તિ રહી અતિશે,
નિજ બુદ્ધિને હેળવો નિર્ભ્રાંત થઈ એવા, બુદ્ધિવાળા વિશ્વવંદ્યવિષે;
એક વૃત્તિવિષે રહ્યો વેગ અખંડ જ ઉન્નત થાવા સર્વ દિશે,
વૃત્તિ ઉન્નતિવેગાર્થ જોડજો એવી, વૃત્તિવાળા વિશ્વવંદ્યવિષે;
એક જીવનવિષે રહ્યો સંયમ બહુવિધ, સાધે સ્વહિત જે હરેક મિષે,
થવા સંયમસમૃદ્ધ જીવન જોડો એવા, જીવનવાળા વિશ્વવંદ્યવિષે.

श्री ज० देवी

उपकृत साधकोनुं भावगान

પદ. ૮૮ (હૃદયે રૂપ દર્શાવો, એ લય.)

વિશ્વવંદ્ય મહાત્મન્ ! જય જય હો.
જય જય હો, નિજ પ્રભુમય હો; વિશ્વ૦
પામી ગુરુનો અનુગ્રહ સત્ય, કીધું ગુરુઅર્પિત મહાકૃત્ય,
બનીયા ચૈતન્યાત્મન્; જય૦
લીધો ગુરુભક્તિનો લ્હાવ, દીધો ગુરુઅનુગ્રહનો દાવ,
બનીયા શ્રેયાત્મન્; જય૦
સાધી સુન્દર સાધનક્રમ, અનુભવીયું મહાપદ બ્રહ્મ,
બનીયા પ્રેમાત્મન્; જય૦
જય અદ્‌ભુત બલસન્નિધ, જય ગુરુઅનુગ્રહીત વિશિષ્ટ,
ધન્ય ધન્ય હો આત્મન્; જય૦

श्री उपेन्द्राचार्यजी

श्री सद्गुरुने अभ्यर्थना

પદ. ૮૯ (અમને લાગી સ્વરૂપથી તાળી, એ લય.)

જય જય વિશ્વવંદ્યના ગુરુવર !
જય જય સાધકહૃદયઅધીશ્વર ! જય૦

અનેક સાધકહૃદયે ઉપાસ્યા, આપને ખરે નિરંતર,
વિશ્વવંદ્યહૃદયે જે ઉપાસ્યા, એમાં વિલક્ષણ અંતર; જય૦

અન્ય ઋતુમાં ચંદ્ર પ્રકાશે, શરદે પ્રકાશે શશધર,
એનો એ છે ચંદ્ર છતાં એ, ઉભયે ભેદ મહત્તર; જય૦

અનેક સાધકહૃદયે આપ જ, વિકસી રહ્યા બહિરંતર,
વિશ્વવંદ્યહૃદયે જે વિકસ્યા, તેમાં તો મહદંતર; જય૦

સમાન સામગ્રીઓ ને વળી, સમાન હો વાવેતર,
અધિક પ્રબલતાથી ઉછરે છે, કોઇક વિશિષ્ટ ખેતર; જય૦

અન્ય ક્ષેત્રમાં અનેક ઉગ્યાં, શુભ ગુણવંત તરુવર,
વિશ્વવંદ્યક્ષેત્રે પણ ઉગ્યાં, તે કંઇ અપૂર્વ બલભર; જય૦

આપ પ્રભુની કૃપા પ્રવર્તે, સદા સમાન જ સઉપર,
વિશ્વવંદ્યનું ઝીલવું એ તો, સઉથી ચમત્કૃતિકર; જય૦

વિશ્વવંદ્યસમ જીવનઉન્નતિ, કરાવીને ગુરુ ! સત્વર,
નૃહરિ ! સ્વરૂપ દર્શાવો અમમાં, એથીય દિવ્ય અધિકતર; જય૦

श्री उपेन्द्राचार्यजी

साधकना अंतर् उठतुं विश्ववंद्यनुं स्मरण

પદ. ૯૦ (કહું મન કેટલું, તને કેમ ન, એ લય.)

હરિ ! હરિ ! ક્યાં મળે,
ફરી એવા રુડા વિશ્વવંદ્ય; હરિ૦
અંતરના સઉ દાહ શમાવી,
ભરે ઉરમાં અનવધિ આનંદ; હરિ૦
શ્રેયસ્કરમાર્ગે જે જોડે,
આપી ઉરથી ઉત્સાહ અનંત; હરિ૦
ક્યાં જોઈએ એ જીવનપ્રતિપળની,
સ્વપરહિતકર કર્તવ્યની ખંત; હરિ૦
નાનાવિધ ચેષ્ટાઓ જેની,
સદા હિતકર ને મધુર અત્યંત; હરિ૦
અનેકભાતિ પ્રતિકૂલમાં પણ,
ન જોયું જેમાં જરી આક્રંદ; હરિ૦
વિવિધ કરે વ્યવહાર છતાંએ,
સંયમી જેનું વૃત્તિવૃંદ; હરિ૦
અવનવું ચેતન ઉર ઉપજાવે,
ઉલ્લસિત કરે જેનું સ્મિત મંદ; હરિ૦
લઈ જાય જે ઉન્નત ઉન્નત,
નિરંતર જેનો જીવનપંથ; હરિ૦
જીવત્વગ્રંથી તોડી સ્વરૂપશું-
ગ્રંથી બંધાવે, જેના ગ્રંથ; હરિ૦
નિજ જીવનમાં સેવક બનીયા,
સિદ્ધ બનીયા જે સાધકસંત; હરિ૦
વિશ્વવંદ્યસમ જીવન કરજો,
કૃપા કરી હે નરહરિ ભગવંત ! હરિ૦

श्री उपेन्द्राचार्यजी

વિશ્વવંદ્યગુણગાન

પદ. ૯૧ (જીવ જગના પતિને ભજ૦ એ લય.)

અમે એક વિશ્વવંદ્ય જોયા વિશ્વમાં રે,
સદા શાંત રહ્યા જીવનમાં સદાય;
ક્રોધ છોડીને જોડી પ્રીત ઇષ્ટમાં રે.

સદા નિર્ભય નિઃશંક એ તો ખેલતા રે,
ચાલ્યા દુઃખોની ઉપર મૂકી પાય;
રાગ ત્રોડીને જોડી પ્રીત ઇષ્ટમાં રે.

વળી નાસ્તિક હતા જે આરંભમાં રે,
ગુરુ પામી આસ્તિક થઈ સદાય;
યત્ને દોડીને જોડી પ્રીત ઇષ્ટમાં રે.

નિજ વિચારોના અત્યંત આગ્રહી રે,
ભૂલી એ ગુરુને શરણુ થતામાંય;
અહં મોડીને જોડી પ્રીત ઇષ્ટમાં રે.

કરી વર્ગસેવા ઇષ્ટવિરહને સહી રે,
કર્યાં વિધવિધ કર્તવ્યો છતાંય-
ચિત્ત ચ્હોડીને જોડી પ્રીત ઇષ્ટમાં રે.

ગુરુસાધનામાં જીવનને ગાળતાં રે,
શમ્યા પરિણામે નૃહરિપ્રભુમાંય;
અંકે પોઢીને એક થયા ઇષ્ટમાં રે.

શ્રી જા૦ દેવી

विश्वबंधनां त्रण नित्यव्रत

પદ. ૯૨ (મારા પ્રીતમ પ્રાણાધાર, એ લય.)

વિશ્વબંધનાં ત્રણ નિત્યવ્રત, કહું કોઇ આચરો,
એ તો જીવનનાં મહા સત્ય, સાધી તે ઉદ્ધરો.

ત્રણ એ જો સાચાં સધાય છે,
જીવનસમૃદ્ધ થાય છે,
આગ્રહ ધારી એ નિત્ય સાધી સુખમાં ઠરો; વિશ્વ૦

પ્રથમનું વ્રત તો **સેવા** હતું,
જે મહા પુણ્યને આપતું,
ગુરુશરણાગત ગુરુસેવાએ ગુરુને વરો; વિશ્વ૦

બીજું વ્રત **સ્વાધ્યાયનું**,
સન્નિષ્ઠ થાય તેથી ઘણું—
મન, એવું વાચન કરી નિત્ય, સત્કર્મને કરો; વિશ્વ૦

સ્વરૂપચિંતનવ્રત તો ત્રીજું,
ફલપ્રદ એ સમ ના બીજું,
તેને સાધી નિત્યમુક્ત મસ્ત વિશ્વે વિચરો; વિશ્વ૦

श्री उपेन्द्राचार्यजी

यथार्थ भक्ति करवा इच्छनारमाटे विश्ववंद्य आदर्श छे

પદ. ૯૩ (સ્નેહ તો કરો રે, સાચો સ્નેહ—એ લય.)

ભક્તિ તો કરો રે ભકતો ! ભક્તિ તો કરો,
પેલા વિશ્વવંદ્યજેવી સાચી ભક્તિ તો કરો.
તન અને મનને જેણે આદિમાં આપી,
સાચા જ્ઞાનનો જેણે કર્યો વકરો; પેલા૦

ગુરુની પ્રત્યક્ષ, સાચી ભક્તિ બતાવી પાછળ,
કાઢયો જીવનભરમાં ના પ્રતિકૂલ ઉભરો; પેલા૦

પ્રતિકૂલ આવ્યું તેને પ્રભુઇચ્છા જાણી,
નિર્ભય થઇ સુતો બીછાવી બિસ્તરો; પેલા૦

નિજના વિરોધીપ્રતિ બાંધ્યો વિરોધ ન,
ગુરુના વિરોધીપ્રતિ થયો આકરો; પેલા૦

ગુરુની કૃપાથી માન્યું, આપે કર્યું તે,
મેં કર્યું એવો, કદી ના ચઢયો આફરો; પેલા૦

ક્રિયા ને વિચારે જેણે પુણ્યતા સાધી,
જ્યારથી લીધો નૃહરિપ્રભુઆશરો; પેલા૦

તન મન શ્રી ગુરુને અર્પી, જગમાં જીવનલગી,
ગુરુસેવનામાં વાળ્યો જીવનઝરો; પેલા૦

જેના અવધિએ ગુરુએ કરુણા કરીને,
ઉરથી ઉદ્‌ગાર કાઢયો : ભક્ત આ ખરો; પેલા૦

સત્યાગ સાચી ભક્તિકેરૂં સ્વરૂપ સમજી,
વિશ્વવંદ્યસરખું કંઇ તો, ભક્ત ! આચરો; પેલા૦

श्री न० देवी

विश्ववंद्यना जीवननां सल्लक्षणोने पोताना जीवनमां सिद्ध करवा साधकोप्रति प्रबोध

પદ. ૯૪ (હૃદયે રૂપ દર્શાવો, પ્રાણુપતિ, એ લય.)

એને નિજમાં ઉતારો, સાધક હો !
સાધક હો ! શ્રેયકારક હો ! એને૦

એના નયનનો નિર્મલ ભાવ, નયનોકેરો સંયમી સ્વભાવ,
નિજ નયને ઉતારો, સાધક હો ! એને૦

પ્રેમી, હિતકર ને ગંભીર, એની વાણીમાં સત્ત્વનું હીર,
નિજ વચને ઉતારો, સાધક હો ! એને૦

એનો અદ્ભુત શાંત સ્વભાવ, એના ઉરનો પ્રયત્નપ્રભાવ,
નિજમાં ઉભયે ઉતારો, સાધક હો ! એને૦

એના હૃદયમાં પ્રભુનું સ્થાન, હિતવૃત્તિ એ હૃદય મહાન્,
નિજ હૃદયે ઉતારો, સાધક હો ! એને૦

નિજ જીવન વર્ગને અર્થ, અર્પી કીધી સેવા સમર્થ,
નિજ જીવને ઉતારો, સાધક હો ! એને૦

એણે પ્રાર્થ્યું વિરાગનું દાન, એણે પ્રાર્થ્યું વિશ્વકલ્યાણ,
નિજ સ્તવને ઉતારો, સાધક હો ! એને૦

એણે હણવા જીવત્વસંસ્કાર, રાખ્યું ચિત્તને તત્ત્વાકાર,
નિજ ચિત્તે ઉતારો, સાધક હો ! એને૦

તમ વાસ્તવ હિતને કાજ, એવા વિશ્વવંદ્યને આજ,
નિજ જીવિતે ઉતારો; સાધક હો ! એને૦

श्री उपेन्द्राचार्यजी

વિશ્વવંદ્યના તત્ત્વસિદ્ધાંતનું ચિંતન

પદ. ૯૫ (જાઓજી રાજ તમથી હારી, એ લય.)

સાચા સિદ્ધાંતને વિચારું, હું વિશ્વવંદ્યના, સાચા૦
સમજી આચારે એ ઉતારું,
એ મુક્તિ-બારું; સાચા૦
જડ ને અસત્યની તો કલ્પના નિવારું,
સર્વત્ર બ્રહ્મ એવા ભાવને જ પ્રસારું,
હું આત્મબલેથી કદી કશાથી ન હારું,
સામર્થ્ય વધારું; સાચા૦
આત્માના બલથી શમતું સર્વ કાંઇ નઠારું,
સમજી એ બહિરંતરૂથી ક્લિષ્ટને વિદારું,
ગુરુપ્રબોધથી મુજ જીવનને ઉદ્ધારું,
કરી સારું સારું; સાચા૦
જગનું ચિંતન ઉપજાવે અંતરે અંધારું,
નાનાવિધ દુઃખને ઉપજાવે મારું તારું,
એક તત્ત્વવિચારે હણી માયાનું લ્હારું,
મુજ રૂપ સંભારું; સાચા૦
સાચા પ્રયત્નમાં આલસ્યને સંહારું,
વૃત્તિથી દુર્બલતાને હું નહિ સ્વીકારું,
છે સમર્થ સત્‌ચિત્‌સુખમય સ્વરૂપ મારું,
ત્યાં ક્યાં ભય ધારું; સાચા૦
આત્માના ચિંતને આનંદને વિસ્તારું,
કલ્પિત માની આ પ્રપંચઘટનાને હું વિસારું,
મુજ આત્મા સર્વોત્તમ પદને દેનારું,
ખડ્ગ જ ચોધારું; સાચા૦

શ્રી જ૦ દેવી

विश्ववंद्यनो वृत्तिवैभव

પદ. ૯૬ (કાંઇ અજબ અજાણ્યા કાલ હો—એ લય.)

દૈવી શક્તિભર્યા વિશ્વવંદ્ય હો !
તારો આ તે શો—તારો આ તે શો જીવનવિહાર !
જેમાં અદ્‌ભુત બંધ-સ્વચ્છંદ હો,
જ્યાં જે ઘટતો ત્યાં—જ્યાં જે ઘટતો ત્યાં તેવો આચાર.

તારા જીવનવાદ્યે સતત શુણ્યો મેં, વાગતો સંયમસૂર,
આંખમાં સંયમ, હાથમાં સંયમ, સંયમ બહિર્ ને ઉર,
ચેષ્ટામાત્ર સંયમભરપૂર; તારો૦

આશામાં સંયમ રાખતો તેવો, સંયમ, નિરાશામાંહ્ય,
પ્રતિકૂલ કંઇ કંઇ ભાળ્યું છતાં ન-ધરી તેં નિરાશા ક્યાંય,
સ્વાત્મબલથી આગળ ધાયો જાય; તારો૦

બોલતો કંઇ કંઇ તોપણ જાણે, મૌન જણાતો તું જ,
સઉથી અલિપ્ત રહે પણ હોય તું, મધ્યબિંદુ રસનું જ,
એ તે કેવી જીવનકલા તુજ; તારો૦

તારાં નયન દાખવી રહ્યાં પ્રેમ ને વૈરાગ્યનું સાહચર્ય,
અંતર્ હોય વિક્ષેપ છતાં બ્હાર, અવિકલ સુપ્રસન્ન ધૈર્ય,
જોયું આવું ન ક્યાં ઐશ્વર્ય; તારો૦

પ્રબલ છતાંય અખંડ વિલક્ષણ, તારો પ્રશાંત પ્રયાસ,
તારા અંતર્‌તણા દિવ્ય આશયનો, કોને ન આવે ક્યાસ,
તારું શું ભવ્ય હૃદયાકાશ ! તારો૦

ઉંચે જતાં અને ઉંચે લઇ જતાં, આવડ્યું તુજને માત્ર,
ગુરુથી ગ્રહી કંઇ કંઇ સદ્‌વસ્તુએ ભર્યાં, કંઇકનાં જીવનપાત્ર,
તારું જીવન તો સત્‌શાસ્ત્ર; તારો૦

સંયમી તોય સુરસ હોય જીવન, કેવું તે જોયું પ્રત્યક્ષ,
નિજપર કલ્યાણકર્તૃત્વભાવને, ભજવ્યો તેં જગતસમક્ષ,
સ્થાપી એક ગુરુમાં જ લક્ષ; તારો૦

સદ્‌ગુરુબોધનાં કંઇ કંઇ તત્ત્વો, કરી તુજમાં એકત્ર,
વિકસાવી તારા જીવનમાં તેં તેનું, વિસ્તાર્યું માહાત્મ્ય સર્વત્ર,
ગયો તોય ચિરંજીવ અત્ર; તારો૦

श्री उपेन्द्राचार्यजी

વિશ્વવંદ્યમાહાત્મ્ય

પદ. ૯૭ (સંસારના પ્રવાસી, એ લય.)

સદ્‌ગુણરત્નઆકર, અહો વિશ્વવંદ્ય એ તો,
નિર્મલ નૃસિંહચાકર, અહો વિશ્વવંદ્ય એ તો.
તનમનતણી કૃતિથી, ભક્તિ ગુરુની સાધી,
પામ્યા ગુરુપ્રસાદી; અહો૦

ગુરુના નિમિત્ત ગરવું, જીવન સમર્પી દીધું,
ગુરુકૃત્ય નિત્ય કીધું; અહો૦

ચુકયા ન જે જીવનમાં, તનમન શિથિલ તથાપિ,
કર્તવ્યને કદાપિ; અહો૦

પ્રભુમાં બની સુરાગી, આ વિશ્વવૃત્તિ ત્યાગી,
રાગી અને વિરાગી; અહો૦

સંસારસંગી તોયે, અંતરથી તો ન ભોગી,
યોગી અને વિયોગી; અહો૦

એક અંતરાલ વૃત્તિ, ગુરુથી સદૈવ સાંધી,
સાધ્યો બધો ઉપાધિ; અહો૦

મન જેનું મસ્ત બનીને, મહાભવમાંહિ મ્હાલે,
ચળ્યું જે ન કોઇ કાળે; અહો૦

નિઃસંગી તોય જીવન-પર્યંત સર્વસાથી,
એ વિશ્વવંદ્ય ક્યાંથી, મળવા ફરી હવે તો; અહો૦

શ્રી ઉપેન્દ્રાચાર્યજી

साधकोना अंतिम उद्‌गार

પદ. ૯૮ (અમે તો સદા બ્રહ્મમાં લીન, એ લય.)

તમારો સદૈવ જયજયકાર

વિશ્વવંદ્ય ! તમને મળવાથી, સફલ થયા અવતાર; તમારો૦

તમે એક આદર્શ બતાવ્યો, જે ઉન્નતિ દેનાર,
તમે આચરી, આચરવાનો અર્પ્યો વેગ અપાર; તમારો૦

તમે ખેલવ્યા, સાથ ખીલવ્યાં, આ અંતરૂઆગાર,
કંઇક હ્રદયમાં દૂર રહ્યે પણ, સ્થાપ્યા શુભ સંસ્કાર; તમારો૦

કંઇક જીવનમાં આપે રેડી, જીવનઅમૃતધાર,
સબલ કીધા દુર્બલને આપે, દઈ પોષક સુવિચાર; તમારો૦

સર્વોત્તમ જીવન કેવું ને, શો છે જીવનસાર,
પદાર્થપાઠરૂપે નિજ જીવન દર્શાવ્યું બહુ વાર; તમારો૦

આપનું ચિંતન ગુરુઅભિમુખ કરે, વૃત્તિ વારંવાર,
કૃતાર્થ છો ને કૃતાર્થ કરજો, વસીને શ્રી ગુરુદ્વાર; તમારો૦

નમસ્કાર છે, આપ મળ્યા એ–તો પ્રભુનો ઉપકાર,
અંતે વદીયે આપપ્રતિ સૌ, જયગુરુનો ઉચ્ચાર; તમારો૦

श्री उपेन्द्राचार्यजी

પરિશિષ્ટ

શ્રી વિશ્વવંદ્યવિલયવિલપન

(સંવત્ ૧૯૬૮ પૌષ શુક્લ ચતુર્થી—રવિવાર)

[સ્થળ—વડોદરા; નૃસિંહાશ્રમ.]

इष्टस्वरूपाभिन्न तत्त्वस्थ श्री विश्ववंद्यप्रति सशोक प्रणामांजलि

પદ. ૧ [પ્રાણપતિ, હે જગત્પતિ રે, પ્રીતે—એ લય.]

પ્રભુને પણ પ્રભુરૂપ છતાં રે, આજે પ્રભુમય થઈ રહ્યા આપ રે, આજે૦
તેવા અગમ્ય સ્વરૂપને રે, આજે કરીએ સાષ્ટાંગ અમાપ રે; આજે૦
નેત્ર અને ભાવનાવિષે રે, અમસાથે જે રહેતા નિત્ય રે; અમ૦
(તે) હૃન્નભમાંહિ ઉદય થયા રે, આજે બનીને ચૈતન્યઆદિત્ય રે; આજે૦
ચર્મચક્ષુથી જોતા હતા રે, આપ સ્થૂલસ્વરૂપ અદ્યાપ રે; આપ૦
આંતર ચક્ષુને ભાસતા રે, આજે દિવ્યસ્વરૂપે આપ રે; આજે૦
વૈખરીથી બોધ આપતા રે, આજે પરામાં સ્ફુરાવતા બોધ રે; આજે૦
મંદિરમાં જેને શોધતા રે, કરીએ મૂર્દ્ધામાં તેનો શોધ રે; કરીએ૦
'પાટ' ઉપર મળતા આવીને રે, હાવે મળશો ત્રિવેણીને ઘાટ રે; હાવે૦
'મેડા'ને માર્ગે ચઢી જતા રે, (હાવે) ચઢશું જોવા મેરુદંડવાટ રે, ચઢશું૦
જેહનું આરોગ્ય પૂછતા રે, ગ્રહીએ તેનાથી આજ આરોગ્ય રે, ગ્રહીએ૦
તરવાનું કામ લીધું હતું રે, આજે થઈ રહ્યા તારવાયોગ્ય રે; આજે૦
સંકેત આવો કાં ઇષ્ટનો રે, નથી કોઇને થાતું સ્પષ્ટ રે; નથી૦
વિરહવિકલ આ જીવડાં રે, માને સર્વસ્વ થયું તેથી નષ્ટ રે; માને૦
આપ તો નિશ્ચિંત દીસતા રે, કાં જે જાણો અમારું હિત રે; કાં જે૦
શમશે આ શોક સૌનો તદા રે, જ્યારે હિત થશે સૌને પ્રતીત રે; જ્યારે૦
કૃતઘ્નતાના કીડા અમે રે, આપ ઉપકારના છો આગાર રે; આપ૦
તેથી નિકટ ન આવી શક્યા રે, છેટેથી માની લો નમસ્કાર રે, છેટેથી૦
ભાગ્ય અમારાં ભૂડાં થયાં રે, ત્યાં શો આપને દઈએ દોષ રે; ત્યાં૦
અમને તો આપ સંભારશો રે, માત્ર એટલો અમને સંતોષ રે; માત્ર૦

श्री उपेन्द्राचार्यजी

श्री इष्टमति निराधार हृदयनो कर्कश उपालंभ

પદ. ૨ (થાશો ન નાથ નમેરા, અરજ મારી અંતરે ઉતારો, એ લય.)

થાતાં નાથ ! નમેરા, અરજ નવ અંતરે ઉતારી,
ગણતાં પોતાનાંને નેરા, અરજ નવ અંતરે ઉતારી.
કરુણાની સરિતા તમને ગણ્યા'તા,
નીકળ્યા તમે જમીન ખારી;—
જાણ્યું ઉગામ્યું શસ્ત્ર રક્ષણકાજે તમે,
માર્યો ત્યાં હૃદયે ઘાવ કારી;—
સૈનિકને રણમાં તમને મૂકતાં આવડ્યો,
આવડ્યો ન શકતાં ઉગારી;—
આરંભે તો તમે અગ્નિ કર્યો ઝગઝગતો,
પાછળ તે પર વાળી છારી;—
ભરદરિયે તમે હોડી હંકારી,
કિનારે પણ ન શક્યા તારી;—
ગઢ ને કોઠા તમે બહુએ કુદાવ્યા,
પણ ન કુદાવી શક્યા બારી;—
પરણાવ્યાં ઉછળાવ્યાં, ઘર પણ મંડાવ્યાં,
રંડાવી પછી પરણનારી;—
વૃક્ષ આખું રાખ્યું તેમાં વળ્યું શું,
મૂળપર જો કુહાડી મારી;—
ધૈર્યને હામ હાવે શાપર ધારીએ,
દીધો આધાર જ્યાં વિદારી;—
આવાં કૃતઘ્ની કામ કરવાથી પ્રકટ તમે,
જગે ન શક્યા જન્મ ધારી;—
તો એ ન શરમાતા કે ન સંકોચાતા,
સ્નેહસામે શત્રુતા (આ) શી ભારી;—
અમ સ્નેહી આજ તમે છૂટા પાડ્યા તો કાલ,—
એવી દશા થજો તમારી;—

श्री उपेन्द्राचार्यजी

જીવનપ્રસંગનાં સ્મરણસહિત ઉપકૃત હૃદયનું કરુણ રોદન

પદ. ૩ (મારૂં માણેકડું રીસાવ્યું રે--એ લય.)

કોણ પંથે પ્રાણ પધાર્યા રે, મલપંતા.
કોનાં આજે ભાગ્ય વધાર્યાં રે, મલપંતા.
શા ઉમળકે આવાં અમારાં, સૌનાં શુભ નિર્ધાર્યાં (!) રે, મલપંતા.

નિજ ગણતા તેને વિસરીને, કોણ બીજા ઉર ભાવ્યા,
ટળવળતા સૌને મૂકી કયાં, ચાલ્યા વણતેડાવ્યા રે;—
કહેતા જે મુજને ભય ભાસે, એકલડા કયાંહિ રહેતાં,
વણસંગી કોણ અગમ્ય માર્ગે, આજ થયા તમે વહેતા રે;—
'આપતણો હું અખંડ' કહેતા, તે મેં સાચું માન્યું,
કર્યો ઘાત વિશ્વાસનો એ મુજ, કયા કર્મનું પાનું રે;—
કર્યો તમે વિશ્વાસઘાત એ, રખે માનતા સાચું,
ઓછું આણતા રખે વહાલા, એ તો વદતું મિથ્યા કાચું રે;—
તેં કીધું તેવું આ વિશ્વે, કોઇ નથી કરનારો,
કટુ તુજને કહેતાં પહેલાં હું, ઇચ્છું જાય જીવ મારો રે;—
અંતરના આઘાત, નિરાશા, તારાવિના કોણ હણશે,
તારી પાટપર કોણ બેસશે, તારી ચોપડીએ કોણ ભણશે રે;—
મધુર હાસ્ય તારૂં કયાંથી જોઉં, ફરી વાણી ન તુજ શુણી,
ક્યારે જોઈશ આનંદે હસતા, લેતાં લેતાં ધૂણી રે;—
તુજ ચરણોથી કયારે દીપશે, રંક આ આશ્રમ મારો,
તારો આદર કયારે પામીશ, કહેતાં શબ્દ 'પધારો' રે;—
નિત્યે પ્રભાતે તારાવિના મને કોણ કુશળતા પૂછશે,
તુજવિણ મારા કઠોર શબ્દો, કોણ સ્નેહે સાંભળશે રે;—
નિરાધાર આ બંધુ મારા, કોને આધારે રહેશે,
અપૂર્ણ ગ્રંથરૂપી તુજ બાળક—ને પોષણ કો દેશે રે;—
ઉચ્ચ લક્ષ્ય ને ઉદ્દેશોને અમસમીપે કોણ ધરશે,
કેવળ એક અમારાખાતર, કોણ તુંવિણ કાંઇ કરશે રે;—

અનેક સમયે કહ્યું હશે મેં, એકાંતે ને જનમાં,
અઘટિત, તે તુજ ઉદારભાવે, રખે રાખતો મનમાં રે;—
બંધુઓ પણ વર્ત્યા તુજ, સમીપે મર્યાદા છોડી,
(તે) હૃદયથી આજે ક્ષમા યાચતા, તુજપ્રતિ હસ્તો જોડી રે;—
પ્રભુ થાવું હતું તો શું અહિંઆ, પ્રભુત્વમાં હતી ખામી,
શોખ થયો લાગે છે તમને, થાવા અંતર્યામી રે;—
સ્વતંત્ર છો, જો શુદ્ધ પ્રેમથી, ભક્તિ હોત અમે કીધી,
કદી એકલા વસમી વાટ આ, હોત ન લેવા દીધી રે;—
અક્ષરમાંહિ અભિન્નતા થઈ, મુજ તવસાથે જ્યારે,
અક્ષરપદમાં સાથે અભિન્નતા, કરવી (એ) કાં વિસર્યા ત્યારે રે;—
ઇષ્ટપદે જવા અમો આવશું, થાવા ઇષ્ટની ભેળા,
પ્રભુદર્શન કરવાપૂર્વે અમે, જોઈશું તમને પહેલા રે;—
તમવિણ જો કદી પ્રભુ આવશે, દર્શન દેવા છાના,
નિશ્ચય જાણજો આપવિના અમે, પ્રભુને નથી નમવાના રે;—
પૂર્વસ્નેહ સંભારી અમથી, કદી મળવું હોય પ્રભુને,
અમતરફથી એટલું કહેજો કે, આગળ તમને કરી લે રે;—
હમેશાં તમે પ્રભુની પાછળ, આજસુધી તો રહ્યા છો,
અમઅર્થે તે કાળે વહાલા ! પ્રભુની આગળ થાજો રે;—
ત્યાં લગી ઇષ્ટાભિન્ન ગણીને, હૃદયે તમને જોશું,
અંતરથી હસીશું પણ નિશ્ચય, ચર્મચક્ષુથી રોશું રે;—

श्री उपेन्द्राचार्यजी

શુદ્ધ સ્નેહનું પ્રાબલ્ય

પદ. ૪ (જોગી ન થા રાજા ભરથરી, એ લય.)

ફરી ફરી સઘળે હું જોઉં છું, જે જેમ તેમ તે જણાય,
સર્વ સ્વસ્થાને વિરાજતું, નવ આવે કે જાય,—
વિપરીત માર્ગે કંઇ કશું.
વૃક્ષ ઉગ્યાં તેને સ્થાનકે, અભ્રે તારા પણ તેમ,
જળ પણ પૂર્વક્રમે વહે, ગતનું દીસે ન ક્ષેમ,
વ્યવહાર પણ પૂર્વવત્ થતા.
સૂર્ય ઉગે ને આથમે, પૂર્વ જેમ વહે રાત,
થાય યથાક્રમે વિશ્વમાં, નિત્ય સાયં પ્રભાત,
કાળ દિશા એકરૂપ છે.
પૂર્વની પેરે આ દેહ છે, તદ્વત્ વહેતા આ પ્રાણ,
અવિકારી સઘળે દીસે, ધાતુઓ ને પાષાણ,
અગમ્ય વિકૃતિ કયહિં નથી.
હૃદય છે તેના સ્થાનકે, નાડી જરી ન ચલિત,
વહેતું થયું નથી દીસતું, નિજ ધામ કે વિત્ત,
સઘળું પ્રત્યક્ષ નજર ચઢે.
બોલતાં ચાલતાં આવડે, હસતાં ખાતાં ને પીતાં,
હરવું ફરવું પણ આવડે, ગાતાં આવડે ગીતાં,
સાવધતા અણુઅણુવિષે.
સર્વ યથાનિયમે વહે, પણ શું ઉરમાં આ થાય,
સર્વ જાણે વિપરીત થયું, કંઇ ના સમજાય,
ભાવ વિલક્ષણ ઉર વહે.

રસને વહે જેહ ભાવ આ, મુજ વૃત્તિની માંહ્ય,
તેનો અભાવ આજે દીસે, તેથી આમ જણાય,
હેતુ એનો મારા અંતરે.
એ રસનો પ્રાણ થઈ ગયો, આજ ભીતર કુંઠિત,
કાં જે એ પ્રાણના પતિ નથી, આજે મુજ સંનિહિત,
તેવિણ સઘળું વિકટ થયું.
એ રસના પ્રાણપતિતણાં, ક્યાં હું કરીશ દર્શન,
તેમાંથી પ્રાણ આકર્ષીને, જાગ્રત્ થાશે આ મન,—
ક્યારે તેની જોઉં વાટ હું.

श्री उपेन्द्राचार्यजी

अनाथसरखा थइ रहेला बंधुनो विलाप

પદ. ૫ (વળી વળી વિનયથી વિનવું રે, એ લય.)

ઢીલાં ને વીલાં વદન કરી રે, સઘળાં આપનાં બાળ,
મુજ નિકટે આવી પૂછે, આપ ક્યાં છો હાલ,
ઉત્તર મારે શો આપવો;—

કોઇક પૂછે આવી મને રે, 'પોતે મળશે કે કેમ,'
'નિવૃત્તિમાં પોતે હાલ છે'? કોઇ પૂછતા એમ,
ઉત્તર મારે શો આપવો;—

કોને હું કહું આપ ક્યાં વસો રે, કોણ માનશે સત્ય,
પૂછશે આપની (આ) કૃતિતણી, હાલ હતી શી અગત્ય,
ઉત્તર મારે શો આપવો;—

'દ્વિતીય વિભાગ આ 'અક્ષ' નો રે, ક્યારે થાશે પ્રસિદ્ધ,'
'વિદ્યા અલૌકિક જીવનની, કોને થાશે સિદ્ધ,'
ઉત્તર મારે શો આપવો;—

કંઇ કંઇ તો આવી કહેશે હજી રે, અમને બતાવો એ દેવ,
અમ સઉની સંભાળની, જેને હતી ઝાઝી ટેવ,
ઉત્તર મારે શો આપવો;—

સબલ કુખે જેહ ઉછર્યા રે, જેને આપની સહાય,
ઉણપ જેણે ન દીઠી કશી, (તે) આજ જાશે ક્યાં હાય !
(તે) સાધક મારા લાડકા;—

આપના પ્રેમઅમૃતતણું રે, જેણે કર્યું નિત્ય પાન,
તેને કેમ કરી ભાવશે, મારા વચનનું છાણ,
તવ પ્રેમામૃત ક્યાં મળે ?—

આપના નિર્ભય અંકસમી રે, ક્યાંથી લાવું હું સે'જ,
આપના વિરહવડે થયાં, સૌનાં મુખ નિસ્તેજ,
તેજ તે પર ક્યાંથી લાવવું ?—

સહજ આનંદપ્રસંગમાં રે, અંતર ધરીને ઉલ્લાસ,
આપ નિકટ અમે આવતા, આપ ભળતા ત્યાં ખાસ;
મેળવશું ક્યાંથી હવે;—
દુઃખ ને શોકપ્રસંગમાં રે, આવી રડતા તવ પાસ,
શોક ને સર્વ ભૂલી જઈ, લઈને જતા મુખ હાસ્ય,
બંધુઓ! તે હાવે ક્યાં જશે?—
શું શું સંભારૂં શું શું વિસરૂં રે, ગુણના અપાર ભંડાર,
એક આ મુખ શી રીતે વદે, તારા અનંત ઉપકાર,
હ્રદય ભરાતું સ્મરણવડે;—
જગના લોકો! આવો સામટા રે, તમને મળ્યો આજ દાવ,
પૂછજો જે તે આવીને, મારો મરાય તેટલા ઘાવ,
મૂંગે મ્હોડે હું સહન કરૂં;—
એક કાળે આવા વિશ્વ આ રે, આખું મારે કુઠાર,
આ દુઃખઆગળ ભાસતું, અમ ઉર તે લગાર,
અતિ દુઃખીને એથી શું વધુ?—

श्री उपेन्द्राचार्यजी

શ્રી इष्टप्रति उपहाररूप निवेदन करेला आत्मानुं यथोचित लालनपालन करवा श्री इष्टने प्रेमभावे प्रार्थना

પદ. ૬ રામગ્રી.

નરહરિ નાથ અનાથના, મોં'નું માગ્યું લેનાર,
કોઇનું નવ ગણકારીને, અંતે ધાર્યું કરનાર;—
અબલ આ બાલકની પ્રભો ! શુણજો એક વાત,
તે વિધિ કરજો હોય જો, સાચી આપની જાત;—
વહાલા અધિક આ પ્રાણથી, મારા હૈયાના હાર,
મોંઘા મૂલ્યના દેવનો, ધરૂં તમને ઉપહાર;—
કિમતી એ ભેટને જાણજો, એનો જોટો ન કયાંહિ,
જીવની પેઠે સાંભળજો, રાખી હૃદયાની માંહિ;—
આપને જે ગમતું બહુ, એવું છે એ રત્ન,
માટે ફજેટશો ના કહિં, જાળવજો કરી યત્ન;—
સુશીલ સ્વભાવના એ બહુ, કહેશે મનની ન વાત,
પ્રેમવડે જઇ પૂછજો, તમે દિવસ ને રાત;—
કોમલ ને દુર્બળ ઘણું, એમનું છે શરીર,
તે પર જુલમ ગુજારતા, જોજો નાથ લગીર;—
કોઇ વસ્તુની ઇચ્છા કરી, મુજ પાસે ન માગી,
આપ પાસે કેમ માગશે, એ મનના ત્યાગી;
રાતની એમને ટેવ છે, નિત્ય વહેલા સુવાની,
ફરજ તમે રખે પાડતા, જરીએ જાગવાની;—
ખુલ્લી હવામાં એમને, ફરવું બહુ ગમતું,
(પણ) દુર્બલ છે તેથી પાસ રહી, ફેરવજો ખમતું ખમતું;—
ઔષધ તો એ પીતા નથી, છતાં હોય જરૂર,
નામ મારૂં દઇ આપજો, તો પીશે જરૂર;—
થોડો વખત પણ દિવસમાં, ગમતું એકાંતે રહેવું,
માટે એમને કરી આપજો, સ્થાનક જોઇએ તેવું;—
સ્વચ્છતા નિયમિતપણું અને, વ્યવસ્થા તો ગમે છે,

જાળવજો જોગવાઈ એ, બાકી બધુંએ ખમે છે;—
બહારથી દર્શાવતા નથી, હૈયું પરદુઃખે પોચું,
માટે સાવધ રહેજો રખે, લાવવા દેતા ઓછું;—
અમને સંભારીને એ કદી, અશ્રુ નેત્રથી રેડે,
આલિંગીને ધૈર્ય આપતાં, આંસુ લૂછજો છેડે;—
મુજ ઇચ્છાથી વિરુદ્ધની, કૃતિમાં ગણતા પાપ,
તેમ ન હું વર્તી શક્યો, માટે વર્તજો આપ:—
મારાથી દોહ્યલું રત્ન એ, ઝાઝું નથી જોરવાયું,
પ્રારબ્ધપર્ણ ઉંધું વળ્યું, વાયો વિપરીત વાયુ;—
વિનોદ કરવાનો ઘણો, એમને છે અભ્યાસ,
કંઇ કંઇ વાત અહિંની સુણી, આપ હસશો ખાસ;—
'કમલદલે કાંટા ઉગીયા, વિસર્યું પોતાનો ધર્મ,'
હસાવશે કહી આપને, પૂછશો જો એનો મર્મ;—
અવકાશે પ્રભુ! કહાવજો, સમાચાર પ્રકૃતિના,
ત્યાં પણ કુશળ લહી અમો, રાજી થશું ભાગ્યહીણા;—
ઝાઝું હવે તે શું બોલવું, હૈયું હાથ ન રહેતું,
થોડે કાળે ત્યાં એમને પણ થઈ જશે રહેતું;—
યાચું છું આપને પ્રભુપિતા! લેજો ભેટ અમારી,
એમને શાશ્વત રક્ષવા, લેજો હસ્ત પ્રસારી;—
મુજ અંતિમ વિનતિપ્રતિ, પ્રભુ દેજો ધ્યાન,
મારા તરફથી એમને, દેજો હૃદયનું દાન;—

श्री उपेन्द्राचार्यजी

उत्तर निवापांजलि

પદ. ૭ પરજ.

જગે જવ લગી દેહ ધરશું રે, અમે તવ ઉપકાર સ્મરશું રે.
ભૂલી શકાશે વિવિધ વ્યવહારો, ભૂલાશે નિદ્રા આહાર,
ભૂલાશે પ્રાણજીવન કદી પણ, નહિ ભૂલાય તવ ઉપકાર;—
વાણી કદી ઉપકાર વિસરશે તો, ઉપકાર સ્મરશે પ્રાણ,
પ્રાણ ભૂલે પણ નિશ્ચય માનજો, ભૂલશે ન હૃદય એ ભાન;—
તેમ છતાં કદી હૃદય વિસરશે તો, સ્મરશે આત્મા ઉપકાર,
કાં જે અમારા આત્માએ સ્વીકાર્યો'તો આપનો સાચો આધાર;—
એમ છતાં આત્મા નિષ્ઠુર થઈ, ભૂલી જશે કદી એહ,
અમમાં રહેલા પરમાત્મા ન ભૂલશે, માનજો નિઃસંદેહ;—
પરમાત્માનો આવિષ્કાર કરાવવા, આપે ધર્યો'તો દેહ,
તો પછી પરમાત્માસહ અમે કેમ જ, ભૂલીએ ઉપકાર તેહ;—
વાતો કરી ઉપકારની રે, બેસી ન રહીશું લગાર,
એ ઉપકારનું ભાન વધે એવા, કરીશું વિવિધ આચાર;—
લક્ષ્યરૂપ અમે રાખશું નિત્યે, આપનું જીવન દિવ્ય,
વ્યવહારઉપયોગી કરીશું અમે આપના જે આશય હતા ભવ્ય;—
શરીરની ઉન્નતિ કરવાઉપર, અવિરલ આપશું ધ્યાન,
આરોગ્યને દૃઢ રાખવાઅર્થે, મૂકશું આચારમાં જ્ઞાન;—
મનને મહા મૂલ્યવાળું બનાવવા, સાવધ રહીશું અખંડ,
જીવનનભમાં ઉદય કરીશું, સામર્થ્યસૂર્ય પ્રચંડ;—
દૈવી વિદ્યાઓના પારને પામવા, કરશું અધિક ઉદ્યોગ,
નવી નવી ઉચ્ચ કૃતિઓ કરીશું, જે છે આચરવાયોગ્ય;—
શમદમ આદિ સાધનને વળી, ભક્તિ, જપ, યોગ, જ્ઞાન,
સાધીશું તેમ હૃદયને બનાવીશું, સર્વસુગુણકેન્દ્રસ્થાન;—

અપરોક્ષ અનુભવ આત્માનો કરવા, સેવીશું નિત્ય પ્રયત્ન,
આપ સમર્થના સંકલ્પથી અમો, પામશું સચ્ચિદ્રત્ન;—
ભાગ્યા કદાપિ પાય અમારા તો, આવશે હાવે પાંખ,
ભૂમિ અને વળી ગગનમાં ઉડતાં, લાગશે અમને ન થાક;—
અમૃતબિંદુ હતા આપ પોતે તે, જલસમૂહે ભળ્યા આજ,
સાધકજલનો સમૂહ આજ થાશે, દિવ્ય અમૃતરસરાજ;—
આપબલે અમે વિધવિધ વિદ્યાની, શાખામાં કરશું પ્રવેશ,
આપે પ્રકટાવેલી જ્યોતિનો આજે, સઉમાં કરીશું ઉજેશ;—
સ્ત્રીજન્મને આપ ગણતા હતા જગે, અધિક મહત્તાથી યુક્ત,
અનુપમ ફળ લેવા યત્ન આદરશું, રાખી તેઓને સંયુક્ત;—
યોગ્યયુક્તત્વથી જીવનને, ઉત્તમ ગણાતા'તા આપ,
નિજનાં ને પરનાં જીવન તેવાં કરવા, ઉદ્યમ કરશું અમાપ;—
ગણતા હતા આપ ઉત્તમ પરિવેષ્ટનને જીવોના હિતાર્થ,
તેહ સાધન અમે સાધી સધાવી, સારશું જીવના સર્વાર્થ;—
આ વિધિ અનવધિ આપતણા હતા, જે જે સર્વોત્તમ લક્ષ્ય,
આપબલે અમ યત્નવડે, પ્રભુ કરુણાથી કરશું પ્રત્યક્ષ;—
ચિંતા અમારી તજીને નિરંતર, આપ જ રહેજો પ્રસન્ન,
આપ પ્રસન્નતા છે અમપર તો, જોઈએ અમારે ન અન્ય;—
કાર્ય કરીશું વિવિધ પણ પ્રતિક્ષણ, સ્મરશું તવ ઉપકાર,
કાં જે એ કાર્યની સિદ્ધિ થવામાં, આપતણો છે આધાર;—
ઇષ્ટવિયોગપછી સાધકને, રક્ષા ન આપની હોત,
કેવી રીતે તરી શકત સવેળા, સાધક સંસ્તિસ્રોત;—
આપ જીવનમાં આપે પ્રભુતા, પ્રકટ કરી જો ન હોત,
જગ કેમ જાણત સાધકને શિર, છે સદ્ગુરુની ઓથ;—
આગળ આજ લગી હતા આપ તે હાવે, રહેશો પૃષ્ઠ,

દૃષ્ટ સ્વરૂપ આપનું દાખવી હવે, દર્શાવશો અદૃષ્ટ; —
આજલગી આપે સર્વ કર્યું છે, અમ ઇચ્છાઅનુસાર,
ભલે ભલે અલ્પ કાળ કરી લો, જ્યાં ત્યાં સ્વતંત્ર વિહાર; —
ઇષ્ટસંકેત જો સાચો હશે તો, મળશું પુનઃ એક વાર,
જે પછી પુનઃ વિયોગ થવાનો ન, આવશે સમય લગાર;—
નૃસિંહની અંતરીક્ષ મર્યાદામાં, આપે કર્યો છે પ્રવેશ,
આપથી આ દેશ વિજયી થયો તેમ, વિજયી થજો તે દેશ;—
સ્થૂલ અમારો સંબંધ ત્યજાવી, નૃસિંહસાથ સંબંધ,
આપનો બંધાવીએ તે અખંડિત, આપને હો **વિશ્વવંદ્ય !**—
નૃસિંહ પ્રભુને અમારા તરફથી, કહેજો સાષ્ટાંગ પ્રણામ,
પ્રેમભર્યો મર્મ આ કહેજો કે, ' કરજો જ્યાં ત્યાં આવાં કામ;—
ઉત્તર નિવાપાંજલિ આ સમર્પીએ, દીનપણે જોડી હાથ,
વિનવીએ અંતમાં સંભારજો, કદી, આપણા સ્નેહની વાત;—
દારુણ આ ખેદમાં થતો હોય તો, અમને છે એક આનંદ,
ક્ષણ ક્ષણ સંયુક્ત નામ સંભારીશું, **नृसिंहश्रीविश्ववंद्य.**

श्री उपेन्द्राचार्यजी

विरहवेदनपूर्वक श्री विश्ववंद्यमाहात्म्यस्मरण

પદ. ૮ (હરિ હરખીને આવો રે, એ લય.)

જુએ ક્યાંથી નયન અમારાં રે, વદન **વિશ્વવંદ્ય** ! તમારાં રે.
નૃસિંહભાનુતણાં કિરણોને, આપે અહીં નિજ માંહ્ય,
ચંદ્રરૂપે સંક્રાન્ત થઈ આપ, આપતા શીતલ છાય; જુએ૦
આપ અખંડ રહ્યા આ વિશ્વે, નૃસિંહની છાયારૂપ,
નૃસિંહમાં શમ્યા આપ, અહે જેમ કૂપની છાયા કૂપ; જુએ૦
જોયા ઘણાએ વિધવિધ લોકો, જોયાં વિવિધ દિવ્ય રૂપ,
તૃપ્તિ થઈ જવ આપનું જોયું, અંતર્બાહ્ય સ્વરૂપ; જુએ૦
શાંતિ નથી થઈ સેવ્યાથી કદીએ, જેને અલૌકિક ભોગ,
તે પણ શાંતિસરિતામાં મહાલ્યા, જોતાં આપ પુણ્યશ્લોક; જુએ૦
વિધવિધ કષ્ટપ્રસંગથી જેની, પ્રસન્નતા થઈ નષ્ટ,
આપને અવલોકતાં તેમને પણ, પ્રસન્નતા થતી સ્પષ્ટ; જુએ૦
નિરુત્સાહ થઈ બેસી રહ્યા જે બની કર્તવ્યવિમુખ,
(તે) ઉત્સાહી બની કર્તવ્યપરાયણ, થઈ રહ્યા જોઈ તવ મુખ; જુએ૦
સંશયવિપર્યયઅભ્રોપ્રતિ, વાયુરૂપ હતા આપ,
ભયચિંતાહિંસ્રપશુઓપ્રતિ આપ, હતા શરસંનિધચાપ; જુએ૦
પ્રેમતણું સ્થાનક ગણતા જગે, સંબંધીજન સર્વ,
આપના પ્રેમનિકટ સંબંધીનો, પ્રેમ મૂકે નિજ ગર્વ; જુએ૦
દ્રવ્યની ખાણ ભરેલી એવા, જોયા મનુષ્ય અનેક,
આત્મસંપત્તિની ખાણ જેને ઘેર, એવા હતા આપ એક; જુએ૦
લૌકિક સત્તાપર ઝુઝનારા, જગમાંહિ જોયા અનંત,
શ્રદ્ધાભક્તિબલે ઝુઝનારના હતા, આપ જ આદિ ને અંત; જુએ૦
તત્ત્વતણી વાતો કરવામાં, કુશલ જણાય કરોડ,
આચારમાં મૂકવામાં ન દીઠી, આપતણી કોઇ જોડ; જુએ૦

ઝાઝા જણાય જગે કરનારા, દેવોની મૂર્તિની સેવ,
સેવા વિકટ કરી સેવીને આપે, જીવંત સદ્‌ગુરુદેવ; જુઓ૦

વિશુદ્ધ ભાવે પ્રકટવા ધાર્યું, જવ આ જગની માંહિ,
આપ હૃદયવિણ વિશ્વમાં તેને, મળ્યું ન સ્થાનક ક્યાંહિ; જુઓ૦

જીવને પોતાની સર્વોત્તમ કળા, જવ ધારી કરવી પ્રસિદ્ધ,
આપનો આશ્રય આવી લીધે તવ, આશ થઈ તેની સિદ્ધ; જુઓ૦

વિધવિધ વિદ્યાના રહસ્યરૂપી, વિહગોનું આશ્રયવૃક્ષ,
દૈવી વિદ્યા કોઇ આવ્યાવિના નથી, રહી કદી આપ સમક્ષ; જુઓ૦

સુગુણનું ગૌરવ આપ હતા, હતા નિષ્ણાતણા માહાત્મ્યરૂપ,
સુજ્ઞને સ્નેહઅધીન કરનારા, હતા આપ જાદુઇ ધૂપ; જુઓ૦

બોધતણા અમૃતશબ્દોને ક્યાંથી શુણે અમ કર્ણ,
આપ સ્પર્શમણિવિણ ક્યાંથી, જીવલોહ થાશે સ્વર્ણ; જુઓ૦

પ્રગતિપંથમાં કોની આંગળીને, ઝાલીને કરશું ગમન,
આપ પ્રસન્નતાપીયૂષવિના અમે, શી રીતે રહીશું પ્રસન્ન; જુઓ૦

આપની એક જ્યોતિથી પ્રકટતી, અનેક દીપકે જ્યોત,
કેવી રીતે અન્ય દીપક પ્રકાશત, આપ જ્યોતિ જો ન હોત; જુઓ૦

શા શા ગુણો સ્મરીએ અમે આપના, ગણતાં ન આવે પાર,
વાણીથી વિરમીને આપ સ્વરૂપમાં, શમી રહીએ આ વાર; જુઓ૦

श्री उपेन्द्राचार्यजी

= श्रीमहाकालમાંથી. =